અદૃશ્યની શોધમાં



જીવનલાલ એન્ડ સન્સ : અમદાવાદ અને મુંબઈ-૨

જ્ઞાનવર્ધક
પુસ્તકમાળા :
૯૨

સહચરીની શોધમાં



સંપાદક :
મામાસાહેબ મુરલીધર

જીવનલાલ ઍન્ડ સન્સ : અમદાવાદ અને મુંબઈ-૨

ઈ. સ. ૧૯૩૯] પ્રથમ સંસ્કરણ [સંવત ૧૯૯૫

અહો ' દેવના દેવ હે ' વિશ્વ-સ્વામી '
દિસે આપની ભક્તમાં ખૂબ ખામી:
ઘડયું વિશ્વ આખું વનિતા-વધારી,
ન હું એક પામ્યો હજી રાખનારી.

મુદ્રક :
મણિલાલ કલ્યાણદાસ પટેલ
ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ
પાનકોર નાકા; અમદાવાદ.

દોઢ રૂપિયો

શિરપેચ!

વિજળીક રોશનીથી ઝગમગિત આશ્વિની અમાવાસ્યા–દિવાળીની હિમીમંત રાત્રીએ શારદાપૂજન પછી, મીઠું મોઢું કરી, વિજય–પ્રણયની ઘોડલમાં બેસતાં સામેની બેંચ પરના ખૂણામાં ગુલાબી પટ્ટીથી બાંધેલો એક લીફાફો નજરે પડયો.

ગ્રાન્ટરોડ સ્ટેશને ઉતારૂઓની ગીર્દી ઘણી હોવાથી ખૂણાની જગા મેળવવા અધીરા થયેલા કેટલાક મારા જેવા ખૂણારસિયા ઉતાવળે અંદર ઘુસી આવ્યા. તેમાંના એક ઉત્તર હિંદુસ્તાની બૈયાજીએ ખૂણામાં પડેલું પાકીટ ઉપાડી મને આપતાં મીઠી જબાનમાં કહ્યું: "શેઠજી, આપકા યહ લીફાફા લીજીએ."

આમ અનાયાસે હાથમાં આવી પડતાં સ્વાભાવિક રીતે જ લખાણ ઉપર નજર પડી, તો મોતીના દાણા જેવા સુવાચ્ય અક્ષરે નીચે પ્રમાણે લખેલું જણાયું:

પ્રકાશન માટે સૂચનાઓ—

૧ આ લેખ છપાવવાની કોઇને પણ બીનશરતી પરવાનગી છે.

૨ આર્થિક કે બીજી અગવડના કારણે છપાવવાનો વિચાર ન વધે તો આ લેખને કબાટરૂપી કેદખાનામાં ગોંધી રાખવાની શિક્ષા ન કરતાં, લોકલ ટ્રેનના ડબામાં ફરતો મૂકી દેવો.

૩ વાચકે પોતાનો મત સંક્ષિપ્તમાં કોરા ભાગ પર લખવો.

૪ આ મૌલિક કૃતિ છપાવી પ્રસિદ્ધ કરવાનું પ્રથમ જોખમ લેનારને આ લેખના કૉપીરાઇટ 'યાવત્ચંદ્ર દિવાકરૌ' માટે બક્ષવામાં આવે છે.

૫ હળવી શ્રેણીના આ કથાનકમાંનાં પાત્રો કલ્પિત છતાં કોઇનો ડગલો, પાટલુન કે બુટ અથવા સાડી, ચોળી કે ચંપલ બંધ-બેસતાં થઇ જાય—અર્થાત્ વિચાર, વાણી અને વર્તન એ ત્રિવિધ સામ્યવાળી કોઇ જીવંત વ્યક્તિ મળી આવે તો બહુરૂપી કુદરતની બલિહારી સમજવી.

૬ આમાંની કવિતાની કડીઓ જ્યાં ત્યાંથી વીણી લઇ એક કવિ-મિત્રની મદદથી અનુકૂળ ફેરફાર સાથે ગોઠવી દેવાની લીધેલી છૂટ માટે તેના કર્તાઓનો હું ઋણી છું. **લેખક: જે-છે-તે-પોતે.**

આ નવીન પ્રકારની સૂચનાઓ વાંચ્યા પછી કુતૂહળ વધ્યું ને પાછલો ભાગ જોવાની જિજ્ઞાસા સ્હેજે તીવ્ર થતાં, ફેરવી જોયું તો ઉપરની સૂચનાઓને ટપી જાય તેવા લાલ—ભૂરી પેન્સીલ કે બ્લ્યુ—લીલી શાહીથી આડા અવળા—વાંકાચુંકા—જેને જેમ ફાવ્યું તેમ—લખાયેલા નીચેના અવનવા મુદ્રાલેખ નજરે પડયા !

વાચકોનું મતદર્શન–

૧ One sided: માર્મિક કટાક્ષભર્યા આ સેટાયરમાં સીનેમા ફીલ્મ માટે ઘણી સુરસ સામગ્રી હોવાથી કોઇ ફીલ્મ ડાયરેક્ટરને હાથ ચડી જાય તો તેને ભારે કિમતી થઇ પડે.

૨ શક્તિ અને સમયનો માત્ર વ્યય; પૈસા ખર્ચવા એ બરબાદી છે.

૩ અકળાયેલા મૂંઝાયેલાને આનંદ અને આરામ આપી ગમ્મત કરાવે છે, અને અંત પર્યંત જિજ્ઞાસા ઉત્તેજીત રાખનારૂં છતાં છપાવવાની નહિ પણ ખપાવવાની અશક્તિના કારણે ફરતું.

૪ 'વિકૃતબુદ્ધિના વિવાહ' નો પુનર્જન્મ : નવા લેબાસમાં ?

૫ સારૂં નરસું તો સાહિત્યના ખાં જાણે, પણ રસની જમાવટ એવી જામે છે કે પુરૂં વાંચ્યા વગર હાથમાંથી છોડાતું નથી.

૬ પુરુષવિરોધી આ દાયકાનું સ્ત્રીમાનસ રજુ કરવામાં 'માર્તંડ મહિલા મંડળ' ની બહેનોએ હિંમતની કમાલ કરી છે.

૭ Author has really attained success in the development of the story.

૮ 'ભદ્રંભદ્ર' નું અનુસરણ: અર્ધકચરૂં–કાચું છતાં મજેદાર.

૯ લેખક કુંવારો જ રહી ગયો લાગે છે: કથાનાયકના લેબાસમાં રહી લેખકે આપવીતીની હાયવરાળ ઠીક ઠાલવી છે. કોઇ બાપકમાઇવાળો છપાવનાર નીકળી આવશે તો મફત વહેંચી દેવામાં મદદ કરવા સેવક તૈયાર છે ! મલાડ: ૧૦૦૧

૧૦ Comedyના રૂપમાં Tragedy કાઇન. High class humour. પાત્રોની ખીલાવટ સરસ: માર્મિક કટાક્ષ જેને જેને લાગુ પડે તેણે સમજવા જેવા ગૂઢ ને ગંભીર. છપાવવાની વૃત્તિ છતાં અશક્તિ માટે લાચાર !

૧૧ અમથેશબાબુના દીલના દર્દનું નિદાન બરાબર થયું હોત તો તેનું વહાણ મધ્ય દરિયે ડૂબત નહિ. લેખક હૈયાપારખુ નહિ. લેખકને પોતાના મુખી અમથાલાલની દયા ય ન આવી કે તેને રણવગડે રઝળતો રાખ્યો !

ઉપરોક્ત મતપ્રદર્શનનું કૃષ્ણ ગીતામહાત્મ્ય કે સ્વામીનારાણીય 'વચનામૃત'ની પેઠે મેં અનેકવાર પારાયણ કર્યું હશે. આ પારાયણ પરિસિમાએ પહોંચતાં મારાથી મલકી જવાતું-હસી પડાતું અને તેથી આજુબાજુ બેઠેલામાંથી કોઇને મારા મગજનું ઢાંકણીઉં ખસી ગયાની કે ડાગળી ચસકવાની તૈયારીની શંકા થઈ આવી હોય તો અસ્વાભાવિક નહિ ગણાય.

*

સ્ટેશનેથી ઘેર ગયો તે પણ વિચારશ્રેનમાં જ. ઘેર પહોંચતાં 'અબલાની બા'એ કંસાર જમાડવાનો ઇરાદો જણાવ્યો. મને તો શારદાપૂજનની પ્રસાદીમાં પ્રાપ્ત થયેલો—પેલા પાકીટમાં બંધાઈ રહેલો કંસાર કે દાલચીવડો—જે હોય તે ચાખવાની તાલાવેલી લાગેલી. છતાં દિવાળી જેવા મોટા દિવસે તેમની ઇચ્છાનું ઉલ્લંઘન કરવાની ધૃષ્ટતા હું ન કરી શક્યો. જમવામાં અમે બે જ બાકી હોવાથી બંનેએ સહભોજન સમેટી લીધું. સહભોજન એટલે એક જ ભાણાની મધુરી કલ્પના તાજા પરણેલાં કોઈ યુવક–યુવતીને વખતે યાદ આવી જાય, તો તે અત્ર લાગુ પડતી નથી!

જમી પરવારી દિવાનખાનામાં પધારી શ્રીમતીજીએ જમીન ઉપર જ વિરામાસન જમાવ્યું: અધી સોપારીના ઝીણા ભુકાથી ગલોફું ભરી, પાન બનાવતાં નીચી નજર રાખીને જ મોગલાઈ અધિકારીની ઢબે ઓર્ડર ઉપર ઓર્ડર છોડવા લાગ્યાં: "સાંભળ્યું! કાલ વહેલા ઉઠજો: આઠ વાગ્યા સુધી ઘોર્યા ન કરતા. ચહાપાણીથી વહેલા પરવારી દેવદર્શને જવાનું. છોકરાં તથા વહુઓને બોણી આપવા ને છુટા વાપરવા દશપંદર રૂપિઆ આપી રાખજો."

"વહુઓ તમને ખાલી હાથે પગે નહિ પડે ને?" મેં ગર્ભિત જવાબ દીધો.

"વહુઓ અમને આપે તેમાં તમારે શું? અમારો હક્ક આજ નહિ લઇએ તો ક્યારે લઈશું? વહુ માટે અમે કેટલું તપ તપીએ

છીએ તેની તમને આદમીને શી ખબર પડે?" કહી બાપુશાહી રજવાડી ધોરણે સહી-સિક્કા વગરના મૌખિક ઓર્ડરો ફડાફડ છૂટચાઃ "છોકરાઓ પગે લાગે ત્યારે સૌને રાજી કરજો. બેસતા વર્ષે મંદીનું બહાનું મનમાં લાવશો મા. આખું વરસ પડ્યું છેઃ ભગવાન આપી રહેશે. બહેનને સાડી આપવી ધારી છે કે બીજી કાંઈ ચીજ? લીલીના મંદવાડમાં રામાને ઘણી મહેનત પડી છેઃ સપરમે દહાડે તેનેય આશા હોય-રાજી કરજો."

અભણ છતાં હોંશિયાર શિક્ષિકાની પદ્ધતિએ શિખામણની વાત શિખવવાનું તેમણે ચાલુ રાખ્યું, ને મેં ભણેલાએ ઠોઠ નિશાળીઆ પેઠે બધું ઠંડે કલેજે સાંભળ્યા કર્યું. ચપડીને બાંધેલા દીર્ઘ કેશકલાપ વડે નીચી નમી રહેલા ગરદન સહેજ ઊંચી કરી, પાનવાળો હાથ લંબાવતાં શ્રીમતી ઊંચા સાદે બોલ્યાં: "લો આ પાનઃ બોલતા કેમ નથી? મુનિવ્રત લીધું છે કે શું?" જરા વાર થોભી નવો મુદ્દો ફાઇલ કર્યો: "લીલીને અઢારમું વરસ જાય છેઃ કાંઈ ધ્યાન ઉપર લેવું છે કે ન્યાત પરન્યાતમાં, તેને ફાવે ત્યાં, પેલી...ગઈ તેમ, પરણી જવા દેવી છે?"

"બધું સાંભળું છું, સમજુંય છું, ને ધ્યાનમાં પણ છે. તમારા બધા હુકમો એક વખત પુરા કરી નાખો એટલે નીરાંત વળે." મેં ઠંડે પેટે જણાવ્યું: "બધી વાત લેવાની થઈઃ હવે આપવા જેવી કંઈક કરો તો ઠીક."

"એ તો અમારૂં એમજ ચાલવાનું: ઉલટું વસ્તાર વધશે એમ વધવાનું. આમ કંટાળ્યે આરો આવશે? હજી તો ઘણાંય કામ આવશેઃ મોટી વહુનું સિમંત ને નાની વહુને લુગડાં કરવાં પડશે. હાથ ઝાલ્યો તે પહેલાંના અમારા આ બધા લાગાઃ અમે કાયમના લેણદાર! હવે પસ્તાવા કરતાં પગલાં ભરતાં પહેલાં......" અધુરા વાક્યે ગ્રામમાતાનો પડછંદો પાડતાં શ્રીમતી હસી પડ્યાં. પકવ મુખારવિંદ ઉપર મીઠી મસ્તીનો પ્રૌઢ ભાવ તરવરતો દેખાયો.

"તમારા હક્ક કે લાગાની ના કોણ પાડે છે? પણ આજ કેટલાંય વર્ષોથી હું સર્વાંશે તમારો થઈ રહ્યો છું તોય રૂપિયા–રૂપિયા શું ઝંખી રહ્યાં હશો? રૂપિયા વધે કે હું?" મેં મીઠી ટકોર સાથે મૂર્ત મજાક કરી.

*

પાનસોપારી લેતાંદેતાં પોંચો સહેજ દબાયો હશે: પહેલ કોની, એનો ખ્યાલ કોને હોય!?

"રોજરોજ નાનપણ આવતું હશે! કોઈ સાંભળે કે દેખી જાય તો કેવું?—ભાયડાને તો જાણે ઠીક–ન શરમ......ઘરમાં વહુઓ આવી તોય......" હોલિકોત્સવને શોભતું હોઠે આવેલું મહાવાક્ય કંઠમાં જ સમાવી, બેશરમીપણાનો શિરપાવ અર્પી, ફાવતા અટકચાળા સાથે ગેલેરીમાં પધારી હિંચકે બિરાજ્યાં. મારે જોઈતું'તું પણ એટલું જ.

*

સંસારવાટિકાની મિશ્ર સુગંધવડે મઘમઘતા આ સંવાદના બહારથી મગજ તર થતાં મને સહસા વિચાર સ્ફુરી આવ્યો: દાંપત્ય-જીવનની અંગત આંટીઘુંટી અને દાદફરિયાદો માટે સમાન હક્કવાદી રાષ્ટ્રીય સરકાર વકીલ અને સાક્ષી પુરાવાના બહિષ્કારવાળી 'કેમેરા કોર્ટ'ની સ્થાપના કરે તો અનેક દંપતીઓના આશિર્વાદ સજોડે મેળવી દીર્ઘાયુષી થાય ખરી!

*

મેં ધીમેથી બંડલ છોડી જોયું તો નીકળ્યું '**સહચરીની શોધમાં!**' એ જ ક્ષણે મગજમાંની એક નસ ઉપસી આવી, ને સહેજે બોલાઈ જવાયું: "હતતારીની! કેવો વિચિત્ર યોગાનયોગ! અંતરમાં રાજી છતાં બહારથી નારાજી બતાવનારાં પુખ્ત ઉંમરનાંને 'સહચરી' કહેવાતાં ન હોય તો 'સહધર્મચારિણી'ને 'સપરમે દહાડે સબરસ'ના શુકન મારે કરાવવા પડશે કે શું?"

ગભરાટમાં મેં સર્વ દેવોનું સામટું આવાહન કરી પ્રાર્થના કરીઃ "હે બ્રહ્મા! હે વિષ્ણુ! હે ભોળા શંભુ! હે મહાવીર પ્રભુ! તમે પુરુષ છોઃ પુરુષજાતની પ્રતિષ્ઠા જાળવવી તમારે હાથ છે!"

જીવનભરના બીનજોખમી, એકાકી જીવડા, જીવનસહચરી માટે દિનરાત ઝંખતા અમથાલાલને પુરુષો પરની આવી આવી અનેક પ્રકારની જવાબદારીઓની કલ્પના ક્યાંથી હોય?

*

શ્રી ઓઘડનાથની ચરણ પાદુકાની સ્વર્ગીય પ્રેરણાથી મેં હામ ભીડી હિંમત એકઠી કરેલી; પરંતુ મારી કલ્પના કરતાં સોખંડી ભારના બોજાથી માથું તપી આવ્યું; શરીરે પરસેવાના રેબઝેબ વળી આવ્યા, ને માથામાં ચસકા પણ શરૂ થયા. આથી ત્રીજા મતદર્શકના નિરાભિમાની કથનની કદર કરી, માથે ઓઢી નીરાંતે સૂઈ જવાનું જ મેં તો નક્કી કીધેલું. સદ્ભાગ્યે જુની અને જાણીતી જીવનલાલ એન્ડ સન્સની પુસ્તક પ્રકાશક પેઢીના સંચાલક ભાઇઓ ચંદ્રકાન્ત તથા મનુભાઈ મારી દયા ખાઈ મદદે દોડી આવ્યા. તેમણે પ્રકાશનના 'ઘેલા સાહસ'ની જવાબદારીનો મારા શિરપરનો બોજો ઉપાડી લઈ, જોખમની જંજાળમાંથી મુક્ત કર્યો, એટલું જ નહિ પણ 'બીન-જોખમી સંપાદક' ના તખ્તે મને કાયમ રાખવાની ઉદારતા સુદ્ધાં દર્શાવી. પાટણનાં પટોળાંની સમરંગી ભાતનો આ ૫૦૦૧ નો મૂલ્યવંતો શિરપેચ શિરે ધરાવવા હું ભાગ્યશાળી થાઉં છું, તે એમના પ્રતાપે ને એમને જ આભારી.

આ અણમુલી મદદ અને ઉદારતા માટે હું એ બીરાદરોનો આભાર આથી જગજાહેર કરૂં છું. આ આભારદર્શન જમાના પ્રમાણેનું —હાથીના બહારના દાંત સમું—સમજવું ને સ્વીકારવું કે કેમ, એ તેમની મુન્સફી ઉપર છેઃ હું તો સાપ કાંચળી ઉતારી નાખે તેમ પ્રદર્શન કરી દઈ ભાર ઉતારી નાખું છું. Thanks અને Sorryના હક્કરક્ષી મુન્સફ-

કાકાના સાનિધ્યમાં આવા લુખાસુકા મફતીઆ આભારપ્રદર્શનની આવડતથી પણ હું વંચિત ગણાઉં તો મારે એ કોડીવર્ષ પાછા હઠી નકાનગરીઆના જરીપુરાણા સંઘમાં જોડાવું પડે!

*

વિવેચકોના 'વાડા'માંના ગરમનરમ હવામાન પ્રમાણે આમાં રહેલા કસની આંકણી,'માપણી કે કસોટી જે થવાનું હશે તે તો પ્રસિદ્ધિ પછી થશે: પરંતુ તે પહેલાં વાડાના, સીમાડાના કે કોઈપણ પ્રકારના બંધન રહિત સ્વતંત્ર થોડાં મતદર્શન થયાં છે: હલકી–ભારે કસોટીએ ચઢી ઓછાવત્તા 'ટચ'નું જે પ્રમાણ રજુ થયું છે, તે વિવિધ પ્રકારનું માનસ જાણવા પુરતું ઉપયોગી ગણાવાની આશા જરૂર રખાય.

હાસ્યરસના માન્ય લેખકો તેમજ માનનીય વિદ્વાનોએ પોતાના અમૂલ્ય સમયના ભોગે અભિપ્રાયો આપવાની દર્શાવેલી ઉદારતા માટે હું એ સૌનો સાચો ઉપકૃત છું.

*

અઢાર અધ્યાયી સબરસીયા કથાનકનો આ દિબાચો, પ્રસ્તાવના કે સપ્તરંગી શિરપેચ: જે ગણાતું હોય તે છે. સર્વ વર્ગના વાચકો પોતપોતાને ફાવે તેમ સમજે, ને જેના અંતરમાં તીવ્ર ઉત્કંઠા થઇ આવે તે 'સહચરીની શોધમાં' ના માર્મિક અને વિનોદી વાચન માટે આળસ મરડી સૈનિક ઢબે કૂચ કરવા તૈયાર થઈ જાય.

આ શિરપેચને ટુંકો કરવા બહુએ મથવા છતાં વેંતીઆ પનાની પાઘડીનું પગેરૂં લંકાદહન સમયના હનુમાનજીના પૂંછડા પેઠે લાંબું ગયું, છતાં પણ ન દેખાયો તેનો છેડો કે તોરો! આપણા મહાકવિ નર્મદની જેમ 'માથા કરતાં પાઘડી ભારે' થઈ પડતાં ગરદન નમી જવાની ધારતી વધતાં સર્વેને રામરામ! વંદે માતરમ્!! જય પુરુષ–પ્રકૃતિનો!!

વિલય–પ્રલય: કલૉક કેમેરા રોડ:
ફ્રીમેરેજ મેનશન.

મફતીઆ માનખાઉ
મામાસાહેબ
બીનજોખમા સંપાદક.

 ૨૬૫૫૨

પ્રકાશકોની પૂર્તિ—

શ્રીયુત્ મામાસાહેબના વિલાયતી બેંડવાજાના ઉર્ધ્વ અવાજમાં સ્વદેશી નાજુક શરણાઇનો કોમળ સરોદ ભેળવી શિરપેચના સૂત્રને યત્કિંચિત ગંગાજમની બનાવવાની અમારી લાલચ રોકી શકતા નથી.

૧. પોતાની કૃતિ બીજાને અર્પણ કરવાની પરાપૂર્વથી ચાલતી આવેલી પ્રથાને બદલે સ્વયં સ્વીકારના રાહમાં કાંઈપણ નવીનતા—Novelty કે Originality હોય તો તે યશના હક્કદાર આ કથાનાયક શ્રીમાન્ અમથેશબાબુ છે: મામાસાહેબ નહિ. પિતાના નામથી ઓળખાવાને બદલે માતાના નામે ઓળખાવાના તેમના Original ideaના પ્રતિધ્વનિરૂપ એ છે.*

૨ અર્પણ સાથે જ તેના સ્વીકારની કે સ્વયં સ્વીકારની પ્રથા ચાલુ થાય તો, ગુજરાતી સાહિત્ય—જગતમાં કોઈ નવું અનિષ્ઠ ઘુસી જવાની ધાસ્તી જેવું દેખાતું નથી: પછી તો ભવિષ્યના ભીતરના ભેદ ભાખવા કોણ સમર્થ છે ?

૩. પુસ્તકોની બે કે વધારે નકલો મોકલી મંજુરી માટે માગણી કરે તો જ સરકારી કેળવણી ખાતું તેમાંથી મંજુર કરવાની મહેરબાની કરે; અને નવજીવન પ્રકાશન મંદિર કે કવિશ્રી ન્હાનાલાલ જેવા સિદ્ધાંતવાદીની સાહિત્યમાં શ્રેષ્ઠ ગણાતી અનેક કૃતિઓ લેખક તરફની માગણીના અભાવે મંજુરીની સરકારી યાદીમાં દાખલ થતી ન હોવાથી સરકારી ખાતાવાળા જીજ્ઞાસુઓ તેનો લાભ મેળવી શકતા નથી. એ જ પ્રમાણે સમાલોચના માટે જે પુસ્તક ભેટ મળે તેની જ કે તેમાંથી જ સમાલોચના કરવાની પ્રથાને બદલે સમાલોચના યોગ્ય જે પુસ્તકો પ્રસિદ્ધ થાય તે તેના કર્તા કે પ્રકાશક તરફથી ભેટ મળે તો તો બહુ જ ઠીક:

---

* જુઓ આ કથાનક: અધ્યાય ૬: પૃષ્ઠ ૮૭—૮૮

પરંતુ ન મળે તો મેળવીને કે ખરીદીને પણ પક્ષાપક્ષ રહીત, સમદર્શી સમીક્ષા–સ્વતંત્ર સમાલોચના કરવાની પ્રથા ચાલુ થાય તો તે આદરણીય અને સાહિત્યપક્ષે આવશ્યક લેખાવી જોઈએ.

૪. અત્યારે તો કહેવાતી સમીક્ષા કે પુસ્તકની સમાલોચના બે દૃષ્ટિથી ઘણે ભાગે થતી જોવામાં આવે છે: એક મિત્ર–ધર્મી એટલે પ્રશંસક, પ્રચારક અને અન્યોન્ય સહાયક: બીજી વિરોધપક્ષી એટલે નિંદક યાને માનભંજક: ઘાતક. આનાં દૃષ્ટાંત માટે શિષ્ઠ મનાતાં અને પોતે અભિમાન લેતાં પત્રો આપણી દૃષ્ટિ સમક્ષ મોજુદ છે: મૌક્તિકશોધનની પેઠે ઉંડા પાણીમાં ઉતરવું પડે તેમ નથી.

૫. નિષ્પક્ષપાત સમીક્ષા–સમાલોચના કરવા ઇચ્છતા કોઈ પત્રકાર બંધુ-ભગિની તરફથી જણાવવામાં આવતાં તેમને અમારાં પ્રકાશનો અમે ખુશીથી ભેટ મોકલીશું: આશા રાખીશું માત્ર નિષ્પક્ષપાત–સ્વતંત્ર સમાલોચનાની.

૬. પ્રસ્તાવના વગેરે ઉપલકીયું જોઈ સમાલોચનાનું સેવાકાર્ય(!) પતાવનારને આ શિરપેચમાંથી તેવી સહાયતા નહિ મળે, તેથી અમને દીલગીરી સાથે આનંદ પણ થાય છે, કે તેમને આખું વાંચી જવું પડશે.

૭. મુરલીધર મામાની બેફીકરાઈને લીધે આમાં પ્રુફની કેટલીક ભૂલો રહી ગઈ છે; પરંતુ તેમણે 'બીનજવાબદારી'નો લાલ બીલ્લો મેળવેલો હોવાથી તે માટેની જવાબદારી પણ અમારી જ.

પૃષ્ઠ ૨૪૫ ની ૧૬મી લાઇન પછીની નીચેની ત્રણ લાઇનો અહા બીસ્કીટ સાથે અંધારામાં ધ્યાન બહાર જ ખાઈ ગયા છે, તે અગત્યની હોવાથી વાચકોએ ઉમેરીને વાંચી લેવી:

નાથાલાલને સ્વગત સ્ફુરણા થઈ આવી:–

ના દુઃખ લેશ ભુજ અંગુલિના પ્રહારે,
એ યોગ્ય પુણ્ય જ હતું, અપરાધશિક્ષા.

અમદાવાદ :
ભીમ એકાદશી: સં. ૧૯૯૫

પ્રકાશકો.

સ્વયં સ્વીકાર !

જન્મદાતાના સહેતુક અજ્ઞાતવાસને કારણે

તેના આ પ્રિય સંતાનને

અર્પણના ઓઠા નીચે કોઈને ચરણે ધરી

ઓશિયાળું ન બનાવતાં

એ પાલક સંતાનનો

હું જ

સ્વયં સ્વીકાર કરી

આત્મસંતોષ અનુભવું છું.

મામાસાહેબ

અનુક્રમ

આ પુસ્તક માટે માનનીય વિદ્વાનોના અભિપ્રાયો

'વેનચરિત્ર'માં દલપતરામે 'પ્રભાતમાં જઈ પનઘટ ઉપર બગની પેરે બેસું' એ કાવ્યમાં પોતાને માટે કન્યા શોધતા એક વાંઢાનું જે હસવા લાયક વર્ણન આપ્યું છે, તે હકીકતના પાયાપર આ સેટાયર લખાયો હોય એમ પહેલી નજરે જોતાં લાગે છે. **લેખકે ઘણું વાંચ્યું છે, અને પોતે ઉંચા પ્રકારનો સાહિત્યનો અભ્યાસી છે, એમ તરત જ જણાઈ આવે છે. સેટાયરનો પોતાનો ખ્યાલ પૂરેપૂરો હોવા ઉપરાંત પોતે ભાષા બહુ કેળવાયેલી અને ઉચ્ચ વાપરી** છે, એટલે સાધારણ બુદ્ધિના માણસને એ સેટાયરની અંદર છુપાએલો ડંખ sting–મર્મ પકડવો જરા કઠણ પડે. ડગલે ડગલે સ્વ. રમણભાઈનો 'ભદ્રંભદ્ર' યાદ આવે છે. એમની શૈલીનું આ અનુકરણ હોય એમ લાગે છે, એટલે એ ધાટીનું આ પહેલું પુસ્તક કહી શકાય નહિ. રમણભાઈની કૃતિમાં જે સરળતા તથા નૈસર્ગિકપણું છે, તે આમાં નથી. Exaggerationને લીધે કૃત્રિમતા કોઈ કોઈ ઠેકાણે આવી ગઈ છે. × × × વીઝીટીંગ કાર્ડ પર ફોટો પડાવવો એ હકીકત નવીન હોવા છતાં એમાં કાંઈક Crudity–કાચાપણું લાગે છે. જો કે સલાહ આપનારને અમથાની જે હાંસી કરવી હતી તે તો બરાબર થાય છે. Alliteration પણ અસ્થાને લાગે છે. લેખકને આગલી મુંબઈનો ખ્યાલ ઘણો સારો છે. સર ગોકળદાસ પારેખની જુની જગા–મહારવાડી–એણે બરાબર બતાવી છે. અલબત્ત, Pickwick Papersનો કે P. G. Wodehouseનો Humour એમાં નથી; પરંતુ છે તેટલો કાઢી નાખવા જેવો નથી. રમણભાઈએ પાડેલી નવી ભાત લેખકે ચાલુ રાખી છે.

મુંબઈ, તા. ૩૧ : ૫ : ૩૯. **—કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.**

(૨)

'**સહચરીની શોધમાં**' હું આખું રસપૂર્વક વાંચી ગયો છું. એના લેખક કોણ છે તે જાણતો નથી, પણ એ ભાઈમાં હાસ્યરસની સાચી પકડ ને સમજ છે, એ ચોક્કસ. ખાસ કરીને પ્રકરણોને મથાળે તેમજ વચમાં જે પ્રતિકાવ્યો મૂકયાં છે, તે ઘણાં સરસ છે, ને એ ભાઈ જો પ્રતિકાવ્યો લખશે તો તેમાં જરૂર સારી સફળતા પ્રાપ્ત કરશે એમ લાગે છે.

આપણા સાહિત્યમાં હાસ્યરસનાં સળંગ પુસ્તકો એટલાં ઓછાં છે કે એમાં જેટલો ઉમેરો થાય તે આવકાર યોગ્ય જ ગણાય. 'સહચરીની શોધમાં' નો Broad Humour (સ્થૂળ હાસ્યરસ) સામાન્ય રીતે સર્વથી સમજાય એવો ને નિર્દોષ છે. પણ એ મોટે ભાગે કેવળ પ્રસંગોત્પન્ન હોવાથી (ને એ પ્રસંગો બહુ સામાન્ય પ્રકારની ઠઠ્ઠા જેવા હોવાથી) હાસ્યરસના પુસ્તક તરીકે એને બહુ ઉચ્ચ કક્ષાએ મૂકી શકાય એમ નથી. લેખકમાં હાસ્ય નિર્માણ કરવાની શક્તિ છે. અને એઓ ભવિષ્યમાં માત્ર ભોટ અથવા મૂર્ખાઈનાં વર્ણનને બદલે મનુષ્યના સ્વભાવમાં રહેલી નિર્બળતાને હાસ્યનું અવલંબન બનાવશે, તો આથીએ ઉચ્ચ કોટિનું સાહિત્ય સરજી શકશે એમ લાગે છે.

આપણે ત્યાં આવા 'હળવા સાહિત્ય'ની ઘણી જરૂર છે ને એ દિશામાં પ્રયત્ન કરવા બદલ લેખકને અભિનંદન ઘટે છે.

મુંબઈ, તા. ૧૨ : ૬ : ૩૯ — **જ્યોતિન્દ્ર હ. દવે**

(૩)

સ્પેનીશ સાહસવીર ડૉન ક્વીઝોટ એક વખત યુરોપમાં સાહસની શોધમાં નીકળ્યો હતો, અને તેનાં પરાક્રમો (?) ની સર્વેન્ટીસે લખેલી કથા જગતભરમાં અમર થઈ છે. આપણા દેશમાં '**ભદ્રંભદ્ર**' સનાતન ધર્મનો સદોદિત વિજયધ્વજ લઈ એકદા માધવબાગના

વ્યાખ્યાનજંગમાં ઉતરી પડયા હતા. ત્યાર પછી એ મહાપુરુષ અનેક સાહસો કરી ગુજરાતમાં અમર નામને વર્યા છે. આ જ સાહસિક ટોળીના એક સભ્ય શ્રીયુત્ અમથાલાલ છે. તે 'સહચરી'ની શોધમાં નીકળી પડે છે. ડૉન કવીઝોટને જેમ સાન્કો પાન્ઝોની સહાય છે, ભદ્રંભદ્રની સાથે જેમ અંબારામ મોદકીઆ છે તેવી જ રીતે શ્રીયુત્ અમથેશબાબુને સહચરીની શોધમાં નાથનંદન ઉર્ફે નાથાલાલનો સહચાર છે.

લગ્ન માટે તલસતા વાંઢાઓ હંમેશાં ગામડે ગામડે અને પોળે પોળે હાસ્યનું પાત્ર બને છે. દલપતરામે 'વેનચરિત્ર'માં આવા કોડે મરતા કુંવારા પુરુષની મજાક ઉડાવી છે. આ નવલકથામાં એ ઉપરાંત લેખકો, પ્રકાશકો, માનપત્રભુખ્યાઓ, તંત્રીઓ વગેરે વર્ગ પર પણ કટાક્ષપાત કરવામાં આવ્યો છે. તેમાં પ્રતિકાવ્યોની યોજના કરવામાં આવી છે તેથી રમુજમાં અણધાર્યો વધારો થાય છે.

અંધારપછેડો ઓઢીને દૂર ઉભેલા આ ગ્રંથના લેખકને હાસ્યરસનું મજેદાર પુસ્તક ગુજરાતી સાહિત્યમાં ઉમેરવા માટે અંતરના ધન્યવાદ.

અમદાવાદ, તા. ૧૬ : ૬ : ૩૯ —**નવલરામ જગન્નાથ ત્રિવેદી.**

(૪)

હાસ્યરસ જમાવવામાં આપણા લેખકો આજે પોતપોતાના હાથ બતાવી રહ્યા છે. કોઈ પરભાષાની એઠમાંથી હાસ્યરસ ગુજરાતીમાં લાવવા પ્રયાસ કરે છે, કોઈ પ્રાંતપ્રાંતની બોલીના પ્રયોગ કરી રમુજી થવાના કોડ સેવે છે. કોઈ પ્રાસંગિક કટાક્ષ કરી 'હાસ્ય–રમુજ કટાક્ષ'ના નિષ્ણાત થવાના પ્રયત્ન કરે છે. પણ સદ્‌ગત રમણભાઈએ 'ભદ્રંભદ્ર'માં જે જમાવટ કરી છે, એવી પરભાષાની કૃતિમાંથી કે સ્વદેશી વાતાવરણમાંથી કોઈએ જમાવટ કરી હોય તો આ 'સહચરીની શોધમાં' એ પુસ્તકના લખનાર એ માન મેળવી જાય છે.

હાસ્ય-રમુજી-કટાક્ષની રસરેલ રેલાવતું અઢીસો પાનાંનું આવું સળંગ વાર્તાવાળું પુસ્તક ગુજરાતી હાસ્યસાહિત્યમાં કદાચ આ પહેલું જ હશે. ૧૯૩૯ની સાલનો, સહચરી માટે ઝંખતો પુરુષ કેવો હોય એનું આબેહુબ આલેખન આ 'સહચરીની શોધમાં' થયેલ છે; તેમજ આજના છેલ્લામાં છેલ્લા પ્રસંગો પર કટાક્ષ કરવામાં લેખક સફળતા વરી જાય છે. પાત્રો, પાત્રોની ભાષા, પ્રસંગો પ્રસંગોમાં રમુજના તત્વનું મિશ્રણ, શૈલી, શૈલીમાં હાસ્ય-રમુજ અને કટાક્ષનાં રસછાંટણાં એ આ પુસ્તકની વિશિષ્ટતા છે. ન માની શકાય તેવી ઠઠ્ઠાબાજી, કૃત્રિમ ટીંખળ કે શબ્દોને મારી મચડીને ઉત્પન્ન થતું હાસ્ય આ પુસ્તકમાં નથી: આમાં તો સહજ હાસ્ય, રમુજ અને કટાક્ષ પ્રસંગે પ્રસંગે જીવનની અગાસીએ આવી ઉભો દેખાય છે. લેખક તથા પ્રકાશક બન્નેને આવી સરસ કટાક્ષકૃતિ માટે અભિનંદન.

ચોરવાડ, તા. ૧૧ : ૬ : ૩૯ — "**દાલચીવડા**"

(૫)

આપણા સાહિત્યમાં સળંગ હાસ્યરસની અલ્પ નવલોમાં પાને પાને માર્મિક મોજ રેલાવતું, હાસ્યપૂર્ણ, 'સહચરીની શોધમાં' નામક પુસ્તક સુંદર ઉમેરણ છે. ગુજરાત તેને જરૂર વધાવી લેશે.

કાવ્યવિલાસી અને ગઝલ-કવ્વાલીના રસીઆ લેખક પ્રતિકાવ્ય (Parody) માં પારંગત હોઈ, પ્રાતઃપ્રાર્થના યાને વાંઢાવિલાપના મંગળાચરણથી પુસ્તકમાં હાસ્યના બરાબર ગણેશ મંડાયા છે.

પોસ્ટ-ઑફિસ પદ્ધતિએ લગ્નવ્યવહારના ચાલુ ધતીંગ પરત્વે કમાલ કટાક્ષ છે. સામાજિક કે સાંસારિક રીત-રસમોને બહલાવી હાસ્ય જમાવવાની કલાદષ્ટિએ 'સ્વયં-વધૂ' નું મૌલિક ચિત્ર નિપજાવી, અટ્ટહાસ્યમાં લેખક આપણા ખભા ખેડવી નાખે છે.

લગ્ન-લાલસામાં ભ્રમિત અને ભાનભુલેલા મિથ્યાભિમાની અમથાલાલને બનાવવા માટે વાસંતી અને સતિન જેવા શિષ્ઠ વિનોદી મંડળ મારફત ઠઠ્ઠાના ઠીક પ્રસંગો યોજાયા છે. પરંતુ એમ કરતાં ગરીબ બાપડા મહા મૂર્ખાનન્દને નીચોવવાની કુટીલ નીતિ નાથાલાલ જેવા કડકાબાલુસને માટે ચાલે, પણ શ્રીમંત અને સંસ્કારી મંડળના સભ્યોને તો ન જ શોભે; હાસ્યની નિર્દોષતાને એથી ઝાંખપ લાગી જાય. 'દિવાના પ્રતિ દંડ' કે 'દિવાના પ્રતિ દયા' વિશેષ દીપે ?*

'હાસ્યરસના ઇજારદાર'નો નામચીન શિરપેચવાળો મુગટ લેખકના શિરે મૂકાય એવું આગમ ભાખતો—

વિઠ્ઠલગઢ, તા. ૧૦ : ૬ : ૩૯ — "**ઓલિયા જોશી**"

---

* ભાઇશ્રી ઓલિયા જોશીની લાગણીભરી શંકા વિશે ખુલાસાની સ્હેજ આવશ્યકતા જણાતાં તે મારી સમજણ મુજબ કરવાની હું રજા લઉં છું.

આમાં સતિનચંદ્રને નાથાલાલનો (પૃ. ૫-૩૫) મિત્રને તેનો સહચારી રાખેલ છે, એટલે તેઓ મળીને ભણેલા બેકાર તરીકે જે કરે તેમાં ઝાંખપ લાગવા જેવું બીલકુલ નથી.

સજનિકાબાલાએ અમથાલાલ પાસેથી શરૂઆતમાં જે કાંઇ મેળવેલું તે લાભ, લાલચ કે બીજી કોઈ હલકી યા ખોટી ભાવનાથી નહિ, પણ એટલેથી સમજે તો તેની ભાન-સાન ઠેકાણે લાવવા ખાતર જ હતું. (પૃ. ૧૯૦) છેવટે એ બધું વાસંતી મારફતે અમથાલાલને પાછું સોંપ્યું ને તેથી અમથાલાલને તેના સૌજન્યનો ખ્યાલ પણ આવ્યો છે. (પૃ. ૨૪૧) વિનોદી છતાં સહૃદયી એ પાત્રની ઉચ્ચ ભાવનાની મહત્તા તેથી જ ઝળકી ઉઠે છે.

વિનોદી મંડળીની સંસ્કારી ને શ્રીમંત બહેનોએ જે ભાગ આમાં ભજવ્યો છે તે દિવાના નહિ પણ દંભી-મિથ્યાભિમાની અમથાલાલને બનાવવા અને વિનોદ મેળવવા પુરતો જ છેઃ નીચોવવા કે પૈસા કઢાવવા જેવું કાર્ય કોઇએ બીલકુલ કર્યું નથી. શ્રી. ઓલિયા જોશી ઇચ્છે છે તેમ સેટાયરની સમાપ્તીમાં 'દિવાના પ્રતિ દયા'નો સિદ્ધાંત લેખકે આગળ ધર્યો જ છે (જુઓ પૃષ્ઠ ૨૫૦ નો છેલ્લો ફકરો). દિવાના પ્રતિ દયા અને દંભી પ્રતિ દંડ એ સિધ્ધાન્ત લેખકે યથાયોગ્ય રીતે સંભાળ્યો છે. —**પ્રકાશક.**

(૬)

લગ્ન સંબંધની મુશ્કેલીઓ સમાજના જે વર્ગને નડે છે તે વર્ગનું માનસ રમુજી ઢબે અને કટાક્ષ મિશ્રિત શૈલીથી, આમાં લેખકે વર્ણવ્યું છે. **શરૂઆતથી જ હસાવે તેવો ઉપાડ છે, અને હસાવે તેવો ઉકેલ** છે. લેખકની વસ્તુ, ભાષા અને શૈલી જોતાં, તેમનો એ પ્રથમ પ્રયત્ન લાગે છે. કારણ કે ક્યાંક ક્યાંક ક્ષતિઓ નજરે ચઢે છે. વસ્તુવિકાસમાં પણ જરા નાજુક હોવાથી સ્થૂળ હાસ્ય પ્રાધાન્ય ભોગવે છે. જેથી આમ-જનતાને આ પુસ્તક જો કે સારી રીતે હસાવી શકશે, છતાં કદાચ સુશિક્ષિત સમાજને થોડીક સુગ ઉપજાવશે. પરંતુ લેખકે જાળવેલો વિવેક જોતાં તેને શિષ્ટતાની કોટિમાં મુકી શકાશે. હાસ્ય ઉપજાવવા માટેના તેમના પ્રયત્નો માત્ર વસ્તુ અને ઉપમાઓમાં જણાય છે, તેને હવે પછી આગળ વધારીને લેખક જો 'સંવાદો' અને સર્વ પાત્રોના વિધાનમાં દાખલ કરે, અને તેમાં થોડાં વિશેષ બુદ્ધિચાતુર્ય (Wit)ના તત્ત્વને હવે પછીના પ્રયત્નોમાં દાખલ કરે તો લેખક જરૂર હાસ્યરસિક લેખકોની યાદિમાં અગત્યનું સ્થાન મેળવી જશે.

કલકત્તા, તા. ૧૨ : ૬ : ૩૯ — **જદુરાય ખંધડીઆ**

(૭)

હળવે હાથે લખાયેલી આ કથા રસભેર વાંચી જવાય એવી બની છે, એ તેના અજ્ઞાતનામા લેખકના અગંભીર લખાવટના પ્રયોગને મળેલી સફળતા ગણાવી જોઈએ. પણ આખીયે વાર્તા વાંચી ગયા પછી એમ તો લાગે જ છે કે, નવલકથા કે લાંબી વાર્તાના કરતાં નાટકનું બીબું આમાંની રમુજી સામગ્રી માટે વધુ ઉચિત હતું. × × × પુસ્તક હાસ્યરસનું હોવા છતાં વધુ પડતી ગ્રામ્યતામાં લપસી ન પડતાં લખાણ શિષ્ટતા જાળવી રાખે છે, એ ખાસ નોંધપાત્ર ગણાય.

અમદાવાદ, તા. ૧૫ : ૬ : ૩૯ — **અનંતરાય મ. રાવળ**

(૮)

બધા વાચકોને એકલાં ઉંચી કોટિનાં પુસ્તકોનો શોખ હોય છે તેવું કાંઈ નથી. વાચકોનો મોટો ભાગ તો સાધારણ કૃતિથી સંતોષ પામી જાય છે. અને તેવાઓની નજરમાં આ પુસ્તક એક સુવાચ્ય અને પ્રિય પુસ્તક ગણાય તો નવાઈ નહિ લાગે. આખું પુસ્તક મજાથી વાંચી શકાય તેવું તો છે જ. સહૃદય વાચકોને શિષ્ઠ પ્રતિનો રસાનંદ આપે તેવું ન હોવા છતાં આખું પુસ્તક જરા વિશિષ્ટ પ્રતિનું તો થયું છે. વચમાં વચમાં મનપસંદ થાય કે સફળ કહેવાય તેવા કટાક્ષ મળી આવે છે. અમથેશબાબુ કે સંસ્કારી કુમારિકા, નાથાલાલ કે વાસંતી કોઈ ચિરંજીવ, નમુનેદાર સફળ પાત્ર તો બન્યાં ન કહેવાય: તો પણ અમથેશબાબુને બનાવનારા બધા જ લોકો કાંઈ ને કાંઈ ગમત કરાવે છે; અને અમથેશબાબુને મૂર્ખના સરદાર બનાવવામાં સરસ પાઠ ભજવે છે. **પુસ્તકના વાંચનારાઓ અવશ્ય હસશે અને ઘણાને તો સારો આનંદ મળશે.**

ખાર, તા૦ ૨ : ૬ : ૩૯ —**હિમતલાલ ગ. અંજારિયા**

(૯)

અમથાલાલ જેવું મૂર્ખ છતાં નિરાભિમાની પાત્ર જગતમાં હોવાનો સંભવ છે, એટલે નવલકથાનો નાયક વાસ્તવિકતાની સીમાને ઉલ્લંઘતો નથી; પરંતુ તેને ઇરાદાપૂર્વક મૂર્ખ બનાવવાની જાળ ગૂંથનારૂં મંડળ નવલકથા તરીકેના તેના રસની ક્ષતિ કરનારૂં નીવડતું હોય એમ મને લાગ્યું છે. તેમાં કેટલાક કટાક્ષો અને કટાક્ષમય કવિતાઓ સુન્દર છે; પરંતુ એકંદરે નવલકથાના બધા પ્રસંગો નાયકની મૂર્ખતાનું દર્શન કરાવવા કરતાં આગળ વધતા નથી, એટલે કટાક્ષો પ્રાસંગિક હાસ્ય નીપજાવીને થોભે છે.

અમદાવાદ, તા. ૧૩ : ૬ : ૩૯ —**ચુનીલાલ વર્ધમાન શાહ**

(૧૦)

'સહચરીની શોધમાં': એમાં **મીઠો શાંત હાસ્યરસ પ્રારંભથી છેડા સુધી વહી રહ્યો** છે. કેટલાંક હળવાં પ્રતિકાવ્યો, નાનાં નાનાં, પ્રકરણોને મથાળે મૂકેલાં છે તે પણ એ રસમાં વૃદ્ધિ **કરે છે. અમથાલાલના પાત્રની ભાષા ઘણી વેળા સ્વ. રમણભાઈના 'ભદ્રંભદ્ર' ની યાદ આપે** છે. × × × પુસ્તકમાં કેટલાક કટાક્ષો પણ ખુબીથી કરેલા છે. એકંદરે આ નવલકથા, સાહિત્યમાં રસ લેતા બધા વર્ગોને ઘડી આનંદ તેમજ પરોક્ષ રીતે બોધ દેનારી છે. લેખકને તેમની શૈલી માટે તથા તમને (પ્રકાશકને) આવી ચુંટણી માટે મુબારકબાદી આપું છું.

દાદર : મુંબઈ, તા. ૧૭ : ૬ : ૩૯—**અરદેશર ફરામજી ખબરદાર**

(૧૧)

"**સહચરીની શોધમાં**" આ નવલકથા કાંઈ જૂદા જ ધોરણ પર રચાયેલી છે. લગ્ન કરવા માટે પાગલ સરખા બનેલા એક મનુષ્યના જીવનના બનાવો હાસ્ય અને કટાક્ષમય રીતે દર્શાવવાનો પ્રયાસ લેખકે કર્યો છે. કથાના નાયક તે એક type છે; અને એવી અનેક વ્યક્તિઓ આપણા સમાજમાં હોય છે. હાસ્ય, ગંભીર હાસ્ય જમાવવાની કળા સર્વ કોઈને સાંપડતી નથી. એ દિશામાં આ લેખકે પ્રયાસ કરેલો જણાય છે. હળવું હાસ્ય રચવામાં તેમને ફત્તેહ મળી છે, એમ કહી શકાય. જુદા જુદા કવિઓની કવિતાનાં પ્રતિકાવ્યો વગેરે બહુ સફળતાથી તેઓ બનાવી શક્યા છે, અને કાવ્યો એ આ પુસ્તકની ખાસ વિશિષ્ટતા છે.

અમદાવાદ, તા. ૨૦: ૬: ૩૯ **વિદ્યાબહેન ર. નીલકંઠ**

સહચરીની શોધમાં

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી,
દિસે આપની ખલ્કમાં ખૂબ ખામી;
ઘડયું વિશ્વ આખું વનિતા-વિહારી,
ન હું એક પામ્યો હજી રાંધનારી !

મનુ મોચીને મેનકાથી વરાવ્યો,
ગનુ ઘાંચીને ઉર્વશીથી મિલાવ્યો;
સજોડે દીઠો ઘાંડિયો ઘાટી મારો,
કર્યો રાંક મેં વાંક શો છે તમારો !

તાન, પલટા કે સ્વરની ગલીકુંચીઓમાં ન ઉતરતાં, ભાવનાની સીધી સડક પર દોડી ગયેલી આ કવિતા સાંભળતાં જ નાથાલાલ ચમક્યો, પથારીમાં બેઠો થયો: બાજુની ઓરડીનો બંધ જણાતો દરવાજો, કે જે તેની ઓરડીમાં એક દિવાલ વચ્ચે મુકાયેલો હોઈ બંને ઓરડીઓને અલગ પાડતો હતો, એ તરફ કુતૂહલભરી નજરે તાકી રહ્યો.

મુંબઈમાં અનેક માળાઓના મજલા પરની ઓરડીઓ વચ્ચે બંધ રહેતા—કદી ન ઉઘડતા—દરવાજા હોય છે, તેમ નાથાલાલ જે માળામાં રહેવા આવ્યો હતો, તે માળામાં આવેલી બધી જ ઓરડીઓ આ રીતે એક બીજીથી જોડાયેલી હોવા છતાં, અંદરના દરવાજા બંધ રહેતા હોવાથી, અલગ અલગ જ હોય એમ જણાતું. કોઈ ભાડુતના કુટુંબનો વિસ્તાર મોટો હોય, ને ડબલ ગાળો વાપરતો હોય તો તે વચલો દરવાજો ખોલી પોતાની સગવડ કરી લેતો.

મુંબઈના મકાનમાલિકોએ પોતાનાં મકાનોનાં એવાં અટપટાં નામ પાડયાં છે કે, અજાણ્યો માણસ ગોખવા માંડે, તો માંડ માંડ છ–બાર મહીને એ નામબાહુલ્ય યાદ રાખવા ભાગ્યશાળી થાય.

'સુપ્રસિદ્ધ' માર્ગ–રોડની સીમા શરુ થાય છે, ત્યાંથી જમણા હાથ પર 'ચંડુલ ચેમ્બર્સ,' 'ગમાર ગૃહ,' 'વિલાસી વીલા,' 'બગાસાં બાગ,' 'અંધારિયા એસ્ટેટ,' 'સગવડસોદાસદન,' 'કપાસીયા કોટેજ,' 'કોટવાળ કુટિર,' 'પાખંડ પ્રાસાદ,' 'મુલ્કમશહુર મંઝીલ,' 'મતલબ મેન્શન' આવાં આવાં નામ વૈવિધ્ય દાખવતાં મકાનોની ગગનચૂંબિત હારમાલા વાદળાં સાથે વાર્તાલાપ કરતી હોય એવું દેખાય છે.

અને ડાબા હાથે એ જ માર્ગ શરુ થાય છે, ત્યાંથી નામો વાંચતાં આગળ ધપો તો—

'ભિક્ષુ ભુવન', 'હનુમંત હાઉસ', 'બેકાર બિલ્ડીંગ', 'મધલાળ મહાલ', 'પોલપેલેસ', 'હજારીમલ હાઉસ', 'ચાંદા-બાઈની ચાલ', 'બાગેબુલબુલ' અને 'વેંતિયાવાડી' આવે. પછી સહરાના રણુ જેવું મેદાન દેખાય. તેના એક ભાગના ખૂણા પર 'ખેદાનજી મેદાનજીનો માળો' અને તેની પાછળ નૈઋત્ય કોણમાં અઢાર મજલાનું આલીશાન મકાન નજરે પડે. તેનું નામ મુંબઈમાં મશહૂર હોવા છતાં તમે જાણુતા ન હો તો 'મેઈલ્સ માર્કેટ.'

'મેઈલ્સ માર્કેટ'એ રાજકીય, સામાજિક અને ધાર્મિક

ઐતિહાસિકતાના નમૂના રૂપ વ્યક્તિઓનું સંગ્રહસ્થાન–રહેઠાણુ છે. અઢાર મજલા વડે લોકદૃષ્ટિએ આશ્ચર્યરૂપ બનેલા આ મકાનના પ્રત્યેક મજલે એકસો ને એક ઓરડી છે. કુલ અઢારસો ને અઢાર ઓરડીઓ હોવા છતાં, ભાગ્યે જ કોઈ ઓરડી ખાલી પડે. કોઈ ઓરડી ખાલી પડે તોપણ ઓરડી મેળવવા પહેલાં મકાનના ભૈયાજીને ‘ ડિપોઝીટ ’ સાથે થોડીવણી ભુરશી દક્ષિણા ધર્યા વિના તેના ભાડુઆત બનવું અશક્ય.

*

નાથાલાલ મુંબઇમાં આવ્યા પછી, સહકુટુંબ વસતા પોતાના એક સંબંધીને ત્યાંથી નીકળી, કેટલાક મહીને સ્વતંત્ર ઓરડી લેવાની ફરજિયાત મુંઝવણુમાં આવી પડયા. લત્તેલત્તાના મકાનના ભૈયા, પઠાણુ, શીખ વગેરે રખેવાળો તરફથી ‘ કુટુંબ સાથે રહેવું છે ? ’ ‘ બાલ-બચ્ચાં છે ? ’ ‘ પરણેલા છો ? ’ એમ દરેક સ્થળે પૂછવામાં આવતું, ને નાથાલાલ કટાણું મ્હોં કરી બીજી જગ્યાએ તપાસ કરવા કુચ શરૂ કરતા. આ એક જ જાતના સવાલથી તે કંટાળ્યા. છેવટે અમથાલાલે પોતાના માળામાં તેને ઓરડી અપાવવાની હામ ભીડી અને ‘ મેઇલ્સ માર્કેટ ’નું મહત્વ સમજાવ્યા પછી તેણે નાથાલાલને પોતાની બાજુની જ એક ઓરડી ભાડે અપાવવાનું પરમાર્થી કાર્ય કર્યું.

કેટલાય મહીનાઓની બેકારી, એટલે નિરંકુશ સ્વતંત્રતાની ખુશનુમા હવા ખાધા પછી, નાથાલાલે નોકરીને એક પ્રકારની ગુલામી માની, આખો દિવસ કામ ધંધો કરવાની મહેનતને દૂરથી જ પ્રણામ કરવાની ભાવના કેળવી હતી. નિરંકુશ સ્વાતંત્ર્યમાં મહાલ્યા પછી એક જગાએ છ–આઠ કલાક સ્થિર બેસીને કામ બને જ શી રીતે ?

સાહિત્ય, સંગીત, ચિત્ર અને શિલ્પ: એ ચાર પ્રધાન કલાઓ ઘણાખરા ભણેલાઓના લક્ષમાં હોય છે; પણ નાથાલાલે વગર મુડીએ ને ઓછી મહેનતે ‘ પૈસા કઢાવવાની ’ પાંચમી કલાનો સંબંધીઓમાં સાક્ષાત્કાર કરાવવાનો વિચાર રાખ્યો હતો.

ફાલ્ગુની પૂર્ણિમાની ચાંદની રાતે નાથાલાલે પોતાના અતિપરિચિત એક ગૃહસ્થને સ્વકલ્પિત ઉત્પાદક કલાનાં આકર્ષણોનાં ' ઉંઠાં ભણાવી ' ઓરડીના પહેલા માસના ડીપોઝીટના ભાડા પુરતી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી અને ફાલ્ગુન વદિ એકમની રળિયામણી સવારે ' મેઇલ્સ માર્કેટ '-ના ભૈયાજીને ચરણે પોતે પ્રાપ્ત કરેલી સિદ્ધિ અર્પણ કરી, ઓરડીનો કબજો લીધો હતો. તેની હરોળમાં દીપી ઉઠે એવા જ એક મહેનત-વિરોધીને પોતાની ઓરડીમાં વગરભાડે જગા આપવાની લાલચ બતાવી, નાથાલાલે તેની પાસેથી એક બિસ્તરો મેળવ્યો હતો. એક જ રાત એ બિસ્તરપર ઉંઘવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કર્યા પછી નવી ઉષાનાં ઓવારણાં ઝીલતો તે જાગૃત થઈ ચાહપાણીની જોગવાઈ કરવાના વિચારમાં પડયો. એટલામાં બાજુની ઓરડીમાંથી તેણે અમથાલાલની ઉપરની પ્રાતઃપ્રાર્થના સાંભળી. એ જ પળે નાથાલાલના ક્ષુધાતુર અંતરમાં આશાનું કિરણ જન્મ્યું. તેણે પોતાની પથારીને વ્યવસ્થિત રીતે સંકેલી એક બાજુએ મૂકવામાં વખત ન વીતાવતાં, અમથાલાલની પરિસ્થિતિ ઉકેલવા તરફ ચિત્ત દોડાવ્યું.

તે ધીમે પગલે પોતાની ઓરડીમાંથી ચાલીમાં આવ્યો: અવાજ ન થાય તેની સાવચેતી રાખતો અમથાલાલની ઓરડીના દ્વાર પાસે અટકયો. ઓરડીનું દ્વાર અંદરથી બંધ હોવાનું પોતાનું અનુમાન પારખવા નાથાલાલે દ્વારને હળવે હાથે હડસેલ્યું. તરત જ દ્વાર ઉઘડી ગયું અને નાથાલાલે અંદર પગલાં ભર્યાં.

ઓરડીમાંની ચારે દિવાલો મઢેલા ફોટોગ્રાફ અને ચિત્રોથી સુશોભિત કરેલી હતી. જમણા હાથ પરની દિવાલમાં જમના નદીમાં સ્નાન કરતી ગોપીઓનાં વસ્ત્રોનું હરણ કરી કદમ્બના ઝાડ પર ચઢી બેઠેલો ' બાલ કનૈયો ', ' શંકર અને ભીલડી ', ' વિશ્વામિત્રમેનકા ' વગેરેની છબીઓ ટાંગવામાં આવી હતી. ડાબી હારમાં મહાત્મા ગાંધીજી. વિઠ્ઠલભાઈ, જવાહર, સરોજિની નાયડુ વગેરે દેશનેતાના ફોટોગ્રાફો હતા. જમણી બાજુ અને ડાબી બાજુ—બંને હારમાં ફોટોગ્રાફો અને

ચિત્રો ટાંગતાં વચ્ચે ખાલી રહી ગયેલી જગા પર રંગબેરંગી જર્મન કેલેન્ડર્સ તથા ' ફિલ્મ એકટ્રેસ ' ની ત્રિરંગી અને ચતુરંગી ફોટોપ્લેટ્સ ચોંટાડી દીધી હતી. ચિત્રો અને છબીઓનો આવો શંભુમેળો જોઈ અમથાલાલની મનોવૃત્તિ અને બહુરંગી રસવૃત્તિ માટે મનમાં જ નાથાલાલે કલ્પના કરી લીધી.

ઓરડીના પ્રવેશદ્વારની સામે દેખાતી દિવાલમાં હનુમાનજીની ભવ્ય છબી હતી. તેની બંને બાજુએ પ્રખ્યાત ગણાતી ' ફિલ્મ એકટ્રેસ ' નો ગુજરાતી પોઝનો એકેક ત્રિરંગી મઢેલો ફોટો ટાંગવામાં આવ્યો હતો. એ જ દિવાલને અઢેલીને એક લોખંડનો ખાટલો પડેલો હતો. ખાટલા પર ભરચક રૂથી ભરેલાં બે ગાદલાં પાથરેલાં હતાં. તેના પર અમથાલાલ પલાંઠી વાળી, આંખો બંધ કરી ધ્યાનસ્થરૂપે બેઠેલા હતા. તેના એક હાથમાં હસ્તલિખિત કાગળ હતો. આ નિરીક્ષણ વેળાએ નાથાલાલે પોતાનાં ગાંભીર્ય અને મૌન મુસીબતે જાળવી રાખ્યાં.

*

નાથાલાલ પોતાના અવલોકન માર્ગમાં આગળ વધે એ પૂર્વે જ અમથાલાલ કાંઇક બોલતા હોય એવો તેને ભાસ થયો, ને સાવધાન બની નાથાલાલે સાંભળવા કાન માંડયા:

કોકિલના મધુર કંઠ નથી ભૂલાતા,
ઇન્દુ તણાં શિતળ બિમ્બ સહ્યાં ન જાતાં;
ખીલ્યાં સરોજ મકરંદ મજા ઉડાવે,
વિશ્વેશ્વરા ! શિદ હજી મુજને સતાવે ?
આળીશમી વરસગાંઠ પ્રભૂ ! સુધારો;
માધુર્યનાં જિવનમાં ઝરણાં ઉતારો.

અમથાલાલના ઉચ્ચ સાદે બોલાતી આ કવિતાથી નાથાલાલે સંભાળી રાખેલું ગાંભીર્ય ગૂમાવ્યું.

" ખી–ખી–ખી–ખી– " કરતો નાથાલાલ પોતાના શરીરનું સમતોલપણું સંભાળવા જતાં અમથાલાલની પીઠ સાથે સ્હેજ અફળાયો.

"સાળું આ એક બિલાડું..." ભૂતકાળમાં કયારેક એમની આવી જ ધ્યાનસ્થ સ્થિતિમાં બિલાડું અફળાયું હોય અને એ અકસ્માત સ્મૃતિપટ પર તાજો થતો હોય તેમ દાંત કચકચાવતાં અમથાલાલે મુક્કો ઉગામી પીઠ ફેરવી, તો બિલાડાને બદલે નાથાલાલને ઉભેલો જોતાં તે કાંઈક ઝંખવાણા પડયા.

"તમે તે કોઈ માણસ છો, કે હેવાન?" અમથાલાલ ગુસ્સાથી બોલ્યા.

"માફ કરજો. તમારી 'વસંતતિલકા' સાંભળતાં મને તમ્મર આવી ગઈ." નાથાલાલે અમથાલાલને અકસ્માતનું કારણ જણાવી, તેમનો ગુસ્સો શાંત પાડવાનો પ્રયત્ન કર્યો.

"એમ!" નાથાલાલની ચાલાકી અમથાલાલ સમજી ગયા.

"દાનેશ્વરી મહારાજા કર્ણના પુનિત પ્હોરમાં પ્રભુ પાસે યાચના તો ઘણી સરસ કરો છો!" નાથાલાલે આસ્તેથી વાતની શરુઆત કરતાં અમથાલાલને ફુલાવ્યા.

"હું યાચના કરૂં? તમે બરોબર સમજ્યા જ લાગતા નથી."

"કદાચ બનવા જોગ હોય; પણ તમારી 'વસંતતિલકા' તો હું સમજ્યા વિના રહ્યો જ નથી, એ ચોકકસ છે."

"કહો, શું સમજ્યા?"

"પ્રભુ પાસે ચાળીસ વરસની ઉંમરે બૈરૂં માગતા હતા! એમાં વળી ન સમજાય એવી તે આંટીઘુંટી વાળી વાત કઈ હતી? અમથાલાલભાઈ! હવે ફરીથી આવી આરાધના કરો તો મનમાં જ કરજો. સારૂં થયું કે, એ તો મેં સાંભળ્યું; પણ, કાલે કોઈ ચીબાવલી કોલેજીયન છોકરી કે ટીંખળી છોકરો સાંભળી ગયો, તો તમને હંમેશાં પજવ્યા વિના નહિ છોડે. તમારી મિત્રમંડળીમાં, કે તમને ઓળખનારામાં તમારી પ્રાર્થનાની આ ગંધ પહોંચી, તો સમજી જ લેવું કે,

'વરઘોડે ચઢવા વલખાં મારનારા કુંવારાઓની યાદી'માં તમારૂં નામ નોંધાઈ જ ગયું ! તમારી મફતમાં ચાહ પી જનારાઓ પણ વધારામાં કહેશે કે, અમથાલાલભાઈમાં માલ હોય તો કોઈ કન્યા આવે ને ?"

"અરે ! પણ હું પ્રાર્થના નહોતો કરતો. તમે ભીંત ભૂલો છો, મિસ્તર !"

"હું ભીંત ભુલતો હોઉં તો કહો તમે 'વસંતતિલકા' શાની લલકારતા હતા ?"

"કવિ દલપતરામે 'દલપતપિંગળ'માં સંખ્યાબંધ વૃત્તો અને છંદોની રચના કરી છે. નિશાળમાં અભ્યાસ કરતાં મને કોઈ છંદ ઠીક લાગ્યો હોય તો માત્ર વસંતતિલકા."

"પણ, મેં થોડીવાર પહેલાં તમારે જ મોઢેથી ભુજંગી છંદ પણ સાંભળ્યો, તેનું કેમ ?"

"નાથાલાલ, તમે તો 'રજનું ગજ' કરી 'ઓડનું ચોડ' વેતરી બેસો તેવી પ્રકૃતિના લાગો છો. તમારા જેવા અર્ધદગ્ધ ભણેલા કરતાં તદ્દન બોથડ સારા કે તમારી પેઠે જે તે વિષયમાં માથું તો ન મારે !"

"હું બીજું કાંઈ ન જાણું; પણ તમે 'ભુજંગી' છંદ બોલ્યા અને તે મેં સાંભળ્યો એ ચોક્કસ છે." નાથાલાલની એકની એક વાતથી અમથાલાલ ખીજવાયા, અને નાથાલાલને મ્હાત કરવા તેમણે કોઈ સરસ યુક્તિ શોધવા માંડી.

"હું 'વસંતતિલકા' અને 'ભુજંગી' કેમ બોલ્યો, એટલી જ શંકા તમારા અપરિપક્વ ભેજામાં જન્મી છે ને ? ચિંતા નહિ. હું તમારા જેવા અનેક માણસની ગેરસમજ અનેક વખત દૂર કરી શક્યો છું." આમ કહી અમથાલાલે વધુ વિચાર કરવા સમય સાધ્યો.

"અને મારી ગેરસમજ થઈ છે, એવું તમે સિદ્ધ કરી ન શકો, તો તમારી બુદ્ધિ, શક્તિ અને ચાલાકીનો કંઈ જ અર્થ નથી." નાથાલાલે કહ્યું.

"નાથાલાલ, આજ સુધીમાં મેં અનેક નરનારીઓને અવળા માર્ગ પરથી સવળા માર્ગે ચડાવવાનું પુનિત કાર્ય કર્યું છે. એક રીતે સહ્યાદ્રિ સરખી તમારી અડગ હઠથી મને અફસોસ થયા વિના રહેતો નથી; પણ, બીજી રીતે તમારી હઠ પાછળ છૂપાઈ રહેલી જિજ્ઞાસાવૃત્તિ હોવાની કલ્પનાથી સંતોષ પણ ઉપજે છે."

"મને આવાં આડંબરયુક્ત ભાષણો સાંભળવાનો અતિશય અણગમો છે." કહી, નાથાલાલ ખરેખર કંટાળીને જતો હોય તેમ રસ્તે પડવાનો તેણે ડોળ કર્યો.

રખે તે ચાલ્યો જાય અને તેના મગજમાં જન્મ પામેલી શંકા કાયમ રહી જાય, એવો અમથાલાલના મનમાં ભય પેઠો. તરત નાથાલાલનો હાથ પકડી પાછો ખેંચ્યો અને ગાદલાં પર પોતાને પડખે બેસાડયો. નાથાલાલને અણુસમજુ બાળક માની ફોસલાવી-પટાવી લેવા અમથાલાલે પોતાનું બહુશ્રુતપણું પ્રદર્શિત કરવા માંડયું:

"ગઈ કાલે હું અચાનક ઝુલાબાગમાં જઈ ચઢયો હતો. એક બેન્ચ પર હું બેઠો હતો, એટલામાં મારા મુખ પરની ભાગ્યવંત રેખાઓ પારખી એક કડકો કવિ મારી પાસે આવ્યો. તેણે પોતાનાં લખેલાં બે કાવ્યો મારી સમક્ષ વાંચ્યાં, અને મને વાંચી સંભળાવ્યાં. મને તે બહુ ગમ્યાં એટલે મેં એની પાસેથી તે લઈ લીધાં અને એને ઈનામ આપી ખુશી કર્યો. એ બે કાવ્યો કયાં, તે સમજ્યા? તમે સાંભળ્યાં તે જ 'ભુજંગી' અને 'વસંતતિલકા."

"ત્યારે તો તમે એ બંને કાવ્યો ગોખતા હશો!"

"હં, હવે સમજ્યા."

"પણ, તે માટે પ્હરોઢીયું કેમ પસંદ કર્યું?"

"પ્હરોઢીયે જ માણસની સ્મરણશકિત તાજી હોય છે."

અમથાલાલે ઉપજાવી કાઢેલો આ ખુલાસો પોતાના મગજમાં ઠસી ગયો હોય, તેવા ડોળથી નાથાલાલે બે ત્રણ વખત પોતાનું

માથું સમુદ્રમાં ડોલતા જહાજ પેઠે ધુણાવ્યું. અમથાલાલના મુખ પર નાથાલાલને મ્હાત કર્યાનો હર્ષભર્યો ગર્વ ઝળકી ઉઠ્યો, ત્યારે નાથાલાલે અમથાલાલને પોતાની જાળમાં સપડાવવાની યુક્તિ અજમાવી.

*

"અમથાલાલભાઈ, તમે માનો કે ન માનો, પણ પ્હરોઢીયું ઘણીવાર પ્રતાપી બને છે !" નાથાલાલે નિશાન વગર અડસટ્ટે જ તીર ફેંક્યું.

"શું વાત કરો છો ?" અમથાલાલ અજાયબ થઈ બોલ્યા.

"હા. દિલની ઉમેદ પ્હરોઢીએ પ્રગટી હોય તો જરૂર લાભ મળે. સ્વપ્નશાસ્ત્રીઓ કહે છે કે, પ્હરોઢીયાનું સ્વપ્નું પણ સાચું પડે છે, એ તો તમે જાણતા હશો."

"કહે છે ખરા, પણ એવું બનતું હોય તો જોઇએ જ શું ?"

"તમે ભલે શુકન–અપશુકન કે મુહૂર્ત–ચોઘડીયું વગેરે બાબતોમાં ઓછું માનતા હો; પણ, ઘણાના સંબંધમાં પ્હરોઢીયું પ્રતાપી બનેલું મેં સાંભળ્યું છે."

"તમે કહો છો એમ જો બનતું જ હોય તો આજ જ જોઈએ. તમારા મુખદર્શનવાળું પ્રતાપી પ્હરોઢીયું મને શો લાભ આપે છે !"

"પહેલું તો એ કે, આ હું તમારી સામે કોઈ દિવસ નહિ અને આજે જ–વળી પ્રભાતના પહેલા જ પહોરમાં હાજર થયો..." નાથાલાલે ચહાપાણી પુરતો સ્વાર્થ સાધવાની યુક્તિ આરંભી.

"એમાં મારૂં શું વળ્યું ?" અમથાલાલ વચ્ચે જ બોલ્યા.

"શ્રદ્ધા રાખો તો પ્હરોઢીયાની પ્રાર્થના મુજબ કદાચ તમારી એકતાળીશમી વસંત રસમય બને !" નાથાલાલે અમથાલાલના અંતરમાં પ્રવેશી જાય, એવા હાવભાવ સહ કીમિયો અજમાવ્યો.

અમથાલાલ હર્ષાવેશની લાગણીને દબાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

નાથાલાલના 'વસંત રસમય બને !' એટલા શબ્દોએ તો 'ઈલેકટ્રીક કરન્ટ' પેઠે અમથાલાલના રોમેરોમમાં 'રસ' અને 'વસંત' ફરતાં કરી દીધાં.

*

નાથાલાલે પોતાની ઝીણી આંખો અમથાલાલના મુખમંડલ પર સ્થિર કરી. અમથાલાલની દ્રષ્ટિ ઓરડીના ચારે ખૂણા પર ફરી વળી. દિવાલ પરનાં કેટલાંક મોહક ચિત્રો સજીવ બન્યાં હોય એવો તેને આભાસ થયો. ઓરડીના એક ભાગમાં પાણીનું મટકું હતું, તેને કોઈ એક કોમલ કરયુગલ વારે વારે સ્પર્શતું–કોમલાંગી વારે વારે સ્પર્શતી–હોય એવું અમથાલાલને એકાદ સેકન્ડ જાગૃત સ્વપ્ન આવી અદસ્ય થયું. તેના મોઢા ઉપર આછેરી હાસ્યછાયા ફરકી ગઈ. નાથાલાલે તેની આવેશભ્રમણાની નાડી તુરત પારખી લીધી.

"અમથાલાલભાઈ, મારા એક મિત્રની સાળી છે. મારો મિત્ર પોતાની સાળી માટે બુદ્ધિમાન વરની શોધખોળ ચલાવે છે. મને થાય છે કે, તમે કહો તો તમારૂં નામ પણ તેની આગળ મૂકું. એ આખું કુટુંબ ભણેલું ગણેલું હોઈ બુદ્ધિશાળી........."

"જરૂર મૂકો. ઉપરાંત એને કહેજો કે, મારા જેવો બુદ્ધિશાળી બીજો કોઈ નહિ મળે." વચમાં જ અમથાભાઈએ વાત ઉપાડી લીધી.

"બુદ્ધિમાન સાથે સારી આવકવાળાને પસંદ કરવાની તેની પત્નીની ખાસ ભલામણ છે."

"એને કહેજો કે, કરોડપતિની લીમીટેડ કંપનીમાં જનરલ મેનેજર છે; અને ખાસો દોઢસો રૂપિયાનો પગાર મળે છે."

"મારા મિત્રની સાળીનો વિચાર નાતજાતમાં માનનારા, કે ધર્મના વાડામાં જકડાયેલા સાથે જીવન જોડી નાતજાતના ઝગડામાં કે ધર્મના બંધનમાં પડવાનો નથી."

" એને કહેજો કે, હું હોટેલ–રેસ્ટોરન્ટમાં ધોળે દહાડે પણ જાઉં છું. હું તો જે માનતો હોઉં તે 'ઉઘાડેછોગે' આચરી બતાવનારો છું." અમથાલાલે ઉમંગમાં આવી ખુલાસો કર્યો.

નાથાલાલે દિવાલ પરની છબીઓ તરફ અમથાલાલનું ધ્યાન ખેંચ્યું ને કહ્યું: " આ વાઘેશ્વરી માતાની નિત્ય પૂજા કરો છો ખરાને ? તેમજ આ હનુમાનજીની છબીને દર શનિવારે આકડાનાં ફુલનો હાર ચઢાવો છો ને ?" નાથાલાલે હનુમાનજીની છબી પરના આકડાના ફુલના તાજા હારને સ્પર્શતાં પૂછ્યું.

" એમાં તમે હજી ન સમજો. એ તો એમજ ચાલે, નાથાભાઈ. દુનિયામાં બધા જ એક મતના નથી હોતા. કયારેક બતાવવાની–ખરી ખોટી ધર્મની લાગણી પણ દેખાડવી પડે !"

" એ તો હાથીના દાંત જેવું, ખરૂં ને ? ચાવવાના ને દેખાડવાના જુદા !"

" એ ઉપરથી સમજી શકો તો મારી બુદ્ધિનું પ્રમાણ પણ સમજાય ખરૂં. જેવો વખત તેવાં વાજાં વાગે !" બચાવની દલીલ સાથે બુદ્ધિનો સીધેસીધો પુરાવો આપતાં અમથાલાલ ખડખડ હસી પડયા.

" તમારા મિત્રની સાળી તરફની બીજી કાંઈ શરતો નથી ને ?"

" મુરતીઓ બીજવર ન જોઈએ." જાણે એકદમ યાદ આવ્યું હોય તેમ તેણે જવાબ દીધો.

" વરઘોડે ચઢવાની આજસુધી આપણે તમા જ કયાં કરી હતી ? બોલો, બીજું કાંઈ છે ?"

" ખોટું ન લગાડતા અમથાભાઈ. કદાચ તમારી કંજુસવૃત્તિને લીધે તે લોકોની પસંદગી ન ઉતરે." નાથાલાલે અમથાલાલને લાલસામાં લપટાતા જોઈ આરતેથી માથું ખંજોળતાં કહ્યું.

" હું કંજુસ ! મને કંજુસ કોણ કહે ? નાથાલાલ, મારૂં મકાન મેં 'સેનેટેરીઅમ' માં ફેરવ્યાનું તમે નથી જાણતા ?" અમથાલાલ

કોઈ આઘાતની લાગણી અનુભવતા દેખાયા. ખુણામાં લાકડાની પેટી પર પડેલાં પુસ્તકો તરફ તેમણે નાથાલાલનું ધ્યાન ખેંચ્યું ને કહ્યું:

"જોયું! આ મારૂં પ્રાઇવેટ પુસ્તકાલય. સ્ત્રી–પુરૂષ, કુમાર–કુમારિકા, યુવાન–વૃદ્ધ એવાં સર્વ માટે કોઈપણ ભેદભાવ વગર સાર્વજનિક બનાવી ખૂલ્લું મૂકી દીધું છે. હું એને કબાટમાં પણ મુકતો નથી!" અમથાલાલે પોતાની ઉદારતાનું પ્રત્યક્ષપ્રમાણ બતાવ્યું.

નાથાલાલે ઉઠીને પુસ્તકો તપાસવા માંડયાં. તેમાં ધર્માદા સંસ્થાના રિપોર્ટો, સિનેમાની ઓપેરાબુકો, હનુમાન ચાળીસો, માતાજીના ગરબા, ચતુર સુંદર સ્ત્રીગરબાવલી, મડાપચીસી, સદેવંતસાવળીંગા, બરાસ-કસ્તુરી, ગ્રંથમાળાનાં પ્રાઇસ લીસ્ટો અને બીજાં એવાં જ કચરાપટીના અભાવે પડી રહેલાં પુસ્તકો હતાં. નાથાલાલે અચાનક પોતાનું ધ્યાન પડતાં એક નવું દેખાતું પુસ્તક ઉઠાવ્યું ને ઉઘાડીને તેનું ટાઇટલ જોતાં જ "આ 'પરણ્યા પહેલાં' તમે વાંચો છો કે?" એમ પૂછી નાથા-લાલે પોતે ઉઠાવેલા પુસ્તક તરફ અમથાલાલનું લક્ષ ખેંચ્યું. અમથાલાલે સફાળા ઉઠીને નાથાલાલના હાથમાંથી એ પુસ્તક ઝુંટવી લીધું.

"આ અને બીજું પેલું 'પરણ્યા પછી' એ બંને બાજુની ઓરડીવાળાનાં છે."

અમથાલાલે એક બીજા નવા પુસ્તક તરફ નાથાલાલની નજર આંગળી વડે ખેંચી. અમથાલાલે એ બંને પુસ્તકો પરાયાનાં ઠરાવવાની યુકિત લડાવી, પણ નાથાલાલના 'મન્કીબ્રેઈન' માં તેની એ વાત ન ઉતરી. તેણે પૂછયું: "પણ આમાં તમારૂં નામ છે ને?"

"એ તો ગેરવલ્લે જાય તો જડી આવે માટે લખેલું છે."

"ત્યારે તો પેલી કહેવત જેવું–'એમ કરતાં જો ભૂલી જાય, તો એનું મટીને આપણું થાય!' ઠીક, પણ તમારી આ લાયબ્રેરીનો ઉપયોગ કેવોક થાય છે?" નાથાલાલે કટાક્ષ કર્યો.

"મેં તો મારી પરમાર્થી ફરજ અને ઉદારતા પબ્લીક માટે બજાવવામાં જરાય કચાશ રાખી નથી. પણ, નાથાલાલ, આજકાલનાં ભણેલાંમાં આવાં સનાતન ભાવનાનાં ગૂઢ પુસ્તકો વાંચનારા છે કોણ?" અમથાલાલે પોતે મહાવિદ્વાન હોય અને પોતાના પુસ્તકાલયમાં સંચય પામેલાં પુસ્તકો કીમતી–મહત્વનાં અને સામાન્ય નરનારીઓને સમજવાં પણ કઠિન હોય, એવો દયાદર્શકભાવ પ્રદર્શિત કર્યો. તેની દ્રષ્ટિ ઘડિયાળ પર ફરી ગઈ. અચાનક કાંઈક સ્મૃતિમાં સજીવન થયું હોય તેમ તેમણે ઉઠીને દ્વાર તરફ જોઈ કોઈની શોધ કરવા માંડી.

*

"કેમ! બહાર જવું છે?" નાથાલાલે ઉઠવા માંડયું.

"નારે ના, બેસો. હું તો ઘોંડિયોઘાટી આવ્યો કે નહિ, તે જોઉં છું. ચહાપાણીનો વખત થવા આવ્યો. જુઓને આપણી ચર્ચામાં સાડાસાત થઈ ગયા તેની ખબરે ના પડી."

અમથાલાલે સિંહનાદી ત્રાડથી ઘાટીને બોલાવ્યો. ચાર ખોલી છોડી પાંચમી નળવાળી ચોકડીમાં પાણીનું મટકું ભરવા ઉભેલો ઘોંડિયો અમથાશેઠની હાક સાંભળતાં જ દોડતો આવ્યો. અમથાલાલે તેને તાજી જલેબી, ગરમાગરમ ગાંઠીઆ અને ચહા લાવવા ચાંદીનું અડધિયું આપી, બધું ઠેકાણે પાડી આવવાનું સંજ્ઞાથી જ સમજાવી દીધું.

"તમારા મિત્ર આવવાના છે કયારે?" અમથાલાલે નાથાલાલ સાથે પુનઃ એ જ વાત શરૂ કરી.

"ઘણું કરીને તો આજે સાંજે."

"કેટલા વાગે?"

"એકઝેકટ સાડા પાંચે."

"ત્યારે તો મારે સાડા પાંચ પહેલાં અહીં આવી હાજર રહેવું જોઈએ, ખરૂં ને? કાંઈ હરકત નહિ. પેઢીમાં જતાંની સાથે જ હું

હેડ મેનેજરને કહીશ કે, આજ હું સાડાપાંચે ઘેર પહોંચી શકું, એ રીતે મને નીકળવા દે."

"તમે નોકરી કરો છો, તે દેશી ઢબની પેઢી છે કે અંગ્રેજી ઢબની ઑફીસ?"

"કહેવાય છે તો ઑફીસ; પણ અંદરની રચના કરવામાં ખુરશી ટેબલ વગેરે ચાલુ જમાનાના ફરનીચરને બદલે કરકસરની નજરે ગાંધીજીના ધોરણે ગાદી તકિયા ને ઢાળીઆં ઉપયોગમાં લેવાયાં છે; અને સૌ એને પેઢી તરીકે જ ઓળખે છે."

"તમે જનરલ મેનેજર જેવા જવાબદારીભર્યા હોદ્દા પર હો અને તમારા પર હેડમેનેજરની સત્તા હોય, તમારે તેની રજા લેવી પડતી હોય, અને ત્યાંથી તમે તમારી મરજીથી સાડા પાંચે છુટી શકતા ન હો, એથી જો કે મને તો અજાયબી ન થાય; કેમકે હું મુંબઈની મુશ્કેલી સમજી શકું. પણ મારે બદલે કોઈ મુંબઈના વ્યવહારથી અજાણ હોય તો તે એમ જ સમજે કે, તમે તમારા હોદ્દાની, તમારી પેઢીની અને તમારા સંબંધમાં જે જે વાત કહી ગયા એ સર્વે 'ફેંકોલોજી' છે." નાથાલાલે પોતાની માન્યતા આડકતરી રીતે અમથાલાલને સમજાવી દીધી.

નાથાલાલની દૃષ્ટિ રૂમના દરવાજા તરફ કોઈની રાહ જોવામાં તલ્લીન જણાતી હતી. થોડી મિનિટ વીતી ગઈ. નાથાલાલે અમથાલાલનું આત્મપ્રશંસક પુરાણ સાંભળવામાં પૂરતી જિજ્ઞાસા વ્યક્ત કરી. અચાનક નાથાલાલે ઘાટીને દરવાજામાં પ્રવેશ કરતો દીઠો. તેના હાથમાં બે પડીકાં અને સાથે ચહાવાળા પોરિયાને જોતાં જ નાથાલાલના મુખમંડળ પર આનંદ અને વિજયનો મિશ્ર સંતોષભાવ દેખાયો.

"અમથાલાલભાઈ, તમને કોઈ કંજુસ માનતું હોય તો મારે કહેવું જોઈએ કે, તેણે તમારા પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કર્યું નહિ હોય!" નાથાલાલે 'તાજી જલેબી'નું પડીકું છોડતાં જણાવ્યું. અમથાલાલના વદન પર સંતોષની રેખાઓ નૃત્ય કરતી દેખાઈ.

૨........................અમથાલાલની ઉત્સુકતા

નીર સાગરમાં ચિત્ત કોઈ વસેઃ
સુમનોહર સાંજથી કોઇ હસે;
રમણીય ઉષા ઊર કોઇ ભરે,
'રસ જ્યોત' ઊરે ઊર નૃત્ય કરે.

કંઇ હાસ વિકાસ વસે નયનેઃ
ઉપહાસ તણા પુર ઉપવને;
મન ભોજન એ જન કોઈ જમે,
અવલોકન એ ઊર કોઇ ગમે.

*

અમથાલાલ અતિ ઉમંગમાં પેઢીએ આવ્યા. નાથાલાલે કહેલી સર્વ ઘટના અંતરની આસપાસ બોલતા ચિત્રપટ પેઠે ભમી રહી હતી.

શેઠ તો પેઢીમાં ક્વચિત જ આવતા, પણ અગિયારના ટકોરા પહેલાં ઉઘરાણી કારકુન હીરાલાલ, પત્રવ્યવહાર સંભાળતા રામપ્રસાદ,

હીસાબી કારકુન સરૂપચંદ મહેતા, કેશીયર ગુલાબદાસ અને હેડમુનીમ મદનજીભાઈ વખતસર પેઢીમાં હાજર થતા, એ અમથાલાલના ખ્યાલ બહાર નહોતું.

અમથાલાલે આવતાંવેંત જ ઘડિયાળમાં જોયું અને અગિયારમાં દશેક મિનિટ ઓછી જણાયાથી ભવિષ્યના સુમનોહર કલ્પનાતરંગમાં તન્મય બની ટહેલવા માંડયું.

'હું કંજુસ છું એવો ભ્રમોત્પાદક ખ્યાલ બીજાઓની પેઠે મારા ભવિષ્યના સાઢુને થવા ન પામે, તેની મારે સંપૂર્ણ સાવચેતી રાખવી પડશે. વહેલા છૂટવા સાથે પગાર પણ મળી જાય તો બધું જ સીધું ઉતરે. કદાચ મુનીમજી આજે પગાર આપવાની અનિચ્છા બતાવે તોપણ શી હરકત? ઘણાં વરસોની નોકરી દરમ્યાન બચાવેલી–પોસ્ટ ઓફીસની સેવિંગ્સ બેંક અને બીજી બેંકમાંની–ડીપોઝીટમાંથી વીશ પચીસ ઉપાડી લાવી, આવનારા મહેમાનના મગજ પર ગૃહસ્થાઈની સરસ છાપ પાડતાં મને આવડે છે.' આમ અમથાલાલના મગજમાં ઉત્સુકતા-ભર્યા તર્કવિતર્કનાં આન્દોલન તરવરવા લાગ્યાં.

'નાથાલાલને મેં તેના મિત્રનું અને તેના મિત્રની સાળીનું નામ પૂછી ન લીધું, એ ભૂલ તો થઈ; પણ વાર્તાલાપમાં તેણે 'સતિન' અને 'વાસંતી' એવાં બે ટુંકાં નામ ઉચ્ચાર્યાં હતાં. ઘણું કરીને એ બેમાંથી એક ભવિષ્યની મારી સાળીનું અને બીજું સાઢુનું નામ હશે.'

અચાનક પોતાને સ્ફુરી આવેલી શંકાનું સમાધાન એમણે પોતાની મેળે જ કરી લીધું. અને આજે વહેલા છૂટવાનું સ્મરણ થતાં જ પોતાનું રોજનું કામ ત્વરાથી પૂર્ણ કરી લેવાના હેતુથી પોતાની ફરજ બજાવવા ઢાળીઆ સામે સ્થીર થયા.

*

અગિયાર થયા. ઉઘરાણી કલાર્ક હીરાલાલ આવ્યા. બે મિનિટ પછી રામપ્રસાદ અને સરૂપચંદ અને તે બાદ ગુલાબદાસ દેખાયા.

પાંચેક મિનિટ પછી હંમેશના સુપરિચિત પગરવની આગાહી થતાં જ અમથાલાલે પ્રવેશદ્વાર તરફ નજર કરી અને મદનજી મુનીમને ચાંદીની મુઠવાળી લાકડી સહ આવતા જોતાં અમથાલાલના મોં પર અજબ રોશની ચમકી ઉઠી.

મુનીમે પેઢીમાં આવી નિત્ય નિયમાનુસાર ચોતરફ સમીક્ષક નજર ફેરવી, હમેશની લાક્ષણિક ઢબે અમથાલાલ તરફ નજર તાકીને બોલ્યા: " અમથાકાકા, આજે કાંઈ કામનું મંગલાચરણ વધારે ઉમંગથી કર્યું લાગે છે! "

અમથાલાલે પ્રત્યુત્તરમાં માત્ર મોં મલકાવ્યું.

" પણ આ વર્તમાનપત્રો લખે છે કે હીટલરને ચેંબરલેને સમજાવી લીધો ને 'વૉર' અટકાવી." કહી મુનીમે ટાઇમ્સનાં પાનાં ફેરવવા માંડયાં.

" છાપાંઓ તો આજ લખે છે, પણ હું તો પ્રથમથી જ કહેતો રહ્યો છું કે ' વૉર ' થાય જ નહિ. " અમથાલાલે પોતે રાજકીય વિષયના જ્ઞાતા હોય એમ અભિપ્રાય આપ્યો.

" સિન્ધનું ' નવું પ્રધાનમંડળ ' બીજા પ્રાન્તો કરતાં વધુપડતું ખેંચાણ જમાવી રહ્યું છે. "

" એનું કારણ છે, મુનીમજી......"

" શું ? "

" ત્યાં સિન્ધીઓની જ વધુ પ્રમાણમાં વસ્તી છે. " અમથાલાલે કારણ જણાવવામાં પોતાના ઇતિહાસના અભ્યાસનું એવું અજબ પ્રતિબિંબ પાડયું કે, મુનીમજીને ન છૂટકે પેપરમાંથી મ્હોં કાઢી તેમના ચ્હેરા પરની રેખાઓ નિરખવાની ફરજ પડી.

કોઇપણ વિષયમાં કાંઇપણ પૂછાયું હોય તો પ્રત્યુત્તર આપવાનો અપ-વ્યય કરવામાં આજ પર્યંત અમથાલાલે કદી લોભ કે કંજુસાઈ દાખવ્યાં

નહોતાં. એ ઉદારતા બતાવતાં અનેક વખત પોતે ઘડીભર રમુજનું કેન્દ્ર કરવા છતાં પણ એમણે પોતાની એ ઉદારવૃત્તિ બદલવાનું આવશ્યક વિચાર્યું પણ નહોતું. એથી આવતાંની સાથે દરરોજ તેમને કોઈને કોઈ વિષયમાં કાંઈક પૂછી મજા કરવાની મુનીમને વૃત્તિ થતીઃ તે પૂછ્યા વિના રહેતા પણ નહિ. મુનીમનું એ વર્તન અમથાલાલને અત્યંત પ્રિય લાગતું. પણ બે ત્રણેક વરસથી મુનીમ 'અમથાકાકા' શબ્દનો ઉપયોગ કરવા લાગ્યા હતા, એ અમથાલાલને લાહોરની 'ઝમઝમા' તોપના ભડાકા જેટલું અસહ્ય લાગતું. તેમાંય જ્યારે પેઢીના અન્ય કાર્યકર્તાઓ મુનીમનું અનુકરણ કરતા, ત્યારે તો અમથાલાલની સ્થિતિ વરસતા વરસાદમાં 'રેઈનકોટ' કે 'છત્રી' વગર દોડતા પથિકનો હુબહુ ચિતાર આપી રહેતી !

*

મુનીમને સ્વસ્થ થયેલા જોઈ અમથાલાલ પોતાના સ્થાન પરથી ઉઠયા અને મુનીમની બેઠક નજીક જઈ નમ્ર સ્વરે બોલ્યા :—

"આજ મને જરા વહેલી રજા જોઈશે."

"કેટલી વહેલી ?"

"પાંચ વાગે."

"કોઈ સભામાં ભાષણ કરવા કે સાંભળવા જવું હશે !"

"ના. એકઝેક્ટ સાડા પાંચે મારે રૂમ પર જવું છે."

"રૂમ બદલવી છે ?"

"નાજી; મારા સાઢુ આવવાના છે."

"પૂર્વ જન્મના ?" મુનીમે મશ્કરીના ટોનમાં પૂછ્યું.

"ના, ભવિષ્યના. આપ મોટા માણસ થઇને ગરીબની મશ્કરી કરો તો ભલે. પણ મુનીમજી, મારા એક મિત્રના મિત્ર પોતાની સાળીના સગપણ માટે આજ આવનાર છે." એટલું બોલતાંમાં તો અમથાલાલના વદન પર શરમના શેરડા ઢળી પડ્યા દેખાયા.

"અમથાકાકા, આટલી ઉંમરે તમે પરણશો?"

"મારી ઉંમર મોટી કહેવાય? બહુ બહુ તો ત્રીશ–બત્રીશ વરસ..."

"બાર પંદરેક વરસથી તો આ પેઢીમાં હું તમને જોઉં છું. હા, તમે નોકરીમાં રહ્યા તે દિવસે તમારી ઉંમર તમે કહો છો તેની આસપાસની હશે ખરી." મુનીમે સીધો કટાક્ષ કર્યો. અમથાલાલ ઝંખવાણા.

"મને જવા દેશો ને સાહેબ?" અમથાલાલે સંકોચ અનુભવતાં ફરી પૂછ્યું.

"તેમાં કાંઈ ના કહેવાશે ખરી?" મુનીમે હસતે વદને અમથાલાલને નિશ્ચિંત બનાવ્યા.

"અમથાકાકા, લ્યો, આ હુંડીઓના દેખાડ કરી આવો." સરૂપચંદ મહેતાજીએ અમથાલાલને કામ સોંપ્યું.

"જરા અહીં આવો અમથાભાઈ, આટલા ચેકો જે તે બેંકમાં આપણી પેઢીના ખાતામાં ભરી આવો." કેશિયર ગુલાબદાસે અમથાલાલને બીજું કામ પણ સાથો સાથ સૂચવ્યું. અમથાલાલને બેઉ કામ પતાવવા બહાર નીકળતા જોઈ મુનીમે ઈશારતથી અટકાવ્યા.

"ભટ્ટાને કહેતા જાવ કે, એક કપ કૉફી મોકલે!" મુનીમે અમથાલાલને પેઢીનું કામ કરવા જતાં અંગત કામ સોંપ્યું.

મુનીમનું મન જીતી લેવાની હોંશમાં અમથાલાલ પહેલું એમનું અંગત ફરમાન બજાવવા બહાર ગયા અને પાંચેક મિનિટમાં કૉફીના કપ સાથે ભટ્ટાના છોકરાને લઈ આવ્યા. મુનીમે કૉફીનો કપ ગ્રહણ કર્યો, એટલે અમથાલાલ હુંડીઓ, ચેક તથા સ્લીપબુકો પોતાના ગજવામાં સલામત છે કે કેમ તેની ખાત્રી કરી ઉતાવળે પગલે અદૃશ્ય થયા.

*

"વરઘોડે ચઢવાની કાકાની લગનીનો કોઈ ઉઠાવગીરે લાભ લેવાનો રસ્તો કર્યો ન હોય!" મુનીમે અમથાલાલ પ્રત્યે દયા દર્શાવી.

“ અમથાકાકા ઠગનાયે કાન કાપી લે એવા પક્કા છે.” સરૂપચંદે અભિપ્રાય આપ્યો.

“ કાકા દેખાવમાં જેવા ભોળા લાગે છે તેવાજ ઉંડા અને ફડાકેબાજ પણ જબ્બર છે. વહુરાણી—સહચરી—મેળવવાની ઝંખના જ એવી છે કે, કૌટિલ્યનો અવતારેય ક્યારેક એ લગનીમાં ફસાઈ જાય.” કહેતો હીરાલાલે અમથાલાલની પરોક્ષ રીતે દયા ખાધી અને પોતાના સ્થાન પરથી ઉઠવાનો યત્ન કરવા લાગ્યા. હીરાલાલને વસુલાત માટે બહાર જતા જોઈ મુનીમે ઘડિયાળ પર લક્ષ ખેંચી કહ્યું:

“ અમથાલાલ આવે એ પહેલાં મિનિટ કાંટો ત્રીશ મિનિટ આગળ મૂકતા જાવ.”

મુનીમજીની સૂચના અમલમાં મૂકીને હીરાલાલ હાસ્યવદને વિદાય થયો.

*

પેઢીના કાર્યકર્તાઓ નવરાશે ઘડી બેઘડી મજાક કરીને આનંદ અનુભવતા. અમથાલાલની હાજરીમાં કોઈપણ વિષયની ચર્ચા શરૂ કર્યા પછી તે શરૂ કરનારને જ પોતે આરંભેલી ચર્ચા આટોપી લેવાની ફરજ પડતી.

અમથાલાલના કુટુંબની ઐતિહાસિક ગાથા એમને જ મોઢે સાંભળવાની દરેકને વારંવાર ઇચ્છા થતી. એમના અભ્યાસની પ્રસાદી પણ દરેકને એમના મુખદ્વારા જ પ્રાપ્ત કરવાની ઉત્સુકતા રહેતી. ક્યારેક પોતાના જ્ઞાનનો જ્વાળામુખી અવળો ફાટી નીકળ્યો હોય, તોપણ અમથાલાલ તેનું સવળું રૂપ જ જોઈ શકતા. અને ભોગજોગે પોતાની સિન્ધુ સરખી ભૂલ પકડાઈ ગયાનું તેમના વિવિધરંગી ભેજામાં ઉતરવા પામ્યું, તો તે પોતાની ભૂલને ઢાંકવા નવી યુક્તિ લડાવવામાં હિમાલય સરખી બીજી ભૂલ કરવામાં પણ અચકાતા નહિ. અર્થાત્ એમનું મગજ મોટરની પેઠે ચોતરફ ફરે તેવાં અનેક ઉલટ સુલટ ચક્રોથી ભરેલું હતું.

"અમથાકાકા, તમે ખાનદાન અને ભારે લાગવગવાળા કુટુંબના નબીરા હોવાનું મુનીમજી વારંવાર કહે છે, પણ મારા મગજમાં એ વાત ઉતરતી નથી. તેમ હોય તો આટલો વખત કુંવારા કેમ રહો?" રામપ્રસાદે એકવાર વિનોદભાવે અમથાલાલને પૂછેલું.

"રામપ્રસાદ, તમારા મગજમાં મુનીમજીએ કહેલી સત્ય ઘટના ઉતરી ન હોય તો તેમાં નવાઈ જેવું કાંઈ નથી. હું અને મુનીમજી આ પેઢીમાં જુના હોવાથી એકબીજાના જીવનને લગતી બધી મહત્વની બાબતો જાણતા હોઈએ. એથી તમે અજ્ઞાત હશો; પણ મારા વડિલોના સ્વર્ગવાસ પામેલા અનેક સ્નેહીઓ જાણતા હતા કે, આ અમથાલાલના પિતા ભૂખણશેઠ કરાંચી સ્ટેટના નાયબ દિવાન હતા. મારા કાકા જોધપુરના ચીફ કલેકટર, મારા મામા નાગપુર નરેશના પ્રાયવેટ સેક્રેટરી, મારા માસા બ્રહ્મદેશના નવાબજાદાના દાક્તર અને મારા ફુઆ સીલોનના મોટા બાપુ સાહેબના એ.ડી.સી. હતા." અમથાલાલે પેઢીના બધા જ કાર્યકર્તાઓ બરાબર સાંભળી શકે એવા બુલંદ અવાજે પોતાના વડિલોના સાથે મામા–ફુઆ–માસા વગેરેના હોદ્દાનું કશાય મેળ વગરનું બ્યાન રામપ્રસાદ સમક્ષ કરેલું.

પેઢીના જે કાર્યકર્તાઓ અમથાલાલના સ્વભાવથી અજ્ઞાત હતા, તેઓ તે દિવસથી પૂરેપૂરા પિછાનતા થયેલા હોવાથી હીરાલાલે ઘડિયાળને અર્ધા કલાકનો કૃત્રિમ વેગ આપ્યા પછી તેઓ અમથાલાલ પાછા ફર્યા ત્યાં સુધી તેમની જ આગલી પાછલી વાતોમાં મશગુલ રહ્યા હતા.

*

અમથાલાલે પોતાને સોંપેલું કામ પતાવીને ઉતાવળે પગે પેઢીમાં પ્રવેશતાંની સાથે જ ઘડિયાળમાં જોઈ લીધું. પાંચમાં પાંચ મિનિટ ઓછી હોવાનું એમને જણાયું કે તરત તે મુનીમ પાસે જઈ અદબ વાળી આતુરતાથી ઉભા રહ્યા.

"પાંચ મિનિટ બાકી રહી છે." અમથાલાલ બોલ્યા.

"અહીંથી પાંચ વાગે જવું છે ને?" મુનીમે પૂછ્યું.

"હાજી. આજે મને પગાર મળશે?"

"કેમ નહિ? આજ તો પગારની તારીખ સાથે તમારા શુભ સગપણના મુહૂર્તનો સુયોગ છે!" મુનીમે વ્યંગમાં ખુશ મિજાજનો સાક્ષાત્કાર આપી કેશિયર પાસે જઈ પગાર લઈ લેવાની અમથાલાલને સૂચના કરી. કેશિયરે મુનીમનો મૂક સંકેત થતાં દશ દશની પાંચ નોટ અને પાંચ રૂપિયા રોકડા મળી પંચાવન રૂપિયાની અમથાલાલના પગારની રકમ સહી કરાવીને એમને સોંપી દીધી.

પુરા પાંચ વાગેલા જોતાં જ તે ચમકયા: રૂમ પર જઈ પહોંચવાની ધગશમાં ફરી મુનીમ સમક્ષ જઈ ઉભા રહ્યા.

"હવે જાઉં સાહેબ?" અમથાલાલે આશાભર્યો ચહેરો કર્યો.

"તમે જશો તો ખરા, પણ તમારૂં જોખમી કામ કોણ કરશે?" મુનીમ બોલે તે પહેલાં જ સરૂપચંદ મહેતાજીએ અમથાલાલના આશાભર્યા અંતરને ભગ્ન કરનારૂં વિઘ્ન ઉત્પન્ન કર્યું.

"મહેતાજીનું કહેવું ખરૂં છે. તમારા જોખમી કામની કોઈને સુપ્રત કરીને ઉતાવળે જાવ ને કામ ફતે કરો." ગુલાબદાસ કેશિયરે સલાહ સાથે સૂચના આપી.

"રામભાઈ, માત્ર આજનો દિવસ મારૂં કાર્ય તમે બજાવી ન શકો?" અમથાલાલે રામપ્રસાદ નજીક જઈ પૂછ્યું.

"તમારૂં જોખમી કામ કોઈ મજબુત માણસને લાયકનું છે. ચોપડા ખભા પર લઈ શેઠને ઘેર પહોંચતાં સુધીમાં તો મારા જેવો

સુકલકડી માણુસ અધીં જ થઈ જાય." રામપ્રસાદે પોતાના શરીરની અશક્તિ દર્શાવી.

"ગુલાબદાસભાઈ, તમે એટલું કરશો?" અમથાલાલે કેશિયરના સ્થાન પાસે જઈ પૂછ્યું.

"મારૂં શરીર તમને મજબુત જણાતું હોય તે બનવા જોગ છે; પણ વાસ્તવિક રીતે તે દેખાવમાં જ વધારે સ્થૂલ છે." સ્થૂલ દેહધારી કેશિયરે પણ અમથાલાલનું કાર્ય ઉઠાવવાની હા ન પાડી.

"સરૂપચંદભાઈ, તમે તો સૌથી મજબૂત બાંધાના છો. એક વખત તમે પેઢી નજીક આંટા મારતા મવાલીને માત્ર આંખ બતાવી હાંકી મુકેલો. તમે મારૂં કામ સહેલાઈથી આજનો દિવસ પાર પાડી શકો તેમ છો." અમથાલાલે સરૂપચંદ મહેતાજી પાસે જઈ તેમની ખુશામત કરી.

"અમથાકાકા, મેં આંખ બતાવીને મવાલીને હાંકી મુકેલો, તે ખરૂં છે; પણ એ મવાલીએ મને આ પેઢીનો મુનીમ સમજીને જ મારી આંખનો પ્રતાપ ઝીલ્યો હતો. વળી આંખ બતાવવાની, જીભ ચલાવવાની, મુક્કો બતાવવાની, પ્રહાર કરવાની અને વજન ઉઠાવી શેઠના ઘર સુધી પહોંચાડવાની શક્તિઓ એક સરખી નથી." સરૂપચંદ મહેતાજીએ વર્ણવેલું શક્તિઓનું આ વૈવિધ્ય સાંભળી અમથાલાલે ઊંડો શ્વાસ ખેંચ્યો, ને તેમનો ઉતાવળનો ઉત્સાહ ઠંડો પડી ગયો.

'એક જ પેઢીમાં કામ કરનારા કાર્યકર્તાઓ વખત આવે કેવા સ્વાર્થાંધ બને છે!' અમથાલાલના અંતરમાં બધા જ કાર્યકર્તાઓ તરફ ઘૃણાત્મક લાગણી ઉદ્ભવી.

મુનીમ અને અન્ય કાર્યકર્તાઓ કૃત્રિમ ગાંભીર્ય ધારણ કરી પોતપોતાના કામમાં તલ્લીન હોવાનો ડોળ ઘાલી અમથાલાલની ચળ-વિચળ સ્થિતિનું આડકતરૂં અવલોકન કરવા લાગ્યા.

*

એક પળે મુનીમ તરફ, બીજી પળે પેઢીના કાર્યકર્તાઓ તરફ, ત્રીજી પળે પેઢીની ભૂમિ તરફ અને ચોથી પળે ઘડિયાળ તરફ દૃષ્ટિના ચક્રાવામાં ગુંચવાઈ ગયેલા—હતાશ થઈ પાળીઆ પેઠે એકની એક જગાએ જડવત્ ઉભેલા—અમથાલાલના વદન પર ઝબકી ગયેલી ચિત્ર-વિચિત્ર ભાવછાયા નિરખી રામપ્રસાદ સિવાય બધા જ હાસ્ય ઝીલતા ને ગાંભીર્ય ખોતા જણાયા.

" સગપણના મંગળ અવસરે અમથાકાકાને પોતાનું કામ બીજાને સોંપવાનું એકદમ સૂઝી આવ્યું, પણ ગળ્યાં મોઢાં કરાવવાનું ન સૂઝયું." રામપ્રસાદે અમથાલાલને ખીલવવાની એક બીજી સરસ તક ઉભી કરી.

" ભાઈ, મીઠાઈની કોણે ના પાડી તમને? પણ તે વિવાહ થયા પછી કે પહેલાં જ?" ધુંધવાતા સ્વરે અમથાલાલ બોલ્યા.

" પહેલાં મીઠાઈ મંગાવો અને પછી જુઓ કે કોઈ તમારૂં કામ કરવાની ના કહે છે!" રામપ્રસાદે તક સાધી.

" લ્યો આ પાવલી, જોઈએ તો પહેલાં જ મંગાવી લેજો. હવે છે કાંઈ—હું જાઉં?" અમથાલાલે ખિસામાંથી પાવલી કાઢી રામપ્રસાદના ઢાળીઆ પર મૂકી નિશ્ચિંત થતા જણાવ્યું.

" પાવલીની મીઠાઈ કેટલીક આવશે? અને તે આટલા વચ્ચે વહેંચવી પણ કેમ? સગપણ જેવા જીંદગીના પહેલા શુભ પ્રસંગે આટલા વચ્ચે પાવલીનું નામ લેતાં શરમેય ન આવી?" રામપ્રસાદે કહ્યું.

" લ્યો ચાર આના વધારે—હવે હું જાઉં છું." કહેતાની સાથે તે પેઢીના પ્રવેશદ્વાર તરફ જવા લાગ્યા.

*

અમથાલાલને છટકતા જોઈ મુનીમે રામપ્રસાદને સંજ્ઞાથી તેને અટકાવવાનું સૂચવ્યું. રામપ્રસાદે ઉઠીને અમથાલાલને પૈસા પાછા દીધા.

"અમને પાંચ જણ માટે ઓછામાં ઓછી બે–અઢી રૂપિયાની મિઠાઈ તો જોઈશે !" રામપ્રસાદે જણાવ્યું. મુનીમે એ જ પળે ગુલાબદાસ તરફ ઇશારત કરી. ગુલાબદાસને તે સમજતાં વાર ન લાગી.

"મીઠાઈ ખવડાવવી કે કેમ, એ એમની મરજીની વાત છે. સગપણ એમનું થાય છે, એટલે એમણે સમજવું જોઈએ. ને માગ્યા પછી આપે તે કાંઈ લેવાય ! પણ, જવા દો એ બધું. અને અમથાકાકા, જરા અહીં આવો. આ મહત્વના કાગળો પડ્યા છે તે જરા ફાઈલ કરી નાખો. મોડું કરવાથી તમારા મહેમાન તમને અનિયમિત માણસ માની લેવાની ભૂલ કરી બેસશે."

"અમથાકાકા, તમારે ગયા વિના છુટકો જ ન હોય તો રહેવા દો એ કાગળો, કાલે ફાઈલ કરજો; તમારો ટાઈમ થવા આવ્યો છે." અત્યાર સુધી મુંગા રહી અમથાલાલની મજાક જોઈ રહેલા મુનીમે તેમને જવાની રજા આપતાં જણાવ્યું. અમથાલાલના મુખ પર એ જ પળે ઓચિંતો ફેરફાર થયો.

*

"હં પણ, એકદમ સગપણનું સાટું કરતાં સંભાળજો. કન્યા નાત પરનાતની કે ખોડખામીવાળી ન હોય, તેની ખાત્રી પહેલાં કરજો." મુનીમે અમથાલાલનો સ્વભાવ લક્ષમાં લઈ એમને અટકાવવાનો બીજો અખતરો અજમાવ્યો.

"કન્યાને તો મેં નજરે જોઈ છે." "અમથાલાલે ગપ મારી: અમારી નાત આખીને અદેખાઈ આવે એવી રૂપ રૂપના ભંડાર જેવી છે." અમથાલાલે હમેશની લાક્ષણિક ઢબે જવાબ વાળ્યો.

"ભણેલી તો હશે જ."

"મેટ્રીક સુધી અભ્યાસ કર્યો છે."

"ત્યારે તમે ખાટયા. ઉંમરમાં પણ મોટી હશે."

"બહુ નહિ, સોળ–સત્તરેક વર્ષની હશે."

"નામની તો ખબર નહિ હોય!"

"કેમ ન હોય! નામ, ઠામ, કુળ, કુટુંબ, અભ્યાસ અને પ્રત્યક્ષ દર્શન પામ્યા વિના અમારા કુટુંબના એક પણ મુરતીઆએ આજ સુધી કોઈનું ય માગું સ્વીકાર્યું નથી. મુનીમજી, અમારા કુટુંબનો મુરતીઓ મેળવવા માટે તો અમારી જ્ઞાતિના ભલભલાઓ ફાંફાં મારતા હોય છે!" અમથાલાલે કુટુંબની વડાઈનો બનાવટી બોંબ છોડયો.

"ત્યારે તો કન્યા ગરીબ કુટુંબની નહિ જ હોય."

"પૂના પાસે પૂર્ણાના કીનારે મારા ભાવી સસરાના ત્રણ–ચાર બંગલા છે."

"સગપણ સારૂ તમારા સાઢુને એમણે જ મોકલ્યા હશે!"

"વાત એમ છે કે, મારી ભવિષ્યની ગૃહદેવી સુધારક વિચારની હોવાથી મારા સાઢુ સાથે પોતે પણ આવે છે."

"ઘણું જ સરસ. પણ તમારા સસરાને એ પસંદ નહિ હોય."

"હવે સમજ્યા. મારા સસરા રહ્યા જૂના વિચારના. આજકાલ જૂના વિચારનાં માબાપ અને નવા વિચારનાં 'કન્યા' ને 'કુમાર' હોવાથી જ સાંસારિક કલહ–કંકાસ ઓછા થતા નથી ને!"

"તમારાં ભાવિ પત્નીનું નામ માલુમ નહિ હોય."

"માલુમ તો છે, પણ પતિએ પત્નીનું નામ સ્વમુખે લેવું ઠીક નહિ. મુંબઈમાં સમુદ્રની સહેલગાહ કરાવનારી પેલી સ્ટીમલોન્ચનું નામ........" એટલું બોલતાંમાં તો અમથાલાલ પાણીપાણી થઈ ગયા.

"જયલક્ષ્મી!" ગુલાબદાસ બોલ્યા.

"હા–હા, એ જ." 'જયલક્ષ્મી' નામ સાંભળતાં અમથાલાલના મોઢામાં પાણી છુટયું. પણ, બીજી જ પળે પોતે ઉપજાવી કાઢેલું પોતાની ભાવિ પત્નીનું કલ્પિત નામ ગૂઢપણે કહેવાથી ભવિષ્યમાં પોતે જુઠ્ઠા પડે, એ ભયથી જરા ખિન્ન થયા.

"વાહ, વાહ! ઘણું સરસ! સુખી થાઓ!" મુનીમ હાસ્ય દબાવી બોલ્યા.

"આપ સૌનો શુભાશિર્વાદ ફળો." અમથાલાલે કૌટુંબિક પ્રથા પ્રમાણે વિનય દેખાડતાં ઓશિંગણભાવે કહ્યું. બીજી જ પળે તે બોલ્યાઃ "ચાંદલા વખતે આપ સૌ પધારશો ને?"

"હા–હા. એમાં વળી પૂછવાનું હોય? પેઢીના ભૈયાથી માંડીને સૌને તેડીને અમે બધા આવશું." રામપ્રસાદ બોલ્યો.

"મોટી મહેરબાની. પણ રૂમ નાની છે એટલે કોઈ વાડીનું નક્કી કરવું પડશે." અમથલાલે કહ્યું.

"અરે! એમાં કઈ મોટી વાત છે? આપણા શેઠની નગીનાવાડી બહુ સુંદર છે. તેમાં જ એક વાર અમદાવાદના એક શેઠીઆએ ગુપ્ત રીતે એક હયાત પત્ની ઉપર બીજી સાથે લગ્ન કરી પ્રભુતામાં પગલાં માંડયાં હતાં." સરૂપચંદે વ્યંગમાં કહ્યું.

"પણ ત્યાંનું ખર્ચ અમથાભાઇને ભારે પડે." રામપ્રસાદ બોલ્યા.

"જેટલું થવાનું હોય તેટલું થાય ને! એની ફિકર હું શા માટે કરૂં? આપ જેવા મુનીમ છો અને કરોડપતિ શેઠીયાની પેઢી છે, પછી આ સેવકે ખર્ચની ચિંતા શું કામ કરવી જોઇએ?" અમથાલાલે ખર્ચની વાત પોતાના માથા પરથી ઉતારી મુનીમ તથા પેઢી પર નાખવાનો પ્રયત્ન આદર્યો.

"વાહ! અમથાકાકા, તમે પણ બહુ પક્કા લાગો છો. વિવાહ તમારો થાય અને તેનો બોજો તમે પેઢીને અને અમારે માથે નાખો

એ કેમ બને ? અલબત, અમે લગ્નના ચાંદલામાં આપવું હશે તે આપશું, પણ આ વખતે ખર્ચ કરવાનું તો તમારે જ હોય. " મુનીમ બોલ્યા.

" સાહેબ, સગપણ થયા પહેલાં તમે સૌ ' ભેંસ ભાગોળે ને છાશ છાગોળે 'ના જેવી વાત શું કરો છો ? " રામપ્રસાદે મજાકમાં કહ્યું.

" વરપક્ષ તૈયાર છે, એટલે અર્ધું સગપણ તો થયું જ ગણાય: કન્યાપક્ષ કબુલ કરે એટલું જ બાકી છે ને ? " મુનીમે માર્મિક કહ્યું.

" રામપ્રસાદ, તમે સમજતા નથી: મુનીમજી બરાબર કહે છે. સગપણ હવે થોડું અટકવાનું છે ? એની સંમતીની જ ફક્ત જરૂર છે ! પરંતુ પાણી પહેલાં પાળ બાંધી રાખવી જોઈએ ને ! " અમથાલાલે રામપ્રસાદની મજાકનો ગંભીરપણે જવાબ આપ્યો.

" અમથાકાકા, આમ જુઓ. તમારી મેળે જ તમે અહીં સાડા પાંચ વગાડયા. " ઘડિયાળ તરફ અમથાલાલનું લક્ષ ખેંચતાં મુનીમ હસ્યા.

વૉલ ક્લૉકમાં સાડા પાંચ થયેલા જોઈ અમથાલાલ ચમકયા અને ગાભરા બની ઉતાવળે બહાર નીકળ્યા. પેઢીના તમામ કાર્યકર્તાઓ હાસ્યભાવે એકબીજાની સામે અવલોકી રહ્યા.

અમથાલાલના ગયા પછી મુનીમની સૂચનાથી ઘડીઆળ બરોબર મેળવી લેવામાં આવ્યું.

૩:........................નાથાલાલની હિકમત

પંખીડું આવે આવે ને જાય ઉડી,
આંખોને અમરત પાઈ અમોલું
થાય અલોપ ઘડી ઘડી.—પંખી.

*

લાવે આનંદ ને જાયે આનંદ લઇ,
અણુસૂણ્યા સૂરની તો વાતે મોંઘી થઈ;
તોય રહી આશા કે નેહ તણી એક દિન
ઝાળ એને ઝાલશે બટૂડી.—પંખી.

—પૂંજાલાલ.

*

વિચારતરંગમાં મશગુલ નાથાલાલ રસ્તા પર આગળ વધ્યો. તેને એકાએક વિચાર આવ્યો:

'મારા મિત્રનાં સાળી જોગેશ્વરી જતાં રહ્યાં અને આજનો પ્રોગ્રામ ભવિષ્ય પર મુલતવી રહ્યાનું એમને હું એકદમ કહું ને કદાચ અમથાલાલના ચક્રમ મગજમાંનું એકાદું ચક્કર ઉલટું ફરવા લાગે ને તે 'પ્રથમ ગ્રાસે મક્ષિકા'નું સૂત્ર લાગુ પાડવાનું સાહસ કરી બેસે, તો ઠીક નહિ; માટે એને સમજાવવા કોઈ ફાંકડી હિકમત લડાવવી જોઇએ.'

નાથાલાલ મુંઝવણમાં પડ્યો. ફુટપાટ પર સૂર્યનારાયણનાં ઉષ્ણ કિરણોથી થતું સૂર્યસ્નાન અને સવારનો ચહા–નાસ્તો હજમ થઈ જવાથી પેટમાં પ્રદિપ્ત થવા લાગેલી ક્ષુધાનો આછો આછો તાપ, એથી બેવડી ગરમી જણાતી હતી.

વિચાર કરતાં કરતાં તેને એકાએક ચંદ્રશંકર નામના પોતાના એક મિત્રની બહેન ગામદેવી ઉપર રહેતી સજનિકાબાલાનું સ્મરણ થયું. બહારના અને ક્ષુધાના આંતર તાપને મહત્વ ન આપતાં તુરત જ તેણે પોતાના ચરણોને વધુ વેગ આપ્યો અને અર્ધોક કલાક ફર્જીયાત વ્યાયામનો લાભ મેળવી તે સજનિકાબાલાના નિવાસ સ્થાને જઈ પહોંચ્યો.

તેના કર્ણપ્રદેશ પર મૃદુ સ્વરનો સ્પર્શ થતાં જ તે થોભ્યો અને સાંભળવા લાગ્યો:

“ઉડું ઉડું વિમાન કેરી પાંખે,
કે પાંખ મારી વાયુની પાંખ.

ઝૂલું ઝૂલું આકાશ કેરી પાંખે,
કે પાંખ મારી વાયુની પાંખ.

નાચું નાચું હું તારલા સંયોગે,
કે પાંખ મારી વાયુની પાંખ.

રાચું રાચું હું ઉડતાં ઉમંગે,
કે પાંખ મારી વાયુની પાંખ.”

સજનિકાબાલાનો સુપરિચિત કર્ણમધુર સ્વર તેણે પારખ્યો. સજનિકાબાલાને સગડી પાસે બેસીને રાસ ગાતી ગાતી રોટલી વણતી જોઈ તેને આશ્ચર્ય થયું.

“આ રાસ કોનો બનાવેલો છે?” નાથાલાલે પૂછ્યું. સજનિકાબાલાએ દ્વાર તરફ નજર કરી ઉંચું જોયું. નાથાલાલને બૂટની

દોરી છોડતો જોઈ તેણે ‘ આવો ભાઈ ’ કહીને ધીમો થંડો આવકાર આપ્યો. નાથાલાલ અંદર આવી થોડે દૂર પડેલી ખુરશી પર બેઠો.

“ કેમ ભાઈ, રાસ નીરસ લાગે છે ? ” સજનિકાએ પૂછ્યું.

“ ના, છે તો રસપૂર્ણ, પણ...” નાથાલાલે વાક્ય અધુરૂં મૂકયું.

“ પણ શું ? ” સજનિકાબાલાએ પ્રશ્ન કર્યો.

“ એ કવિ ન્હાનાલાલ કે કવિ બોટાદકરની કૃતિ હોય એમ લાગે છે. ”

“ મારૂં સ્વતઃસર્જન હોય તો ! ”

“ તોપણ રાસ સરસ, સુમધુર અને ભાવનાત્મક નથી, એમ તો હું કહી ન જ શકું. ”

“ તો માની લ્યો કે એ રાસ મારી જ કલ્પનાનું પરિણામ છે.”

*

નાથાલાલે સજનિકાબાલાના વદન પર તરી આવેલો ઉલ્લાસ જોયો. તેની ડબલ રૂમનું નિરીક્ષણ કરતાં આસપાસ પડેલી રસોઈની સામગ્રી પર ચિત્ત ચોંટાડ્યું, અને પહેલાં તો ક્ષુધાને તૃપ્ત કરવાની તક સાધવા તેણે ધીમે રહીને યુક્તિ અજમાવવા માંડી.

“ હેં સજનિકાબ્હેન, ઘણી સ્ત્રીઓના સંબંધમાં એમ કેમ બનતું હશે ? ” નાથાલાલે જીજ્ઞાસાવૃત્તિ દર્શાવી.

“ શું નાથાભાઇ ? ”

“ ઘણીખરી સ્ત્રીઓની રસોઈ ઉપરથી જોવામાં સફાઈદાર લાગે, પણ જમીએ તો મોળી ફક્ક અથવા ખારી ઉસ, સ્વાદ વગરની જણાય, એનું શું કારણ હશે ? ”

“ રાંધનારીનો ઓછો અનુભવ. બીજું કયું કારણ હોય વળી ? પણ, ભાઈ! મારી રસોઇમાં તમે કહ્યું એવું વૈચિત્ર્ય હોતું નથી. ” સજનિકાબાલાએ પોતાની રસોઈ માટે અભિમાન દાખવ્યું અને પોતાની થાળી સાથે બીજી એક થાળી પણ પીરસી.

"આ બીજી થાળી મારા માટે પીરસી ?" નાથાલાલે સીધું પૂછ્યું.

"હા ભાઈ. મારા હાથની તૈયાર રસોઈ જમવાથી તમને ખાત્રી થશે કે બીજી સ્ત્રીઓના સંબંધમાં તમે કહ્યું એ મને ઓછું લાગુ પડે છે."

"પણ બહેન, હું તો હમણાં જ આર્યનૈતિક બૉર્ડીંગ હાઉસમાં દૂધપાક, પુરી ને ખમણઢોકળાં ખૂબ ઝાપટીને ચાલ્યો આવું છું."

"તમે જમીને આવ્યા હશો, એમ સમજીને જ મેં તમારા ભાણામાં એક ડઝનથી વધુ રોટલી મૂકી નથી." સજનિકાનું હાસ્ય ગાલમાં જ ફરક્યું.

"એ ડહાપણ વાપર્યુંઃ ભાત પણ વિચારીને જ મુકયો છે." પોતાની નેમ પાર પડતી જોઇ આંતરિક સંતોષ સાથે 'આટલું બધું કેમ ખવાશે?' નો પ્રચલિત વિનય નાથાલાલે કર્યો.

બીજાને ઘેર જમતી વખતે જમનારે કાંઇક ને કાંઇક બોલતા રહેવાનો ચાલતો આપણો શિરસ્તો નાથાલાલે સપ્રેમ સ્વીકાર્યો.

"સજનિકાબ્હેન, ઘરનો ખોરાક તે ઘરનો અને બહારનો તે બહારનો. લૉજ કે બૉર્ડિંગવાળા તો ગ્રાહકોને ઉપરથી આકર્ષક અને પરિણામે નિઃસત્વ શાકભાજી, તીખું તમતમતું ફરસાણ અને મિષ્ટાન્નાદિ ખવડાવી રાજી કરે છે. મારા જેવા એકાકી જીવડાએ તો ન છૂટકે એ લોકોના હાથમાં પૈસા અને સ્વાસ્થ્ય બંને સોંપવું પડે છે. બહારના એ મિષ્ટાન્ન અને લાગતા સ્વાદીષ્ટ પણ નિઃસત્વ ભોજનથી ઘેર પકાવેલો દાળભાત, શાક રોટલીનો સાદો ખોરાક શો ખોટો ?" પારકે પૈસે અનેક ભોજનાલયોમાં અનેક વખત જમી આવેલા નાથાલાલે બધા જ આહારગૃહો પર બનાવટી હાયવરાળ કાઢી સજનિકાબાલાને સારૂં લગાડવાની કોશીશ કરી.

સજનિકાબાલા જમી રહ્યા પછી નાથાલાલ પણ થોડી વારે જમી રહ્યો. નાથાલાલનું ભાણું તદ્દન ખાલી-ચોખ્ખું ચટ જોઇ

સજનિકાબાલા મનમાં જ બોલી: ‘ કહે છે કે ભાઈ દૂધપાક પુરી જમીને આવ્યા છે!’

*

નાથાલાલ બુદ્ધિમાન છતાં ‘ ભણેલો ભીખારી ’ તો નહિ, પણ ‘ ભણેલો આળસુ ’ હતો. તે પોતાની બધી જ જરૂરીઆત જેને તેને અહીયાં કે ઉહાં ભણાવીને પૂરી કરતો, અને જે મળ્યું તેથી સંતોષ પણ માનતો, એ સજનિકાથી અજાણ નહોતું. આવા લુખા ને લાલચુ માણસને રાજી રાખવાની અગત્ય પણ સજનિકાબાલા સમજતી હતી.

કુદરતની રચનામાં ગિરિશિખરની ઉંચાઈ, ઘુઘવતા મહોદધિનાં ઉંડાણ અને વ્યોમમંડળની પરંપરા જેમ વિચારકોની વિચારસીમા બને છે તેમ સજનિકાબાલા પોતાના પરિચિત જનો અને સ્નેહી મંડળીમાં રૂઢીચુસ્તો તેમ જ નવમતવાદીઓ વચ્ચેની સીમા જેવી મનાતી; ‘ વેલ રેડ ’ અને ભારે ટીંખળી ગણાતી.

નાથાલાલને સજનિકાએ જમાડવાની ખાતર જ સમજીને જમાડયો હતો, તેનું તેને ભાન કરાવવા તેણે એક યુક્તિ અજમાવી.

“ નાથાભાઈ, એક વાત કહું ? ” સજનિકા બોલી.

“ કેમ નહિ ? ” નાથાલાલે કહ્યું.

“ વાસંતીની એક બહેનપણીએ ગઈ કાલે તમારા સદ્‌ગુણોની અનહદ પ્રશંસા કરી...” સજનિકાએ પોતે ઉપજાવેલું અધૂરું કહ્યું.

“ અનહદ પ્રશંસાનો અર્થ જ રમૂજ. ” નાથાલાલ વચ્ચે જ કૂદી પડયો.

“ પણ ઉપસંહારમાં એણે એવું સરસ બાફયું ! ”

“ શું બાફયું વળી ? ”

“ કે વાસંતી, સતિન અને હું ન હોઈએ તો તમારી શી દશા થાય એ કહેવું જ મુશ્કેલ.” એટલું કહી સજનિકાએ નાથાલાલના મુખ તરફ મીટ માંડી. નાથાલાલે વીજળીનો આંચકો અનુભવ્યો

હોય, એવું જણાતાં જ તે ખડખડ હસી પડી. નાથાલાલનું મુખ કાળું શાહી જેવું થઈ ગયું, ને પોતે અજ્ઞાત હોવાનો તેણે ઘણી જ સફાઈથી ઢોંગ કર્યો.

અમથાલાલ પાસેથી પૈસા કઢાવવામાં સજનિકાની મદદ કઈ રીતે લેવી, તેનો વિચાર તે કરવા લાગ્યો. એકાએક તેને એક વિચાર સૂઝી આવતાં તે બોલ્યોઃ "સજનિકાબહેન, એક અજાયબીને નિહાળવા મારી રૂમ પર આવી શકશો?"

"ક્યારે?" સજનિકાએ પૂછયું.

"આજે—સાંજ પહેલાં." નાથાલાલે કહ્યું.

"આજે તો સાંજના ચારથી નવ સુધી હૉસ્પીટલમાં મારી ડયુટી છે. પણ અજાયબીનું હાર્દ શું?"

"એ તો નજરે જોવાથી જ સમજાય તેવું છે."

"પણ કહેવામાં કાંઇ હરકત છે?"

"કહેવાથી અજાયબીની બધી ખૂબી અને મઝા મારી જાય!"

"તો કાંઈ નહિ, તમારી મરજી." સજનિકાએ પોતાની ઉત્સુકતા છૂપાવવાનો યત્ન કર્યો. બીજી જ પળે તે બોલીઃ "કાલે અથવા આવતા રવિવારે આવું તો?"

"ચાલે તો ખરૂં, પણ મારે ફરીથી શ્રમ લઈ તમારે માટે સમય નક્કી કરવો પડે."

"સમય નક્કી કરજો. આજે તો ગમે તેવી અજાયબી જોવા મળતી હોય તોપણ હું ડયુટી છોડીને આવી ન શકું."

"ખેર. આટલા માટે જ હું આવ્યો હતો. સજનિકાબહેન, તમને માઠું ન લગાડવાના ઉદ્દેશથી જ મેં તમારૂં ભોજનનું નિમંત્રણ પાછું ન ઠેલ્યું. હું બીજાઓની પેઠે ખોટો આગ્રહ કરવાનું પસંદ કરતો નથી. વળી મેં આશા રાખી હતી કે, તમે અત્યંત વિનોદપ્રિય હોવાથી અજાયબીનું નામ સાંભળતાં જ મારી સાથે આવવા તત્પર

થશે; પણ, તમારે ડ્યુટી પર જવાનું હોવાથી હું આગ્રહ કરૂં તેનો અર્થ શો ? કાંઈ હરકત નહિ. એ જ અજાયબી હું તમને કોઈ બીજા પ્રસંગે બતાવીશ." નાથાલાલે 'અજાયબી' ને અસ્પષ્ટ રહેવા દઈ, સજનિકાબાલાની ઉત્સુકતા વધારી.

ક્ષુધા તૃપ્ત કરવાના તથા સજનિકાનો સહકાર મેળવી અમથાલાલને મધલાળની જાળમાં ગુંચવવાના ઇરાદામાંથી એકને પાર પાડવામાં પોતે સફળ થવાથી તેણે એટલો આત્મસંતોષ અનુભવ્યો અને આસ્તે આસ્તે પોતાની ચરણગાડીને ચલાવતો તે મેઇલ્સ માર્કેટ નજીક પાછો આવી પહોંચ્યો.

નાથાલાલનું ચિત્ત પવનચક્કી પેઠે ભમવા લાગ્યું : 'મહેમાન માટે શું કહેવું ?' એ ઉપાધી નિર્મૂળ કરવાની યુક્તિ શોધવામાં પરોવાયું. તેના 'મન્કીબ્રેઇન' માં ઓચિંતી એક સરસ યુક્તિ જન્મી.

*

પ્રફુલ્લ વદને નાથાલાલ મેઇલ્સ માર્કેટમાં પ્રવેશી અમથાલાલની રૂમ પાસે જઈ પહોંચ્યો. રૂમ ઉઘાડી જ હતી. તેણે રૂમમાં દૃષ્ટિ ફેંકી ને અવલોકયું તો અમથાલાલ લાલ–પીળી રેશમી કિનારનું ધોળું બગલાની પાંખ જેવું બંગાળી ધોતિયું, જરી ભરેલા મખમલનું વાસ્કોટ, ચાંદલીયા કિનખાબનો લાંબો ડગલો, સોનેરી વેલબુટાવાળી જરી ભરેલી ટોપી, મોજાં ઉપર જયપુરી મોજડી વગેરે પોષાકમાં સજ્જ થઈ વિક્રમ સંવત્ ૧૯૦૫ ની સાલની દીપોત્સવીની ઉજવણી તાજી કરતા–એ જ સમયની 'પહેરવેશની રૂપરેખા' મૂર્તિમંત કરતા–હાથમાં કચકડાની મૂઠવાળી ફેન્સી સ્ટીક સાથે ટહેલતા દેખાયા. કંઠમાં મગમાળા અને સાંકળી, આંગળીએ મીનાકારી વીંટી અને કાંડા પર સોનાની પોંચી ઝગઝગી રહી હતી. આવા પુરાણા ઠાઠમાઠથી બહુરૂપી બનેલા અમથાલાલને ઉલ્લાસમાં આંટા મારતા જોતાં નાથાલાલ તો છક જ થઇ ગયો.

" અમથાભાઈ ! " નાથાલાલે બહારથી જ ઉંચે સાદે બૂમ મારી. તે સાંભળતાં જ અમથાલાલ એકદમ બહાર ધસી આવ્યા ને નાથાલાલને એકલો જોઇ વિસ્મિત બની પૂછયું : " મહેમાનને કયાં મૂકયા ? "

આશાને તાંતણે બંધાઈ રહેલા અમથાલાલને જોઈ નાથાલાલે થોડીવાર મૂંગા રહ્યા પછી ધીમેથી જણાવ્યું : " અમથાલાલભાઈ, વાત એમ બની કે, મારા મિત્રનાં સાળીને એમના બનેવી સાથે વિખવાદ થવાથી તે આ તરફ ન આવતાં ચાલી ગયાં. "

" કયાં ? દેશમાં ?—પાછાં ?" નિરાશ થતા અમથાલાલે પૂછયું.

" નહિ, જોગેશ્વરી. " નાથાલાલે કહ્યું.

" અરે, ભલા માણસ ! એમને માટે તો આજ મેં પેઢીમાંથી વહેલી રજા લીધી. "

" રજા મેળવતાં બહુ તકલીફ પડી હશે. "

" ખાસ તકલીફ તો કાંઈજ નહિ. પણ, જનરલ મેનેજરનો જોખમી હોદ્દો ધરાવતો મારા જેવો માણસ વહેલો મોડો થયા કરે તો પેઢીના બીજા માણસો પણ મારૂં જ અનુકરણ કરે ને ! મારે અમુક ટાઇમે જવું છે એમ કહું એટલે હું જઈ શકું: એમાં હેડ મેનેજર વાંધો કાઢી શકે નહિ. કેમકે અમારા શેઠ પોતે ય સમજે છે કે, આ અમથાભાઈ છે તો પેઢીની ઈજ્જત છે. " અમથાલાલે પેઢી પરનું પોતાનું મોભાદાર વર્ચસ્વ વર્ણવી દીધું. નાથાલાલને તેની આ વાહિયાત વાતો સાંભળતાં હાસ્ય સ્ફુર્યું. અમથાલાલે ધીમેથી મૂળ વાત ઉપાડી પૂછયું :

" વારૂ, પણ હવે મહેમાનને અહીં કયારે લાવશો ? "

" એ પોતે જ આવશે. "

" પણ તે કયારે ? આવતે ભવ ! " અમથાલાલ જરા ચીડાયેલા જેવા લાગ્યા.

"નહિ, નહિ, આવતી કાલે. પરમ દહાડે કે પછી એ ચાર દિવસ પછી. કદાચ એકાદ અઠવાડીયું પણ વીતે..." આમ બધું અચોક્કસ કહી નાથાલાલે હસતાં હસતાં આડું જોયું.

"તો મારે શું એટલો વખત એમની રાહ જોતાં અહીં જ બેસી રહેવું?"

"એવી તીવ્ર ઇચ્છા અને એટલી દઢતા હોય તો ખોટું નથી." નાથાલાલની આ ટકોરથી અમથાલાલ ચીડાયા: નારાજ પણ થયા અને વિચારમાં ડૂબી ગયા. એકાએક હતાશ થતા બોલ્યા: "નાથા-ભાઇ, આમ ઉડાવો તે ઠીક નહિ. તમે અમના માણસ હોવાથી કહું છું કે, કેટલા ઉમંગથી મેં પેઢીમાંથી રજા મેળવી, કેટલી હોંશથી મેં આ વસ્ત્રાભૂષણ સજ્યાં. તમે નહિ જાણતા હો, પણ, થોડાંક વરસ પહેલાં મારા એક શ્રીમંત સગાના છોકરાની જાનમાં હું ગયેલો ત્યારે આ વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં હતાં. તે પછી એવો કોઈ શુભ પ્રસંગ આવ્યો હોય તો તે આજનો જ હતો. પણ, અફસોસ! મનની મધુરી આશા મનમાં ઉગી ને મનમાં જ આથમી ગઈ." કહેતાં અમથાલાલે મ્હોં કટાણું કરી ઉંડો નિસાસો મૂકયો.

*

અમથાલાલનો સ્વભાવ ઓળખી ગયેલા બધા જ જાણતા હતા કે તે ગમે તેવી વિટંબણામાં કે મુશ્કેલીમાં ફસાઈ પડ્યા હોય, પણ તેમનાં સગાંસબંધીઓની મોટાઈની વાત શરુ કરવામાં આવે એટલે તરત તે ઉમંગમાં આવી જતા. નાથાલાલે પણ તેમની નિરાશા ઉડાવવા એ જ યુક્તિ અજમાવી.

"અમથાભાઈ, તમે પહેરેલાં આ વસ્ત્રો બીલકુલ ગમે તેવાં નથી."

"શું આવાં કીંમતી વસ્ત્રો ગમે તેવાં નથી? નાથાભાઈ, આ બધું વરસો પહેલાં મારાં માસીબાએ તેમના અંત વખતે મને વારસામાં આપેલું, તેના સ્મૃતિરૂપ છે."

"તમારો આ ડગલો જ કહી આપે છે કે તમે તમારાં માસીબાની સાડી વેતરાવી શીવડાવ્યો હોય."

"બરાબર છે. અને આ વાસ્કોટ પણ એવી જ રીતે એમના બાંડીયા કબજામાંથી બનાવ્યો છે. નાથાભાઈ, એમનાં વસ્ત્રો બહુ જ મૂલ્યવાન હોવાનું મેં એમને જ મોઢે સાંભળેલું. આવાં વસ્ત્રો આજ લક્ષાધિપતિના ઘરમાં પણ નહિ હોય!"

"એ બધું ખરૂં. પણ, આવો ઓગણીશમી સદીનો પહેરવેશ એ લોકોને જરાય પસંદ નહિ પડે." નાથાલાલે ખુબીથી અણગમો દર્શાવ્યો.

"ત્યારે એમ જ કહોને કે એ શ્રીમતીને અપટુડેટ યુરોપીઅન પોષાક પસંદ છે!"

"હં-હવે સમજ્યા. સારૂં થયું કે આજે મહેમાન ન આવ્યા. આવ્યા હોત અને તમારો આ પુરાણો પહેરવેશ જોયો હોત તો તમને કોચરાની સાલના—જૂના જમાનાના જડસા સમજી બેસત; ને એવો ગોટાળો થઈ પડત કે તે મટાડવા સારૂ વળી કંઈક નવું જ મારે ઉભું કરવું પડત."

"અરે! એ તો હું મેળાપની ધૂનમાં ભુલી જ ગયો. તમે મને કહેલું કે શ્રીમતી સુધરેલા વિચારનાં ભણેલાંગણેલાં છે. બહુ સારૂં થયું નાથાભાઈ કે મહેમાન અત્યારે ન આવ્યા. એમાં ય ઇશ્વિરી સંકેત શુભનો હશે. પણ એ તો કહો કે એ શ્રીમતી જોગેશ્વરીમાં કયાં ને કોને ત્યાં સીધાવ્યાં છે?"

"ઠેકાણું લખી લાવ્યો છું." નાથાલાલે યુક્તિથી કહ્યું.

"બોલો." અમથાલાલે પેન્સીલ અને ડાયરી કાઢી.

"શ્રીમતી સજનિકાબાલા સમાનહક્કવાદી." નાથાલાલે લખાવ્યું અને અમથાલાલે ધીમે ધીમે સાવચેતી પૂર્વક મોટા અક્ષરોમાં લખ્યા પછી નાથાલાલ સામે જોઈ પૂછ્યું: "ઠેકાણું?"

" સ્નેહસદન. માલીકનું નામ જણાવ્યું નથી ! "

" કેટલામે મજલે ? "

" ભોંયતળિયે ? "

" ત્યાં બીજું કોણ કોણ રહે છે ? "

" એની માહિતી મને ક્યાંથી હોય ? "

" અને પહેલે મજલે ? "

" કદાચ બંગલાના માલિક પાસે મજલો ચણાવવાના પૈસા જ નહિ હોય ! "

" મકાનને મજલો નથી, એમ જ સીધું કહી નાખો ને ! "

" તમારા જેવા સ્થિતપ્રજ્ઞ બુદ્ધિમાન એટલું સમજી ન શકે, એ કેમ બને ? "

નાથાલાલે અમથાલાલને ' બુદ્ધિમાન 'નો ઇલિકાબ આપ્યો. તેથી તેમનું મુખ ખીલી ઉઠયું.

" નાથાભાઈ, એ શ્રીમતી ઘરમાં મળે ક્યારે ? " અમથાલાલે ઉત્સુકતાથી પૂછયું.

" એ મારાથી કેમ કહી શકાય ? " નાથાલાલે અનિશ્ચિત જવાબ આપ્યો.

" રાતના નવેક વાગે મળે ખરાં કે ? "

" સિનેમામાં ગયાં ન હોય કે કોઈ સંબંધીની સાથે મુંબઈ આવ્યાં ન હોય તો ચોકસ. "

મુંબઈ આવ્યાં હોય તોપણ સીનેમાનો એકાદ ' શો ' ખલાસ થયા પછી તો ઘેર આવ્યાં જ હોય ને ! "

*

મોડી રાત્રે કોઈ બાઈ માણસને ઘેર જવાથી કોઈની આંખે ચઢવા જેવું થાય; એમ સમજીને અમથાલાલે રાતના આઠથી દશની વચ્ચે સર્જનિકાબાલાને બંગલે પહોંચવાનો નિર્ણય કર્યો ને નાથાલાલને એ પ્રમાણે જણાવ્યું. નાથાલાલે તેના નિશ્ચયને વધાવી લીધો. સર્જનિકા સમક્ષ આ ' અજાયબી 'ને લઈ જઈ તેને દેખાડવાની તક અનાયાસે ઉભી થયાનું માની નાથાલાલ મનમાં ખુશ થયો. પણ તેને એક શંકા જન્મી: "રખે સર્જનિકા મારી આ વિનોદવૃત્તિનો અવળો અર્થ કરી બેસે તો ?"

તે એવું કાંઈ સમજી બેસે એ વખતે પોતાની સાથે સતિનચંદ્ર હોય તો તેને ખરી હકીકતનું ભાન કરાવવા ઉપયોગી થઈ પડે, એવું મન સાથે નક્કી કરી નાથાલાલે સતિનને સાથે લેવાનો નિશ્ચય કર્યો.

પણ એ નિશ્ચયને શી રીતે પાર પાડવો ? એ વિચારમાં એકાદ મિનિટ ગુંચવાયા પછી તેને એક ઉપાય સુઝી આવતાં જ તે બોલ્યો:

" અમથાભાઈ, તમે પેઢીમાં ' જનરલ મેનેજર 'ના મુખ્ય હોદ્દેદાર છો ને ?"

" અરે, ભલા માણુસ ! વારંવાર એવું શું પૂછતા હશો ? જુઠું બોલવાથી કોઈને શો લાભ છે ?" અમથાલાલ સહેજ ઉશ્કેરાઈ બેપરવાઈથી બોલ્યા.

" ત્યારે જુઓ. અમથાભાઈ ! હું એકલો જ તમારી સાથે આવું તે સારૂં નહિ લાગે. સાથે એકાદ બે માણસ હોય તો તમારી છાપ તે લોકો ઉપર વધુ સારી પડે ને !"

" તમે યોગ્ય જ કહો છો. ઘણા પ્રસંગોમાં હું જોઉં છું કે દુકાનનો એક સામાન્ય મહેતો પણ કોઈને ત્યાં ઉઘરાણીએ કે ટાંચ લઈ જાય છે ત્યારે પોતાની સાથે એક બે માણુસો લઈ જાય છે. નિશાળનો મહેતાજી પણ બે ત્રણ પંતુજી આસિસ્ટન્ટો સાથે ફરવા જાય

છે. જ્યારે હું એક પેઢીનો ' જનરલ મેનેજર ' થઈને બે જણને સાથે ન રાખું તો સજનિકાબાલાને મારા હોદ્દા માટે જરૂર વહેમ આવે ખરો. પણ, તમારા જેવો જ વિશ્વાસુ બીજો માણસ મળવો જોઈએ ને ?" અમથાલાલે પોતાની શંકા જણાવી.

" કહો તો એ કાર્ય હું પતાવી આવું. " નાથાલાલે બરાબર તક સાધી.

" બીજો માણસ લાવવામાં પૈસા તો જોઈશે જ ને ! " અમથાલાલે સ્હેજ ઉદ્વેગની લાગણીથી પૂછ્યું.

" હાસ્તો વળી. મારા જેવો મફતિયો કોણ મળે કે તમારૂં દરેક કાર્ય મિત્રભાવે બજાવ્યે જ જાય ! " નાથાલાલ બોલ્યો.

" શું લેશે તે માણસ ? આઠ–બારેક આનામાં પતશે ? "

નાથાલાલ ખડખડાટ હસી પડ્યો. " અમથાભાઈ ! દસ–બાર આના તો માત્ર જમવાના અને ટ્રામ ભાડામાં જોઈશે. " નાથાલાલે કહ્યું. કેટલીક ખેંચાતાણ પછી અમથાલાલે કટાણું મુખ કરી તેની પાંચની માગણી બે રૂપિયામાં પતાવી. નાથાલાલ બે કલાકમાં પાછા ફરવાનું જણાવી ત્યાંથી બહાર નીકળ્યો.

*

અમથાલાલને રૂમમાં એકલા પડતાં વિચારો પર વિચારો આવવા લાગ્યા. પેઢીમાં પોતે મુનીમને પોતાની ગૃહરાણીનું કલ્પનામાં આવેલું નામ જયલક્ષ્મી જણાવ્યું હતું; પણ જ્યારે તેણે નાથાલાલ સાથેની વાતચીતમાં ' સજનિકાબાલા ' સાંભળ્યું ત્યારે પોતે ઉત્સાહમાં ઉતાવળી ભૂલ કરી હતી, તેની તેમને ખાત્રી થઈ. એ ભૂલ સુધારવાનું તેણે મનમાં મુલતવી રાખ્યું.

' સજનિકાબાલાને યુરોપીઅન પહેરવેશ પસંદ છે ' આ બીના અમથાલાલના મગજમાં અચાનક તાજી થઈ અને તેણે મહમદઅલી રોડ પર જઈ યુરોપીઅન પદ્ધતિનાં કપડાં ખરીદવાનું નક્કી કર્યું અને પહેરેલાં વસ્ત્રાભૂષણ ઉતારવા માંડ્યાં.

*

૪........................સજનિકાબાલાની મુલાકાતે

ચાલ્યા અહો ! નૈષધનાથ જાણે,
હંસે કરેલી સૂચના પ્રમાણે;
ભાળ્યા વિના અંતરમાં વસાવી,
હોંશે સિધાવે ઝટ શોધ કાજે.

*

વેકેશન હોવાથી કોલેજ બંધ હતી. વાસંતી અને સતિન અઠવાડીયાના બે ત્રણ દિવસો તો નિયમિત રીતે 'ચસ કલબ'-માં વ્યતિત કરતાં: ક્યારેક મોડી રાત સુધી પણ તેઓ રમત ગમ્મત કરતાં બેસી રહેતાં. નાથાલાલ પણ પ્રસ્તુત કલબમાં ઘણીવાર આવતો. સજનિકા રજાના ટાઇમમાં અવારનવાર હાજરી આપતી. આ કલબમાં આવનારાં તરૂણ–તરૂણીઓ મુખ્યત્વે શ્રીમંત કુટુંબનાં, ક્રાંતિકારી વિચાર ધરાવનારાં ને વિનોદી સ્વભાવનાં હોવાથી જૂનવાણી વિચારના માણસોની ટોળટીંખળ કે બનાવટ કરવામાં સક્રિય રસ લેતાં.

સૂર્યાસ્ત થતાં વાસંતી અને સતિન કલબમાંથી ઉઠવાની તૈયારી કરતાં હતાં; એટલામાં અચાનક નાથાલાલને આવતો જોઈ થોભી ગયાં.

"કેમ આવવું થયું સરકાર?" સતિને નાટકી ઢબે પૂછ્યું.

"યાર આપવા આવ્યો છું અગત્યના સમાચાર!" નાથાલાલે પણ એવીજ ઢબે જવાબ આપ્યો.

સૌએ પોતપોતાની હંમેશની લાક્ષણિક શૈલીમાં થોડીક વાતચીત કર્યા પછી નાથાલાલે અમથાલાલ અને સજનિકાની બાબતમાં પોતે યોજેલું ષડ્યંત્ર ખુલ્લા દિલે તેમને જણાવ્યું.

"હું તો સમજ્યો કે નાથાભાઈ અમારી પાસે કાંઈ લેવા પધાર્યા હશે." સતિને નાથાલાલના આગમન વખતે પોતે માની લીધેલું સ્પષ્ટ કર્યું.

"હું તો મુંગે મોઢે હાથમાં રૂપિયો પરખાવી દેવાની તૈયારીમાં હતી." વાસંતીએ પણ પોતે કલ્પી રાખેલું છૂપું ન રાખ્યું.

"તમારા જેવા સાધનસંપન્ન સ્નેહીજનો એવી ઉદાર કલ્પનાઓ બાંધી ન બેસે તો આ સેવકને કર્તવ્યભ્રષ્ટ અને સ્થાનભ્રષ્ટ જ થવું પડે ને!" નાથાલાલે વ્યંગમાં કહ્યું.

એકાદ મિનિટ વાતાવરણ શાંત બન્યું. વાસંતી, સતિન અને નાથાલાલની ત્રિપુટી વાર્તાલાપ કરતી કલબમાંથી રસ્તા પર આવી.

"એપ્રીલફુલ ઉજવવાની તમારી આ યોજનામાં સામેલ થવા હું જરાય નારાજ નથી." સતિને નાથાલાલને પોતાનો મત કહ્યો.

"અને નાથાભાઈ, હું તો આમંત્રણની રૂઢીને ઉચ્છેદવા ખાતર પણ તમારા આ કાર્યમાં સહકાર આપવાનું વગર આમંત્રણે સ્વીકારી લઉં છું." વાસંતીએ નાથાલાલ સાથે જવાની ઉત્સુકતા દર્શાવી.

વાસંતીના ઓચિંતા મળેલા આ સહકારથી નાથાલાલ આનંદિત બન્યો. 'સજનિકાબાલા અવળું સમજશે તો?' એ ભીતિ હવે તેના અંતરમાંથી નિર્મૂળ થઈ ગઈ. વળી પોતે અમથાલાલ પાસેથી પૈસા કઢાવવામાં સરસ ફતેહ મેળવી શકશે; એ વિચારથી તે હર્ષોન્મત્ત બન્યો. પળવાર તેને એમ થયું: 'એક માણસને આવી રીતે બનાવવો

અને તેની પાસેથી યુક્તિપૂર્વક નાણાં કઢાવવાં એ સારૂં કહેવાય ખરૂં ?'
તરત તેને જન્મેલી શંકાનું સમાધાન સ્વગત થયું: ' મિથ્યાવાદી, વેષપલટુ માટે કાંઈ ખોટું નથી. અસંસ્કાર પર સંસ્કાર કોઈ પણ પ્રકારનો હલ્લો કરે તેમાં અયોગ્ય શું છે? અસંસ્કારીઓ સમૂહબળથી સંસ્કારીઓને ધૂની–સ્વમાનપ્રેમી–નાસ્તિક–અવ્યવહારૂ–ઉચ્છૃંખલ વગેરે સંબોધનોથી સંબોધવામાં: એવા ભાવાર્થ સૂચવતા કટાક્ષો કરવામાં: શૂન્યથી અંકને દબાવી રાખવામાં: તેમના અધિકારને અવહેલવામાં: અને સંસ્કારના ઓજસને અંધકારમાં ઢાંકી દેવાના અણછાજતા પ્રયત્નો નથી કરતા શું ?' તેના મુખ પર રૌદ્રછાયા પ્રગટીને અદશ્ય થઈ ગઈ. વાસંતીએ કાંઈક પારખ્યું.

" નાથાભાઈ, તમે તો કોઈ અતિ ઉંડા તર્કમાં ડૂબી ગયા ને શું ? જાવ એ તમારી અજબ મૂર્તિને લઈ વહેલા કલબમાં આવો: એટલીવારમાં અમે બેઉ તૈયાર થઈ આવી પહોંચીએ છીએ. ખર્ચી-પાણી માટે તેને સૂચન કરી દેજો." વાસંતીએ નાથાલાલને તેનું કાર્ય આરંભી દેવાનું સૂચવ્યું. અને એ ઉલ્લાસભેર ત્યાંથી વિદાય થયો.

*

નાથાલાલે સૃષ્ટિના સાહિત્ય ભંડોળમાં જાણે બીજું 'મહાભારત' સર્જી નાખ્યું હોય તેટલા ગર્વ સાથે અમથાલાલ સામે આવી એકાદ બે મિનિટ મૂંગા રહ્યા પછી કહ્યું: " અમથાભાઈ, તમે જોઈ શકો છો કે હું એક કલાકમાં જ પાછો આવી પહોંચ્યો છું. "

" પણ, તમને ધોયેલા મૂળા જેવા એકલા જોઈ મને વહેમ આવે છે કે રખે મારા બે રૂપીઆ તમે પચાવી બેઠા હો ! " અમથાલાલે કચવાટ દર્શાવ્યો.

" તમે વળી આવા વહેમી ક્યારથી બન્યા ?"

" અત્યારથી જ. ભલા માણસ, તમે વિશ્વાસુ સાથી લઈ આવવાને બદલે જેવા ગયા હતા તેવા જ પાછા પધાર્યા એટલે શું સમજવું ?

"ભાઈ, અધીરા ન બનો. કહ્યું છે કે: ' ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.' હું બધું બેવડે દોરે કરી આવ્યો છું. એકને બદલે બે માણસો શોધી લાવ્યો છું. તેમાં એક મારા જેવો વિવેકી ને આજ્ઞાંકિત તરુણ છે, અને બાજી એક શ્રીમંત તરુણી પણ છે. સમજ્યા ?"

"તરુણી ?" અમથાલાલનો ચહેરો એકદમ બદલાયો અને ફાટી આંખે તેની સામે જોઈ રહ્યા.

"હા. તરુણી, ને એ આપણી સાથે પણ આવશે: માત્ર તમને અડચણ નહિ હોય તો." નાથાલાલે કહ્યું.

"તેમાં અડચણ શાની ? પણ તમે એકલા જ દેખાવ છો, તેનું શું ?"

"એકલો પાછો ફર્યો છું એટલે એકલો જ દેખાઉં ને ? મારી સાથે ' યંગ ઈન્ડીઆ ચેસ કલબ 'માં ચાલો. એ આપણને ત્યાં મળશે."

"પેલી યુવતી પણ ત્યાં હશે ?"

"હા–હા, તમે ચાલો તો ખરા. જુઓ આ બંદાની હિકમત." નાથાલાલે અભિમાનથી જણાવ્યું.

"થોડી મિનિટ થોભી જાવ. તમારી સલાહ મુજબ હું નવાં કપડાં ખરીદી લાવ્યો છું તે પહેરી લઉં." વાક્ય પૂરું કરતાં જ તેમણે હાફકોટ, પાટલુન, કોલર, નેકટાઈ તથા મોજાંનું કાગળમાં બાંધેલું બંડલ કાઢયું.

"કેટલોક ખર્ચ કરી આવ્યા શેઠ ?" નાથાલાલે કટાક્ષથી પૂછ્યું.

"સત્તર રૂપિયા." અમથાલાલે તેવો જ ઉડાઉ જવાબ દેવામાં યુક્તિ વાપરી.

"અમથાભાઈ, તમને છેતરી લીધા !"

"ક્યાં સુધી છેતરાયા ન ગણાઈએ ?"

"બાર–સાડાબાર સુધી બરાબર કહેવાય. તમે છેતરાયા એ કાંઈ જેવું તેવું આશ્ચર્ય નથી."

"નાથાભાઈ, હું આજ સુધી છેતરાયો નથી. મારા 'હેડ મેનેજર' અને પેઢીના પ્રોપ્રાયટર પણ સ્વીકારે છે કે હું ચમરબંધીના કાન કાપી લાવું એવો છું. ખરૂં કહું? તેર આનામાં હૅટ, બાર આનામાં પાટલુન, પંદર આનામાં હાફકોટ, બે આનામાં મોજાં, દોઢ આનામાં 'નેકટાઈ', અને અર્ધા આનામાં 'કૉલર' ગણી લો. કેટલો આંકડો થયો?"

"ચોર બજારમાંથી સેકંડહેન્ડ વહોરી લાવ્યા હશો!"

"નહિ. 'વ્હાઈટ વે લેડલો' જેવી મુસ્લીમ બન્ધુની સ્વદેશી દુકાનેથી લાવ્યો છું. મારે બદલે તમે કે બીજું કોઈ હોય તો તેની પાસેથી તમે કહ્યા તેટલા તો જરૂર એ લોકો પડાવે."

નાથાલાલે અમથાલાલનો આ ખુલાસો સ્વીકારી લેવામાં જ ડહાપણ માન્યું, અને તેણે તેને હવે ઉતાવળા થવાનું સૂચવ્યું. ટ્રેન ઉપડવાના સમયે પેસેન્જર ઉતાવળ કરે, તેટલી જ ઉતાવળથી અમથાલાલે યુરોપીઅન ઢબનો પોષાક ધારણ કરવા માંડ્યો.

"ચાલો." અમથાલાલે બધું જ પહેરી લીધા પછી રૂમાલમાં 'સેન્ટ' છાંટતાં કહ્યું. નાથાલાલ તો તાજેતરમાં ખ્રિસ્તી બનેલા 'સાહેબ'–જાંગલા જેવો તેનો દેખાવ ઘડીક જોઈ રહ્યો.

બંને 'યંગ ઈન્ડીઆ ચેસ કલબ'માં જવા ઉપડ્યા.

*

"નાથાભાઈ, આપણી સાથે આવવા તૈયાર થયેલી એ તરુણીને મારો સંપૂર્ણ પરિચય સારા શબ્દોમાં આપવાનું ન ચૂકશો." અમથાલાલે નાથાલાલને રસ્તામાં જ સૂચવી દીધું. બંને કલબમાં પહોંચ્યા. નાથાલાલે જોયું કે વાસંતી અને સતિન અમથાલાલનો

સત્કાર કરવા રાહ જોઈને જ બેઠાં હતાં. તેમને આવતા જોઈ તેમણે પોતપોતાની ખુરશી પરથી ઉઠી સલામી આપી. વાસંતીએ 'શેકહેન્ડ' માટે હાથ લંબાવ્યો. અમથાલાલની આંખોમાંની પુતળીઓ નૃત્ય કરવા લાગી ને રોમાંચ પણ થયાં.

"અમથાભાઈ, આ મિસ્ટર સતિનચંદ્ર, કૉલેજમાં અભ્યાસ કરે છેઃ ઉગતા અને આશાભર્યા સારા લેખક છેઃ મારા ખાસ મિત્ર છે. સ્નેહીજનોને શક્ય સહાય કરવામાં પાછા પડે તેવા નથી. સ્વભાવે હસમુખા અને 'સીવીલીઝેશન'ના હિમાયતી છે. આ ઉપરાંત બીજી કેટલીક તમારે જાણવા જેવી અને તમે ખુશ થાઓ એવી ઓળખાણ યોગ્ય સમયે એની મેળે થઈ જશે." નાથાલાલે સતિનચંદ્રનો પરિચય આપ્યો.

"અને આ બ્હેન......?" અમથાલાલે વાસંતી તરફ નજર કરીને પૂછ્યું.

"એમનું મૂળ નામ વિનોદિનીબ્હેન છે; પણ હુલામણામાં સૌ વાસંતી કહે છે. વાસંતીબ્હેન મારાં અને સતિનનાં સ્નેહી છે, મિત્ર છે, અને અમને બેઉને ધર્મબંધુ ગણી જરૂરના વખતે આર્થિક સહાય આપતાં રહે છે. કૉલેજમાં અભ્યાસ કરે છેઃ સાહિત્ય એમનો પ્રિય વિષય છેઃ સમાજસેવા એમનું ધ્યેય છે. સહશિક્ષણનાં ખાસ પક્ષપાતી છે. સ્વભાવે અતિ વિનોદી હોઈ બહુ જ મળતાવડાં છે. એમના પિતાશ્રી પૈસાપાત્ર અને પ્રસિદ્ધ વેપારી છે. એમનાં સાવકી માતા જરા જૂનવાણી વિચારનાં હોવાથી આ બ્હેન જૂદાં સ્વતંત્ર રહે છે." નાથાલાલે વિનોદિની ઉર્ફે વાસંતીનો પરિચય આપ્યો.

*

"હવે સ્હેજ પણ વધારો કે ઘટાડો વગર ઘટતા શબ્દોમાં મારો પરિચય તેમને આપો." અમથાલાલે નાથાલાલને સતિન અને વાસંતી સાંભળે તેમ આજ્ઞા કરી.

"આ શ્રીમાન્‌નું શુભ નામાભિધાન શ્રીમાન્ અમથાલાલ છે. હું એમને 'અમથાભાઈ'ના સ્નેહભર્યા માનદ નામથી સંબોધું છું. એમનું વય બેંતાળીશ..."

"ભૂલ્યા, બેંતાળીશ નહિ બત્રીશ વરસ." અમથાલાલે વચ્ચે જ સુધારો સૂચવ્યો.

નાથાલાલે અમથાલાલની વધુ ઓળખાણ આપતાં કહ્યું:— "શ્રીમાન્ અમથાભાઈ કાઠિઆવાડના કુળવાન વણીક જ્ઞાતિના ખાનદાન નબીરા છે. મારા જેવા કેટલાક ઉતાવળીઆ એમને પુખ્ત ઉંમરના માની લેવાની ઉતાવળ કરે છે; પણ એમણે પોતે હમણાં જ કરેલા ખુલાસાથી સમજાયું હશે કે તેઓ જણાય છે એટલી પાકટ ઉંમરના નથી."

એકાદ પળ અટકી, શ્વાસ લઈ તે બોલ્યો : "કરોડપતિની એક પેઢીમાં 'જનરલ મેનેજર' ના માનવંત હોદ્દાધારી છે. નાત-જાતના વાડા અને ધર્મના ઢોંગી મતમતાંતર તરફ એમનો ગહન અને ગૂઢ અણગમો છે. સાહિત્ય પ્રવૃત્તિ પ્રત્યેનો બાહ્યોછરંગ અને સેવાનો આડંબર એ એમનાં જીવનધ્યેય છે. પોતે પંડિત માલવિયા અને ડૉકટર ભાંડારકર જેટલું સંસ્કૃત જ્ઞાન ધરાવતા હોવાનો એમનો આંતરિક ખ્યાલ છે. એમની માન્યતા પ્રમાણે આચાર્ય આનંદશંકર ધ્રુવ જેટલું વેદાંતવિષયક જ્ઞાન, વિઠ્ઠલભાઈ પટેલ જેટલું રાજકિય જ્ઞાન, રમણભાઈ નીલકંઠ જેટલું સાહિત્ય વિષયક જ્ઞાન અને મ. રાનડે તથા કરસનદાસ મૂળજીના જેટલી સમાજ સુધારાની ધગશ એમને હૈયે છે. પણ એ સર્વ હોઠે આવ્યું નથી: કારણ એમની પાસે કોઈએ એ લાભ લેવા માગ્યો નથી. અને 'માગ્યા વિના મા પણ ન પીરસે' એ કહેવત અનુસાર શ્રીમાન્ અમથાભાઈએ વગર માગ્યે પોતાનો સાર્વત્રિક જ્ઞાનભંડોળ પ્રસિદ્ધિમાં હજી સુધી મૂકવાનું યોગ્ય ધાર્યું નથી. ભવિષ્યની વિદ્વદ્‌પરિષદના પ્રમુખપદે તેઓ નિયોજાયાનું તો તમે જાણતા હશો જ."

*

"વાહ! આપશ્રીના પરિચયથી અત્યંત આનંદ. આપના જેવા છૂપા રત્નને પ્રસિદ્ધિમાં લાવી બેકદર સમાજમાં કદર કરાવવા સારૂ આપને જાહેર માનપત્ર આપવાની પહેલ કરી યશઃપ્રાપ્તિની પ્રેરણા અમારે કરવી પડશે." વિનોદિની બોલી ઉઠી.

"કોઈ પોતાની ઇચ્છાનુસાર માનપત્ર આપવા પ્રેરાય તો હું તેનો અસ્વીકાર કરૂં એવો અભિમાની નથી." અમથાલાલે પોતાને માનપત્ર યોગ્ય માની લઈ ખુલાસો કર્યો.

ચેસકલબમાં થોડે દૂર બેઠેલી બીજી બે તરુણીઓને આ વાર્તાલાપમાં રસ પડયો ને તે પોતાની રમત સત્વર આટોપી લઈ સાંભળવા લાગી.

"વાસંતીબ્હેન, માનપત્રના યશમાં અમે ભાગ લઈ શકીએ ખરાં?" એક તરુણીએ મજાક કરી.

વાસંતી જવાબ આપે એ પહેલાં જ અમથાલાલે બંને તરુણીઓ તરફ તીણી નજરે તાકીને જોયું અને બોલ્યા: "કેમ નહિ! માનપત્ર આપવાની પોતાની ઇચ્છા સૌ કોઇ યશસ્વીપણે પૂર્ણ કરી શકે છે."

નાથાલાલે એકાદ બે મિનિટ ફરજીઆત મૂગા રહ્યા પછી વાસંતી અને સતિનચંદ્ર તરફ જોઈ કહ્યું: "અમારા અમથાભાઈનો ટુંક પરિચય મેં આપને આપી દીધો. તેઓશ્રી એમનાં એક સ્નેહીની તબિયત જોવા તેમજ ફરવા જોગેશ્વરી તરફ જવા ધારે છે. હું સાથે જવાનો છું. તમારે આવવું હોય તો આવી શકો છો: આનંદ થશે."

નાથાલાલની સૂચનાનો અર્થ પારખતાં જ સતિન અને વાસંતી સહર્ષ ઉઠયાં. સૌ બહાર આવ્યાં અને જોગેશ્વરી જવાની એક ટેકસી ભાડે કરી ઉપડયાં.

*

વિનોદિનીએ રસ્તામાં અમથાલાલ તરફ જોઈ વિનોદના શ્રીગણેશ માંડયાઃ "અમથાભાઈ, આપનું વતન કયાં?"

" મહુવા પાસેનું એક ગામડું છે."

" ગામડાનું કાંઈક નામ તો હશે ને?"

" ગાધકડા."

નામ સાંભળતાં વાસંતી ખડખડાટ હસી પડી.

" કેમ, ગામના નામમાં હસવા જેવું છે કાંઈ?" અમથાલાલે અજાયબ થઈ પૂછ્યું.

" હું એટલા માટે હસી કે મારાં નવાં બાનું મોસાળ પણ એ જ ગામમાં હતું, અને કેળવાયેલા અમારા મુંબઈગરા સંબંધીઓ એ ગામને ' ગર્દભનગર ' તરીકે ઓળખાવે છે."

" હશે. પણ અમારા ગામની પ્રાચીનતા જે નહિ જાણતા હોય તેવા અજ્ઞાત જ..."

" ત્યારે શું પ્રાચીન સમયમાં ' ગાધકડા 'નું નામ ' ગાંધર્વપુરી' હતું?" વિનોદિનીએ સીધો કટાક્ષ કર્યો.

" ઓહ! યસ–તેમજ છે. અર્વાચીન કાળનાં અનેક શહેરો અને ગામોનાં મૂળ નામોમાં અપભ્રંશ થવા પામ્યાં છે; તેમ ' ગાંધર્વપુરી ' નું ' ગાધકડા ' થઈ ગયું છે!" વાસંતીએ વાપરેલો શબ્દ અમથાલાલે પકડી લીધો, અને તે આધારે પોતાના વતનની ઐતિહાસિકતા દર્શાવવા સાથે પોતાની કલ્પનાશક્તિ પણ દર્શાવી.

" ગાંધર્વપુરી એટલે ગાંધર્વલગ્ન માટેની પ્રસિદ્ધ નગરી હશે!" સતિનચંદ્ર ધીરે રહીને બોલ્યો.

" એમ પણ હોય. પુરાણકાળમાં એ નગરી ગાંધર્વલગ્ન માટે પ્રસિદ્ધ હતી, એમ એક પુરાણમાં ક્યાંક આવે છે પણ ખરું." અમથાલાલે ડીંગ ચલાવ્યું.

" કલ્પિત પુરાણમાં, સતિનભાઈ!" વાસંતી સમર્મ બોલી.

" તમે નામ પ્રમાણે જ જબરાં વિનોદી લાગો છો." અમથાલાલ વાસંતી તરફ જોઈ સંકોચાતા બોલ્યા.

"અમથાભાઈ, એમાં સંકોચાવા જેવું કશું નથી. કૉલેજવાળા તો વાત વાતમાં ટીંખળ કરવાના. દશેક વરસ ઉપર હું મારા પિતાશ્રીની જાનમાં તમારા એ ગાધકડા–ગર્દભનગર કે તમે કહો છો તે પ્રમાણે પુરાણ કાળની 'ગાંધર્વપુરી' ગઈ હતી. ત્યાંના નાથાલાલ મહેતા મારી નવી બાના મામા થાય છે."

"વાહ! એ તો મારા કાકા!"

"એમ કે? સતિનભાઈ, આ અમથાલાલ તો નવી બાના સગા નીકળ્યા."

"ખુશી થવા જેવું છે. તમને કોઈ વખતે સાડીનો લાભ મળશે." સતિન ઠંડે પેટે વ્યંગમાં બોલ્યો.

*

વાસંતીએ સગપણનું પાનું આગળ ફેરવ્યું: "તમારા નાથાકાકા જમાનાના ખાધેલા જબરા હોંશિયાર માણસ છે હો!"

"અમારું આખું કુટુંબ કાબેલ છે." અમથાલાલે ફુલાતાં કહ્યું.

"નવી બા એમને ત્યાં જ નાનેથી મોટાં થએલાં અને એનાં લગ્ન પણ નાથામામાએ જ કરેલાં."

"અમારા કુટુંબીઓ એવી જ રીતે બ્હેન–ભાણેજોને સંભાળતા આવ્યા છે. એ અમારી કુળપરંપરા છે." અમથાલાલ સાભિમાન બોલ્યા.

વાસંતીએ ઠાવકું મોં રાખી પૂછ્યું: "અમથાભાઈ! આપના કુળમાં કન્યાવિક્રયનો રિવાજ ખરો કે?"

"બિલકુલ નહિ. અરરર! એ તમે શું બોલ્યાં? અમારા જેવું કુળવાન કુટુંબ તો એ રિવાજથી છેક જ વિરુદ્ધ છે." અમથાલાલે મક્કમપણે જણાવ્યું.

"કાઠિયાવાડની ઘણી નાતોવાળા કન્યાવિક્રયથી વિરુદ્ધ હોવાનો ડોળ કરી બંધબારણે પોતાની કન્યાના પૈસા પડાવે છે."

"તેમ કરતા હશે કોઈ નાલાયક નફ્ટ. અમારા કુટુંબમાં એવું કદી બન્યું નથી."

"સાચું અમથાભાઈ?"

"માતાજીના સોગનઃ સંપૂર્ણ સત્ય."

"માફ કરજો અમથાભાઈ! તમારૂં એ ડીંગ આમાં નહિ ચાલે. તમારા નાથાકાકાએ મારી નવી બાના પાંચ હજાર લીધેલા ને ગામમાં પાંચેકનું ફોગટીયું ખર્ચ કરાવેલું, તે તમે પણ જાણો છો."

અમથાલાલના માથા પર પાંચ મણ બરફનું ચોસલું પડયું હોય અને એથી ઠરી થીજી ગયા હોય તેમ તે વાસંતી તરફ જોઈજ રહ્યા. ટેક્સી ચાલે છે કે ઉભી રહી છે તેનું પણ ભાનસાન ન રહ્યું.

હાજર હોવાનું સ્વીકારવામાં અને ગેરહાજર હોવાનું કહેવામાં જુઠા પડવા જેવું જણાયાથી સાણસામાં સપડાઈ ગયા, ને શો જવાબ દેવો તેની ભારે મુંઝવણમાં પડી ગયા. એને ધોળી પુણી જેવા થઇ ગયેલા જોઈ સતિન એની વ્હારે ધાયો ને બોલ્યો:

"વાસંતીબ્હેન, એમના કાકાએ કન્યાવિક્રય નહિ પણ ભાણેજ-વિક્રય કર્યો હશે. પરંતુ એમાં અમથાભાઈ શું કરે? એમણે તો એમની પોતાની કુળપરંપરાની વાત કરી. અમથાભાઇએ પોતે પોતાની કન્યાનો વિક્રય કર્યો હોય તો કહો."

"કાકાએ કર્યું તેવું ભત્રીજો નહિ કરે એની ખાત્રી શી?" વાસંતી વ્યંગમાં બોલી.

"તમે જ વિચારો કે હું કન્યાવિક્રયને વખોડનારો ન હોઉં તો આજ સુધી કુંવારો કેમ હોઉં! પૈસા ખર્ચીને તો એક કહેતાં એકવીશ કન્યાઓ મળે તેમ છે." અમથાલાલે પોતાની નિર્દોષતા પુરવાર કરવા પોતાનો જ દાખલો દીધો.

"એક જ દશકાની આ વાત છેઃ બહુ વરસો નથી ગયાં. યાદ આવે છે? મેં મારી સગી આંખે તમારા નાથાકાકાની બાજુમાં તમને બેઠેલા જોયા હતા." વાસંતી મક્કમતાથી બોલી.

"એ વખતે મારા મ્હોંપર જે ખફગી હતી એ પણ તમે જોઈ હશે. મને કંઈક યાદ તો આવે છે કે સ્ત્રીઓની પડખે તમારા પિતાશ્રી પાસે તમે ફ્રાક પહેરીને બેઠેલાં ત્યારે મેં તમારા મુખ પરના ભાવનું બરાબર નિરીક્ષણ કર્યું હતું." અમથાલાલે બનાવટી તરકીબ લડાવી.

"હશે કદાચ." વાસંતીએ અમથાલાલને એકદમ ઉતારી ન પાડવાના હેતુથી એ સ્વીકારવાનો દેખાવ કર્યો.

*

જોગેશ્વરીના રસ્તા પર ટેકસી આવી પહોંચતાં વાસંતીએ સતિન સાંભળે અને અમથાલાલ ન જાણી શકે તેમ નાથાલાલને સૂચવતાં ધીમેથી કહ્યું: "અમથાભાઈ એકલા જ સજનિકાવાળા હોલમાં જાય અને આપણને બહાર ઉભા રાખે, એવી યુક્તિ કરવાનું ન ભૂલતા."

ટેકસીમાંથી ઉતરી સૌ બેઠાઘાટના એક બંગલા પાસે આવીને ઉભા રહ્યા. ડાબી ભાજુએ અંધકાર હતો, જમણી બાજુએ ઈલેક્ટ્રીકની બત્તી બળતી જોવામાં આવી.

"અમથાભાઈ, સદ્‌ભાગ્યે સજનિકાબાળા ઘરમાં જ હોય એમ લાગે છે. તમારા સંબંધમાં મારે એમની સાથે ઘણી વાતચીત થઇ છે. એની વાતચીત પરથી મને એવું જણાયું હતું કે તમારા મેળાપ માટે તે બહુ ઉત્સુક હોય. સ્ત્રીઓનાં હૃદય પારદર્શક ન હોવાથી હું ચોક્કસ કાંઈ કહી શકતો નથી; પણ એટલું તો ખરૂં જ કે એકાંત હશે તો તે તમારી સાથે દિલ ખોલીને વાતચીત કરશે. વળી આ પ્રસંગે સતિનભાઈની હાજરીની જરૂર નથી. તેનું એક ચોક્કસ કારણ છે, તે હું તમને ફુરસદે સમજાવીશ. એક બીજી સૂચના આપું તે લક્ષમાં રાખો.

સર્જનિકાબાલા બહુ ટીખળી સ્વભાવની છે. તમે મુંઝાઈ જાઓ એવી રીતે તે તમારી સાથે વર્ત્યાં વિના કદાચ નહિ રહે. માટે આ બધું તમારે સંભાળવાનું છે." નાથાલાલે લંબાણથી અમથાલાલને સૂચના કરી, ને એમણે ધ્યાનપૂર્વક સાંભળી.

અમથાલાલ એક મિનિટ વિચારમાં પરોવાયા પછી સતિન અને વાસંતી સાંભળી ન જાય તેમ ધીમેથી બોલ્યા: "મને પણ એવો જ વિચાર આવ્યો હતો. હું એને એમ કહું કે મેં મારાં માણસોને બહાર ઉભા રહેવાનું ફરમાવ્યું છે, પણ તેમાં વાસંતીબ્હેન અને સતિનભાઈ વાંધો તો નહિ ગણે ને?"

"એ માટે બેફીકર રહો: હું બંનેને સમજાવી દઈશ. તમારી પ્રાઈવેટ વાતચીત પુરી થયા પછી તમે અમને હાક મારજો એટલે અમે ત્રણેય આવી પહોંચશું." નાથાલાલે વાસંતી અને સતિન સાંભળે તેમ કહ્યું. અમથાલાલ ખુશ થયા. તે જ પળે વાસંતી અને સતિન નજીક આવ્યાં.

"હા—હા, અમથાભાઈ! એ ઠીક કહે છે." સતિને અમથાલાલને હિંમત આપી.

"નાથાભાઈ, આ જ સ્નેહસદન?" અમથાલાલે વધારે ખાત્રી મેળવવા પૂછ્યું.

"હા. તમે ડરતા હો તો અમે તમારી સાથે આવીએ." નાથાલાલે સીધું સુણાવ્યું.

"પણ આમાં ડરવાનું કારણ જ શું છે?" અમથાલાલે હસીને કહ્યું.

અમથાલાલ ઉત્સાહભેર મકાનમાં દાખલ થયા. તેમની સાથે આવેલી ત્રિપુટી બહાર ઉભી રહી.

"આપણે આસ્તેથી દરવાજામાં પ્રવેશીએ." અમથાલાલના ગયા

પછી થોડીવારે નાથાલાલે સતિન અને વાસંતીને સૂચવ્યું. ત્રણે અંદર પેઠા. ન્હાનકડા કંપાઉંડવાળા ચોગાનમાં એક બાજુએ અજવાળું હતું અને બીજી બાજુએ અંધારૂં હતું. બે 'બ્લોક'માં વહેંચાયલા આ મકાનને અંધકારવાળો બ્લોક ખાલી હોવાનું જણાઈ આવતું હતું.

*

થોડેક દૂરથી સતિન, વાસંતી અને નાથાલાલની ત્રિપુટીએ ઇલેકટ્રીક લાઇટના અજવાળામાં સજનિકાને તેના દિવાનખાનામાં કાળા નેતરની ઝૂલા ખુરશી પર ઝુલતી દીઠી. તેની નજીક એક ટ્રીપાઈ હતી અને તેની પર થોડાંક છાપાં અને થોડાંક પુસ્તકો પડ્યાં હતાં. તે કોઇ પુસ્તક વાંચવામાં તલ્લીન દેખાતી હતી. થોડીવારમાં એના દિવાનખાનાના દ્વાર પર અમથાલાલને આવી ઉભેલા દીઠા. ત્રિપુટીએ મીટ માંડી.

અચાનક સજનિકાની દ્રષ્ટિ દિવાનખાનાના દ્વાર પર ચોંટી. યુરોપીઅન પોષાકમાં સજ્જ થયેલા મરદને ઉંબરમાં ઉભેલા જોતાં તે ખુરશી પરથી ઉભી થઈ ગઈ.

"જેન્ટલમેન! કોનું કામ છે?" કહેતી સજનિકાબાલા અમથાલાલની નજીક આવી.

"બનવા જોગ છે કે એક બીજાને મળવાની તીવ્ર વાંછના છતાં પ્રથમ મુલાકાતે આપ મને ઓળખી શકયાં ન હો." અમથાલાલે ઉલ્લાસમાં આવી સાહિત્યની ભાષામાં જણાવ્યું.

"Who are you?" 'તમે કોણ છો?' એવી મતલબનું સજનિકા અંગ્રેજીમાં બોલી.

"આ સ્વદેશીનો જમાનો હોવાથી વાર્તાલાપમાં અંગ્રેજીભાષાના ઉપયોગ તરફ મને બહુ જ અણગમો છે." અમથાલાલે કહ્યું.

"અંગ્રેજી જાણુતા નથી?"

"જાણું છું તો ખરો, પણ તમારા જેવી શુદ્ધ સ્વદેશી વસ્ત્રમાં સજ્જ થયેલી સુંદરીએ વિદેશી ભાષાનો ઉપયોગ કરવો ન જોઈએ."

"ત્યારે તમે શું જોઈને વિદેશી પોષાકમાં સજ્જ થયા છો?"

"ખુબી જ ત્યાં છે ને!"

"માણુસની કે જનાવરની?"

"સમજવું હોય તે સમજો. માણુસ પણુ એક જાતનું પ્રાણી એટલે જનાવર છે."

"એમ તમને કોણે કહ્યું?"

"બેકન કહી ગયો છે: Man is a social animal."

અંગ્રેજી ભાષા તરફ અણગમો વ્યક્ત કર્યા પછી થોડી જ પળમાં અંગ્રેજી ક્વોટેશનથી અમથાલાલને પોતાની વાતનું બળાત્કારે સમર્થન કરતા સાંભળીને સજનિકા હસી પડી.

નાથાલાલ સાથેની ચાલુ વાતચીતમાં તેણે ઉચ્ચારેલાં અનેક અંગ્રેજી વાક્યોમાંથી અમથાલાલે બે ચાર વાક્યો યાદ રાખ્યાં હતાં. સજનિકાના હાસ્યથી તે વહેમાયા કે રખે પોતે ઉચ્ચારેલું વાક્ય ખોટું હોય! સજનિકાએ પોતાનું હાસ્ય રોકી અમથાલાલના નવા પોષાક તથા મુખપ્રદેશનું બારીકીથી અવલોકન કરવા માંડ્યું. અમથાલાલ તેને કોઈ વિચિત્ર મૂર્તિ જણાઈ.

"મારા ખ્યાલ બહારના તમે કોઈ સંબંધી હશો. પણ આટલી મોડી રાતે અહીં આવવા જેવી તસ્દી લેવાની ખાસ શી જરૂર પડી?" સજનિકા કરડાઇથી બોલી.

"તમે ન આવ્યાં તો પછી હું શું કરૂં?" અમથાલાલે સજનિકાને વિનોદ કરતી માની તેના તરફ લાગણી દર્શાવતાં કહ્યું.

"હું ન આવી? ક્યાં?" સજનિકાએ ચકિત થઈ કહ્યું.

"હા, તમે ન આવ્યાં. પણ એમાં શું? તમે આવો કે હું આવું બંને સરખું જ છે ને! ચાલો જવા દો એ વાતને. મને જરાય

માઠું લાગ્યું નથી. પણ બાલા, તમારા બનેવી સાથે તમને વાંધો પડવાનું કારણ શું?"

અમથાલાલના આ ગૂઢ પ્રશ્નથી સજનિકા વધારે મુંઝવણમાં પડી. તેનાથી કશું જ બોલી શકાયું નહીં.

"જે હોય તે વાત કરો. તમારા બનેવીએ તમને ધમકાવ્યાં તો નથી ને! તમારૂં અપમાન થયું હોય તો કહી દો. હું એની સુસ્તી ઉડાવી શકું એવો સમર્થ છું. ન્હાના મ્હોટા પોલીસ અમલદારો મને ઓળખે છે. ડૉકટર કે વકીલ બૅરિસ્ટરોમાં કોઈ ભાગ્યે જ એવા હશે કે મને ઓળખતા ન હોય." અમથાલાલે પોતાની ઓળખાણો વર્ણવતાં સજનિકાને સહાય કરવાની ઉત્સુકતા બતાવી.

સજનિકા શિલ્પીએ ઘડેલી પુતળી જેવી જડ બની ગઈ. તેને સત્ય કહેતાં શરમ આવતી હશે અથવા તો તેના બનેવીથી ડરતી હશે; એવું અવળું સમજી અમથાલાલે સ્ત્રીસમુદાયના પોતે વારંવાર સાંભળેલા સ્વભાવ પર ટીકા કરતાં કહ્યું: "તમે અબળાઓ તમારી મુંઝવણ હૈયામાં ભરી રાખો, એ કેમ ચાલે? લજ્જા, વિવેક, વિનય અને ડરપોકપણાની પણ હદ હોવી જોઈએ. મને તમારા માટે ઘણી જ માનની લાગણી હોવાથી હું આટલું કહું છું, સમજ્યાં ને!"

*

અમથાલાલ પોતાને ઉદ્‌ભવેલી ઉર્મિઓના આવેશમાં સૂઝયું તેટલું બોલી ગયા. પોતે કદી ન દીઠેલા એવા અપરિચિત પુરુષની આવી વાતો સાંભળી વર્ષોથી જૂદાં પડેલાં પોતાનાં સગાં સંબંધીઓનાં વદન તે સ્મૃતિપર તાજાં કરવા લાગી.

"તમારૂં નામ?" સજનિકાએ આતુર બની પ્રશ્ન કર્યો.

"જુઓ બાલા, હું વિનોદના અતિરેકથી વિરુદ્ધ છું." અમથાલાલે એમ જ માન્યું કે તરુણી તેમનું નામ જાણવા છતાં વિનોદ ખાતર અજાણપણાનો ઢોંગ કરતી હોય.

"ભાઈ, તમે આવો છો ક્યાંથી ?" સજનિકાએ સ્હેજ ગંભીર બની પૂછ્યું.

"હવે ચાલાકી જવા દો અને મેં પૂછ્યું તેના પ્રત્યુત્તરો જ સીધા આપો તો વધુ સારૂં. કટાક્ષોની આપ લે કરવા માટે ભવિષ્યમાં આપણને ઘણો સમય મળી રહેશે."

"ભાંગબાંગ પીઈને આવ્યા છો કે શું ?"

"આજ દિવસ સુધી મારા સંબંધમાં એવો એક પણ બનાવ બન્યો નથી. હું કેફી પીણા તરફ અનહદ તિરસ્કાર ધરાવું છું."

"તમારૂં ભેજું ઠેકાણે છે કે નહિં ?" સજનિકા ગરમ થઈ ગઈ.

"બાલા, તમે ગમે તેટલી ગમ્મત કરો પણ હું માઠું લગાડું એવો અસહિષ્ણુ છું જ નહિ. ભેજું ઠેકાણે ન હોય તો અહીં સુધી અવાય ખરૂં ?" અમથાલાલે મુખ મલકાવી તેની બાજુએ થઈને દિવાનખાનામાં પ્રવેશ કર્યો. ચોગાનના અંધકારમાં ઉભેલી ત્રિપુટીએ થોડી જ વારમાં અમથાલાલને સજનિકા જે ખુરશી પર બેઠી હતી એ જ ખુરશી પર ઝુલતા દીઠા.

*

પોતાના દિવાનખાનામાં અપરિચિત પુરુષને વગર રજાએ પ્રવેશીને પોતાની ખુરશી પર જામી ગયેલો જોઈ તરુણી ગભરાઈ. તે ઉતાવળે ત્યાંથી દોડતી કંપાઉંડ બહાર નીકળી ગઈ. નાથાલાલ, વાસંતી અને સતિન લપાઈને અંધકારમાં ઉભેલા હોવાથી તથા સજનિકા ભયગ્રસ્ત બનેલી હોવાથી તે ત્રિપુટીને જોઈ ન શકી.

"દાક્તર ! દાક્તર !" રસ્તા પરથી સજનિકાની ગભરામણભરી નાજુક બૂમ આ ત્રિપુટીએ સાંભળી ને તે મનમાં જ મલકાઈ રહી.

"બાલા ! ઓ બાલા ! સ્વાગત સારૂ નોકર ચાકર કે એવા જ મનુષ્યની શોધ ન કરશો." અમથાલાલે સજનિકાને

ઉતાવળે બહાર દોડી ગયેલી જોઈ અનુમાન કર્યું કે તે પોતાને માટે કાંઈક મંગાવવા કોઈને બોલાવવા બહાર ગઈ હોય.

થોડી વારમાં એક વૃદ્ધ પારસી દોડતો કંપાઉંડમાં આવ્યો. તેની પાછળ સજનિકા હતી. તેના સૂચવવાથી વૃદ્ધાત્માએ અમથાલાલની ગળચી પકડી. સંજોગ પ્રતિકૂળ બનેલો જાણી અમથાલાલે સાવચેતીથી છટકવાનો પ્રયત્ન કર્યો; અને થોડીક મુંઢ પુષ્પાંજલિ મેળવ્યા પછી તે પોતાના છટકવાના પ્રયત્નમાં સફળ નીવડ્યા. 'હૅટ' ઉઠાવી અમથાલાલે રેસના ઘોડાની પેઠે મૂઠીઓ વાળીને દોટ મૂકી. પેલા પારસી વૃદ્ધાત્મા પણ એની પાછળ થોડે સુધી દોડ્યા.

સજનિકા પોતાના વિખરાયેલા કેશકલાપને સમારતી કંપાઉંડથી દિવાનખાના તરફ જતી હતી તેવામાં તેની નજર બહાર ઉભેલી ત્રિપુટી પર પડી. તે ચમકી: "અહીં પણ હરામખોરો........."

સજનિકાબાલા બૂમરાણ મચાવી મૂકે એ પહેલાં જ નાથાલાલ, વાસંતી અને સતિન ત્રણેય તેની સામે જઈ ઉભાં અને ખડખડાટ હસી પડ્યાં.

વિનોદિનીએ ટૂંકમાં બનેલી બીના જણાવી દીધી. નાથાલાલે કહ્યું: "સજનિકાબ્હેન! મેં કહ્યું હતું તે પ્રમાણે હું એક અજાયબી તમને બતાવવામાં ફળિભૂત થયો ગણાઉં ને?"

સજનિકાબાલાને આ બધું જાણવામાં આવતાં તે પણ પોતાનું હાસ્ય રોકી ન શકી.

૫:...................................પત્રનો પરચો

ગુંજે અહા! રવ મધૂર રસાત્મ નાદ;
આવી ઉભી સજનિકા લઈને પ્રસાદ.
ડોલી રહ્યો હૃદય ભાવ તણા તરંગે;
પોતે બની રસિકરાજ વસી અનંગે.
આવી રીતે સુમનવાસ અપૂર્વ માણે;
પોતેજ હોય અતિ સુભાગી પુરૂષ જાણે.

*

તાર્કિકની પેઠે તર્કવિતર્કમાં મશગુલ બનેલા અમથાલાલ પોતાની રૂમમાં બેઠા હતા. બે દિવસ પૂર્વે રાતે સજનિકાને ત્યાં જવાથી એમણે જે અનુભવેલું તેમાંથી સત્ય તારવવા મંથન કરવા માંડયું:

"મારી કસોટી કરવામાં તે મનોહર રાતે તરુણીએ કેટલું બધું કૌશલ્ય દાખવ્યું? પરિણામે મારા સંબંધમાં શંકા કરવા જેવું તેને કશું જ જણાયું નહિ હોય. કદાચ ત્વરાથી બહાર દોડી ગયા પછી મારા સ્વાગત માટે કોઈ સેવકગણને બોલાવી તે પાછી ફરી હશે ત્યારે તેને એમજ થયું હશે કે શ્રીમાન્ અમથાલાલ મોંઘા થવા–માન

ખાવા માટે જ પલાયન થઈ ગયા હશે! પણ, એ સમયે મારા માટે એ સિવાય અન્ય કોઈ બુદ્ધિપ્રદ માર્ગ જ નહોતો.

"પણ, મારા જેવા ચતુરસુજાણ પ્રત્યે પોતાની અલ્પબુદ્ધિનો પરિચય કરાવી દેવાનું સાહસ કરનાર એ વૃદ્ધ કોણ હશે વારૂ? તરુણીની ગેરહાજરીમાં અદ્ભુત પાત્ર રૂપે ઉપસ્થિત થવામાં અને મારા પર ઓચિંતું આક્રમણ કરવામાં એણે કયો મહત્વનો મનોરથ સેવ્યો હશે? હું મારા ચાતુર્યથી તેના હલ્લાને શાંતિપૂર્વક–અહિંસક રીતે નિરર્થક કરી છટકીને વીજળીવેગે વિદાય થયો. ત્યારપછી પણ મારી પાછળ થોડે દૂર સુધી દોડી આવવામાં એનો કોઈ પ્રશંસાપાત્ર ઉદ્દેશ હશે ખરો? કદાચ, પોતાની ભૂલ સમજાતાં ક્ષમા યાચવા અને મને પાછો બોલાવવા તો એ દોડ્યો નહિ હોય?"

*

કરોળીઆની પેઠે અમથાલાલ પોતાની વિચારજાળમાં કેટલોક વખત ગૂંચવાયા પછી કંટાળીને અસ્વસ્થ થયા. એટલામાં રૂમનું બારણું હડસેલાયું અને નાથાલાલની સ્વારી દેખાઈ.

"કેમ છો સાહેબ!" પ્રવેશતાં જ નાથાલાલ સહેજ ઉંચા સાદે બોલ્યા.

"તમે જાણો તો છો કે બે દિવસથી મારી પ્રકૃતિ અસ્વસ્થ રહે છે, છતાં આવો અર્થહિન વિવેક કરવાની તમને શી જરૂર પડી?" અમથાલાલે સામો પ્રશ્ન કર્યો.

"અમથાભાઈ, હું તો બે દિવસથી તમારી પ્રકૃતિને મોગરા જેવી ખીલી ઉઠેલી જોઉં છું."

"બહુ સારૂં, રહેવા દો હવે."

"મારૂં આગમન તમને લીમડાના રસ જેવું જણાતું હોય તો......" નાથાલાલે જવાનો ઢોંગ કરવા માંડ્યો.

"અરે, નાથાલાલ! હું તમારા આગમનથી નારાજ થયો નથી. હું તો તે રાતે તમે, વાસંતી અને સતિન સજનિકાબાલાના મકાન

પાસે મારી દ્રષ્ટિએ ન પડ્યાં એથી નારાજ થયેલા મનને શાંતવનથી રીઝવવાનો ઉપાય શોધું છું."

"તમે ભૂલકણા થઈ ગયા કે શું?"

"ભૂલકણો કેમ થાઉં? બદામ ને સાકર રોજ સવારમાં ખાઉં છું. પણ, તમે તે રાતે મોડેથી અહીં–આ રૂમમાં આવીને જે ખુલાસો જણાવેલો એથી મારા મનને પૂરતો સંતોષ થયો નહોતો."

"અમથાભાઇ, અમે એમ કલ્પેલું કે તમને જોતાં જ સજ-નિકાબાલા તમારી કસોટી કરવામાં સમય વીતાવ્યા પછી તમારા સ્વાગત સારૂ તેની હૉસ્પીટલમાંથી 'હાઉસ સર્જ્યન', નાઇટડ્યુટી બજાવતી 'નર્સ' કે હૉસ્પીટલમાંના કોઈ એકાદ બે 'બૉય'ને પણ બોલાવ્યા વિના નહિ રહે; અને એ સ્વાગતપ્રસંગમાં સહેજે કલાકેક વીતી જશે. એમ માનીને અમે ત્યાંથી થોડે દૂરના બગીચા પાસે રસ્તા ઉપર જ ટહેલતા હતા. તમે બૂમ મારવામાં સ્વરને જરા જોશ આપ્યું હોત તો અમે સાંભળ્યું જ હોત. કેમ કાંઈ વિપરિત પરિણામ તો આવ્યું નથી ને?" નાથાલાલે સાવ અજ્ઞાન થઈ પૂછ્યું.

"મેં તમોને બૂમ પાડી જ નહોતી, તેમ હું વધુ વખત ત્યાં રોકાયો પણ નહોતો. તમે લોકોએ અંદર જઈને મારી તપાસ તો નથી કરીને!" અમથાલાલે ઉદ્વેગસહ જણાવ્યું.

"અમારામાં કોઈ એવું અસંસ્કારી કે અણુજ નહોતું કે તમારી સલાહ લીધા વિના તપાસ કરવાનું શિસ્ત વિરુદ્ધનું કાર્ય કરે!"

"તો બસ–બરાબર." અમથાલાલે નાથાલાલ અને તેની સાથે આવેલા કાંઈ જાણતા નહિ હોય એમ માની ઉદ્વેગનો ત્યાગ કર્યો.

*

"વાસંતીએ હજી લગ્ન કેમ નહિ કર્યાં હોય?" અમથાલાલે કાંઇક સૂઝી આવતાં પૂછ્યું.

"જેમ તમે નથી કર્યાં તેમ તેણે પણ નથી કર્યાં." નાથાલાલે કહ્યું.

"સતિન તો પરણેલો જ હશે."

"હા. પણ કેમ પૂછવું પડ્યું?"

"કાંઈ નહિ, એ તો સહેજ." અમથાલાલે મનનો ભાવ છૂપાવવા વાત ઉડાવી. નાથાલાલે સજનિકા અને સતિનની પત્નિ મધુમક્ષિકાને 'બ્હેનો' તરીકે અમથાલાલ પાસે ઓળખાવવાની સોનેરી તક દીઠી.

*

પોતાને કેટલાક વખતથી સ્ફુરી આવેલી યુક્તિ પાર પાડવાની તક તે અજમાવે, એ પહેલાં પોસ્ટમૅને આવી અમથાલાલને એક બંધ કવર આપ્યું. ઉપરથી એડ્રેસ વાંચવામાં આવતાં જ નાથાલાલે સતિન અને વાસંતીની યુક્તિનું પરિણામ ઓળખી લીધું. પણ તેણે એથી અજાણ બની પોતે નક્કી કરેલી તક સાધવી શરૂ કરી.

"અમથાભાઈ, સતિનનાં પત્નિ મધુમક્ષિકા અને સજનિકાબાલા બ્હેનો થાય."

"ત્યારે તો સતિન જ સજનિકાબાલાના બનેવી ખરૂં? પણ, તે દિવસે કલબમાં તમે કેમ ન ઓળખાવ્યા?"

"તમારી બરાબર છાપ તે વખતે ન પડત તો......"

"તમે બહુ સરસ ડહાપણ વાપર્યું. કેમકે સજનિકાબાલા અને મારી વચ્ચે સારો મેળ હોવાનું હવે સતિનને માનવું જ પડશે. તે દિવસે તમે મને સજનિકાબાલા પાસે એકલો જવાનું સૂચવ્યું અને તમે ત્રણેય બહાર ઉભા રહ્યા, એ પણ ઘણું જ ડહાપણભર્યું કામ કર્યું હતું. એ વખતે તો મારા તર્કપટુ બ્રેઈનમાં તમારી સૂચના માટે નજીવી શંકા થયેલી; પણ અત્યારના તમારા સ્પષ્ટ ખુલાસાથી મારી શંકાનું આપોઆપ સમાધાન થઈ ગયું. નાથાલાલ, હવે મને તમારી વાત પર સોએ સો ટકા વિશ્વાસ બેસે છે. જરા થોભો. હું આ પત્ર વાંચી લઉં પછી આપણે બીજી વાતો કરીએ." કહી અમથાલાલે આતુરતાથી પરબિડિયું ખોલી પત્ર વાંચવા માંડ્યો.

અમથાલાલે પત્ર વાંચીને નાથાલાલને આપતાં તે વાંચી જોવાનું મુકપણે સૂચવ્યું. નાથાલાલે દૃષ્ટિ માંડી પત્ર વાંચવાનું મંગલાચરણ કર્યું :–

સ્નેહસદનઃ જોગેશ્વરી,
તારીખ ૮ મી (મહીનો તમને યાદ છે.)

શ્રીસન્માનપ્રિય સહિષ્ણુતાના સ્તંભરૂપ અમથાલાલભાઈ,
મુંબઈ.

સવિનય : શુભેચ્છા અને અતિ સ્નેહાદરપૂર્વક લખવાનું કે બે દિવસ પૂર્વે આપ મને શોધતા મારા આવાસે મોડી રાત્રીએ પધારેલા. સુગંધી સેન્ટ મિશ્રિત તેલ વડે ઝગઝગી રહેલું આપનું કાંતિમાન વદન નિરખવા અનાયાસે હું ભાગ્યશાળી નિવડી. આપની સાથે માત્ર થોડીજ ક્ષણ થયેલા વાર્તાલાપથી હું આપનો સ્વભાવ પરખી શકી. આપનું સાક્ષરત્વ : શ્રીસન્માનની ધગશ, અને સ્વદેશી ભાષા તરફનો આપનો શુદ્ધ પક્ષપાત એ રાતે હું પ્રત્યક્ષ અનુભવી શકી. અમારી હૉસ્પીટલના હાઉસ સર્જન દાક્તર દાદાભાઈની સમજફેરથી આપ જે મુશ્કેલીમાં મુકાયા તે માટે હું અત્યંત દિલગીર છું.

આપની અકસ્માત પધરામણી થતાં આપનું યોગ્ય સ્વાગત કરવાની ઉત્કંઠા થઈ આવી અને હું મારા આવાસથી થોડાં જ ડગલાં પર આવેલી હૉસ્પીટલમાં ગઈ. દાક્તર દાદાભાઈ પાસે જઇ મેં જણાવ્યું કે, ' મારી શાંતિનો ચોર મારા જેવી બાલિકાના સ્વાગતથી રીઝે નહિ. એ દિવ્ય ચોરના સ્વાગત માટે આપ જેવી મોટી ઉંમરના પાકટ દાક્તર સાહેબે પધારી એમના મોભા પ્રમાણે એમને સત્કારવા જોઈએ. ' અહીં મારે ખુલાસો કરવો જોઈએ કે દાક્તર દાદાભાઈ-ને હું વડિલ રૂપ માનું છું. તેઓ સાહેબ જુના જમાનાના પારસી હોવાથી મારી અલંકારિક ભાષા સમજી શકયા નહિ, અને આપને હૃદયશાંતિના ચોરને બદલે ઉઠાવગીર–ખરાજ ચોર માની લેવાની મહાભારત ભૂલ કરી બેઠા. પ્રમાણિક છતાં કેવી ભયંકર ભૂલ !

પણ, આપ તેમની સામે થવા સમર્થ હોવા છતાં આપે એક તરૂણ સ્ત્રી તરફના સન્માન ખાતર મૂંગે મોઢે દાક્તર સાહેબનું અઘટિત સ્વાગત માનપૂર્વક વધાવી લીધું અને મારા તરફથી મેળવવાના આદરભાવનો સહર્ષ ભોગ આપી આપે ગૂપચૂપ વિદાય લીધી. એ જોઈને આપની જીવનધ્યેય સમી બેનમૂન સહિષ્ણુતા, સ્ત્રીસન્માનની લાગણી, અને વૃદ્ધો તરફના આપના અનન્ય પૂજ્યભાવની માત્ર તારીફ કરી બેસી રહેવા કરતાં એ સર્વ જગજાહેર કરવાની હું મારી ફરજ સમજું છું. એથી મેં 'સ્ત્રીસન્માન સંરક્ષક પરિષદ'ની એક સભા તાત્કાલિક બોલાવી આપના સકળગુણો જનતા સમક્ષ રજુ કરવાનું આવશ્યક ધાર્યું છે.

આ માટે હું આપને માનપૂર્વક વિનંતિ કરૂં છું કે પ્રસ્તુત જાહેર સભા બાબતનો કાર્યક્રમ તથા તેને લગતી જાહેરાત વગેરેની સર્વ વ્યવસ્થા આપ જ કરી–કરાવી લેશો. આપની ગૂઢ અને ગહન મનોવૃત્તિઓને બરાબર સમજી કાર્ય કરી શકે એવો પ્રજ્ઞાવાન વ્યવસ્થાપક તેમજ આપ સિવાય બીજો પ્રમુખ હું મેળવી શકું તેમ નથી.

લિ. સજનિકાબાલા

ના વંદેમાતરમ્—"

*

"કેમ, તમને શું લાગે છે?" અમથાલાલે ખીલેલા મુખે પૂછ્યું.

"તમે મારો અંગત મત જાણવા ઈચ્છતા હો તો ખરૂં કહું." નાથાલાલે કહ્યું.

"નિઃસંકોચ કહો."

"હું ધારૂં છું ત્યાંસુધી સજનિકાબાલા અંતઃકરણથી તો તમને વરવા તૈયાર થઈ ચૂકયાં લાગે છે. વસ્તુસ્થિતિ એમ છે કે એ સુધરેલી સોસાયટીનાં હોવાથી તમારી સાથે ઘરને ખૂણે મેરેજ કરી નાખવાનું એમને ઉચિત જણાયું નહિ હોય. અને એ પણ સ્વાભાવિક

છે કે તમારા જેવા સમાજસેવક અને રાક્ષસ"– પોતાનો કાન પકડી, "અરે, ભૂલ્યો–સાક્ષરરત્નને પ્રકાશમાં લાવ્યા પછી જો તે તમારી સાથે લગ્નગ્રંથિથી જોડાય તો તેને તમારી સુકીર્તિનો પણ લાભ મળે." નાથાલાલે જરા લંબાણથી પોતાનો મત દર્શાવ્યો.

"મને પણ એ જ કલ્પના થયેલી. કેમકે આજકાલ સુધરેલી તરુણીઓ લોકનેતાને મનથી વધુ પસંદ કરતી હોવા છતાં એકદમ જાહેરમાં સ્વીકાર કરી દેતી નથી." અમથાલાલે હાજીઓ ભણ્યો.

"તેમ નહિ, તમે સહજ ભૂલ્યા."

"ત્યારે?"

"સુપ્રસિદ્ધ લોકનેતાને પસંદ કરે છે."

નાથાલાલના આ સુધારાથી અમથાલાલનું મોઢું હર્ષથી ફુલાઈ ગયું, અને બોલ્યા: "સતિનભાઈ અને સજનિકાને અણબનાવ થયો ન હોત તો વધુ સારૂં થાત."

"એમનો અણબનાવ અસંસ્કારી કુટુંબોમાં થાય છે તેવો કાયમી કે કલુષિત નથી."

"સામાન્ય મતભેદ પુરતો જ હશે."

"એકદમ નજીવો મતભેદ. પણ, એથી સતિનચંદ્ર આપણો પક્ષ તો નહિ જ છોડે."

*

થોડી પળો મૂંગા રહી અમથાલાલે વિચાર કર્યો અને કંઈક અચાનક યાદ આવ્યું હોય એમ બોલ્યા: "નાથાલાલ, આ જાહેર-સભા બોલાવવા માટે કોઈ હૉલનું આપણે નક્કી કરવું પડશે ને!"

"પ્રથમ તો હૉલનું ભાડું અને લાઈટખર્ચ આપવા જેટલી રકમનું નક્કી કરવું પડશે." નાથાલાલે પોતાનો વિચાર જણાવ્યો.

"એવી શી વાત કરો છો? એ માટે બીજાને કહેવા જવાય કે?"

કહી અમથાલાલે પોતાની ખરી મુંઝવણ જણાવી: "પણ, નાથાભાઈ! સભા અને ભાષણ વગેરે માટે કેમ કરશું? કવિ આનંદઘન સિવાય બીજા કોઈ પ્રતિષ્ઠિત લેખકને હું ઓળખતો નથી."

"સતિનભાઈની ઓળખાણ કરાવી ત્યારે મેં તમને કહ્યું હતું કે તે એક 'કલમબાજ' છે."

"'કલમબાજ' એટલે કેવા?"

"થોકડાના થોકડા બંધ ઘસડીને લેખ તૈયાર કરી આપે તેવો. અમથાભાઈ, તમારે એને વિચારો આપવાની માત્ર જરૂર પડશે."

"વિચારો આપવામાં તો હું એક્કો છું: અમારું આખું બજાર જાણે છે. સાંજે તમે એને અહીં તેડી લાવશો?"

"એને અહીં તેડી લાવવા કરતાં આપણે જ તેને ત્યાં જઈએ તો કેમ?"

"સોના જેવું. ચાલો, હજી મારે લૉજમાં જમવા જવું છે, ને જમીને ટાઈમસર પેઢીએ પહોંચવું જોઈશે." અમથાલાલ એકદમ ઉઠી, કપડાં પહેરી, ઉતાવળા બહાર નીકળ્યા.

સાંજ પહેલાં નાથાલાલે સતિનની મુલાકાત લઈ તેને અમથાલાલની આ બધી જ હકીકતથી વાકેફ કર્યો અને તેની પાસેથી પૈસા કઢાવવાની યુક્તિ રચવા સૂચના પણ કરી.

*

રાતના સાડાસાત–આઠ–વાગ્યાને સુમારે અમથાલાલની સ્વારી રૂમ પર આવી. નાથાલાલ એમની રાહ જોઈને જ બેઠો હતો. બંને સતિનના આવાસ તરફ ઉપડયા.

બેઉને આવતા જોતાં જ પ્રથમ થયેલી સંતલસ પ્રમાણે સતિનની ગૃહરાજ્ઞી મધુમક્ષિકા પડોશમાંની રસલક્ષ્મીની ઓરડીમાં ચાલી ગઈ.

"મારા આવવાથી તમારાં મિત્રપત્નિ બહાર કેમ ચાલ્યાં ગયાં?" અમથાલાલને નાથાલાલે પૂછ્યું.

"તમે મોટા માણુસ હોવાથી તમારી મર્યાદા જાળવવી જોઈએ ને?" નાથાલાલે ધીમેથી કહ્યું. અમથાલાલ વધુ ન બોલે તે સારૂ નાથાલાલે તેને નેત્રસંજ્ઞાથી ચૂપ રહેવાની સમજણ પાડી દીધી.

એક કોચ પર નાથાલાલ અને અમથાલાલ બેસી ગયા. સતિન ખુરશી પર બેઠો હતો. તેના હાથમાં એક બુધવારીઉં હતું.

"તમારાં સાળી–સજનિકાબાલાનો પત્ર છે." અમથાલાલે સતિનને સંબોધી વાતની શરૂઆત કરી. સતિને પત્ર વાંચવા માગ્યો. નાથાલાલની મૂક સૂચનાથી અમથાલાલે પત્ર આપ્યો. સતિને આખો પત્ર વાંચવાનો ડોળ કરી પછી તે અમથાલાલને પાછો આપતાં જણાવ્યું:

"સજનિકાબાલા આપને પસંદ કરતી હોય તો હું બહુ જ ખુશી છું. મારી અને તેની વચ્ચે વિરોધ જેવું હવે કારણુ જ નહિ રહે. કેમકે હું પણ એ જ ઇચ્છતો હતો કે તે આપ સરખા સેવાભાવી સાક્ષર, સાધનસંપન્ન અને સંયમી કોઈ સર્વગુણ સંપન્ન મહાપુરુષને પતિ માટે પસંદ કરે." કહી સતિને પોતે અત્યંત પ્રસન્ન થયો હોય એવી લાગણી વ્યક્ત કરી.

"એ શ્રીમતીના પત્રમાંની સૂચનાનો અમલ કરવામાં તમે અમને કાંઈ ઉપયોગી થઈ શકશો ખરા કે?"

"આજકાલ તો દરેક ઉપયોગ અને કાર્ય દ્રવ્યથી સહેજે થઈ શકે છે, એટલે એ પ્રશ્ન જ રહેતો નથી."

"એવા સત્કાર્ય માટે આવશ્યક દ્રવ્ય ખર્ચવા હું હંમેશાં પ્રસન્ન હોઉં છું. સ્ત્રીસેવા એ મારા જીવનધ્યેયનો એક અંશ છે. બોલો, કેટલી રકમ એ માટે જોઈશે?"

"ઓછામાં ઓછા સોએક રૂપિયા." સતિને રકમનો આંકડો કહેતાંની સાથે જ નાથાલાલના મુખ પર તાજુબીની રેખાઓ તરી આવી.

નાથાલાલે જો કે અમથાલાલ પાસેથી પૈસા કઢાવવાની સૂચના

સતિનને આપી હતી, પણ તેણે સ્વપ્નેય નહોતું કલ્પ્યું કે સતિન સમય જોઇને દ્રવ્યની રકમનો આવો ભારે આંકડો કહી શકશે. જે અમથાલાલ પાસેથી બેપાંચ રૂપિયા કઢાવવા નાથાલાલને ભારે થઈ પડતા, તે અમથાલાલ સતિને કહેલો ત્રણ આંકનો આંકડો શી રીતે સ્વીકારશે, એવી મજબૂત શંકા નાથાલાલને થઈ.

"સો આના કે રૂપિયા?" અમથાલાલે અજબ થઈ પૂછ્યું.

"હું ઉચ્ચારમાં ભૂલ કરતો નથી. કેમકે ઘણાખરા લેખકો મને ઉચ્ચારશાસ્ત્રી માને છે. 'આના' ને બદલે 'રૂપિયા' ઉચ્ચારૂં તો આપ સરખા ભાષાભિજ્ઞ કોઇ શિષ્ટ માસિકમાં એમજ લખી નાખો ને કે સતિનનું ઉચ્ચારજ્ઞાન અપ્રમાણ એટલે અસ્થિર કહી શકાય તેવું છે." સતિને ઠાવકાઈ બતાવી કહ્યું.

"નહિ–નહિ. હું એવો માણસ નથી કે મારૂં સાક્ષરત્વ સ્વીકારનારા વિરુદ્ધ તમે કહ્યો એવો મત દર્શાવું. અલબત, મારા 'ટચ'માં આવ્યા ન હોય તેવા લેખકો માટે કે મારી વિદ્વતાની મૂર્ખ ચેષ્ટા કરનારા સાહિત્યકો, વિવેચકો અને કવિયો માટે તમે જણાવ્યું એમ લખી નાખું ખરો. પણ તમારે માટે?..." અમથાલાલે એકાદ બે પળો વિચાર કરી તેણે પોતાના ગજવામાંથી ચેકબુક કાઢી અને એકસો રૂપિયાનો બેરર ચેક લખીને સતિનને આપ્યો.

"વધારે નહિ જોઇએને!" અમથાલાલે ચેક આપી પૂછ્યું.

"જોઈશે તો ખરા, પણ જરૂર પડયે; હાલ તુરત માટે આટલી રકમ ગનીમત છે." સતિને ચેક પોતાના ગજવામાં સેરવ્યો.

"કયાં કયાં જરૂર પડશે?"

"જુઓ અમથાભાઇ, હૉલના ભાડામાં પચ્ચીશેક વપરાશે. હેન્ડબીલ છપાવવામાં પચ્ચીશેક ખર્ચવા પડશે. હેન્ડબીલો વહેંચાવવામાં દશેક ખર્ચાઈ જશે."

"તોપણ સાઠ થયા. બાકી ચાળીશ રહ્યા તેનું શું ?"

"વર્તમાનપત્રોમાં રિપોર્ટ છપાવવા સારૂ પેપરના રિપોર્ટરોને બોલાવીએ તે દરેકને આવતાં–જતાંનું ટેકસીબીલ અને નાસ્તાપાણી માટે આપવું પડે તેમાં ત્રીશેક જોઈશે જ તો."

"તોપણ દશ વધશે."

"હારતોરા નહિ મંગાવવા પડે ! દશ બાકી રહેશે તેના હારતોરા લાવશું. અને તેમ છતાં વધુની જરૂર પડશે તો આપ કયાં નથી ?"

"પછી જરૂર પડવા જેવું કયાં રહ્યું ?"

"કેમ ? અધ્યક્ષપદેથી ઉચ્ચારવા યોગ્ય આપને છાજે તેવું ઉપસંહારનું વ્યાખ્યાન અને સ્વમુખે આપ આપની લાયકાત વગેરે વર્ણવી શકો એવું ખૂબીદાર વકતવ્ય લખવા માટે મને કાંઈ નહિ આપો ?"

"તે માટે તમને તે શું આપવાનું હોય ? તમે તો નાથાભાઈના સ્નેહી એટલે ઘરના માણસ કહેવાઓ."

"બહુ સારૂં. અમથાભાઈ, ત્યારે તો આપ મારા ઘરનું ભાડું, દાણાવાળાનું, દુધવાળાનું, અને બીજું જે ઘરખર્ચ થતું હોય તે બધું હવેથી ચૂકવી આપશો, એ જાણીને હું વધારે ખૂશી થયો છું. મારે બીજુ કાંઈ ન જોઈએ." સતિને કટાક્ષ કર્યો.

*

ઘરખર્ચને બ્હાને સતિનને બસો–અઢીસોની રકમ કાઢી આપવી પડશે, એવા ભયથી અમથાલાલે તરત ફેરવી તોળતાં જણાવ્યું : "મારા કથનની મતલબ તમે ન સમજ્યા. હું એમ કહું છું કે તમે મને ઘરના માણસ જેવો સમજી જેટલું બને તેટલું ઓછું સ્વીકારી લ્યો."

"આપ મનથી નક્કી કરીને મને આપો ત્યારે સ્વીકારી શકું ને ?"

"હું તમારા લખાણ દીઠ બબ્બે રૂપિયા નક્કી કરૂં છું. આ લ્યો." અમથાલાલે પોતાના ગજવામાંથી ચાર રૂપિયા કાઢી તેને આપવા

માંડયા. નાથાલાલ બંને વચ્ચે થઈ રહેલો વિચિત્ર સાહિત્ય સોદો આતુરપણે અવલોકી રહ્યો હતો.

" તમે કોઈ દહાડો ભાષણ લખાવ્યું જણાતું નથી. " કહી સતિને અમથાલાલના હાથમાંના રૂપિયા એમને એમના ખિસામાં મુકી રાખવાની સૂચના આપી. સતિનને માઠું લાગેલું માની અમથાલાલ ગભરાયા.

" માઠું ન લગાડશો. મેં આજસુધીમાં કદી કોઈ પાસે વ્યાખ્યાનો લખાવ્યાં નથી એ તમારૂં કહેવું બરાબર છે. મારાં ભાષણો હું પોતે જ લખી નાખું છું." અમથાલાલે પોતે સારૂં લખી શકતા હોય એવો ડોળ કર્યો.

" મારા કરતાં આપ વધુ વિદ્વાન હોવાથી આ પ્રસંગનું આપનું ભાષણ આપ જ લખશો તો વધુ સુંદર લખાશે, અને મને લખામણીના પચાસ ખર્ચવાનો પ્રશ્ન જ નહિ રહે." સતિને પણ યુક્તિથી લખામણીનો 'ચાર્જ' સંભળાવી દીધો.

*

વ્યાખ્યાન આપી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવાની, પ્રસિદ્ધિના પ્રતાપથી સજનિકાબાલા જેવી સ્વરૂપવતી તરૂણી મેળવવાની અને પોતાને 'કુંવારો' માની સમાજથી બહિષ્કૃત ઠરાવનારાં સગાં સંબંધીઓની આંખો ઉઘાડવાની અણમૂલી તકને નિભાવી રાખવાનો અમથાલાલે સ્વતઃ નિશ્ચય કર્યો.

" નાથાલાલ કહેતા હતા કે તમે વિનોદી સ્વભાવના માણસ છો. પણ, આજે મારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે તમે વિનોદનું મૂલભૂત તત્વ સમજતા નથી." અમથાલાલે હસીને સતિન સામે જોયું.

" ત્યારે શું આપ ગમ્મત કરતા હતા ? " સતિને ચકિત બનવાનો આડંબર કર્યો.

" ત્યારે શું તમે એમ માની લીધું કે વ્યાખ્યાયની લખાઇ કેટલી હોઇ શકે, એ હું જાણતો નહિ હોઉં ? કે તેની મને કદર નહોય ?

સતિનભાઈ, તમે મને આ માટે નવો નિશાળીઓ કલ્પ્યો હોય તો તમારે સ્વીકારી લેવું કે તમારી સમજશક્તિ જોઈએ તેવી ફળદ્રુપ નથી."

અમથાલાલે પોતાની મહત્તા આંકવા માંડી. સતિને તે જોઈ શકે નહિ એવી રીતે નાથાલાલના પગનો અંગુઠો દબાવ્યો.

નાથાલાલે સમજી તરત બોલવું શરૂ કર્યું: "સતિનભાઇ, તમે અમથાભાઈને સમજ્યા જ નહિ. તેઓશ્રી વ્યાખ્યાનો લખવા ઉપરાંત નાટ્ય, નવલકથા, નાટિકા–નવલિકા, સંવાદ–સંવાદિકા, રાસ–રાસિકા વગેરે વગેરે સાહિત્યનાં જેટલાં અંગઉપાંગ છે તે સર્વને સાંગોપાંગ ખીલવી શકે તેવા વિદ્વાન છે. રસવહન ને રસક્ષતિના ભેદપ્રભેદ ઉપર કેટલાક વખત ઉપર અમથાભાઈએ પેથાપુરમાં એક એવું ગહન વ્યાખ્યાન આપેલું, કે કેશવલાલ ધ્રુવ સિવાય કોઈ સમજી જ શક્યું નહોતું કે અમથાભાઈ શું બોલી ગયા!"

નાથાલાલે અમથાલાલનું પૂરેપૂરૂં દિગ્દર્શન કરાવવામાં પોતાનું અજ્ઞાન બાફેલું જોઈ સતિને અટ્ટહાસ્ય કર્યું. પણ અમથાલાલને તે બહુ ગમ્યું ને તે ખૂશ થઈ ગયા.

અમથાલાલ કેટલામાં છે, અમથાલાલનું જ્ઞાન કેટલું પરિમિત અને કેટલું પોકળ છે, તેનું સતિને તારતમ્ય તારવી લીધું. અચાનક આંગણા બહાર તેની દ્રષ્ટિ મધુમક્ષિકા જોડે ઉભાં રહી અંદરનું વાતાવરણ અવલોકવામાં અને થતો વાર્તાલાપ સાંભળવામાં નિમગ્ન બનેલી રસલક્ષ્મી પર ગઈ. પણ, તેણે એ બેઉને કાંઈ સૂચના કરવાની જરૂર જોઇ નહિ.

"સતિનભાઇ, ત્યારે તમને બીજા પચાસેક આપવા પડશે ખરૂંને!" નાથાલાલે અમથાલાલ અને સતિનને ચૂપ બેઠેલા જોઈ પૂછ્યું.

"શ્રીમાન્ અમથાલાલભાઈ બધું સમજી શકે તેવા સર્વજ્ઞ–જ્ઞાતા છે એટલે મારે કહેવાનું હોય જ શું?" સતિને અમથાલાલનો ફુગો ફુલાવ્યો.

અંતરના દુઃખની લાગણી પરખાઈ ન જાય એવી સાવધાની

સાથે અમથાલાલે ગુપચુપ ગજવામાંથી ચેકબુક કાઢી વગરબોલ્યે પચાસનો બીજો ચેક લખી સતિનને દીધો.

*

મનથી નાખૂશ બનેલા અમથાલાલે પોતાની લાગણી છૂપાવવાનો પ્રયાસ કરવા છતાંય નાથાલાલ અને સતિનથી તે અજાણુ રહ્યું નહિ. સતિને તેને પ્રસન્ન કરવા એક યુક્તિ અજમાવી.

"અમથાભાઈ, આપના વ્યાખ્યાન અને સત્કારાદિ માટે કયો દિવસ નક્કી કરીએ તો આપને અનુકૂળ આવે ?" સતિને સલાહ માગી.

"જાણે જુઓને રવિવાર તો મને પસંદ જ નથી. કેમકે ઘણા-ખરા લોકો તે દિવસે અર્ધાં દેશી અને અર્ધાં પરદેશી એવાં પિક્ચર્સ જોવા દોડી જઈને દ્રવ્યની બરબાદી કરતા હોય છે. કેટલાક નાટ્ય-રસિકો રવિવારે ભજવાતાં અશિષ્ટ ખેલોમાં પ્રેક્ષક તરીકે હાજરી આપી રંગભૂમિની ચાલુ અવનતિને ટેકો આપવા દોડી જાય છે. આથી રવિવારે આપણું શિષ્ટ વ્યાખ્યાન સાંભળવા કોણ આવે ?"

"સોમવાર નક્કી કર્યો હોય તો ?"

"સોમ એટલે ચન્દ્ર. ચન્દ્ર એક ગ્રહ છે. આ ગ્રહને આ વરસે રાહુની પીડા હોવાનું મારૂં અનુમાન છે. મંગળ અને બુધ વચ્ચે આ વરસે અણબનાવ થયાનું જ્યોતિષશાસ્ત્રીઓ જણાવે છે."

"તોપછી ગુરૂવાર ?" નાથાલાલ વચ્ચે બોલી ઉઠયો.

"ગુરૂને તો આજ દોઢસો વરસથી શનિદેવની છાયા છે. શુક્રવાર ચણા ખાવા માટે પંકાઈ ગયો છે. મારૂં કથન સ્વીકારો તો શનિવાર ચીકણો હોવાથી દરેક શુભકાર્ય માટે અત્યુત્તમ છે. આ વારે થયેલું કાર્ય સ્થીર થઈ ચીકટાઈ જાય છે."

અમથાલાલે પોતાનું મંતવ્ય જણાવવા સાથે આડકતરૂં એમનું જ્યોતિષશાસ્ત્રને લગતું ઉંડું જ્ઞાન વેરી નાખેલું જોઈ સતિને અને નાથાલાલે એમને મૂગો ધન્યવાદ આપ્યો.

"હવે એક જ બાબત વિચારવાની રહી જાય છે." નાથાલાલે કહ્યું.

" શ્રોતાઓ માટે શું કરવું એ જ ને ?" સમજીને સતિન બોલ્યો.

" હા. વ્યાખ્યાન વખતે હૉલ શ્રોતાજનોથી ચિક્કાર ભરાયેલો હોવો જોઈ એ." અમથાલાલે જણાવ્યું.

" એ માટે આપ બેફિકર રહેજો." સતિને યોજના કહી. "મેં એક સરસ યોજના તે માટે વિચારી રાખી છે. આપણે જાહેરાતમાં જણાવવું કે શ્રીમાન્ અમથાલાલભાઈનું વ્યાખ્યાન સાંભળવા આવનારાની પડાપડી થાય માટે સર્વ નરનારીઓને શ્રીફળ અને મીઠાઇનું પેકેટ આપવા ઉપરાંત ભાષણ સાંભળવાનો લાભ 'ફ્રી' આપવામાં આવશે."

' આપણને કોઇ અસ્થિર મગજના માની બેસે તેવું કાંઈ ન થાય, એ ધ્યાનમાં રાખજો." અમથાલાલે સાવચેતી સૂચવી.

" કદાચ કોઈ માનશે તો જે અસંસ્કારી હશે તે. પણ અસંખ્ય સંસ્કારી જનો તો એવી કલ્પના કરશે કે કેટલાક નેતાઓ પોતાનાં ભાષણો સંભળાવવા માટે ભારે ફી લેતા ફરે છે, જ્યારે શ્રીમાન્ અમથાભાઈ એ 'ફી' ની પ્રથા નાબુદ કરવા સામેથી શ્રોતાઓને ભેટ આપવાનું નક્કી કર્યું હશે." સતિને પોતાની યોજના વિસ્તૃતપણે સમજાવી.

" તેમાંય ખર્ચ કરવું પડશે ને ?" અમથાલાલે પોતાની અંદરની અકળામણ બતાવી.

" કીર્તિકુંવરી મેળવવાનાં અને પરોપકારનાં કાર્યોમાં પૈસા સામે જોવાનું હોય? સતિનભાઈ, તમારી યોજના અમથાભાઈ ને કબૂલ છે, અને મીઠાઈ તથા શ્રીફળ માટેના ખર્ચનો અંદાજ કાઢીને કહી દેજો એટલે અમથાભાઈ ચેક ફાડી આપશે. એ માટે તેમની વતી હું ખાત્રી આપું છું—બેફિકર થઈ કાર્યની ફતેહ કરો." નાથાલાલે અમથાલાલની વતી કબૂલાત આપી.

*

મધુમક્ષિકા અને રસલક્ષ્મીના ખડખડાટ હસવાનો પડઘો ત્રણેના

કાને અથડાયો. ત્રણેય ચોંકયા. સતિનને ભય લાગ્યો કે રખે અમથાલાલના વહેમી મગજમાં અવળું ભુસું ભરાઈ ગયું તો ખિસ્સામાં સરી પડેલા બંને 'ચેક' રિફ્યુઝડ થઈ ને બેંકમાંથી પાછા ફરશે. આથી તેણે રસલક્ષ્મી તરફ જોઈ મૂક સંજ્ઞા કરી. રસલક્ષ્મી અને મધુમક્ષિકા બંને નજીક આવ્યાં અને આર્ય સ્ત્રીપ્રકૃતિના વિવેકાનુસાર દ્વાર પાસે ઉભાં રહી ગયાં.

"મધુબ્હેન કહે છે કે અમથાભાઈ જેવા વિદ્વાન અને કામગરા ગૃહસ્થ વધારે વખત રોકાયા જ નહિ હોય, એમ કલ્પના કરીને અમે અહીં ઉતાવળાં ધસી આવતાં હતાં, પણ એ સાક્ષરશ્રીને ફુરસદ મેળવી બેઠેલા જોઈ અમે અમારી ભુલભરેલી કલ્પના પર હસી પડયાં." રસલક્ષ્મીએ ખુલાસો કરી પ્રશ્ન કર્યો: "હવે ચાહ બનાવીએ ને?"

અમથાભાઈ સફાળા ટટાર થઈ બોલ્યા: "ના, ના. બહેન, તેવી તસ્દી લેવાની આવશ્યકતા નથી."

"પરંતુ કાંઈ એ બ્હેનના આમંત્રણનો અસ્વીકાર કરાય?"

"સતિનભાઈ, તમારા માન ખાતર હું બેસી રહ્યો. સાડાનવ વાગે તો મારે કિન્લૉક હૉલમાં એક લેકચર આપવા પહોંચવું છે. માટે ચાહનું બીજા સમય ઉપર રાખો. ચાલો સાહેબજી!" અમથાલાલ એટલું કહી ત્વરાથી ઓરડી બહાર જતા રહ્યા.

*

"મારો ભાગ?" નાથાલાલે સતિન તરફ જોઈ હસીને કહ્યું.

"પણ ચેક શીકરાવા તો દે." સતિન હસીને બોલ્યો.

"પણ નાથાભાઈનું કાણું ગજવું ખાલી હશે. સમજ્યા?" મધુમક્ષિકાએ સતિન તરફ જોઈ ઉચ્ચાર્યું.

સતિને ઉઠીને પોતાના ગજવામાંથી કાંઇક કાઢી નાથાલાલને આપ્યું. પૈસા ખિસ્સામાં નાખતો નાથાલાલ અમથાલાલની પાછળ ગયો.

૬ :.....................'માર્તંડ મહિલા'ની ઑફિસે

અહા ! એ તેજેથી મમ હૃદય રોમાંચ ઉપજ્યો,
અને એ રોમાંચે મમ હૃદયમાં વેદ ઉપજ્યો;
અરે ! એ વેદેથી મુજ જીવનનો ભેદ ટળિયો,
અહા ! એ ભેદે તો મુજ જીવન આદેશ ટળિયો.

*

સુરિયામ રસ્તા પરથી પસાર થતી ટ્રામમાં જમણી બાજુએ બેઠેલા ટ્રામના પેસેંજરો એક સુંદર મકાનને પહેલે મજલે આવેલી 'માર્તંડ મહિલા' નામે સાપ્તાહિકની ઓફિસનું નિરીક્ષણ કરી શકે એવી તેની રચના હતી.

દશેક વાગ્યાને સુમારે સાપ્તાહિકનાં તંત્રી કુમારી કૌમુદી બહેન, ઉપતંત્રી કુ. નિર્મલમન અને કુ. વાસંતીબહેન નવા અંકની લેખસામગ્રી વિશે વાર્તાલાપમાં નિમગ્ન હતાં.

"ખાસ અંકોમાં પત્રનો ઉદ્દેશ જાળવવા ઉપરાંત કેટલુંક એવું પણ સાહિત્ય આપવું જોઇએ કે જેમાં ખાસ વિશિષ્ટતા હોય અને વાંચકોનું આકર્ષણ વધારે." વાસંતી બોલી.

"તમે એવું કાંઈક સૂચવી ન શકો?" નિર્મલમને પૂછ્યું.

"સૂચવું તો ખરી, પણ હું જે વસ્તુ માટે નિર્દેશ કરૂં છું તેની પ્રાથમિક તૈયારી સારૂ તમારા પત્રમાં તમે થોડી જગા ફાજલ પાડી શકશો?" વાસંતીએ કૌમુદી સામે જોઈ કહ્યું.

"લેખ માટે?" કૌમુદીએ ઉત્સુકતાથી પૂછ્યું.

"ના. હું એક નવા જ પ્રકારની સાંકેતિક જાહેરખબર મૂકી તે મારફતે પબ્લીકનું આકર્ષણ વધારવા માગું છું." વાસંતીએ કહ્યું.

વાસંતી જે કાંઈ લખીને આપે તેને ચાલુ અંકમાં પ્રગટ કરવાનું કૌમુદી અને નિર્મલમને વચન આપ્યું. વિનોદિની-વાસંતીએ કોઈપણ પ્રકારનો વધુ ખુલાસો કર્યા વગર એક ટુંકી જાહેરાત લખી આપી. જાહેરાત વાંચી બેઉએ વાસંતીના કથનનું પ્રાથમિક તત્વ સમજી લીધું, ને એક બીજી સામે જોઈ સ્મીત કર્યું.

"હું ધારૂં છું કે આ જાહેરાત 'માર્તંડ મહિલા'ના ખાસ અંકને એક 'પ્રોબ્લેમ ઈસ્યું' બનાવશે." વાસંતીએ જણાવ્યું.

"તમે માથેરાન જવાનાં હતાં ને?" કૌમુદીએ પૂછ્યું.

"એ પ્રોગ્રામ ફેરવવો પડયો. મારા પિતાશ્રીએ મારા કાકાની સાથે ગિરનાર ઉપર જવાનું પસંદ કર્યું છે. મારાં બાને ગિરનારની જાત્રા કરવાનો શૉખ થઈ આવ્યો છે. એટલે અમે બધાં ઘણું કરીને જુનાગઢ જઈશું." વાસંતીએ કહ્યું.

"જવાનો દિવસ હજી નક્કી નહિ થયો હોય!"

"મારા પિતાશ્રી નક્કી કરે તે દિવસ ને તે ટાઈમ. એમની ઈચ્છા થાય તો આવતી કાલે પણ અમે બધાં ઉપડીએ."

"તમારી નવી બાની હાજરીમાં તેમની સાથે રહીને તમે તમારી નામરાશી વિનોદવૃત્તિને કેવી રીતે પોષી શકશો?" કૌમુદીએ પૂછ્યું.

" અમારી સાથે આ વખતે મારા કાકાની પેઢીના મુખ્ય મુનીમ, અમારી પેઢીના મહેતાજી અને બીજાઓ પણ કેટલાક આવવાના છે. તેમાંથી અતિ ગંભિર પ્રકૃતિની ન હોય એવી એકાદ બે વ્યક્તિઓ મળી જાય એટલે બસ. મારાં નવાં બા મારી પ્રત્યે પેટની દીકરી બરાબર હેત રાખે છે. તે બહુ ભણ્યાં નથી, પરંતુ માયાળુ તો આપણા જેવી ભણેલીઓ કરતાં ઘણાં જ. અને તે મમતા સાચા દીલની—ઉપર ઉપરની દેખાવ કે ડોળ પુરતી નહિ." વિનોદિનીએ પોતાના સ્વભાવ પ્રમાણે જે હતું તે કહ્યું.

*

ત્રણે થોડીકવાર મૌન રહ્યાં. વાસંતી ઉઠવાની તૈયારીમાં હતી એવામાં ઑફિસના દરવાજા પાસે કોઈ તાકીને જોઈ રહેલું હોય એમ લાગતાં તેણે નિરીક્ષણ કર્યું.

" કોણ અમથાભાઇ !" વાસંતીએ તેમને જોઈ સાશ્ચર્ય ઉચ્ચાર્યું.

" હા—હું." અંદરથી અવાજ આવ્યો ને તરત જ આવકાર કે રજાના વિવેકની રાહ જોયા વગર અમથાલાલ પ્રવેશ્યા અને ખિસ્સા-માંથી એક કાર્ડ કાઢી કૌમુદી આગળ ધર્યું.

" આ મિસ્ટર કોણ છે ? મુંબઇમાં નવાસવા આવેલા લાગે છે." કૌમુદીએ વાસંતી તરફ જોઈ ને પૂછ્યું.

" વધુ પડતો મોભો ધરાવતા, વિવેક અને શિષ્ટાચારને પી ગયેલા કોઈ જેન્ટલમેન લાગે છે !" નિર્મલમન માર્મિક બોલી.

" ઉપરાંત તમારા પત્ર માટે કેટલીક સરસ સામગ્રી પણ પુરી પાડે એવા એ છે." વાસંતીએ ઉમેર્યું.

વાસંતીના કટાક્ષનો ભાવાર્થ સમજવાની તસ્દી ન લેતાં અમથાલાલ નિર્મલમન તરફ તાકીને જોયા પછી નરમાશથી બોલ્યા, " આ કાર્ડ મારી સંપૂર્ણ ઓળખાણ આપને આપશે."

કાર્ડમાંનું ટુંકું લખાણ વાંચી નિર્મલમન ચકિત નયને અમથાલાલ તરફ જોઈ બોલી: "જેમનું ચોપાટીપરની પુષ્પકુંજમાં સન્માન થવાનું કહેવાય છે તે આપ પોતે જ."

"હાજી, એજ હું અમથાલાલ બી. મહેતા. પણ તમે છાપું કાઢતાં હોવા છતાં મારા જેવી જાહેર વ્યકિતને ઓળખવાની દરકાર સરખી ન કરી એ માટે તમારે બદલે મારે દીલગીરી દેખાડવી પડે છે, તો માફ કરશો. તમારૂં નામ?"

"નિર્મલમન."

"ખરે જ નામમાં નવિનતા ભરી છે: નિર્મલ ભાવનાવાળું પણ છે. આવું નામ તો પુરૂષનું હોઈ શકે. હું ધારૂં છું કે આ ગાંધીયુગની સંખ્યાબંધ બહેનો પોતાને પુરૂષસમોવડી માને છે; પણ તમે તો તમારૂં નામ પુરૂષના જેવું રાખી ખરેખર એ કહેવું સાર્થક બનાવ્યું ગણાય."

"મારૂં નામ મેં નથી રાખ્યું." નિર્મલમન વ્યંગમાં બોલી

"તમારાં ફોઈબાએ રાખ્યું હોય તો નવીન પ્રકારના નામસંસ્કરણ માટેનો યશ એમને મળ્યો માનો. ઠીક, પણ તમે આ બહેનનું નામ જણાવવાનું તો ભૂલી જ ગયાં." અમથાલાલે પોતાની પ્રતિભા પાડવાનો યત્ન જારી રાખતાં કૌમુદી તરફ અને પછી પુનઃ નિર્મલમન સામે જોતાં જરા દમામથી પૂછ્યું.

વાસંતીએ કહ્યું, "કૌમુદી."

*

નિર્મલમને કાર્ડ તરફ વાસંતીનું ધ્યાન ખેંચ્યું. તેણે એ વાંચી કૌમુદીને આપ્યું અને અમથાલાલ તરફ નજર ફેરવી હસતા મ્હોંએ બોલી: "અમથાલાલભાઈ, આ કાર્ડમાં આપનો બસ્ટ છાપ્યો છે, એ તો જાણે કે સમજ્યાં, પણ નામ નીચે જે. એમ. પી. સ્મોલ ટાઈપમાં છાપ્યું છે. તેનો મીનીંગ શો છે? છાપખાનાના ભૂતે જે. પી. ને બદલે ભૂલથી વચ્ચે 'એમ'નો ટાઈપ તો ગોઠવી દીધો નથી ને?"

અમથાલાલે સ્હેજ ફુલાઈને મ્હોં ઉપર નમ્રતાનો કૃત્રિમ દેખાવ કરી નાટકી હાવભાવથી જણાવ્યું: "નહિ. વચ્ચેનો 'એમ' નિરર્થક નથી; બરાબર સાર્થક છે."

"ત્યારે જે. એમ. પી. એ કોઈ આપની સ્પેસ્યલ ડીગ્રી કે હોદ્દો સૂચક સંજ્ઞા હશે." વિનોદિએ બીજો કટાક્ષ કર્યો.

"ડીગ્રી તો ખરી જ. પણ કોંગ્રેસ એટલે ગાંધીવાળાએ બૉયકોટ કરેલી, ને પરદેશી સરકારે સ્થાપેલી યુનિવર્સિટિની નહિ; પરંતુ મારૂં સ્થાન નિર્દેશ કરતી અને વ્યક્તિસ્વાતંત્ર્યને પ્રકાશમાં મૂકતી મારી ઓફીસ્યલ સર્વિસના પ્રતિક રૂપ એ સંજ્ઞા છે."

"એટલે કંઈ સમજાયું નહિ."

"તમારા જેવાં વિદુષી સન્નારી આવું ન સમજે એ આશ્ચર્ય! ખેર. સાંભળો. જે એટલે જનરલ, એમ. એટલે મેનેજર અને પી. એટલે પેઢી. હવે સમજ્યાં?"

"કાંઈક; બરોબર નહિ."

"અમથાલાલ બી. મહેતા, જનરલ મેનેજર ઑફ પેઢી એવો એ લઘુલિપિનો સંજ્ઞાર્થ થાય છે." અમથાલાલે સ્પષ્ટીકરણ કર્યું.

વાસંતી, નિર્મલમન અને કૌમુદીના મુખે ક્ષણોક્ષણ રેલાઈ રહેલા હાસ્યથી પોતાની ફતેહ માની અમથાલાલ પણ ખુશ ખુશ થતા જણાયા.

થોડીકવાર શાન્ત રહ્યા પછી કૌમુદીએ પૂછ્યું: "વિદ્વાન મહાશય! અવિનય જેવું લાગે તો માફ કરશો; પણ મારી એક વધુ શંકાનું સમાધાન કરવા તસ્દી લેશો?"

અમથાલાલે ગંભીરભાવે કહ્યું: "એ તો દરેક અગ્રણી કાર્યકર્તાની ફરજ છે." પોતાનું વિચિત્ર તત્વજ્ઞાન દર્શાવતાં એમણે આગળ કહેવા માંડયું: "શંકાનું સમાધાન એટલે ભૂલેલાને માર્ગ બતાવવો. દરેક જાહેર કાર્યકર્તા પુરૂષની એ તો અવસ્યે ફરજ છે!"

"થેંક્યુ. આપના ફોટાવાળું આ કાર્ડ અમને આપવામાં આપનો હેતુ શો સમાયેલો છે?" કૌમુદીએ પ્રશ્ન કર્યો.

"એ મારૂં વિઝિટીંગ કાર્ડ છે. ઘણા લોકો પોતાનું વિઝિટીંગ કાર્ડ નાનું રાખે છે, અને તેમાં માત્ર નામની એકાદ બે લીટી જ છાપે છે. તેથી કોઈ વખતે ભારે ગોટાળો થવાનો સંભવ રહે છે. ધારો કે મારા નામનું આ કાર્ડ લઇ બીજો કોઇ તમારી પાસે આવે તો તેને જોતાં જ તમે પારખી શકો કે આવનાર અસલ અમથાલાલભાઈ નથી, પણ નકલી છે. આ પ્રમાણે કાર્ડમાંનો ફોટો ખરા ખોટાની ખાત્રી એટલે પ્રમાણ રૂપ છે." અમથાલાલે ફાવ્યો તેમ ગોળો ગબડાવ્યો.

આથી ત્રણે ખૂબ આનંદમાં આવી ગયાં, અને અમથાલાલને વધુ ખીલવવા ઉત્સુક થયાં.

*

"આવું વિઝિટીંગ કાર્ડ હું પહેલી જ વાર જોઉં છું. મૂછ વિનાનું સફાચટ સ્ત્રીસ્વરૂપી દેખાવનું મ્હોં, માથા પરના હોળેલા વાળમાંનો વાંકો સેંથો, અને કપાળની હિંગળાની લાલ ચટક ટીલડી: એ સર્વ સ્ત્રીસૌન્દર્ય અને કૌમાર્યભાવનો આબેહુબ સરસ આભાસ આપે છે." મોં ઠાવકું રાખી નિર્મલમન બોલી.

"અમારી ખરી નવિનતા, વિશિષ્ટતા કે વિચિત્રતા જે સમજો તે સર્વ એમાં જ છે. કાંઇક નવું કરવું, નવો ચીલો પાડવો, વગેરે વાતો તો બધા જ કરે છે; પણ મેં તો સક્રિય કરી બતાવ્યું હોય એમ તમને નથી લાગતું? કોઈ પણ પ્રકારની નવિનતા કે વિશિષ્ટતા વિના પ્રકાશમાં અવાતું નથી, એ મારૂં ખાસ મંતવ્ય છે. આપણા એક ગુર્જર કવિશ્રીનો પણ આવો જ સિદ્ધાંત છે. આપણી લગ્નપ્રથા વિશે પણ હું આવું જ માનનારો છું. સ્ત્રીઓ પોતાના લલાટમાં ટીલડી ચોડે છે તો પુરૂષોએ શા માટે ન ચોડવી? સ્ત્રીઓ પુરૂષો પેઠે બુટ,

સ્લીપર, વાસકોટ અને આગળ વધીને લેંઘો વગેરે પહેરતી થઈ નથી શું ? એ ટીલડી એક લગ્નેચ્છુ કુમારિકા બ્હેનની આ સેવક પ્રત્યેની લાગણીની પ્રસાદી રૂપ છે. સમજ્યાં ?" અમથાલાલે ખુલાસામાં લાંબું ભાષણ જ કરી નાખ્યું.

"એ કુમારિકા સદ્‌ભાગી તો ખરી." વાસંતી વ્યંગમાં બોલી.

"દિવાળી અને બેસતા વર્ષ જેવા માંગલિક પર્વના દિવસે અભિનંદનાર્થે પણ હું આ જ કાર્ડ હાલ મોકલું છું. એથી પત્યક્ષ નહિ તો પરોક્ષ પણ પ્રસિદ્ધિ સાથે ઓળખાણ થઈ શકે છે. ગઈ દિવાળીએ કેટલીક બ્હેનો–સ્ત્રીમિત્રોને મેં આ મારા ફોટાવાળું જ કાર્ડ મોકલેલું. એ પરથી તો કેટલાય પત્રો મારી ઉપર આવ્યા છે; અને તેથી મને મુંઝવણ ઉભી થઈ છે." અમથાલાલે સાભિમાન કહ્યું.

"એ માટે એક ટ્રીબ્યુનલ નીમો !" વાસંતી ગંભીરતાથી બોલી: "નેકટાઇની જગાએ મંગળસૂત્ર કે ફેન્સી નેકલેસ હોત તો નૂતનતામાં ઓર વૃદ્ધિ થાત. આપના આ વિઝિટીંગ કાર્ડની નવી આવૃત્તિમાં એટલો સુધારો કરવાનું જરૂરી લાગે છે."

ત્રણે સામસામે જોઈ મૂકભાવે હસ્યાં. પોતાની આ 'ઓરીજનલ' શોધ માટે અમથાલાલને આત્મસંતોષ થયો.

*

"આજનું 'સમાચાર' હોય તો જરા લાવોને." ત્રણેને એક બીજી સામે હસતી જોઈ અમથાલાલે કહ્યું.

"કેમ, શું કરવું છે ?" કૌમુદીએ ઉત્સુક થઈ પૂછ્યું.

"જાણવા જેવી કાંઈક નવિનતા હશે ત્યારે જ તો–" એટલું કહી નિર્મલમને ઉઠીને થોડે દૂરની એક ટ્રીપાઈ પર પડેલું 'સમાચાર' લઈ જોવા માંડ્યું. અમથાલાલે તેના હાથમાંથી તે ખેંચી લઈ નિમિષ માત્રમાં પોતાની છબી સાથે છપાયેલા એક ફકરા પર સૌનું લક્ષ ખેંચ્યું.

નિર્મલમને ઉત્સુક અને ચકિત થઈ જરા મોટેથી વાંચવા માંડ્યું:

જાહેર સન્માન સમારંભ:—

શ્રીસન્માનપ્રિય, સહિષ્ણુતાના સાગર, નામચીન શહેરી શ્રીમાન્ અમથાલાલભાઇનો સન્માનસમારંભ શનિવારે રાત્રે બીજો સિનેમા શૉ પુરો થયા પછી ચોપાટી અને રેલ્વે લાઇન વચ્ચેના વિશાળ પુષ્પકુંજમાં ગોઠવવામાં આવ્યો છે. જે સમયે સ્ત્રીપુરૂષ વક્તાઓના વ્યાખ્યાનરૂપી વચનામૃત ઉપરાંત શ્રોતાઓની જિહ્વાતૃપ્તિ અર્થે તદ્દન નવીન વાનીઓ 'ખાટીમીઠી' તેમ જ ચહા–કૉફીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તો ખાનપાનના રસિકજનો:આ સબરસાસ્વાદ લેવા પધારી સેવકને આભારી કરશો.

લિ. આપ સૌનો
અમથાલાલ કંકુભાઈ મહેતા
સહી દસ્કત પોતે.

નિર્મલમને વાંચી કૌમુદીને આપ્યું, ને કૌમુદીએ વાસંતીને વંચાવ્યું. જાણે સંગ્રહસ્થાનને યોગ્ય કોઈ અજાયબ વસ્તુને નિહાળીને જોતી હોય તેમ અમથાલાલના ચહેરા તરફ ત્રણે મીટ માંડી રહી.

"અમથાભાઈ, સતિનભાઇએ મને આ નોટીસનો મુસદ્દો બતાવેલો તેમાં ને આમાં તો ઘણો ફેર છે." વાસંતી બોલી.

"મેં પાછળથી તેમાં એકદમ સુધારો કર્યો હતો." અમથાલાલ સગર્વ બોલ્યા.

"ઠીક. આમાં 'સબરસાસ્વાદ' શબ્દ મુકચો છે, તેનો શો અર્થ છે? સબરસ એટલે તો મીઠું!" વાસંતીએ પૂછ્યું.

"તમે સંસ્કારી છતાં ભાષાની ખૂબી બરોબર સમજતાં નથી લાગતાં. સબરસ એટલે સર્વે પ્રકારના રસ–માત્ર મીઠું એક જ નહિ: શર્કરા–ચહા–ખમણ–માખણ વગેરે બધું તેમાં સમાઈ શકે. સમજ્યાં?"

"આવો ખોટો અર્થ કોઈ સાક્ષર નહિ સ્વીકારે!"

"પણ હું એના લેખક તરીકે પોતે સ્પષ્ટતા કરૂં છું તો પછી સ્વીકાર કે અસ્વીકારનો પ્રશ્ન જ ક્યાં રહે છે?"

"પણ વિદ્દ્વર્ય! આ તો એક પ્રકારની જાહેરાત જેવું લાગે છે." નિર્મલમને કટાક્ષ કર્યો.

"રિપોર્ટમાં અને જાહેરખબરમાં કાંઈ ફેર ખરો કે?" કૌમુદી આંગમાં બોલી.

"હાજતો. ફેર કેમ નહિ? જાહેરાતના તો પૈસા આપવા પડે." કહી વાસંતીએ સ્મિત કર્યું.

"મેં પણ આ રિપોર્ટ છપાવવાના પૈસા ખર્ચ્યા છે. સતિનભાઈએ તો લાંબુંલચક લખાણ લખેલું. પણ બીલ વધી જવાની અગમચેતી વાપરવાની નાથાલાલે સૂચના કર્યાથી મેં તેમાં સુધારો કરવા ઉપરાંત ઘણું કટીંગ કરી નાંખ્યું." વાસંતીના ગુઢ કથનનો ભાવાર્થ સમજવાની તસ્દી લીધા વિના, અમથાલાલે આ જાહેરાત મફત છપાવ્યાની શંકા ન આવે એવા ભયથી વણમાગ્યો ખૂલાસો કરી, પોતાનું પોકળ ખુલ્લું કર્યું.

"એ તો આ ટૂંકી જાહેરખબરોવાળા કોલમના નીચેના ભાગમાં છપાયેલું છે એ જ કહી આપે છે કે આપે અગમચેતી વાપરીને કોઈને કશાય દલીલ કરવા કે બોલવા જેવું રહેવા દીધું જ નથી!" કૌમુદીએ અમથાલાલની કુનેહ સ્વીકારવાનો ઉપલકીયા ડોળ કર્યો. આથી અમથાભાઈ હરખાયા.

*

જાહેરાતમાંની સહી તરફ જોઈ ખાત્રી કર્યા પછી અતિ મુશ્કેલીએ ગંભીરતા જાળવતાં નિર્મલમને પૂછ્યુંઃ "અમથાલાલભાઈ! આપના પિતાશ્રી સ્ત્રીત્વના ચૂસ્ત ઉપાસક હતા કે શું?"

"હશે કદાચ; પણ મારી પેઠે દઢાગ્રહી તો નહિ જ." અમથાલાલે નિર્મલમનનો કટાક્ષ સમજ્યા વિના જવાબ દીધો.

"ત્યારે એમને સ્ત્રીના જેવું જ ઉપનામ રાખવાનો શોખ હશે."

"નહિ. મારા પિતાએ કદી પોતાનું ઉપનામ રાખ્યું જ નથી."

"તો એમનાં એ નામ હશે. પણ કહો તો ખરા કે એમનું ખરૂં નામ ભૂખણદાસ કે કંકુબાઈ?" નિર્મલમને અજાણતાના ડોળથી પૂછ્યું.

"કંકુબાઈ મારાં મધરનું નામ." અમથાલાલે પોતાના મ્હોં પર જ્ઞાનભાવ પ્રગટાવતાં કહ્યું.

"આજ સુધી કોઇએ પોતાના નામ સાથે પોતાનાં મધરનું નામ જોડયું જાણ્યું નથી. ત્રિયારાજવાળા દેશની નકલ હશે !" કૌમુદી બોલી.

"કોઈએ કરેલાનું અનુકરણ કરવામાં નવીનતા શાની? એ તો ઉચ્ચીષ્ટ અન્ન ખાવા જેવું કહેવાય. કેમ ખરૂં ને અમથાભાઈ!" વાસંતીએ એમની ખૂબીનો સાર દર્શાવ્યો.

"એમાં સંદેહ શો? તમે બરાબર સમજ્યાં છો. અનુકરણ એ કાંઇ મૌલિક કહેવાય? માતાનું નામ પિતાને બદલે મૂકવાની આ પ્રથા હું પહેલવહેલી જ શરુ કરવા માગું છું અને તેમાં મારો એ ઉદ્દેશ રહેલો છે કે જે જનેતાએ આપણને અનેક કષ્ટો સહી જન્મ આપ્યો; લાડ લડાવ્યાં ને હુલાવી ફુલાવીને મોટા કર્યા તેની ચિરંજીવી સ્મૃતિ માટે આ સિવાય બીજો કોઇ સરસ ઉપાય નથી. આપણા માટે માતાએ સહન કરેલાં દુઃખો જોતાં પિતા કરતાં માતાને આ સ્થાન ભોગવવાનો અધિકાર વધારે છે, એમ નથી લાગતું?" અમથાલાલે પોતાની ફીલસુફી રજુ કરી.

"આપની આ પ્રથામાં નવીનતાને બદલે વિચિત્રતા કોઇને નહિ લાગે?" નિર્મલમને સમજવાની જિજ્ઞાસા દર્શાવી.

"કોઇને કેમ લાગશે અને કેમ નહિ, એની દરકાર જો મહાત્મા ગાંધીજીએ કરી હોત તો હરિજનોને સવર્ણ સાથે ભેળસેળ કરવાનું કાર્ય એમનાથી કદી થયું જ ન હોત. બીજા ઘણાએ મહાપુરૂષોના એવા કામકાજના દાખલા મારા મગજમાં ખીચોખીચ ભર્યા છે. પણ પ્રસ્તુત મુદ્દો મારા સંબંધમાં હોવાથી બીજાઓનાં દ્રષ્ટાંત આપી મારી ઓરીજનાલિટીને ભ્રષ્ટ કરવા હું માંગતો નથી.." પોતે બહુશ્રુત-

છતાં અભિમાની નથી, એવું આડકતરૂં સૂચવ્યા પછી બીજાઓને શંકા કરવાની તક મળે એ પહેલાં જ એમણે એનું સમાધાન આપવા માંડ્યું:

"તમે ત્રણે કેળવાયેલાં હોવાથી તમને વિદિત જ હશે કે કેટલાંક વરસોથી દુનિયાના દરેક દેશે માતૃભૂમિને પૂજ્ય પરમેશ્વરી માનવા માંડી છે. હિન્દુસ્થાન એ સમજથી વંચિત હતો તે પણ હવે તો ભારતમૈયાની જયઘોષણા ગજાવવા લાગ્યો છે. આમ જ્યારે માતૃભૂમિ એટલે માતારૂપ ભૂમિનું નામ અને મહત્વ છડેચોક ગવાતું અને મનાતું હોય ત્યારે પોતાની માતાને જ ભૂલી જવું એ મૂર્ખાઈ નથી? કદાચ આપણા દેશનેતાઓ, તત્વવેત્તાઓ કે સાહિત્યકારો હિન્દુસ્તાન-નો નકશો જોઈ કાઠિયાવાડને પછાત રાખવા જેવી આ ગંભીર ભૂલ જોઈ ન શકે; પણ મારા જેવા Plail speakerથી–સ્પષ્ટવક્તાથી એ કેમ ચલાવી લેવાય?" આટલું બોલતામાં અમથાલાલ આવેશમાં આવી ગયા. એમને ઉભેલા જોઈ નિર્મલમને થોડે દૂર પડેલી ખુરશી ખેંચી બેસવાનો આગ્રહ કર્યો.

અમથાલાલે એક પગ જમીન પર ને બીજો ખુરશી પર સ્વદેશી ઢબે ટેકવી પોતાનું અગાધ જ્ઞાન દર્શાવતી દલીલ આગળ ચલાવી: "સ્વદેશની સ્વતંત્રતામાં માનનારા આપણા લોકો 'વંદેમાતરમ્' કેમ પોકારે છે? કોઈ 'વંદેપિતરમ્' કેમ બોલતું નથી? જ્યારે 'વંદેપિતરમ્' પોકારવું વાસ્તવિક ગણાશે ત્યારે આપણે આપણા નામ સાથે પિતાનું નામ જોડ્યું સાર્થક ગણાશે. આજે તો વંદેમાતરમ્નો જમાનો ચાલે છે."

*

અમથાલાલનું આ દોઢડહાપણીયું વ્યાખ્યાન સાંભળીને ત્રણેથી હાસ્ય રોકી શકાયું નહિ. ઘડિયાળમાં વખતનું માપ વધી ગએલું જોતાં અમથાલાલ ચોંક્યા અને ઉતાવળે ઉઠી ચાલી નીકળવા તૈયાર થયા.

"મહાશય, જરા થોભો, હું પણ આવું છું." કહી વાસંતીએ એમને રોક્યા ને તેણે કૌમુદી સાથે થોડીક ગુપ્ત વાતચીત કર્યા પછી તે પણ ઉઠીને અમથાલાલ સાથે બહાર નીકળી.

"મેં ટ્રામમાંથી તમને આ ઑફિસમાં બેઠેલા જોયાં એટલે હું ઉતરીને મુદ્દામ ઉપર આવ્યો." અમથાલાલ બોલ્યા.

"આપ ટ્રામમાંથી ઉતરી ઑફિસમાં પધારો છો એવી મને ખબર હોત તો હું સ્વાગત કરવા સામી આવત !"

"તેવી કશી જરૂર નહોતી. પણ તમે મળતાં કેમ નથી ?"

"આપ મળો ત્યારે હું મળી શકું ને!"

"મારા આવાસે આવી શકશો ?"

"આપનો આવાસ એવા લતામાં છે કે મારા જેવી બાળાએ ત્યાં આવવું ઠીક ન લાગે."

"કહો તો હું તમારા આવાસે આવું!"

"ના જી. આપને એવી તકલીફ શા માટે આપવી ?"

"ત્યારે મારે દર્શન માટે ક્યાં આવવું?"

"આપની એ લાગણી માટે આભાર. પણ હાલમાં હું ગિરનાર તરફ હવા ખાવા જવાની હોવાથી મુંબઈમાં આપનાં દર્શનનો કે મુલાકાતનો લાભ લઈ શકું તેમ નથી. પરંતુ ત્યાંથી પાછી આવ્યા પછી અનુકૂળતાએ વાત."

"મારો સન્માનસમારંભ ઉજવાયા પછી જશો ને ?"

"એ બાબતમાં હું કાંઇ ચોક્કસ કહી નહિ શકું—કારણ હું સ્વાધીન નથી."

અમથાલાલ ને વાસંતી સીડી ઉપરથી ઉતરતાં હતાં. તેવામાં એકાએક વાસંતીને એક નવો બુટ્ટો સુજી આવ્યાથી તે બોલી:—
"અમથાભાઈ, આજ સાંજના છ–સાતેક વાગે એપોલો પર આપ આવી શકશો ? મારે કેટલીક અંગત વાતો કરવી છે."

"જરૂર. ફુરસદ મેળવીને ખાસ આવીશ."

વાસંતી સાથે શેકહેન્ડ કરી અમથાલાલ પોતાની પેઢી તરફ ગયા. અમથાલાલના દેદાર ઉપર વાસંતી મનમાં જ ખૂબ હસી રહી.

તું છે અજબ, તું છે ગજબ, ચશ્મો વગર દેખાય તું;
છે ખલ્કમાં, છે ખ્વાબમાં, કાનો વગર સંભળાય તું.
દિલ માત્રની છે તું જ દમ મારાય દિલની દમબદમ;
હરદમ પુકારૂં બાંગ તારી જો સનમ ખુશ થાય તું.
તું ખૌફ ને તું ખુશ્નુમા, તું હુશ્ન છે, ચિરાગ છે;
હું બાગમાં ખીલી ઊઠું જો ગુલ ગુલિસ્તાં થાય તું.

*

મુનીમજીનો ઠપકો ન મળે. એટલા માટે વાસંતીથી છૂટા પડયા પછી અમથાલાલ ઉતાવળા ઉતાવળા ટ્રામમાં ચઢી ગયા અને લહેરમાં આવી કવિતાની ઉપલી કડીઓ બોલવા લાગ્યા. કન્ડકટરે ટીકીટ માટે ઇસારો કર્યો ત્યારે જ એમને ભાન થયું કે મનમાં ગણગણવાને બદલે કવિતાની કડીઓ જોરથી બોલાઇ ગઇ.

વખતસર પેઢીમાં હાજર થઇ જવાથી એમના દિલમાં કોઇ ભારે અકસ્માતથી બચ્યા હોય એટલો સંતોષ થયો.

પોતાની પેઢીના માણસો આગળ તે દિવસે હર્ષોન્મત્ત થઈ પેલી સ્ટીમર્લૉન્ચના નામને મળતા આવતા પોતાના ભાવિ ગૃહિણીના નામનો એમણે જે ઉલ્લેખ કર્યો હતો તે એક ગપગોળો હોવાનું પોતાને જણાયાથી 'જયલક્ષ્મી' ને બદલે ખરું નામ 'સજનિકા-બાલા' કહી દેવાનું ઉચિત જણાયું. પેઢીના કાર્યકર્તાઓ અને મુનીમ વગેરેનું આગમન થયા પછી અમથાલાલ નિત્ય નિયમાનુસાર પોતાની કામગીરીમાં પ્રવૃત્ત થઈ ગયેલા દેખાયા.

સજનિકાબાલાના સ્મરણમાં, વાસંતીએ આપેલા મિલન માટેના નિમંત્રણની કલ્પનામાં, અને નિર્મલમન તથા કૌમુદી સાથેનો પરિચય વધારવાની સ્વયપ્રેરણાના તરંગમાં અમથાલાલ જાણે અપ્સરાઓના વૃંદથી ઘેરાયેલા સ્વર્ગાધિરાજ ઇન્દ્રદેવતાની સૃષ્ટિમાં જન્મેલી કોઈ અવતારાવૃત્તિ હોય તેમ કલ્પી દિવ્યાનંદે ડોલતા પોતાની ફરજ બજાવવા બેઠા તો ખરા; પણ ચિત્ત કામમાં ચોંટતું નહોતું.

*

સાંજ થવા આવી. મુનીમે રોજના કરતાં વધારે ગુંચવણ ભરેલું પેઢીને લગતું કાર્ય પતાવી અમથાલાલ તરફ જોયું ને બોલ્યાઃ "અમથાકાકા, ઘણું કરીને શેઠજી તથા શેઠજીના ભાઈ આજકાલમાં સહકુટુંબ ગિરનારની જાત્રાએ જવાના છે, તેમની સાથે મારે પણ જવાનું થશે."

"સુખેથી પધારોઃ કાંઈ ફિકર નહિ. આપના કામકાજમાં હું જરાય ખામી નહિ આવવા દઉં." જાણે મુનીમજીના જવાથી પેઢીનો બધો જ ભાર પોતાને માથે મૂકાવાનો હોય તેમ ગંભીર થઇને અમથાલાલે કહ્યું.

"પણ તમારા જેવા વિનોદી સંગાથી વિના મને ગિરનાર પરનું સૃષ્ટિસૌન્દર્ય શુષ્ક લાગશે, તેનું કેમ?" મુનીમ હાસ્યભાવે બોલ્યા.

"મને સૌ એમ જ કહે છે. આપ ફરમાવો તો હું પણ સાથે આવું. પણ મુનીમજી, જુઓ, આજના 'સમાચાર'માં મારે વિષે એક લેખ

છપાયો છે." કહી અમથાલાલે ઉમંગભેર ખિસ્સામાંથી 'સમાચાર' કાઢ્યું અને પોતાના સંબંધમાં છપાયેલા ફકરા તરફ મુનીમજીનું લક્ષ ખેંચ્યું.

" આ અમથાલાલ તો કોઇ બીજા હશે. " મુનીમે કહ્યું.

" નહિજી; સેવક પોતે જ."

" પણ નીચે સહી 'અમથાલાલ કંકુબાઇ' એમ છે ને ? "

" એ જ ખુબી છે સાહેબ આ સેવકની. આપણા ચાલતા આવેલા હજારો વર્ષના સંસારી વટીવટમાં નવો ચીલો–શ્રીયુત્ મુનશીજીના શબ્દમાં કહું તો નવી પ્રણાલિકા–પાડવા પિતાને બદલે માતાનું નામ મેં જાણી જોઈને લખ્યું છે." અમથાલાલે ખુલાસો કર્યો.

પેઢીના બધા જ કાર્યકર્તાઓ આ વિચિત્ર જવાબ સાંભળી અજાયબ થયા; પરંતુ અમથાલાલને ઉતારી ન પાડતાં આ નવિનતા ભર્યા સાહસ માટે દરેકે તારીફ કરી તેમને શાબાશી આપી.

ટીંખળી રામપ્રસાદ વ્યંગમાં બોલ્યો: " અમથાકાકા, ખોટું ન લગાડતા. જરા વધુ નવિનતાની ઉણપ મને જણાય છે. જેમ 'સીતારામ', 'ઉત્તરા–અભિમાન્યુ', 'ઉષા–અનિરૂદ્ધ', 'રાણકદેવી––રા'ખેંગાર' વગેરે દંપતિ યુગલનાં નામો સાથે જ ઉચ્ચારાય છે તેમ તમે પણ 'જયલક્ષ્મી અમથાલાલ કંકુબાઈ' આમ સહી કરી હોત તો તમે આખા દુનિયાની નવીનતાના 'માસ્ટરપીસ' ચોક્કસ ગણાત."

અમથાલાલ આથી સહેજ નારાજ થયા પછી થોડીવારે જવાબ વાળ્યો: " લગ્ન પછી હું એમજ કરવાનો છું: આપે ફીકર ન કરવી. પણ જયલક્ષ્મી તો મારાં ભાવિ પત્નીનું મેં કલ્પેલું ઉપનામ છે. 'જયલક્ષ્મી' સ્ટીમલૅાન્ચમાં એકવાર સફર કર્યા પછી એ નામ મને બહુ જ અર્થસૂચક અને સુરૂચિકર લાગેલું એટલે મેં કલ્પી લીધેલું."

" ત્યારે તમારાં ભાવિ પત્નીનું ખરૂં નામ શું ? " મુનીમે પૂછ્યું.

" સજનિકાબાલા." અમથાલાલે હોંશભેર ઉચ્ચારતાં એમના મોઢા પર લજ્જાત્મક લાલાશ તરી આવી.

"તે દિવસે તો નામ બોલતાં બહુ શરમાતા હતા!" કેશિયરે કટાક્ષ કર્યો.

"શરમને પણ મર્યાદા હોવી જોઈએ, એમ હું હવે ધીમેધીમે માનતો થયો છું. ભૂતકાળમાં થયેલી ભૂલ ચાલુ રાખવી, એ ડહાપણ કહેવાય?" અમથાલાલને સમજણનો અતિરેક થયો હોય એમ જણાયું.

*

પૃથ્વીના અર્ધ ભાગ પર નિશાએ પગલાં માંડયાં એ જ વખતે અમથાલાલ સર્વની સાથે પેઢી બહાર નીકળ્યા ને વાસંતીને મળવાના ઉમંગમાં તે જોશભેર એપોલો તરફ ઉપડયા.

સમુદ્રતીરે જઈ એમણે ચોમેર દ્રષ્ટિ ફેરવી જોયું ને હતાશ થઈ એક બેન્ચ પર બેસી ગયા.

એક કલ્પનાતરંગ એમના મગજમાં પ્રવેશ્યો: 'સજનિકાબાલાની વાણીમાં કૃષ્ણબંસરીસમું માધુર્ય અનુભવ્યું; વાસંતીના લલાટમાં સ્વર્ગીય જ્યોત્સ્નાને ઝબકતી દીઠી. એકની મુખાકૃતિ અરૂણછાયાથી ઉજાસ મારતી જોઈ; બીજીની વદનકાંતિમાં ઉષાને છૂપાઈ રહેલી નિરખી. ભલે, તે મનના ભાવ મનમાં જ દબાવી રાખતી; પણ મારા જેવો ચતુરાનો મનપારખુ એ સમજી ન શકે, એવું બને ખરૂં? નિર્મલમન પણ એમના મુખપત્રના નામ પ્રમાણે 'માર્તંડ મહિલા' તો જરૂર કહેવાય.'

અમથાલાલ પોતાને નવયુગનો 'યમુનાતટવિહારી કૃષ્ણકનૈયો' માની મનમાં જ અવનવા ઘાટની ઘડભાંગ કરવા લાગ્યા.

બીજી જ પળે એમના સ્મૃતિનભમાં કૌમુદીનું એક જ વખતનું મિલન તારલા રૂપે ચમક્યું:

'એ પણ કુમારી હોવાનું સાંભળ્યું છે. મારા તરફના એના હૃદયના ભાવ મેં સ્વતઃ એના જ મુખચન્દ્ર પર પ્રગટી નીકળેલા જોયા છે: જાણે ચંદ્રની આસપાસ ચમકી રહેલા તારલા! એ પણ સમય જતાં વાસંતી પેઠે મારી સાથે પરિચય વધારવાનો પ્રયત્ન આપો–

આપ કરશે, એમ લાગે છે. પરિચયમાં આવતી સંસ્કારવતીઓ સાથે વધુ હળતાભળતા થઇ જવાની કલાને કેળવી વિકસાવવાની જરૂર ખરી.'

તે એકાએક વિચારમાંથી ચોંકી ઉઠયા. જે બેન્ચ પર પહેલાં તે એકલા બેઠા હતા, ત્યાં એક પારસી જોડું આવીને જામી ગયેલું જોઈ એમના મનમાં કાંઇક કચવાટ પેદા થયો. એમણે એ સ્ત્રી તથા એ પુરૂષની જોડલી તરફ ત્રાંસી આંખે જોયું. પોતાના એકાકી જીવન માટે ઉદ્વેગ અનુભવતાં તે ત્યાંથી ઉઠી સાગર કિનારે પરિભ્રમણ કરવા લાગ્યા.

'વાસંતીને કાંઈ અકસ્માત નડયો કે શું?' 'એપોલોબંદરના સુરમ્ય તટે મળવાનું મને આપેલું આમંત્રણ તેના સ્મરણમાં નહિ રહ્યું હોય?' 'ઈરાદાપૂર્વક મને અહીંની હવા ખાતો બેસાડી રાખવાનો એણે ત્રાગડો રચ્યો હશે?' 'કેમ ન આવી?' 'આવશે કે નહિં?'' આવે તો કેટલા સમય સુધીમાં?' વગેરે અનેક પ્રશ્નોનો અમથાલાલના અંતરમાં એક પછી એક જન્મ અને લય થયો.

ટહેલતાં અન્તે થાકીને એક બેન્ચ પર વિરામ લેતાં સાડાબાર થવા આવ્યા ત્યારે અમથાલાલે વાસંતીની આવવાની આશા છોડી ને ચરણોને ઉતાવળે ચલાવતા તે પોતાના આવાસે પહોંચ્યા.

*

બીજા દિવસની ઉષાએ દેખાવ દીધો અને અમથાલાલ પર્યંક પરથી ઉઠયા. ત્વરાથી એમણે દંતધવન ને મુખપ્રક્ષાલન કર્યું. ગઈ રાત્રે નિદ્રાધીન થતા પહેલાં એમણે નક્કી કરેલા 'પ્રોગ્રામ' પ્રમાણે તે બહાર નીકળ્યા. વાસંતીના નિવાસસ્થાન પાસે જઈ રસ્તા પર આંટા મારવા લાગ્યા.

પાંચેક મિનિટમાં વાસંતી મલબારહિલ તરફ જવા પોતાના બંગલામાંથી નીકળી. અમથાલાલને રસ્તાપર ટહેલતા જોઇ મનમાં જ તે હસી રહી.

" કેમ અમથાભાઈ, અત્યારમાં અહીં કેમ ?" વાસંતીએ તેની પાસે જઈ પૂછ્યું.

"એપોલો પર મેં સાડાબાર વાગ્યા સુધી કાલે તમારી રાહ જોઈ: આવું તે હોય!" અમથાલાલ બોલ્યા.

" આપને મેં ઘણા શોધ્યા, પણ..." વાસંતીએ કૃત્રિમ ગાંભીર્યને ટકાવી રાખતાં કહ્યું.

" તમે એપોલો પર આવ્યાં હતાં ?"

" તો શું હું ખોટું બોલું છું ? આપ કયાં બેઠા હતા ?"

" ગેટ્વે ઑફ ઈન્ડીઆ પાસે-ડાબી બાજુએ. મેં તો બાંકડે બાંકડો જોયો, પણ તમે કયાંય દેખાયાં જ નહિ."

" અમથાભાઇ, આપ અસત્યને સત્ય ઠરાવી દેવામાં બહુ પ્રવીણ લાગો છો. ગેટ્વે ઑફ ઈન્ડીઆની જમણી બાજુએ રાતના એક વાગ્યા સુધી હું આપની રાહ જોતી બેસી રહી. મારી બાજુમાં જ એક પારસી જોડું પણ મોડે સુધી બેઠું હતું. આપ આવ્યા હો તો મને નજરે ન ચડો એ બનવું જ અશક્ય છે. મારો ગાડીવાળો ઉંચો નીચો બહુ થયેલો."

" તમારા સમ. વાસંતીબ્હેન, હું તમારા કહેવા પ્રમાણે પેઢીએથી પરભાર્યો ત્યાં ગયો હતો."

" બનાવટી કૌશલ્ય દાખવવું રહેવા દો. હું એથી આજ નહિ છેતરાઉં. મહેરબાની કરીને હવે પછી કોઈવાર આવું કરતા નહિ." એટલું કહી વાસંતીએ ચાલવા માંડયું. અમથાલાલ સ્તબ્ધ જ થઈ ગયા.

એકાદ બે મિનિટ વિચારમાં વીતાવ્યા પછી એક વિચાર આચારમાં મૂકવાનું સૂઝતાં તે ઝડપથી વાસંતીની પાછળ ગયા.

" વાસંતીબ્હેન, હવે તમે કહો ત્યાં હું મળું." અમથાલાલે નજીક જઈ ધીમેથી પૂછ્યું.

"આવતા શુક્રવારે."

"પણ ક્યાં?"

"સ્થાન આપ નક્કી કરો."

"મારી રૂમ—"

"તેનો ખુલાસો તો મેં કાલે કર્યો છે જ. કોઇ જાહેર જગા હોય તો ઠીક.

"ત્યારે ચર્નીરોડના બગીચા સામેની સાગરપાળે આવી શકશો?"

"હા, પણ સમય કયો?"

"રાત્રિના એકથી ચાર..." અમથાલાલે ફેંક્યું. એમનો સ્વભાવ ઝળકી ઉઠેલો જોઇ વાસંતીએ પોતાની નેમ પાર પડેલી માનીને તેનાથી હસી જવાયું.

રાત્રિના એકથી ચારનો સમય કહી દેવામાં ભૂલ થઈ હોય એમ લાગતાં અમથાલાલે ફેરવી તોળ્યું: "વાસંતીબ્હેન, એ તો મેં જરા મજાક કરી હતી. રાત્રિના આઠથી દશનો સમય ઠીક પડશે."

"અમથાભાઇ, હું ખોટી શરમમાં માનતી હઇશ, એમ તો તમને લાગ્યું નથી ને? એવું કાંઇ અવળું સમજ્યા ન હો તો આપે એકથી ચારનો જે સમય જણાવ્યો છે તે રાખવા મને હરકત નથી. પણ ગઇ કાલની પેઠે કરવું હોય તો અત્યારે જ મને ચોખ્ખી ના કહી દેજો."

"વાસંતી, મેં પાછળથી નક્કી કરેલા સમય પ્રમાણે હું જરૂર આવીશ: તમે માત્ર ભૂલશો નહિ."

અમથાલાલનો જવાબ સાંભળી વાસંતી ઉતાવળે ચાલતી થઈ. અમથાલાલ મનમાં શુક્રવારની રાત્રિનાં કલ્પિત ચિત્રો દોરતા પોતાના નિવાસ ધામે પધાર્યા.

કુ. વાસંતી સાથેના વાર્તાલાપમાં ક્યારેક એમણે 'વાસંતી' અને ક્યારેક 'વાસંતીબ્હેન' સંબોધનો ઉચ્ચાર્યાં હોવાનું એમને યાદ

આવ્યું અને હવે પછી કોઇપણ કુમારિકાને ' બ્હેન 'ના સંબોધનથી ન ઉચ્ચારવાનું મન સાથે નક્કી કર્યું.

*

શુક્રવાર આવ્યો. સવારના પહોરથી જ અમથાલાલને વાસંતીના મિલનની તૃષાએ ઉન્માદી બનાવી મૂકયા. રાતે પેઢીએથી આવી તે પોતાની રૂમમાં બેસીને વાસંતી સંબંધી જ તર્કવિતર્ક કરવા લાગ્યા. એમના અંતરપટ પરથી સજનિકાબાલાએ અત્યારે તો સમૂળગી રજા લીધી.

" શ્રીમંતની યુવાન કન્યાઃ સૌન્દર્યમયી : નૂતન સંસ્કૃતિની મૂર્તિ સમીઃ હે અંબાજી માતા ! મારૂં ભાગ્ય ઉઘડયું છે તો ઉઘાડવા તેને પ્રેરણા કરજે." આંખો બંધ કરી અમથાલાલે નાટકીઢબે માતાની પ્રાર્થના કર્યા પછી નાથાલાલ આવતાં પહેલાં બહાર નીકળવાની તૈયારી કરવા માંડી. ત્યાં જ ઓચિંતો નાથાલાલ આવીને ઉભો.

" કેમ સાહેબ! બે ત્રણ દિવસથી બહારના બહાર જ રહો છો કે શું? કયાં રહો છો ?" નાથાલાલે તેમની પડખે જ પર્યંક પર બેસતાં કહ્યું.

" અમારી પેઢીના પ્રોપ્રાયટર તથા હેડ મેનેજર ગિરનાર તરફ જવાના છે એથી હજી પણ એકાદ બે દિવસ મારે કામનો વધારે બોજો રહેશે." અમથાલાલ બોલ્યા.

" અત્યારે શીદભણી પધારો છો ?"

" પેઢીને અંગે અમારે ઘણાં કામ હોય છે, એ બધાંનું વર્ણન કરવાની અત્યારે ફુરસદ નથી." મોઢું બગાડતા અમથાલાલ હાથમાં તાળું લઇ બહાર નીકળ્યા.

નાથાલાલ આજનું એમનું વર્તન જોઇ અજબ થયો. અમથાલાલે તેને વાપરવા માટે બે રૂપિયા આપી યુક્તિથી રીઝવ્યો ને ઉતાવળે દાદર ઉતરી ચાલતી પકડી.

*

સાંજે ભોજનાદિ કાર્યથી પરવારી ઉંઘ આવી ન જાય માટે અમથાલાલ સિનેમા જોવા મેજેસ્ટિક થિયેટરમાં ચાર આનાની ટીકીટ કઢાવી ઘુસી ગયા. ફિલ્મની ભાષા મરાઠી હોવાથી મહારાષ્ટ્રીય સ્ત્રી-પુરુષોનું પ્રમાણ ગુજરાતીઓથી ઘણું જ મોટું હતું. અમથાલાલને મરાઠી ભાષાનું અધકચરૂં જ્ઞાન છતાં જાણે પોતે બધું જ સમજતા હોય તેમ ફિલ્મમાં રસ લેવા લાગ્યા.

ઈન્ટરવલ પડતાં થિયેટરના ચોગાનમાં બહાર આવ્યા, તો ફર્સ્ટ કલાસના દ્વાર પાસે એમણે કૌમુદીને ઉભેલી જોઈ, ચમકયા. કૌમુદીએ તેમને જોઈ નજીક આવીને કહ્યું:

" અમથાભાઈ, આપ જેવાએ તો ' બાલ્કની 'માં બેસવું ઘટે."

" બીજા કેટલાક પબ્લીક લોકનેતા જેવો દંભી કે ડોળઘાલુ હું નથી: હું તો તદ્દન સિંપલ માણસ છું. વળી ફિલ્મનો કાચો માલ માત્ર હિન્દમાં બનતો હોય તોપણ કહેવાતી સ્વદેશી ફિલ્મ જોવા ખાતર તમે કહ્યું એવા ભારે કલાસની ટીકીટ કઢાવવી યોગ્ય ન કહેવાય." અમથાલાલે સંયુક્ત ખૂલાસો કર્યો.

" સિનેમા જોનાર ચાર આના ખર્ચે કે ચૌદ આના, પણ તેના પૈસા આપે જણાવ્યા પ્રમાણે પરદેશ જાય છે એ તો ચોકસ જ."

"એ ખરૂં. પણ મારા જેવા બુદ્ધિપ્રધાન લોકનેતાએ બની શકે તેટલા ઓછા પૈસા પરદેશ જાય એવું કરવું જોઈએ ને ? એ બચેલા પૈસા પરમાર્થમાં કયાં નથી વપરાતા ?"

" આપની દલીલ ફિલ્મના ધંધાને સોએ સો ટકા સ્વદેશી ઠરાવનારા ફિલ્મપ્રોડયુસરોના જેવી જ સ્વાર્થી લાગે છે." કહી કૌમુદી અંદર જઈ પોતાની જગાએ બેસી ગઈ.

પોતે કૌમુદીને સચોટ જવાબ આપી છક કરી દીધી, એમ માનીને અમથાલાલ સિનેમાવાળાને ત્યાં ધન ખર્ચીને આવનારા મહે-

માનોમાં અસમાનતા ઉપજાવનારા સિનેમાના સૌથી નીચલા વર્ગમાં જઈને બેસી ગયા.

ફિલ્મ પૂરી થઈ. પ્રેક્ષકો પોતપોતાના ગૃહપ્રતિ, સંધ્યા સમયે જેમ પક્ષીગણો પોતપોતાના માળા તરફ પાછા ફરે તેમ ફરવા લાગ્યા. અમથાલાલ રોમીઓ–જુલીએટના મુખ્ય નાયક પેઠે ભાવનામસ્તીમાં ઝુલતા ચર્નીરોડના બગીચા સામેની સાગરપાળે કુમારી વાસંતીની માર્ગપ્રતિક્ષા કરવા પધાર્યા.

*

સમય વીતવા માંડ્યો, પણ વાસંતી ક્યાંય તેમના જોવામાં ન આવી. એપોલો બંદર ઉપર પોતાની ભૂલ થયાનું માની લેવું પડ્યું એવી જ ભૂલ અહીં ન થાય, તેની કાળજી રાખવાનું નક્કી કરી તે ઉઠ્યા અને બગીચાની સરહદના માપમાં આવી જતી આખી સાગરપાળ તે બબે વાર ફરી વળ્યા. પણ વાસંતીને બેઠેલી કે ટહેલતી ક્યાંય દીઠી નહિ.

અંધારામાં સુમસામ બનેલા બગીચામાં ઝીણો–ઝરમર વરસતા મેઘ જેવો–અવાજ શરુ થયો. આ અવાજ કયે સ્થાનેથી આવે છે તે શોધી અમથાલાલ ત્યાં પહોંચી ગયા ને ડિટેકટીવની ઢબે ઉભા રહી સાંભળવા લાગ્યા:—

चलच्चित्रसा हा तुझा तेजभास,
नवा खेळ आनंद देतो मनास;
कशाला हव्या त्या जुन्या खेळ चाली,
प्रिये ! लाडके ! तूं चि माझी दिवाळी !

અમથાલાલ ઉપલું સંગીત સાંભળી ચોંકી ઉઠ્યા. એમણે એ મરાઠી પંક્તિઓનો વગર સમજ્યે પોતાને ફાવતો અર્થ કરવા માંડ્યો. ને તેમાંની ખરી મતલબ સમજવાની પૂરતી કોશેશ તે કરે તેટલામાં જ આગળનું સંભળાયું:

तुझी श्याम साडी खरी दीपमाला,
करी आज विश्रांत माज्या मनाला;
तव प्रेम हो मंगल स्नान घाली,
प्रिये! लाडके! तूं चि माझी दिवाळी!

પ્રથમ ટૂકમાં જૂના ખેલ અને નવા ખેલની સાઠમારીનું વર્ણન અને બીજી ટૂકમાં રાત્રિની શ્યામ સાડીનું અલૌકિક વિવેચન સમજી અમથાલાલે કલ્પ્યું કે વાસંતી દિવાળીની અદ્દ્ભુત ઉપમાવડે મારા પર કટાક્ષ કરતી અહીં બેઠી છે.

અમથાલાલે પોતાની એ કલ્પના પર શંકા કરી: 'રખે હું આ ગાનારને વાસંતી માનવાની ભૂલ કરતો હોઉં તો!' કેટલીક પળો સુધી વિચાર કર્યો પછી નિર્ણય કરી લઈ એમણે બગીચામાં પ્રવેશ કર્યો.

વાતાવરણ શાંત હોવાથી અંધકારમાં તે પોતાની શંકાનું સમાધાન શોધવા ફાંફાં મારવા લાગ્યા. પરંતુ તુર્ત જ ત્રીજી ટૂક શરૂ થતાં તે સાંભળવામાં સ્થિર થયા:

जीचें हास्य हासे, शरच्चंद्रिकेला,
अशी लाभली कामिनी ज्या नराला;
रसज्ञासि सांगे असे भाग्यशाळी,
प्रिये! लाडके! तूं चि माझी दिवाळी!

બગીચાની અમાવાસ્યાના અંધારામાં મનની વિશ્રાંતિ મેળવ્યા પછી શરદની ચંદ્રિકા સાથે કામિનીને સરખાવી ગયેલી કાવ્યઝરણી સાંભળી અમથાલાલે ખાત્રી પૂર્વક માન્યું કે વાસંતીએ માર્મિક રીતે બધું જ એમને પોતાને સંબોધ્યું. પછી આસ્તે આસ્તે તે આગળ વધ્યા અને અંધકારમાં કોઈક વ્યક્તિની બેઉ આંખો ધીમેથી દબાવી અમથાલાલ ધ્રુજતે પગે તેની પાછળ ઉભા રહી ગયા.

"સોડ મલા ખોડ તુઝી—"

મરાઠી ભાષાનું અધુરૂં પણ સંજ્ઞાત્મક વાકય કાન પર અથડાતાંની સાથે જ એક સજ્જડ થપ્પડ અમથાલાલના ગાલ પર પડી.

અમથાલાલનું કાંડું મજબુત હાથે પકડી જ્યારે તે વ્યક્તિ એમને બગીચા બહાર રસ્તા પરની બત્તીના આછા અજવાળામાં લઈ આવી ત્યારે આશ્ચર્યચકિત નયને અમથાલાલે પોતાને પકડી રાખનારા–છૂપી પોલીસના સાર્જન્ટ જેવા દેખાતા–યુવાન મરાઠાને જોઈ કંપવા માંડયું.

૮..............................સંસ્કારી કુમારી

કોણ ભરે રે પાણી કોણ ભરે રે, જમુનાનાં પાણી કોણ ભરે;
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણ કમલ ચિત ધ્યાન ધરે રે.

કોણ ધુએ રે ધોતર કોણ ધુએ રે, નળ પરે ધોતર કોણ ધુએ,
નાથો કહે નર અમથો ઊંઘે, સનમ સ્મરણમાં કેમ ઊંઘે રે ?

*

ધોબીઘાટની પ્રતીતિ કરાવતો નળ પાસેનો ધોતીઆ પરનો ધોકામાર અને નાથાલાલે ગાયેલા ભજનનો અવાજ કાન સાથે અફળાતાં અમથાલાલ ઝબકીને જાગી ઉઠ્યા.

નાથાલાલે મીરાંના ભજનની બે લીટી ગાઈ, ત્રીજી તેના પોતાના સંબંધે અને ચોથી અમથાલાલને ઉદ્દેશી તે શા સારૂ બોલ્યો, વગેરે બાબતો એમને સ્વાભાવિક લાગી. નળ નીચે ન્હાતાં કે કપડાં ધોતાં અમથાલાલ પોતે પણ કોઈ કોઈવાર રંગમાં આવી જતા ત્યારે જે યાદ આવ્યું હોય તે પ્રભાતિયું, ધોળ, પદ કે ભજન જેમ આવ્યું તેમ લલકારતા એટલે એમને નવાઈ ન લાગી.

ગઈ રાત્રિએ સમુદ્રતટે વાસંતીની રાહ જોતાં ધરતીકંપના આંચકા જેવી સ્થિતિમાં મૂકાવું પડ્યું હતું, તેનું સ્મરણ થઈ આવતાં એમને શંકા થઈ આવી:

'જો એ ખરેખરો સાર્જન્ટ હોય તો મને સીધો પોલીસ સ્ટેશને લઈ જવાને બદલે મારૂં ગજવું કેમ તપાસે? વળી સી. આઈ. ડી. ખાતાના માણસને એટલી મોડી રાતે અંધારામાં રસાત્મક પ્રેમકાવ્યનું ગાન ક્યાંથી સૂઝે? આપત્તિકાળે ભલભલા પોતાનાં સાન–ભાન ભૂલી શુદ્ધિ ગૂમાવી બેસે છે, તે પ્રમાણે મેં પણ ઓચિંતી આફતને લઈ એ નકલી સાર્જન્ટને બે રૂપિયા પકડાવીને છૂટી જવામાં ઉતાવળ તો કરી; પણ એકંદરે જે થયું તે સારૂં જ થયું. એ મરાઠો નકલી સાર્જન્ટ હશે કે અસલી, એની ભાંજગડમાં ઉતરવાનો એ સાનુકૂળ સમય જ નહોતો. કેમકે અંધારામાં તેને વાસંતી સમજીને તેની આંખો દાબવાની ભયંકર ભૂલ મેં જાણી જોઈને કરી નહોતી પણ મારા હાથે તો કરી હતી જ.'

ઉપરોક્ત સમાધાનથી એ બનાવને મગજમાંથી દૂર કરી અમથાલાલે વાસંતીની વર્તણુંક પર ભેજું કસવા માંડ્યું:

'એણે મને તપશ્ચર્યા કરાવી હશે કે મારી હાર્દિક લાગણીને કસોટીએ ચડાવી પારખું કાઢવા ચોપાટીની કાળમીંઢ પત્થર જેવી સીમેન્ટની થંડી પાળ પસંદ કરી હશે? કદાચ એનાથી કોઈ ચોક્કસ કારણસર નીકળાયું ન હોય અને કહ્યા પ્રમાણે અવાયું ન હોય, એ પણ સંભવિત માની શકાય.' વાસંતીની વર્તણુક વિશે ઉપજેલી શંકાનું સમાધાન આપોઆપ પોતે જ કરી લીધું.

*

એટલામાં પોસ્ટમેન છાપાનું એક પૅકેટ આપી બોલ્યાચાલ્યા વિના વિદાય થયો.

'માર્તંડ મહિલા' નામનું વીકલી પેપર પોતાના શીરનામે પહેલું જ આવેલું જોઈ એમણે કલ્પી લીધું કે,–

'કૌમુદી અને નિર્મલમને વાસંતી મારફત મારૂં શીરનામું મેળવી મને મોકલ્યું જણાય છે. તંત્રી ને ઉપતંત્રી જાણીતા માણસોનાં શીરનામાં મેળવી નવા ગ્રાહકની આશાએ પોતાનાં છાપાં વગર માગ્યે મોકલવાનું સ્વાર્થી સાહસ કરે છે. જો કે મને વિદ્વાન અને ધનિક માનવામાં તો 'માર્તંડ મહિલા' ઑફિસવાળી બ્હેનોએ ખરે જ ડહાપણ વાપર્યું કહેવાય. પણ છાપું મોકલીને મારી પાસેથી લવાજમના ચાર પાંચ રૂ.નો લાભ લેવાની એ લોકોએ આશા રાખી હોય તો એમને ખબર નહિ હોય કે આ બંદાએ બીજા અસંખ્ય વાચકો પેઠે જ્યાંથી ત્યાંથી મફત વાંચી લેવાની કળા ક્યારનીયે કેળવવા માંડી છે.' આમ પરોક્ષ કટાક્ષ અને આત્મશ્લાઘા કરતા અમથાલાલ મનમાં જ પોતાની ચતુરાઈ માટે મલકાવા લાગ્યા.

બીજી જ પળે એ સંબંધે એમના ફળદ્રુપ ભેજામાં બીજી નવીન કલ્પના સ્ફુરી આવી :

'કૌમુદી અને નિર્મલમન આ રીતે મારી સાથેનો સંબંધ વધારવા અથવા સ્નેહ સંપાદન કરવા માગતી હોય, એમ પણ કેમ ન હોય? એવું ન હોય તોપણ બનવાનો સંભવ કલ્પી મારે લવાજમ મોકલવાનો વિવેક કરવો જરૂરી છે. વળી એથી એમને વારંવાર મળવા જવાની તક પણ મળે તે જતી કરવી ઉચિત નથી.'

કોઈ મહાભારત ગૂંચ ઉકેલી હોય તેમ માની અમથાલાલે 'માર્તંડ મહિલા' ના એક વરસના લવાજમની રકમ ભરી દેવાનું મનમાં નક્કી કર્યું ને છાપું ઉઘાડી વાંચવા માંડ્યું. અચાનક તેમાં પ્રગટ થયેલી એક જાહેરાત એમની નજરે પડી. એ જ પળે એમના મોઢા પર ડર્બી લોટરીનું ભારે ઈનામ જીતવાની તક મળવા સરખો અનેરો આનંદ છવાઈ ગયો: હૈયું થનગનવા લાગ્યું ને સ્મિત નિર્ઝરવા માંડ્યું.

અમથાલાલે કુમારી ચિત્રલેખા પેઠે પત્રલેખનની સામગ્રી એકત્ર કરી અને ઉલ્લાસના ઉન્માદમાં આવી લખવા માંડયું. બે ચારેક લીટી મરોડદાર અક્ષરે લખી નાખી, એટલામાં તો બિલ્લીપગો નાથાલાલ સ્હેજ પણ અણસારો ન થાય તેમ ગૂપચૂપ ત્યાં આવી ઉભો, ને અમથાલાલે આરંભેલી પ્રવૃત્તિનું અવલોકન કરવા લાગ્યો.

*

રૂમમાં દિવાલને અઢેલી એક મેજ પડયું હતું. તેની પાસેની ખુરશી પર બેઠેલા અમથાલાલ લેખન પ્રવૃત્તિમાં ગુલ્તાન થઈ ગયા હતા. મેજ ઉપર એક બાજુએ એમના નામનું એક કોરૂં 'એનવેલપ' ઉઘાડું પડયું હતું; બીજું એક એડ્રેસવાળું હતું.

બીજી બાજુએ ઉઘાડું પડેલું એક છાપું દેખાતું હતું. તેમાં જ એક જાહેર ખબર હતી કે જેના ઉપર નજર પડવાથી અમથાલાલ હર્ષાનંદમાં આવી ત્વરિત પત્ર લખવા તત્પર થઈ ગયા હતા.

નાથાલાલનું ધ્યાન આ જાહેરખબર ઉપર પડતાં તે ચમકયો. પોતાના આગમનની અમથાલાલને ગંધ સરખીયે ન આવે, એવી સાવચેતીથી તેણે એ જાહેરાતનું લખાણ મનમાં ને મનમાં વાંચી લેવાનું સાહસ ખેડયું:

લગ્નેચ્છુ વણિક માટે જરૂરનું—

પિતાની પચીશેક હજારની મિલ્કત ધરાવતી, ઓગણીશ–વીશ વરસની સંસ્કારી, મેટ્રિક થયેલી વણિક કન્યા પચીશથી ત્રીશેક વરસની ઉંમરના વણિક સાથે લગ્ન–બંધનથી જીવન જોડવા ઇચ્છે છે. વિધુરે તેમજ અમરભાવનાવાળાએ પરિશ્રમ ઉઠાવવાની જરૂર નથી. સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રીસન્માનને નિભાવી શકે તેવાએ જ પોતાનો અભ્યાસ, લાયકાત અને કૌટુંબિક માહિતી સાથે આ પત્રની ઑફિસ મારફતે 'સંસ્કારી' નામે લખવું. ઉમેદવારે કવર ઉપર શીરનામાને મથાળે 'લગ્નનો ઉમેદવાર' એવું દેવનાગરી લિપિમાં ટપકાવવાનું ભૂલવું નહિ.

"હતતારૂં નખ્ખોદ જાય !" અચાનક છીંક આવતાં નાથાલાલથી બોલી જવાયું. અમથાલાલે ચોંકીને પીઠ ફેરવી તો નાથાલાલને ઉભેલો જોતાં જ એમણે પોતે લખેલા પત્ર ઉપર 'વેનચરિત્ર' ઉંધું પાડી, અતિ ત્વરાથી છાપું મેજના ખાનામાં ધકેલી આંખના પલકારા જેટલા અલ્પ સમયમાં ખાનું બંધ કરી, ગુસ્સાના આવેશમાં મેજ ઉપર હાથ પછાડી બરાડયા: "કાંઈ શિસ્તબિસ્ત સમજો છો, મિસ્ટર ? કે ગામડીયા ગમાર જ રહ્યા !"

નાથાલાલ મજાકથી જરા હસતાં હસતાં બોલ્યો: "એટલે જ હું તમારી પેઠે મહાસભામાં જોડાયો નથી."

"નાથાલાલ, તમે વાત વાતમાં મારૂં સામું દૃષ્ટાંત આપો, એ ઠીક નહિ. હું અને તમે એક શ્રેણીના નથી એ સમજતા શીખો ! તમે મહાસભાના વિરોધીઓની ઉંધી બુદ્ધિનો શિકાર બનીને મહાસભામાં જોડાયો નહિ હો: મારૂં કાંઈ એવું નથી."

"ત્યારે તમારૂં મહાસભામાં ન જોડાવાનું કારણ ?"

"નહેરૂ બોઝ, આઝાદ કે સરદાર જેવા કોઈ મહાસભાના મોવડી –થાંભલાએ મને આગ્રહ કર્યો વિના હું મહાસભામાં કેમ જોડાઉં ?"

"વગર આગ્રહે જોડાવ તો વાંધો શો ?"

"તમે સમજ્યા નહિ. વગર આગ્રહે જોડાવાથી માણસનું પોઝીશન—" અમથાલાલે એ વાકય પુરૂં કર્યા વગર નાથાલાલ વળી મજાક કરશે એમ સમજી–એ વાત ઉડાવી દેવાનો રસ્તો કરતાં કહ્યું: "જવાદો. અત્યારે હું આડીઅવળી વાતોમાં વખત બગાડી શકું તેમ નથી. પણ તમે મારી પાછળ ગૂપચૂપ ઉભા રહીને જોતા હતા, એ રીત સારી ગણાય ?" અમથાલાલે મૂળ વાત ઉપાડી નાથાલાલને દમ બીડાવ્યો.

નાથાલાલે અજાણ હોવાનો ડોળ દર્શાવતાં કહ્યું: "તમે જોવાની વાત કરી એ ઠીક છે; પણ મેં કશું વાંચ્યું કર્યું નથી. અમથાભાઈ, રૂમમાં પગ મૂકતાં જ મને છીંક આવી ને તેના પરિણામે મારે તમારો આ કડક ઠપકો સાંભળવો પડ્યો. છતાં તમને મારી ભૂલ લાગી હોય તો હું માફી માગું છું."

અમથાલાલ સમજ્યા કે નાથાલાલે કાંઈ વાંચ્યું કર્યું નથી; તેમજ એને કશી ખબર હોય એમ લાગતું નથી. પછી નાથાલાલને સારું લગાડવા બોલ્યા: "હું તમારાથી નારાજ છું, એમ સમજશો નહિ હો નાથાભાઈ. પણ તમારે વ્યવહારમાં વિવેક રાખવો જોઈએ."

નાથાલાલે એમના કૃત્રિમ વિવેકનો તેવો જ જવાબ આપતાં જણાવ્યું: "હું તે કાંઈ મૂરખ છું કે એવું અવળું સમજી બેસું? તમે ક્યારેક મોઢું ચડાવો છો, ગુસ્સો દર્શાવો છો, પણ બીજા કેટલાકની પેઠે હૃદયમાં વેરઝેર રાખતા નથી, એ હું ક્યાં નથી જાણતો? બાકી ઘણાખરા તો ઉપરથી 'આવો આવો' કહી હસીખુશીથી બેસાડવાનું કરે અને અંદરખાનેથી ઇચ્છે કે આ લપ ક્યારે જાય!"

"મને એવો દંભ પસંદ જ નથી. હું તો જે લાગે તે મોઢે કહી નાખું એટલું જ. બાકી મારા મનમાં તો એમ થાય કે ભલે ને આવે; એ ઘડી દિલ બહેલાવશે."

"એટલે જ હું બધે કહેતો ફરું છું ને કે અમથાભાઈ વિવેકી, ઉદાર, સંબંધ સાચવી જાણનારા, ભલા, ભોળા, બાહોશ અને દીર્ઘ દૃષ્ટિવાળા જેંટલમેન છે!" નાથાલાલે તક જોઈને અમથાલાલની ભારોભાર ખુશામત કરી.

'આ હું ખુશામત ખાતર કહેતો નથી, પણ જે છે તે કહું છું.' આવી ઢાંકેલી ખુશામત અને માનવ સ્વભાવ વચ્ચે ચુંબક અને લોહ જેવું આકર્ષણ હોય છે.

'તમારું મન મનાવવા—તમને માઠું ન લાગે માટે જ તમારી પ્રશંસા કરું છું,' એવી ઉઘાડી ખુશામત અને મનુષ્ય સ્વભાવ વચ્ચે તેલ અને પાણી જેવો અણબનાવ હોય છે. આ સનાતન સત્ય નાથાલાલ સમજતો હોવાથી તેણે અમથાલાલને રેશમી મ્યાનમાં બાંધેલી ચકચકીત કટાર જેવી આકર્ષક અને મોકો જોઈ કરેલી ખુશામતથી એટલા તો ફુલાવી દીધા કે એમણે મેજના ખાનામાં ધકેલી દીધેલું ચોપાનિયું બહાર કાઢી 'લગ્નેચ્છુ માટે જરૂરનું' વાળી જાહેરાત નાથાલાલને બતાવી, ને બોલ્યાઃ "નાથાભાઈ, સ્ત્રીજાત પર સોએ સો ટકા એકદમ વિશ્વાસ મૂકું એવો હું વેવલો વાણીઓ નથી. પણ આ 'સંસ્કારી કુમારિકા' માટે પ્રયત્ન કરી જોવાનો મારો ઈરાદો થયો છે. અધિકસ્ય અધિકમ્ઃ લાગ્યું તો તીર નહિ તો—" એટલું કહેતાં તો એમના મોઢા ઉપર મોહકતાની લાલી એવી ખીલી નીકળી કે જોતાં જ ઇલિયડમાં આલેખાયેલું 'પારીસ'નું પાત્ર નાથાલાલને યાદ આવ્યું.

——:૦:——

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો,
માની હીરો ઉર ઊલટથી કંઠમાં બાંધી લીધો;
વેરે દીધું અગર રૂચતું દર્દીને દીલ ભાવ્યું,
જાણે આ તો મરકટ કને જામ આવ્યું!

*

અમથાલાલને માનપત્ર આપવા બાબતની ભાંજગડનો વિચાર કરતાં સતિનચંદ્રને અનાયક ઉપલી મંદ્રાકાન્તા સ્ફુરી આવી. તેનાં વડીલો અને મધુમક્ષિકા વગેરે સૌ દેશમાં ગયેલાં હોવાથી તે પોતાની રૂમમાં એકલો ટહેલતો હતો, અને વચ્ચે વચ્ચે ગેલેરીમાંથી સજનિકા, કૌમુદી, નિર્મલમન, અમથાલાલ, કવિ વગેરેની માર્ગપ્રતિક્ષા કરતો હતો. થોડીકવારમાં એક પછી એક સૌ આવવા લાગ્યાં, અને બીછાવેલી ચટાઈ પર ગોઠવાયાં.

"વાસંતીબહેનની ગેરહાજરી ખાસ જણાઈ આવે છે." કહી નિર્મલે સતિનચંદ્ર તરફ દ્રષ્ટિ કરી.

"એ તો તમારી હાજરીથી પુરાઈ જશે. કેમ ખરૂંને સજુબહેન ?" નાથાલાલે સજનિકાબાલાને ઉદ્દેશી સતિનચંદ્રની વતી જવાબ આપ્યો.

"બરાબર. કૉમરેડ નિર્મલબહેન પૌરુષેય પ્રકૃતિનાં હોવાથી આજની કાર્યવાહીમાં આપણને તેમની સરસ સહાયતા નિઃસંશય મળશે." સજનિકા સસ્મિત બોલી.

"પણ જે મહાશયના સન્માન માટે આજે પ્રાથમિક નિર્ણય અને યોજના કરવાનાં છે, તેમની ગેરહાજરી નિભાવી લેવાશે ખરી ?" મુંગી બેઠેલી કૌમુદી બોલી.

"એ મૂર્તિને તો એટલી બધી ઇંતેજારી છે કે આકાશ–પાતાળ એક થાય તોપણ આવ્યા વિના ન રહે. હમણાં જ આવ્યા દેખાડું !" સજનિકાએ ટહુકો પુર્યો.

આમ આડી અવળી ઠઠ્ઠાયુક્ત વાતોમાં દસેક મીનીટ વ્યતિત થઈ એટલામાં અમથાલાલ અને બીજાં કેટલાંક સ્ત્રી–પુરૂષો આવી પહોંચ્યાં. સતિનચંદ્રે તે દરેકનો ઘટે એ રીતનો સત્કાર કર્યો.

*

થોડીવાર પછી અમથાલાલે હાજર થયેલાઓ તરફ નજર ફેરવી, છાવણીમાં બેસીને બ્લુશરની રાહ જોતા નેપોલીયનના જેટલી ચિંતા અને આતુરતા દાખવતાં સૂચન કર્યું: "મારા માનસમારંભ માટે શું શું કરવું એ બાબતમાં જેને જે વિચાર સ્ફુરે એટલે સુઝે તે જણાવે. તમારી સૌની બુદ્ધિ કુંઠિત થાય ત્યારે સંકોચાયા કે ગભરાયા વિના મને કહેવું. તમારી સૂચનાઓ તરફ હું બેદરકારી સેવીશ એવું માની લેવાની ભૂલ ન કરવી, એવી મારી ખાસ ભલામણ છે."

"બહુ સારૂં કર્યું કે આપે આપના અપ્રગટ નિરાભિમાનપણાનું પ્રગટીકરણ પહેલેથી જ કર્યું. આ સ્પષ્ટતા કરી ન હોત તો આજનો આપનો પ્રતાપી ચહેરો જોઈ આજ હું એટલી તો ગભરાઈ ગઈ હતી કે મારાથી કાંઈ જ બોલી ન શકાત !" પોતે ખરે જ ભયભીત બની હોય તેવો દેખાવ કરી નિર્મલમને વક્રોક્તિમાં જરા ધીમે સાદે ઉચ્ચાર્યું.

"નિર્મલબહેન ! ઘણાખરા મારી ભવ્યાકૃતિ જોઈ દૂર રહેવાનું પસંદ કરતાં જણાય છે; પરંતુ સનાતન સત્ય એવું છે કે જેની મુખમુદ્રા ભીતિ કે અણગમો ઉપજાવનારી હોય તેના અંતઃકરણની સૃષ્ટિ તમારા નામાર્થનું સાર્થકય જાળવે એવી નિર્મલ હોવા ઉપરાંત અમાવાસ્યાની મધ્યરાત્રિ સમી શાંત, મુસોલિનીએ પોતાના માની લીધેલા લાલ સમુદ્ર જેવી ગંભીર છતાં શ્રીમતી સરોજીની નાયડુના અવાજ જેવી બુલંદ હોય છે."

અમથાલાલે આત્મભાવ દર્શાવતાં વિશેષ કહ્યું: "કેટલાંક વર્ષ ઉપર હું નવરાત્રિના ઉત્સવમાં ગયેલો. ત્યાં એક ગ્રેજ્યુએટ બ્હેને સંકોચાતાં મને કહેલું કે, આપનો ચહેરો દાઢીમૂછ વિનાનો ન હોત તો માસ્ડર્નના હિન્દના ઇતિહાસમાંની અલાઉદ્દીન ખિલજીની તસ્વીર સાથે બરાબર સરખાવી શકાત. હું શું કહેવા માગું છું તે તમે હવે સમજ્યા હશો." અમથાલાલ શિક્ષકી પદ્ધતિથી બોલ્યા.

"હા, બરાબર. અલાઉદ્દીન ખિલજી ઘણો ક્રૂર અને ઘાતકી કહેવાતો એજ ને ? આપનો ચહેરો પણ કોઈ મોગલ બાદશાહ જેવો પ્રતિભાશાળી તો લાગે છે." નિર્મલમન વ્યંગમાં બોલી.

બાદશાહના સંબોધનથી અમથાલાલના લલાટ પ્રદેશ અને ચક્ષુપ્રાન્તે ગૌરવનું તેજ ઝળકી ઉઠ્યું.

"કૌમુદીબહેન, ચર્ચા પછી જે કાંઈ નિર્ણયો થાય તે કાગળમાં તમે લખતાં જજો." અમથાલાલે કૌમુદીને કામગીરીની ફરજ સોંપ્યા પછી, કામકાજની શરૂઆત કરવાની સતિનચંદ્રને આજ્ઞાત્મક સૂચના કરી.

સતિનચંદ્રે સૌ સાંભળે તેમ આજની કાર્યવાહીનો સ્ફોટ કરતાં કહ્યું: "વ્યાખ્યાનના તથા માનસમારંભના સ્થાન અને પ્રમુખ વિશે આપણે સૌ જાણીએ છીએ, એટલે માત્ર તેની વ્યવસ્થા સારૂ એક સર્વવર્ગીય કાર્યવાહક સમિતિની નીમણુક કરવાનું મહત્વનું કામ આજે હાથ ધરવાનું આવશ્યક છે."

દરેકે પોતપોતાને ફાવતો વિચાર દર્શાવવાનું અને નામનું સૂચન કરવાનું શરૂ થયું. સ્હેજસાજ ગરમાગરમી, અને ટોળટીખળ સાથે એક બીજા સામે દલીલોના દડૂલાની ફેંકફેંકા કરવામાં રસમુગ્ધ બન્યા.

*

એ લોકોને ચર્ચા–મસલતમાં રહેવા દઈ સજનિકાબાલા ઉઠી અને અમથાલાલને ઉઠવાનો ઈશારો કર્યો: બન્ને બહાર ગયાં.

"કેમ કંઈ ખાનગી મસલત કરવી છે?" અમથાલાલે આતુરતાથી પૂછ્યું.

"એથી તો હું બહાર આવી, અને આપને પણ બોલાવ્યા." સજનિકાબાલાએ સંકોચ અને હાસ્યના મિશ્ર દેખાવથી કહ્યું.

"હું પણ આંખના ઈસારામાં જ સમજીને કેવો તુરત જ બહાર નીકળી આવ્યો! આપણા બેઉનો સરસ સુમેળ જોઇ નાથાલાલ મનમાં બળીને ખાખ થઇ જશે, અને કૌમુદી તથા નિર્મલમનને તો તમારી ઈર્ષા આવ્યા વિના પણ નહિ જ રહે." અંતરમાં રમી રહેલો ઉભરો જાહેર કરતાં અમથાલાલે કહ્યું, "હં! બોલો, શી વાત કરવી છે?"

"આપના માનસમારંભ માટે આ બધી ભાંજગડ......"

"ભાંજગડ નહિ, ચર્ચા–મસલત." અમથાલાલે સજનિકાના શબ્દપ્રયોગની ભૂલ સુધારી.

"ચાલો, એમ." સજનિકાબાલાએ અમથાલાલનો સુધારો સ્વીકારી લીધો ને બોલી:

"–મસલત ચાલી રહી છે, માટે એ લોકો આપની પાછળ જ બધું પતાવીને ડીસાઇડ કરે તે વધારે સારૂં. ત્યાં સુધી આપણે અહીં કેટલીક વાતો કરીએ તો કેમ?"

"બરોબર: ઠીક છે! બોલો."

"પહેલું તો એ કે આ બધાં અહીં સુધી આવીને આટલો પરિશ્રમ ઉઠાવી રહ્યાં છે, તેમના સત્કાર માટે ચહા-નાસ્તાનો બંદોબસ્ત કરવા સતિનભાઇને પાંચેક રૂપિયા ખાનગીમાં આપી રાખો.'

"મારી વતી તું જ તેને આપી દેજે; લે આ પાંચ રૂપિયા." અમથાલાલે પાંચની નોટ કાઢી સજનિકાબાલાને આપવા માંડી.

'તું' ના એકવચની ઉચ્ચારથી સજનિકાબાલાને ગુસ્સો ઉત્પન્ન થયો અને એજ ક્ષણે અમથાલાલની ખબર લઈ નાખવાની વૃત્તિ થઇ આવી. પણ તુરત જ બીજો વિચાર આવતાં એ અપમાન ગળી ગઇ અને બોલી:–"બીજું એ કે તમારા આ માનસમારંભમાં હું હાજર રહી શકીશ નહિ."

"કેમ?" અમથાલાલે સહેજ ગભરાઈને પૂછ્યું.

"શું મારી અને તમારી–બેઉની હાંસી કરાવવા હું ત્યાં આવું?"

"હું કંઈ સમજ્યો નહિ!"

"નિર્મલના પિતા ધનાઢ્ય છે; કૌમુદીના કાકા સોલીસીટર છે; લવંગિકા એના મામા રાવબહાદુર રાસબિહારીની એકની એક ભાણેજ છે; કમલકુમારી આઠ દિવસ પહેલાં જ ડૉ. ધનાપ્પા ખનાપ્પાને પરણી છે; દેવિકાબહેને એડવોકેટ વિદ્યાગુપ્ત માહેશ્વર સાથે પુનર્લગ્ન કર્યું છે. આ બધી મારી બ્હેનપણીઓ ઠામઠામથી અપટુડેટ બનીને આવી હોય અને હું સારા વસ્ત્રાલંકાર વિનાની–જેલમાંથી તાજી છુટેલી સ્વયંસેવિકા જેવી—આવું તે શું સારૂં લાગે?"

"સ્વયંસેવિકાને તો અત્યારે અગ્રસ્થાન મળે છે."

"એ સ્થાન જુદાં હોય છે, અમથાભાઈ!"

'ભાઈ' શબ્દથી અમથાલાલે દીલમાં સ્હેજ ખફગી અનુભવી, ધીમો નિસાસો પણ મૂક્યો. પરંતુ વાતચીતમાં માણસો આવા ઉલટસુલટ શબ્દપ્રયોગ બહારના દેખાવ સારૂ કરે છે, એમ માની અમથાલાલે

ફેરવી તોળ્યું: "હું જાણું છું, પણ જરા મજાક ખાતર બોલ્યો હતો. ઠીક થયું કે સમારંભ પહેલાં જ તમે તેનો સ્ફોટ કર્યો. જે કાંઈ ઇચ્છા હોય તે વિના સંકોચે જણાવો."

*

સજનિકાબાલાએ અમથાલાલને પુરેપુરો ઉલ્લુ બનાવી સારો બોધપાઠ આપવાનું વિચારી સ્ત્રીચરિત્રની કિંચિત કળા પણ અજમાવી. લગ્ન-લાલસાના ઝંઝાવાતમાં ભ્રમિત બનેલા અમથાલાલે સજનિકા પોતાની સહચારિણી થવા અતિ ઉત્સુક થઈ હોય એમજ માની લીધું. અને ભાવિ કલ્પનાઓના કથકનૃત્યથી હૈયું સવાગજ ડોલી ઉઠ્યું.

મધુ માસ તણી રઢિયાળી સદા,
મને સાંભરે આપણી રાત, સખી !
નમણો નભ ચંદ્ર હસે, વિલસે;
મને સાંભરે આપણી રાત, સખી !
વદને નવજીવન નૂર હતું,
નયને પ્રણયામૃત પૂર હતું;
હૃદયે રસમાં ચકચૂર હતું;
મને સાંભરે આપણી રાત, સખી !

પ્રિન્સિપાલ પાર્શ્વરશ્મિ અને અન્ય સાહિત્યકોના 'ભેળમંડળ' તરફથી હોલિકોત્સવ સમયે રસકવિ કાન્તના 'પૂર્વાલાપ'માંની ઉપલી પંક્તિઓ લલિત કવિને કંઠેથી ઝરતી ને મંજીરાના મધુર રણકાર સાથે મિશ્ર થયેલી ક્યારેક સાંભળી હશે, તેનો પ્રતિધ્વનિ અમથાલાલના કર્ણપ્રદેશમાં ગુંજી રહ્યો.

એ ધૂન, એ આવેશ અને એ ડોલન મસ્તીમાં ડુબેલા અમથાલાલે પોતાની પાસેના કેટલાક સોનાના દાગીના ઉપરાંત મોડર્ન ફેશનના વસ્ત્રાલંકાર વગેરે ખરીદવા સજનિકાબાલાને સારી જેવી રોકડ રકમ આપવાનું વચન આપ્યું.

વાતચીત કરતાં કરતાં સજનિકાએ અમથાલાલની આંગળીમાંની વીંટી આસ્તેથી સેરવી લીધી. અમથાલાલે આ પ્રસંગને અને એ પળને જીવનના ધન્ય પ્રસંગોમાંનો એક ગણ્યો.

*

" પ્રમુખ મહાશય ! અહીં એક મુંઝવણ ઉભી થઈ છે; હવે તો અંદર પધારો." નિર્મલમનનો આજ્ઞાસૂચક કડક અવાજ સાંભળ્યો.

" એવી તે ભારે શી મુંઝવણ આવી પડી છે?" ઉચ્ચારતા અમથાલાલ અંદર આવ્યા. સજનિકાબાલા પણ તેની પાછળ રૂમમાં આવી સતિનચંદ્ર પાસેની પોતાની જગાએ બેસી ગઈ. તેના મુખમંડળ ઉપર વિજયસૂચક મંદહાસ્ય તરી આવેલું દેખાઈ આવતું હતું.

" એકવાર આપ કૌમુદીબહેનના હાથમાંનો કાગળ વાંચી જુઓ એટલે આપને અમારા કાર્યનો અને અમારી મુંઝવણનો ખ્યાલ આવી જશે." નિર્મલમને પૂર્વવત્ કહ્યું.

કૌમુદીએ કાર્યવાહક સમિતિના સભાસદોની નોંધવાળો કાગળ અમથાલાલને આપ્યો. અમથાલાલે સૌ સાંભળે તેમ અભિનયાત્મક સ્વરે ચીપીચીપીને વાંચવા માંડ્યું:—

મુખ્ય અધિષ્ઠાતાઓ:—

મૌલાના મસ્તવિલાસી મ્યાંઉસાહેબ.........પ્રમુખ

કુમારી ચિત્રલેખાદેવી ભવિષ્યભાસ્કર......ઉપપ્રમુખ

કવિ આનંદવર્ધન હજારીમલ ધગટ......મંત્રી

શેઠ ભાઈજી ભોપાજી ભાનવગરના.........

સ્વર્ગીય સંદેશવાહક અને પ્રેસરીપોર્ટર

માનનીય સલાહકારો:—

રાજરત્ન શેઠ નાનચંદ માનચંદ સરકાર

શ્રીયુત્ અને શ્રીમતી વિદ્યાચતુર દ્વારકાધીશ સાહિત્યવિશારદ

રા. સા. દોલતાબાદ ચોવટીઆ, માજી દીવાન, ગરના સ્ટેટ

શેઠ અને શેઠાણી રામભાઈ પટોળાપ્રસાદ હોકાયંત્ર

શેઠ શશીકાન્ત સૂર્યશંકર તારામંડળ
શેઠ વ્યંકટેશ્વર ધૂપતાપેશ્વર રાજસ્થાની

કાર્યવાહક સમિતિઃ—

નામ. ચહાશંકર કૉફીપ્રસાદ નીલગીરીવાળા
ગં. સ્વ. છન્નુબેન છાશવાળાં
સૌ. ચતુરાબાઈ ચત્તાપ્પા ચંપલવાળાં
શ્રી. ગુણીયલ ગુલાબ ગજરાવાળાં
મિ. ભીખા ભાણા ભાજીવાળા
મિ. પરાગ પેથાભાઈ પરમાર
મિ. કૃષ્ણાપ્પા કોંડાપ્પા કોચમેન
મિ. જગતપ્રસાદ ચુરમુર ચણાવાળા
મિ. ઈબ્રાહીમજી લુકમાનજી લાઈટવાળા
મિ. અલ્લાબક્ષ મૌલાબક્ષ ચંપીવાળા
મિ. મંચેરજી બી. બટરબીસકીટવાળા

અમથાલાલે આખી યાદી વાંચી લીધી કે તરત સતિનચંદ્રે કહ્યું: “ આ ચૂંટણી બધાંની સંમતિથી થઈ છે, અને આ માનસમારંભમાં સૌએ પોતપોતાનો સક્રિય સાથ આપવાની ઈચ્છા પણ દર્શાવી છે.”

“ કુમારી સજનિકબાલા અને હું તો બહારની ગેલેરીમાં હતાં.” અમથાલાલે કાંઈક કહેવા ખાતર કહ્યું.

સજનિકાબાલા બોલી, “ એ ખરૂં, પણ અમથાલાલભાઈ! આપે વાંચ્યું અને મેં સાંભળ્યું એ ઉપરથી હું મારી સંમતિ આપવા ઉપરાંત જણાવું છું કે, આ ચૂંટણીમાં ન્યાતજાતનો કે શ્રીમત ગરીબનો ભેદ કે પક્ષપાત જરા પણ દેખાતો નથી. તેમજ સામ્યવાદના ધોરણને બહુ સરસ રીતે આ ચૂંટણીમાં પોષવામાં આવ્યું છે. આવી બહુવિધ સુન્દર ચૂંટણી મહાસભાવાદીઓમાં પણ ભાગ્યે જ થાય છે. આ માટે આપણા બે સિવાય સૌ ધન્યવાદને પાત્ર છે.”

"એમજ હોય તો મારો અંગત મત પાછો ખેંચી સૌના એકમતી નિર્ણયને ટેકો આપવામાં હું સર્વની સાથે સામેલ થાઉં છું. આ સમિતિમાં મારા સલાહકાર અને મિત્રો નાથાલાલ નખોદિયા, શંકરપ્રસાદ સીસોદિયા, અને મફતલાલ મારફતીયાનાં નામ આવ્યાં નથી. પણ તેને વિશેષ મહત્વ આપી ચર્ચાને લંબાવવી યોગ્ય લાગતી નથી. અમથાલાલે સૂચના સાથે જ સ્પષ્ટતા કરી.

*

"પ્રમુખ મહાશયની એક ભારે ભૂલ થાય છે, તે સુધારવાની હું રજા લઉં છું કે મારૂં સરનેમ 'નખોદિયા' નહિ પણ 'નખ-ખોદિયા' છે." નાથાલાલે ઉભા થઈ જણાવ્યું.

"મારી ભૂલ થઈ નથી—હું એવી ક્ષુલ્લક ભૂલ કદી ન કરૂં. સહેજ મજાકની ખાતર જાણીજોઈને વચલા 'ખ' ને મેં ઉડાવી દીધો છે." અમથાલાલે ખુલાસો કર્યો.

નાથાલાલ ઉભો જ હતો. તેણે પોતાનું બોલવું આગળ ચલાવ્યું: "મારા નામની સૂચનામાં લાયકાત કરતાં આ સેવકની સેવાની કદરદાની મુખ્યત્વે હશે, એ હું સમજું છું; પરંતુ મારે બદલે હું એક વધુ લાયક ગૃહસ્થની ભલામણ કરવા ઇચ્છું છું. રાજકોટથી મારા દાદા આવેલ છે. તે દીર્ઘ કાળના અનુભવી અને વયોવૃદ્ધ છતાં શરીરે ખખડધજ છે, એટલે 'ઘરડાં ગાડાં વાળે' એ ચાલુ કહેણી મુજબ ગુંચવાયેલું કોકડું ઉકેલવામાં જરૂરને વખતે આપણને 'સરદાર'ના કરતાં પણ વધુ મદદગાર થશે."

"તેમનું નામ?" વચ્ચેથી એક અવાજ આવ્યો.

"મારી પડખે જ બીરાજેલા, આપણ સૌથી જુદા તરી આવતા, એ ગૃહસ્થ સાહિત્ય સૃષ્ટિમાં 'નકોનગરીઓ'ના નામે સુપ્રસિદ્ધ છે." નાથાલાલે પોતાના દાદાની ઓળખ આપી.

"રાજકોટના આંગણે રણથંભ રોપાયો છે, રણભેરી રણકે છે ને હાહાકાર વર્તાઈ રહ્યો છે, તેવા સમયે મિ. નગરીયા અહીં કેમ આવ્યા? લાઠીમારની બીકથી કે જેલમહેલના કાંકરીવાળા કાચાપાકા રોટલાથી ડરીને નાસી આવ્યા છે કે શું?"

ચોરણા ઉપર પછેડી બાંધેલી, કરચલીવાળું ટુંકું કેડીયું, ઉપર ઑાપન કોલરનો હાફકોટ ને ખેસ, માથે જામનગરી વાંકડી પાઘડી, કલપને લીધે ભૂરારતુંમડા થયેલા વાળના થોભીયા સાથે મોટી મૂછોવાળા નકાભાઈ મૂછ ઉપર તાવ દેતા-હાથ ફેરવતા બેઠા બેઠા જ બોલ્યાઃ "બાપુ! ભાગી આવે ઈ બીજા—આ ભાયડો ભાગે નઈ. તમારા જેવા પાંસને પુરો પડું એવો હજી હું સું! બાપુ! અમે રાજકોટીયા નઈ, પણ નગરીયા. ગોંડળ બાપુની રેલના ફરાસખાતાનો ઉપરી આ નકો-નગરીઓ ઓલીઆ બાપુના પરતાપે જગસતરાયો સે!"

"આપનાં દેવદુર્લભ દર્શન માટે અમ સૌનાં અહોભાગ્ય!" એક જણે વ્યંગ કર્યું.

"તમારી આવી અટપટી બોલી હું ન હમજું. વળી જુવાનડાની આવી ટીંખળી ટોળીમાં હું વહરોય લાગું. અમારા કોઠારી સાબના વજુભાની જાનની હરભરા હારૂ હું આવ્યો સું ને જાન ભેગો જ પાસો જાવાનો સું. મારાથી વધુ રોકાવાય તીમ નથી." નગરીયાએ પોતાની કામગરી વર્ણવીઃ "બાપુ! મારો આ નાથીઓ ને તમે હો આજકાલનાં ગભરૂ ગાડરડાં કેવાવ! તમે તડકો સાંયો હજી જોયો નથી, એટલે વધુ ન હમજો!"

"પણ કાકા, તમે હો તો અમારી મીજલસને બહુ આનંદ તો જરૂર કરાવો." સજનિકા બોલી.

નગરીઓ ખોંખારીને બોલ્યોઃ "બોન! તમારે જો ખરેખરી મોજ જ માણવી હોય તો મારા ઓલીયા બાપુના ગરૂ રમણબાપાને તેડાવોને."

“એ તો અત્યારે પરલોકવાસી છે. એમને તેડવા કોણ જાય, નકાકાકા !” સજનિકાએ પ્રાર્થનાસમાજી ભાષાપ્રયોગ કર્યો.

“ઈ બઉ માન ખાય કે મોંઘા થાય એવા તો નથી, પણ મોંઘા થાતા હોય તો જીંતેદરભાઈ કે ફકીરાભાઈને નોતરૂં દ્યો. હૌ નોતરાંના ને માનના ભૂખ્યા સે !” નગરીઆએ સમજ્યા વગર નવું સૂચન કર્યું.

“એમ તો અમારા પ્રમુખશ્રી પણ સર્વદેશી સ્રેણ સ્વભાવના હોવાથી આનંદની રેલ રેલાવે તેવા રસિકા છે.” કૌમુદીએ અમથાલાલની પ્રતિકૃતિ રૂપે ‘રસિક’ને બદલે નારીજાતિવાચક ‘રસિકા’ વિશેષણનો પ્રયોગ કર્યો.

એનો મર્મ સમજવાની દરકાર વગર કર્યા જ અમથાલાલે ખુશી દર્શાવતાં કહ્યું, “બહેનનું કથન બરાબર છે. પણ મને આ કાકાની જેમ કોઈ રમકડું સમજે તો તે તેમની ભૂલ છે. કેટલાક મારા માનસમારંભની યોજનાને મશ્કરી કે ઉપાલંભરૂપ સમજે છે. પરંતુ તેની પાછળ છુપો સમાયેલો મારો હેતુ બીજું કોઈ શું જાણે ? હું જે થવા દઉં છું, જે કાંઈ કરાવું છું, અને તે માટે જરૂર પડતાં ખીસ્સાને કાપ મૂકાવા પણ દઉં છું, એ સઘળાની પાછળ મારો ખાસ હેતુ સમાયેલો છે. સમજ્યા ? હું સિદ્ધાંતવાદી છું, એ સૌએ સમજી રાખવું.”

“હાસું કીધું બાપલા ! આજના જુવાનડાને તો આમ પાંહરૂં બોલવાની જ જાણે બાધા ! ‘માથું વાઢીને પસી પાઘડી બંધાવે’ ઈમ પેલાં ગમે ઈમ બોલી નાખે ને પસી ઘડીકમાં માફી માગવા લાગે ! પેલાં બોલ્યે ઈ કાંઈ લેખામાં જ નો રાખે ! તમે મારા જેવા હાસાબોલા લાગો સો ! બાપુનું કીયું ગામ ?” નકાએ અંતરની લાગણીના ઉમળકાથી અમથાલાલને પૂછયું.

“ગાંધર્વપુરી !”

“ઓહો ! તમેય મારી ઘોડે ગંધ્રવ લોકમાંથી ઉતરી આવોસો ! પણ બાપુ ! ઈ લોકમાં મેં તમને કયાંય કેમ નો દીઠા ? હરગ લોકની

શેરીએ શેરી હું ફરી વળ્યો સું. ભેગા થ્યા હોત તો કોકદી બાપુની દાઢીનો કે સાકરીનો લાભ લેત. હવે ફરી કોઈ વાર વાત !"

એક ટીંખળી જુવાને કહ્યું, "કાકા! એ તમારી ઉપર જ ચોથા મજલે રહેલા !"

"ભાએગશાળી સે બાપુ! ઈનો ઉતારો અમારા જેવાની હારે શેનો હોય? અમારા કોઠારી સાગનાં શેઠાણીઆ સોથી નારકીની વાત કરેસે ઈમાં બાપુનો મકામ હશે!" નકાએ પોતાનો સંતોશ જણાવી પૂછ્યું, "પણ બાપુ! તમે હરગમાંથી ઉતર્યા કેવી રીતે?"

"કાકા, તમે ઉતરેલા તેમજ." કૌમુદી બોલી.

"મને તો મારા ઓલીયા બાપુએ 'હરગની નીહરણી' ભેગી બંધાવીતી." નિષ્પાપી ભોળીયા નગરીઆએ ભોળાભાવે કહ્યું.

પ્રમુખની બાજુએ બેઠેલા સીગારેટ ફુંકતા પાતળા સોટા જેવા કવિને દલપતરામ કવિની એક કવિતાનું સ્ફુરણ થઈ આવ્યું ને ગણ-ગણવા લાગ્યા: "મુરખ માથે...નહિ નિશાની હોય!"

*

આ પીંજણ ટુંકું કરવાના ઈરાદાથી કૌમુદીએ ઈસારો કર્યો, અને યાદીવાળો કાગળ પાછો માગ્યો. તે આપતાં અમથાલાલ બોલ્યા: "મુખ્ય મુદ્દા બહારની કેટલીક નવી વાતો થઈ ગઈ. પણ ચાલો, એથી સૌને બે ઘડી મોજ મળી એ પણ મગજની ગરમી ઉતારવા ઠીક જ થયું. હવે હું પુછું છું કે તમને આમાં મુંઝવણ ક્યાં આવી છે?"

"એક જવાબદાર હોદ્દો ખાલી છે તે માટે કોની નિમણુંક કરવી, એ કોઈના મગજમાં સ્ફુરતું નથી: કેમકે એની જવાબદારી લેવા માટે કોઈ તૈયાર થતું નથી." નિર્મળમને ખુલાસો કર્યો.

"કયો હોદ્દો?" સજનિકાબાલાએ પોતે જાણતી ન હોય તેવા ભાવે પૂછ્યું.

" આ કાર્ય માટેની દ્રવ્ય વિષયક જરૂરીઆતને પહોંચી વળવાનો એટલે કોષાધ્યક્ષનો. "

અમથાલાલના મુખ પર ઘેરાયલાં વાદળાંમાંથી ઇન્દ્રધનુષ્યના જેવી નાખુશીની આછી છાયા તરી આવેલી દેખાઈ.

" આ ગાંધીયુગમાં સહભોજનને કે સ્વૈરવિહારને યા સ્વેચ્છાલગ્નને ઉત્તેજન આપવા, બૉર્ડીંગ કે ઓર્ફનેજ ચલાવવા, પીકેટીંગ માટે સ્વયંસેવકો તથા સેવિકાઓનું કામ કરવા, ધર્માદા સંસ્થાનો લાભ લેવા કે આપમેળે થઈ પડેલા સાહિત્યકોની સભા સ્થાપવા પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, કારોબારીના સભાસદો વગેરે ફોગટીઆ હોદ્દા માટે મુશ્કેલી નડતી નથી: જ્યારે દ્રવ્યસહાયક જેવો મૂલ્યવંતો હોદ્દો કે જેની દરેક કાર્યમાં અગત્ય રહે છે, એનો જ પ્રશ્ન હમેશાં મુશ્કેલ થઈ પડે છે. જાતિ-ભોગની સમસ્યા વગર એ અતિ આવશ્યક ખોટ પૂરાવી શકય નથી." અમથાલાલે બીજાઓને સ્વાર્થી અને સ્થૂળ બુદ્ધીવાળાં માનીને બોલતાં સજનિકાબાલા તરફ મીટ માંડી.

" અમથાલાલભાઈના વધુ પરિચય પછી મારી બુદ્ધિ પણ કુશાગ્ર બનવા લાગી છે. તેમના ઉપરના ઉદ્ગાર પછી એ જવાબદાર હોદ્દા માટે વધુ વિચાર કરવાની જરૂર રહેતી હોય એમ મને લાગતું નથી. હું ધારૂં છું અને માનું પણ છું કે, અમથાલાલભાઈની ઊંડી ઊંડી વૃત્તિ હોવાથી આપણુ સૌની સૂચનાનો સ્વીકાર કર્યા વિના તેઓ નહિ જ રહે." સજનિકાબાલાએ અસ્પષ્ટ ઉચ્ચારવા સાથે અમથાલાલને જ આ માનસમારંભના સર્વે ખર્ચ માટેના જવાબદાર—કોષાધ્યક્ષ ઠરાવી દીધા, ને કૌમુદી ભણી નજર કરીને કહ્યું: " દ્રવ્ય સહાયક અને કોષાધ્યક્ષનો જવાબદારી ભર્યો હોદ્દો અમથાલાલભાઈ એ, જાતિભોગના સિદ્ધાંતની પ્રથા પાડવા, સ્વેચ્છાથી સ્વીકાર્યો, એમ નોંધ કરો."

કૌમુદી નોંધમાં લખે, એ પહેલાં જ વ્યવહારવિવેકી મંત્રીએ એ નિમણૂંક જાહેરમાં ન મૂકતાં અંતર્ગત–ખાનગી–રાખવાની સૂચના

તેનાં કારણો દર્શાવીને કરી, અને સૌએ તે સ્વીકારી. આ વ્યવહાર-દક્ષતા અને સમયસૂચકતા દર્શાવવા બદલ તેને 'થેંકસ' મળી.

*

કોમરેડ નિર્મલમન રૂઆબભેર ઉભી થઈ અને પુરૂષસમા અવાજે બોલી: " કહેવાતા 'મરદ મૂછાળા' છતાં બડમૂછીઆ ભાઈઓ અને કહેવાતી 'અબળા' છતાં બખ્તરીયા બહેનોએ મળીને આજનું કાર્ય, ધૂમકેતુના ' તણખા ' સમા ટાઢાઉના મતભેદોને ગોવર્ધનરામભાઈએ પ્રસિદ્ધિમાં આણેલી ચોપાટીના મહાસાગરમાં હોમી દઈ એકીમતે એકીજથે પાર પાડ્યું તે માટે આપ સૌને શાબાશી ઘટે છે. જેમના સન્માન માટે આ મહાસમારંભ થવાનો છે, તે ભાઈ મારી બહેનપણી કુ. વિનોદિની ઉર્ફે વાસંતીબહેનની નવી બાના મામાના ભત્રીજા થતા હોવાનું કહેવાય છે. મારી એ બહેનપણીની ગેરહાજરીમાં હું તેની વતી હાજર રહી છું. આ પ્રસંગે મને એક તદ્દન નવી–મૌલિક સૂચના કરવાની સ્ફુરણા થાય છે ને તે રજુ કરી દઉં છું. મિસ્ટર અમથાલાલે......"

" મિસ્ટર નહિ, શ્રીમાન્ અમથાલાલ." વચ્ચેથી એક અવાજ આવ્યો.

નિર્મલમને વધુ કડક અવાજે પોતે વાપરેલા મિસ્ટર શબ્દને પકડી રાખતાં કહ્યું: " તમે સૌ આગંતુક છોઃ હું મારી બહેનપણીના સંબંધી તરીકે મિ. અમથાલાલને બદલે, માનનીય બીજબાન નકાકાકાએ 'નાથીઓ' કહેલો તેમ માત્ર 'અમથા'નું સંબોધન પણ કરી શકું છું. માટે વચ્ચે ગરબડ કર્યા વિના સાંભળો."

" બરાબર છે. દરેકે ડિસીપ્લીન સમજવી જોઈએ." અમથાલાલે સમદર્શીપણું દર્શાવ્યું.

" મિસ્ટર અમથાલાલને મારી સલાહ અને સૂચના છે કે આ ખાસ પ્રસંગની યાદગીરી પણ તેવા જ સ્વરૂપે રહે એ માટે તેમણે જેમ પોતાના ફોટાવાળાં વિઝિટિંગ કાર્ડ છપાવ્યાં છે તેમ કેલેન્ડર

પણ આકર્ષણ દેખાવના છપાવે અને તેની છુટે હાથે ન્યાત પરન્યાતમાં લ્હાણી કરે. તેમજ હોટલ, લોઝ, રેસ્ટોરાં વગેરેમાં વહેંચાવે. એથી આ પ્રસંગની અમરતા યાને યાદગીરી માટે ઓછામાં ઓછી એક વરસની ગેરંટી આપવા હું બંધાઉં છું."

નિર્મલમન બેસી ગઈ એટલે અમથાલાલ મુખ પર ગંભીરતાનો દેખાવ લાવી બેઠા બેઠા જ બોલ્યા: "આ સુંદર અને નૂતન સૂચન માટે આભાર. એ બાબત પર પુરતો વિચાર કરી સમય આવે યથાયોગ્ય તે કરવામાં આવશે."

સતિનચંદ્રે હાસ્યભર્યાં વદને જણાવ્યું: "નિર્મલબહેનની અમોલી સૂચનામાં નવિનતાનું સત્વ અને મૌલિકતાનું તત્વ હોવાથી તે અમલમાં મૂકતાં અપૂર્વ, અજોડ અને અતિ આકર્ષક નિવડશે, એમાં શંકાને રહેજ પણ સ્થાન નથી. આપ સૌનાં મગજ મહત્વની વિચારણાના બોજાથી થાકી ગયાં હશે, માટે પ્રમુખ મહાશયની ઇચ્છાનુસાર આપના માટે ચહાનાસ્તાની વ્યવસ્થા થઈ છે, તેને ન્યાય આપવા સૌ ભાઈ બ્હેનોને હું વિનંતિ કરૂં છું."

*

ઠઠ્ઠા અને હાસ્ય-ઠીંખળ સાથે સૌએ ચહાનાસ્તાને ન્યાય આપ્યા પછી મહત્વના મુદ્દા પર લક્ષ આપી સર્વાનુમતે નીચેનો પ્રોગ્રામ નક્કી કર્યો:

(૧) માનસમારંભ વખતે શ્રીમાન્ અમથાલાલે મંડપારોહણાર્થે પધારતા વરરાજાના જેવો પહેરવેશ અને શણગાર સજવો.

(૨) સ્વ. ગોકળદાસ કાકાના 'પારેખ હાઉસ' પાછળની જુની મહારવાડીએથી વાજતે ગાજતે સરઘસ આકારે તેમને ફ્રેંચપુલથી ચોપાટી પર ફેરવી, ભલભલા શેઠીયાને તો શું પણ રાજામહારાજાને મળ્યું ન હોય કે ભવિષ્યમાં મળવાનો સંભવ પણ ન હોય એવા અજોડ માનપાન સહ સમારંભસ્થાને લઈ જવા.

(૩) સુપ્રસિદ્ધ સ્ત્રીપુરૂષોનાં પ્રસંગાનુકૂળ વ્યાખ્યાન થયા પછી વિધિપુરઃસર એક સન્માનપત્ર અર્પણ કરવું.

(૪) છેવટે ખાટીમીઠીને ન્યાય આપી સભાવિસર્જન.

(૫) સભાસ્થાનપતિ અને પ્રમુખશ્રીના આભારદર્શન.

આ નિર્ણય પછી સૌ વિખરાયા.

*

અમથાલાલ અને સજનિકાબાલા સાથે જ બહાર નીકળ્યાં. થોડેક ગયા પછી સજનિકા ધીમેથી બોલીઃ "વસ્ત્રાલંકાર વગેરેની ખરીદી સારૂ રકમ ક્યારે આપશો ? વખત બહુ નથી."

"હાલ તુરત કેટલી રકમથી કાર્ય સરશે ?" અમથાલાલે પૂછ્યું.

"હું શું કહું ! શોભા વધારવી તમારા હાથમાં છે."

"મારી રૂમ પર આવી શકશો ?"

"ના. એ તરફ આવવાની મને ઉર્મિ આવતી નથી. હું સામેના કૉસ્મોપોલીટિન રેસ્ટોરન્ટની ફેમીલી કેબીનમાં બેસું છું. તમારે જે આપવાનું હોય તે લઇ વહેલા આવોઃ કેમકે મારી ડ્યુટીનો વખત થાય તે પહેલાં મારે પહોંચવું જોઇએ."

બીજી કેટલીક વાતચીત પછી અમથાલાલ ટેકસીમાં બેસી વિદાય થયા અને સજનિકાબાલા કૉસ્મોપોલીટિન રેસ્ટોરન્ટની એક 'ફેમીલી કેબીન'માં જઈ બેઠી. 'હોટલગર્લ'ને સોડાનું બીલ ચુકવી તેણે કેટલોક સમય વાશી છાપું વાંચવામાં પસાર કર્યો.

થોડીવારે ભાવિ ભ્રમણા રૂપી કચ્છના રણની રેતી ઉપર મનોરાજ્યના કિલ્લા ચણતા, ખીસા ઉપર હાથ રાખી, કેબીનનો અર્ધો દરવાજો ખોલી અમથાલાલ પવનવેગે અંદર પ્રવેશ્યા.

ભલો બુરો તોપ તણો ભડાકો,
નસીબમાં હોત કદી હડાકો;
રસે ભર્યો યત્ન કરેલ પાકો,
હવા મહીં થાત નહીં કડાકો.

*

અમથાલાલે દર્દભરી ઉપલી કવિતા ગાઈ ને ઊંડો નિસાસો મૂક્યો. એટલામાં નાથાલાલ ત્યાં આવ્યો.

“સન્માનસમારંભ સંબંધે લોકોમાં શી અફવા ચાલે છે ?” નાથાલાલ કાંઈ પણ બોલે કે પૂછે એ પહેલાં અમથાલાલે પૂછ્યું.

જવાબમાં નાથાલાલ બોલ્યો: “લોકોએ કશું જાણ્યું લાગતું નથી.”

“સતિનચંદ્ર ચકોર બુદ્ધિનો તો ખરો. સારૂં થયું કે તેણે પેપરોમાં રિપોર્ટ ન મોકલ્યો. મોકલ્યો હોત તો વધુ હોહા થાત.” અમથાલાલે સંતોષ દર્શાવ્યો.

“માનપત્રની છાપેલી નકલ તમને મળી છે ?” નાથાલાલે પૂછ્યું.

"ગરબડ વધી પડી ત્યારે ઉતાવળે ઉતાવળે થોડી નકલો મને સતિનચંદ્રે આપી દીધી; અને નિર્મલમને તો ગરબડાટ ચાલુ છતાં અડગ હિંમતથી થોડીક નકલો વહેંચી પણ ખરી. તેણે તો કાલે ખરે કમાલ કરી છે: જબરી હીમતબહાદુર! આ પરથી તમે શું ધારો છો નાથાભાઈ? મને તો લાગે છે કે સહવાસ વધતાં મારા પ્રત્યેની તેની વૃત્તિ અવશ્ય બદલાવી જોઈએ."

"સમયાનુકૂળ થઈ લીંબુના પાણીની પેઠે બહેનો સાથે ભળી જવાની તમારી અજબ કુનેહના પ્રતાપે તમારા ધારવા પ્રમાણે નિર્મલમનની ભાવના થઈ હોય કે થાય, તેમજ કૌમુદીબહેનની પણ તમારા પ્રત્યે મીઠી નજર હોય એમ તો કંઈક લાગે છે: જો કે ક્યારેક ક્યારેક એ બધાં સખ્ત કટાક્ષો કરતાં રહે છે ખરાં." નાથાલાલ કાલના પ્રસંગ પર આવ્યો: "કાલે છોકરાંઓએ તોફાન મચાવી આપણો બધો ઘાટ બગાડી દીધો."

"એટલે જ પેપરોમાં રિપોર્ટ મોકલવા જેવું ન રહ્યું ને! મને તો તે વખતે એવો ક્રોધ આવ્યો હતો, નાથાલાલ કે મિ. ખેરને બદલે હું એજ્યુકેશન મિનિસ્ટર હોત તો આવાં બધાં તોફાની છોકરાંને આખા ઈલાકાની સ્કૂલમાંથી ડિસમિસ કરવાનો અર્જંટ ઓર્ડર કરત."

"તમારા સ્વભાવ-દર્શક ભાષણની શરૂઆતમાં જ છોકરા-છોકરીઓએ જે છબરડો વાળ્યો તેમાં કોલેજવાળાઓ પણ સામેલ હતા."

"તદ્દન ખરૂં. આજકાલના કોલેજવાળાઓ તો છે જ એવા. જ્યાં ત્યાં વગર સમજ્યે આમ જ રંગમાં ભંગ પાડી બધો ઘાટ બગાડી નાખે છે. પણ જવા દો એ ગઈગુજરી. માનપત્રની વિધિ ન થઈ શકી, પણ તેની થોડી નકલો વહેંચાઈ, એ પણ 'કંઈ લાખો નિરાશામાં અમર આશા'નું એક બિન્દુ આપણે માટે તો ગનીમત છે." એટલું બોલી અમથાલાલે કટાક્ષ કર્યો: "આપ અત્યારમાં કેમ પધાર્યા?"

"વિલે–પાર્લેમાં સહશિક્ષણના ધોરણવાળી એક મિશ્રશાળા કૌમુદીબ્હેન આજે ખુલ્લી મૂકવાનાં છે, એ માટે આમંત્રણ આપવા." નાથાલાલે પોતાના આવવાનું કારણ જણાવતાં મુખ પર ઉલ્લાસનો ભાવ ચમકાવી મૂકયો.

"વાહ! શી લાગણી! વિધાતાની શી વિચિત્રતા! આ બધા બનતા અવનવા બનાવોથી કાંઈ સમજણ પડતી નથી કે પહેલો ચાન્સ કોના કપાળે સરજાયો હશે!" એટલું કહી અમથાલાલ મનમાં જ મગ્ન થતા વિચારમાં પરોવાયા પછી બોલી ઉઠયા: "શુભસ્ય શીઘ્રમ્—ચાલો હમણાં જ."

"તમે પણ શા અધીરા છો! હજી તો ઘણી વાર છે. ચહા–નાસ્તો નીરાંતે કરી કલાકેક પછી જઈશું તોપણ વેળાસર પહોંચી જવાશે." નાથાલાલે ચહા–નાસ્તાની દરખાસ્ત યુક્તિથી રજુ કરી દીધી.

આ પ્રસંગે નાથાલાલની ઈચ્છાને સંતોષવામાં ન આવે તો અમથાલાલના દિલમાં ખોટું લાગે. એનું કારણ એ પોતે સમજતા હોવાથી કાંઈ પણ બોલ્યા વિના એમણે ઘાંડિયાને હાક મારી ચહા–નાસ્તાનો હુકમ કરી દીધો.

*

ઘાંડિયો ધાટી ચહા–નાસ્તો લેવા ગયા પછી અમથાલાલને એકાએક કાંઈક યાદ આવ્યું એથી તે ઉતાવળે ઉઠયા, ને એક પત્ર નાથાલાલને આપી બોલ્યા: "નાથાભાઈ, જાણો છો ને કે તમારાથી હું કશું ખાનગી રાખતો નથી. વાંચો, જુનાગઢથી આવેલો વાસંતીનો આ કાગળ." નાથાલાલે પત્ર લીધો ને વાંચવા માંડયો:

"શ્રીયુત્ અમથાલાલભાઈ,

શુભસ્થાન મુંબઈ.

"તે દિવસે નક્કી કરેલા સ્થળે અને સમયે આપે મારી બહુ રાહ જોઈ હશે, પણ મારી એક બ્હેનપણી સાથે અચાનક મારી મરજી

ન હોવા છતાં સિનેમામાં જવું પડવાથી હું ત્યાં આવી શકી નહોતી. અને પછી તુરત જ ગિરનાર આવવાનું થયું એટલે આપને મળી શકાયું નહિ. ઉપલાં કારણોને લીધે આપના માનસમારંભમાં પણ હું હાજરી આપી શકી નહિ, તે માટે ઘણી દિલગીર છું.

"સજનિકાબ્હેન અને નિર્મલબ્હેનના પત્રો પરથી જાણ્યું કે આપના માનસમારંભ માટે યોજાયેલી કાર્યવાહક સમિતિ સર્વદેશીય અને પ્રસંગ માટે ઘણી લાયક હતી. નિષ્પક્ષપાતી સમિતિ અને તેમાંની ધગશ ધરાવતી વ્યક્તિઓની નામાવલિ જોઈ હું ખૂશી થઈ છું. એ સામ્યવાદી ચૂંટણી અને સૌના સહકાર માટે મારાં અનેકાનેક અભિનંદન!

"ચોપાટીના બગીચામાંનું આપનું સન્માન યુગધર્માનુસારનું છતાં કાંઈક વિચિત્ર અને યોજના કરતાં ઉલટું—જો કે આપના સિદ્ધાંતાનુસાર નૂતનતા દાખવનારૂં—થયાનું નિર્મલબ્હેને લખ્યું છે તે વાંચીને મેં અંતરમાં ઉદ્વેગ અનુભવ્યો. મારી વધુ પડતી જિજ્ઞાસાવૃત્તિને અંગે સ્પષ્ટતા સારૂ હું એના પત્રમાંના જ બેએક ફકરા અત્રે ટાંકું છું:

'...સુન્દર ટેકસીમાં બેસાડી અમથાભાઇને લેઈટ ઓનરેબલ ગોકળદાસ કાકાના 'પારેખ હાઉસ' પાછળની 'મહારવાડી' કે જ્યાં અત્યારે તો આલીશાન બંગલા બંધાયા છે, ત્યાંથી ચોપાટી સુધી વાજતે ગાજતે સરઘસ રૂપે લઈ જવામાં આવ્યા. સજનિકાબ્હેને કપાળમાં ચાંલ્લો ચોડી હાથમાં વસઈનું લીલું શ્રીફળ આપી કાનની બુટમાં કાજળનું બાડું કરી ભગિનીનો પાઠ ભજવ્યો હતો.

આ વખતે અમથાભાઈની મુખચર્યા જોવા જેવી હતી. જીંદગીમાં પહેલી જ વાર માથે મુકેલી પુનાશાહી ગુલાબી ચકચકીત પાઘડી એવી સરસ દીપતી હતી: જાણે કોઈ કથાકીર્તનકાર જોઈ લો! —

લગ્નના ફુલ ડ્રેસમાં સજ્જ થઈ ખુલ્લી મોટરમાં ગંભીરતાથી છતાં રૂઆબભેર અમથાલાલને બેઠેલા જોઈ ઘણાખરા પથિકોએ તે લગ્નનો વરઘોડો જ માની લીધો અને કન્યામંડપે શ્રીફળ મળવાની આશાએ

મુંબઈમાં તાજા જ ઉતરી આવેલા કેટલાક લોકો ઠેઠ સુધી સરઘસમાં સામેલ પણ રહ્યા. એટલું જ નહિ પણ જેમ જેમ સરઘસ આગળ વધતું ગયું તેમ તેમ વણતેડયા સાજનીઆની સંખ્યા ઉલટી વધતી ગઈ. સમિતિના બધા સભ્યોએ પોતપોતાની ધંધાદારી ચીજો સાદર ભેટ ધરી હતી. મિ. ભાજીવાળાએ પોતાની સમસ્ત જ્ઞાતિ એસોસીએશન તરફથી વિવિધ પ્રકારનાં શાકભાજીનો એક તદ્દન નવી જ કલ્પનાનો હાર ભેટ કરવામાં નવિનતાની અવધી કરી હતી. સાહિત્યકની ભાષામાં કહું તો તેનું આ ' મૌલિક સર્જન ' રણજીતરામ સુવર્ણચંદ્રકને યોગ્ય હતું.

કરાંચીનું પટેટું, ભાવનગરી દાડમ, ધોળકિયું જામફળ અને લીંબુ, અમદાવાદી બોર, સુરતી પાપડી, ભરૂચી કાકડી, ગોંડળિયું મરચું, વેરાવળી કાંદો, વસઈનું કેળું અને કારેલું, રત્નાગીરી રવૈયું: વગેરેનો અપૂર્વ હાર અમથાલાલભાઇએ સાભાર સ્વીકારી કંઠે ધારણ કર્યો હતો. ગજરાવાળાં ગુણીયલબાઇએ આવળ, આકડો ને પીળી કરેણનાં ફુલ -પાનનો સુંદર કળાથી ગુંથેલો ભવ્ય ગજરો ભેટ ધરેલો, ને તે અમથાભાઇએ ભારે છટાથી જમણી બાજુની ભેટમાં ખોસ્યો હતો.

*

આ ઉપરાંત નવિનતા દર્શક ઠાઠમાઠની સામગ્રીમાં— મિ. પરાગ પેથાભાઈ તરફથી ભેટ આવેલી જોધપુરી મોજડી એમના પાદારવિંદ ઉર્ફે પગમાં શોભી રહી હતી. છન્નુબ્હેન છાશવાળાંએ ઉદારતાથી મીઠી મધુરી-છાશની ગોળીઓ સરઘસના રસ્તે મૂકી દીધી હતી. મિ. બટર-વાળા શેઠે બટર લગાડેલાં પાંઉ-બિસ્કીટની ડિશો અર્પણ કરી હતી. મિ. નિલગીરીવાળાએ ચહા-કૉફીની કીટલીઓ લઈ પોરીયા-ઓને ફરતા રાખ્યા હતા. જેને જે પીવું હોય તે પીએ ને ખાવું હોય તે ખાય ! મિ. કૃષ્ણાપ્પા કોચમેને કલાત્મક રીતે મોટર ડ્રાઈ-વિંગ કર્યું હતું. ચંપીવાળો મિ. અલાબક્ષ ઉભો ઉભો કોઈ ધર્માચાર્ય મહારાજને ઢોળાતી હોય તેમ આકર્ષક ઢબે ચમ્મર ઢોળી રહ્યો હતો.

ચતુરાંબાઈએ લેડીઝ ફેશનની સોનેરી ફુલબુટ્ટા ભરેલી મખમલની મોજડી અર્પી હતી. તેણે આ પ્રસંગ કન્યા માટેનો માની લીધો હશે. ભવિષ્યની ઉપયોગીતાની દીર્ઘદ્દષ્ટિથી અમથાભાઇએ આ બીનજરૂરી ભેટનો પણ સ્વીકાર કર્યો હતો. આ બધા આકર્ષણોને જોમ આપતો હોય તેમ, જોરદાર હીન્દી જબાનમાં 'ચુરમુર ચના જોર ગરમ' લલકારતો, ચણાવાલો ફાંકડો બની, છાતી કાઢી, સૌની આગળ તાલબંધ ચાલે ચાલતો હતો. મિ. ઈબ્રાહીમજી લાઇટવાળાએ વિવિધ પ્રકારની દિવાબત્તીઓ વડે ઝગઝગાટ ફેલાવી દીધો હતો. આમ સમિતિમાંના દરેકે પોતપોતાથી શકય સેવા અને ભેટ અર્પેલું. અને તેથી ન ભૂતો ન ભવિષ્યતિ : અજોડ અને અપૂર્વ દશ્ય ખડું થયું હતું. આ ભેટસોગાદોના બદલામાં સારી જેવી બક્ષિસોની આશા સૌએ સેવી હોય એ સાહજીક જ છે.

હું સ્વયંસેવકના લેબાસમાં સજ્જ થઈ સરઘસની વ્યવસ્થા સંભાળતી હતી. સતિનભાઈએ પણ તનમનથી સેવા બજાવવામાં કચાશ રાખી નહોતી. ચોપાટી ઉપર સાંજના ફરવા આવનારાંમાંનાં કેટલાંક સ્ત્રી–પુરુષો કુતૂહલ વૃત્તિથી અને ભેળપુરી તથા શેવમમરાના ફેરીયા ધંધાર્થે–ઘરાકી થવાની આશાએ સરઘસમાં જોડાયા હતા. આ રીતે વણનોતરી સંખ્યાએ અમારી એક ભારે ચિંતા દૂર કરી હતી. આ પ્રમાણે સરઘસ પુરતા ઠાઠમાઠ સાથે ચોપાટી ઉપર પહોંચ્યું. પછી સ્વ–ભાવદર્શનના પ્રાસ્તાવિક ભાષણની શરૂઆતમાં જ કેટલાંક તોફાની છોકરાંઓએ 'હુરરે', 'અમથા ભૈયાકી જય', 'અમથાભાઈની જય' એવી એવી બૂમો પાડી ધમાલ મચાવી મૂકી કે તેથી ઝોકાં ખાતા પ્રમુખ પણ ચેતનવંતા થઈ ગયા, અને તોફાની ટોળાને શાંત પાડવા મોટા અવાજે થોડાક ઘાંટા પાડયા. મંત્રીએ તેમજ રા. સા. ચોવટીઆએ પણ બુલંદ અવાજે શાંતી માટે બૂમો પાડી. પણ સાંભળે જ કોણ ?

ગરબડ મચી પડવાથી અમારી મંડળીના મુઠીભર પ્રેક્ષકોની સંખ્યામાં મદારીનો મફતીયા ખેલ જોવા દોડી આવતા ફોગટીઆ પ્રેક્ષકોની જેમ, ચોપાટી પર ફરનારા માણસોનો એટલો તો ધસારો થઈ ગયો કે ઘોંઘાટ, ગરબડાટ, હસાહસ, ‘ જેજેકાર ’ની બૂમો, સીસોટીઓ અને વગર સમજ્યે પડતી તાળીઓને લીધે વાતાવરણ ઘણું ઉગ્ર બની ગયું. આમ મામલો વીફરેલો જોઈ અમે ગભરાયાં અને હું, નાથાલાલ તથા સતિનભાઈ મળી અમથાલાલને સમજાવીને ગુપચુપ સમુદ્રતટે લઈ ગયાં. વિલંબ થયો હોત તો કદાચ ‘ વિવાહની વરશી ’ની કહેવત જેવું કંઈક થઈ પડવાની જબરી ધાસ્તી પ્રત્યક્ષ દેખાતી હતી……’

*

નિર્મલબહેનના ઉપલા પત્રથી હું ઘણી ચિંતાતુર થઈ છું, ને આ બાબતમાં તમારા તરફથી વધુ સ્પષ્ટતા થવાની આશા રાખું છું.

દૂરદૂર રહીને પત્રથી લાંબાચોડા જવાબ લખવાની પુરાણી પ્રથાને વળગી રહી, સત્યાસત્ય સમજાવવાની ભાંજગડરૂપી ઉંડા ભમરીયામાં ભટકવા કરતાં આપ વહેલી તકે જુનાગઢ પધારો તો ઉત્તમ !

‘ ઉગ્યું સવાર સુખરૂપ સખી અમારૂં ’

આપણા કવિસમ્રાટ ન્હાનાલાલની એ પંકિતનું સાર્થકય ગિરનાર પર આપનું આગમન થયા પછી કદાચ શકય થવાનો સંભવ પણ હું કલ્પું છું: પરિણામ તો પ્રભુને હાથ.

અહીં કુદરતનાં વનસ્પતિચિત્ર જોતાં મને સમજાયું કે મિ. વિલ્સને લખેલ ‘ What is Girnar ’ માંનાં વર્ણનો લખતી વખતે આપના જેવી કોઈ નૈસર્ગિક શક્તિશાળી વ્યકિતની એને સહાયતા મળી હોત તો તેનું એ પ્રવાસવર્ણન વધુ સજીવ બન્યું હોત.

હું આશા રાખું છું કે આપની માર્ગપ્રતીક્ષામાં અમને નિરાશા નહિ જ મળે. આપના પધારવાથી અહીં હજારો નિર્જીવ મૂર્તિઓના

દર્શન વખતે સજીવ મૂર્તિની જે ખોટ–ઉણપ મને જણાય છે, તે નહિ રહે. મારાં નવાં ‘બા’ કાંઈક અંશે જૂની પ્રણાલિકાનાં રહ્યાં એટલે પત્થરની નિર્જીવ મૂર્તિમાં તેમને તન્મયતા ભાસે છે; જ્યારે મને સજીવ મૂર્તિદ્વારા આનંદ મેળવવવાની ઉત્કંઠા હમેશાં રહે છે; અને તેથી જ આપને આગ્રહપૂર્વક આ આમંત્રણ કરૂં છું.

કુ. વાસંતીના જયભારત.”

*

નાથાલાલે અમથાલાલને પત્ર પાછો આપતાં પૂછ્યું, “આપે શો વિચાર કર્યો હવે? મને સાથે લઈ જશો ને?” તેણે મનમાં વિચાર્યું કે પાંચ–દસ દિવસ જે મફતમાં મજા માણી તે ખરી!

“હું કહેવાનો જ હતો કે તમારે સાથે આવવું પડશે. તમારા જેવા હોંશિયાર સાગ્રીત વિના કાર્યની સાર્થકતા સધાય ખરી?” અમથાલાલે સહર્ષ જણાવ્યું.

એક બે મિનિટ વિચારમાં ગરકાવ રહી અચાનક અમથાલાલ બોલ્યા:—“તમે મારા પ્રત્યે લાગણી અને વફાદારી ધરાવતા હોવાની મારી ખાત્રી હોવાથી જ હું તમને કેટલીક અંગત બાબતો જણાવવામાં હરકત જોતો નથી. પણ હું તમને જે કહું તેમાંનું જરા પણ તમારે કોઈને કહેવું નહિ.” આટલી સૂચના રૂપ ચેતવણી દીધા પછી એમણે એક ફાઈલ ગાદલા નીચેથી કાઢી નાથાલાલના હાથમાં મૂકીને કહ્યું: “આમાં હું મારા મહત્વના કાગળની નકલો રાખું છું, તમારે વાંચવા હોય તો એમાંનો પહેલો કાગળ વાંચી જુઓ.”

અમથાલાલ પોતાની હોંશિયારી બતાવવા પોતાનો ઉપયોગ કરવા તત્પર થયા છે, એમ ચકોર નાથાલાલ સહેજમાં સમજી ગયો, અને તક સાધી બે–પાંચ રૂપીઆ કઢાવવાનું વિચારી બોલ્યો: “હમણાં મારી ચિત્તવૃત્તિ સ્થીર નથી; પરચુરણ ખર્ચ માટેની ફીકરમાં છું, અને તેથી...”

"તેની ફીકર કરવી નહિ." કહેતાની સાથે અમથાલાલે ત્રણેક રૂપીઆ ખીસ્સામાંથી કાઢી નાથાલાલના હાથમાં મૂકયા. નાથાલાલે તાત્કાલિક મુંઝવણ ટળ્યાનો ભાવ પ્રગટ કરી વાંચવાનું શરૂ કર્યું."

*

અમથેશકુંજ, મેઈલ્સ માર્કેટ:

મુંબઈ, તા. ૧૫ મી નવેમ્બર..........

શ્રીમતી સંસ્કારી કુમારી,

'માર્તંડ મહિલા'ના છેલ્લા અંકમાં લગ્નેચ્છુ સહચારી વણિક માટેની આપની જાહેરાત વાંચવામાં આવી. જે ઉપરથી હું નીચે મુજબ જણાવું છઉં તે ધ્યાનમાં લેશો.

હું જ્ઞાતે વૈષ્ણવ વણિક—પૂજ્ય મહાત્મા ગાંધીજીની જ્ઞાતિ: આવતી જન્માષ્ટમીએ બત્રીસમું વર્ષ બેસશે. અહીંના કરોડપતિ એક શેઠની પેઢીમાં દોઢસોના પગારથી જનરલ મેનેજરની માનવંતી જગા ઉપર છઉં. માબાપ હયાત નથી; બીજું ભાઈ કે બહેન કોઈ નથી. સાહિત્ય તેમજ સ્ત્રીહિતની જાહેર સંસ્થામાં જોડાયેલો છઉં. છાપામાં અવારનવાર મારા લેખો અને રિપોર્ટો આવે છે. હું ભ્રમિત ભાવનાવાળો નથી, પણ કન્યાવિક્રયની સામે મત ધરાવતો હોવાથી સિદ્ધાંતની ખાતર આજસુધી અપરિણીત રહ્યો છઉં. મહિલા મંડળ અને સ્ત્રીસન્માનમાં ઊંડો રસ ધરાવું છઉં. તમે મારી સાથે લગ્નથી જોડાવા ખુશી હો તો અત્રે આવી મને મળશો તો રૂબરૂના મેળાપથી સઉ સારાં વાનાં થશે.

હું કાઠિયાવાડી ગાધકડા ઉર્ફે ગાંધર્વપુરીનો વતની છઉં. મુંબઈમાં લાંબા સમયનો વસવાટ છે, એટલે વતન તો માત્ર કહેવા જેવું ગણાય. આપને મારે માટે વધુ પુછપરછ કરવી હોય તો મુંબઈમાં મારા સ્નેહી ભાઈશ્રી નાથાલાલ નખ—ખોદિયાને પૂછાવી ખાત્રી

કરવી. તમારા પુરા નામ ઠામની માહિતી અને ફોટો મળે તેમ ઇચ્છું છઉં.
સેવક
અમથાલાલ મહેતાના વંદન.

*

પત્ર વાંચી લીધા પછી નાથાલાલે અમથાલાલના ચહેરા પ્રત્યે મીટ માંડી.

"લખાણ તમને કેમ લાગે છે?" અમથાલાલે પૂછ્યું.

"સ્ટોરવાળા, મીઠાઈવાળા, હોટલ કે લૉજ–બોર્ડિંગવાળા કોઈ જ આવી શુદ્ધ અને આકર્ષક ભાષા વાપરી શકતા નહિ હોય. કદાચ–" નાથાલાલે સસ્મિત કહ્યું, "અપવાદમાં માત્ર સીનેમા. પણ તમે પત્રને છેડે 'સેવક' કેમ લખ્યું છે?"

"એ તો ચાલુ જમાનાની ફોર્મેલિટિ છે." અમથાલાલે ખુલાસો કર્યો: "નિર્જીવ 'સેવક' શબ્દ લખવાથી સજીવ મનુષ્ય કાંઈ સેવક બની જતો નથી: એ તો ઇંગ્લીશ પદ્ધતિનું માત્ર અનુકરણ છે."

"ભાવ કે અર્થ વગરનું આંધળું!"

"તદ્દન સાચું."

"આ પત્રનો જવાબ આવ્યો?" નાથાલાલે ઉત્સુક્તાથી પૂછ્યું.

"હું બધું જ બતાવું છું; જરા ધીરજ રાખો." ઉલ્લાસમાં આવી અમથાલાલ બીજી ફાઈલ નાથાલાલના હાથમાં મૂકીને બોલ્યા:

"આમાં મારા પર આવેલા કાગળો છે. એમાંથી આ વિષયના જવાબવાળા કાગળને મથાળે લાલ પેન્સીલથી 'અંબાજીમા! આના દિલમાં વસીને શ્રીકૃષ્ણ ભગવાને નરસિંહ મહેતાના સંબંધમાં કરેલું તેમ એને સોનાનાં નળીયાં દેખાડજે.' એવી નોંધ સાથે નંબર પણ નાખેલા છે, એટલે શોધી લેતાં મુશકેલી નહિ પડે."

નાથાલાલે જવાબનો પત્ર શોધી વાંચવો શરૂ કર્યો; અને અમથાલાલ ઉત્સુક થઈ સાંભળી રહ્યા.

" શ્રીયુત્ અમથાલાલ બી. મહેતા,

જત લખવાનું કે બીજી કેટલીક અરજીઓ સાથે આપની ઉમેદવારીનો પત્ર મળ્યો છે. મારા પર આવેલ પત્રોમાં જે થોડાક ધ્યાન દેવા યોગ્ય જણાયા તેમાં એક આપનો પત્ર પણ છે.

(૧) આપે આપની ઓળખાણ વગેરે માટે પત્રવહેવાર કરી જોવાની મને ગોળ ગોળ સૂચના કરી એના કરતાં ત્યાંના કોઈ પ્રતિષ્ઠિત એકાદ બે ગૃહસ્થોના ઓળખાણપત્ર અને ફોટોગ્રાફ મોકલ્યો હોત તો ઠીક હતું. હવે તે મોકલાવશો તો ઠીક. સાથે સાથે નીચેની હકીકતના ખુલાસા પણ સ્પષ્ટ લખશો.

(૨) સ્ત્રીધન તરીકે કેટલી રકમ અલગ મૂકી શકશો ? અને તે લગ્નસંબંધ પહેલાં બેંકમાં મૂકવી જોઈએ.

(૩) જીંદગીનો વિમો ઉતરાવ્યો હોય તો તે કઈ કંપનીમાં ? કેટલી રકમનો ? અને ક્યારે પાકે તેવો છે ?

(૪) 'અમથેશકુંજ' એ આપની માલિકીનું મકાન છે ?

(૫) વિશાળ વણિક જ્ઞાતિમાં મનાતા અનેક ધર્મોને લીધે શાખા–પેટાશાખા વિષે આપ શું માનો છો ?

(૬) રૂ પીંજવામાં, કાંતવામાં, વણવામાં, ખાદી પહેરવામાં, અને ખપ ઉપરાંતનું તૈયાર થયેલું સુતર કે કાપડ વેચવામાં હું માનું છું. ગૃહસંસારમાં મારી માન્યતા પ્રમાણે વર્તવાની મને સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે કે કેમ ? આપ ખાદીમાં માનો છો કે નહિ ?

(૭) હું એક માણસને સાથે લઈ ત્યાં આવવા ધારું તો આવવા જવાની ખર્ચી મોકલાવશો ?

" સંસ્કારી. "

પત્ર પુરો થતાં નાથાલાલે ફાઇલ અમથાલાલને પાછી આપી.

*

"કેમ શું ધારો છો?" અમથાલાલે ઉત્સુકતાથી પૂછ્યું.

"મને તો આ સંસ્કારી કુમારી જેવી તેવી ભોટ નહિ, પણ..."

નાથાલાલને બોલતો અટકાવી તે બોલ્યા, "બેપાની લાગે છે ખરૂં ને?"

"સોળે સોળ આના."

"ત્યારે આ બંદા પણ ક્યાં કાચાપોચા કે ઉતરે તેમ છે? હું રાતી પાઈ પરખાવું એવો નથી." અમથાલાલે પોતાના સફાચટ હોઠભાગ પર હાથ ફેરવ્યો, પણ હાથમાં હોઠ સિવાય કંઈ ન આવવાથી તે સહેજ ઝંખવાયા ને નાથાલાલ સ્હેજ મલકાયો.

"અમથાભાઈ, મને તો એ જાહેરાત—" નાથાલાલ એટલું બોલી અટકી ગયો. હૈયે આવેલું હોઠ બહાર કાઢવાનું તેને ઠીક ન લાગતાં તુરત તેણે વાત ફેરવી કહ્યું: "જાહેરાત જેટલી સુંદર ભાષામાં લખાયેલી હતી, એટલી જ એ પણ સુંદર હોવી જોઈએ."

"સંસ્કારી કુમારિકાને! પણ તેના આ પત્ર ઉપરથી હું માનું છું કે તે કુદરતી રીતે જ મારી તરફ આકર્ષાઈ હશે! આવું સંસ્કારી સ્ત્રીપાત્ર પસંદગી આપે તો ખરેખર મારૂં જીવતર ધન્ય બની જાય." અમથાલાલનાં ફેફસાં આનંદોર્મિથી ફુલેલાં જણાયાં.

"ધન્ય બને એટલું જ નહિ, પણ તમને સીદ્ધા દોર બનાવી દે!"

નાથાલાલના આ શબ્દો સાંભળી અમથાલાલ સહેજ શરમાઈ હસી પડયા ને બોલ્યાઃ "પતિને પાંશરો કરવો એ તેની લાયક પત્ની —સહચરીની જવાબદારી નથી?"

ક્ષણભર વિરમી નાથાલાલ બોલ્યો, "તમે આ કુમારિકાને બીજો પત્ર લખ્યો નહિ હોય."

"તમે મને શું સમજો છો, નાથાલાલ ? આ તો વિવાહ જેવી મહત્વની બાબત છે, પણ બીજું કોઈ કાગળ લખે અને સહેજ પણ સ્વાર્થ હોય તો જવાબ લખ્યા વિના ન રહેવું, એ મારો સિદ્ધાંત છે." અમથાલાલ એટલું કહી ઉભા થઈ ગયા.

નાથાલાલને વિચારમાં પડેલો જોઈ તે સગર્વ બોલ્યાઃ "બીજો કાગળ લખવાની વાત ક્યાં કરો છો ? તેનો જવાબ સુદ્ધાં આવી ગયો છે, વાંચવો છે ?"

"ના હમણાં નહિ, પછી નીરાંતે વાંચીશું. આપણે જઈશું હવે ?" નાથાલાલે યાદ કરાવ્યું.

"ઠીક યાદ કર્યુંઃ ચાલો ઉપડીએ."

ક્યાં છે સનમ ? ક્યાં છે સનમ ? દુનિયા મહીં ક્યાં છે સનમ ?
કહે તું મુસાફિર ખલ્કના, કિસ્મત મહીં ક્યાં છે સનમ ?

અદૃશ્ય કે પ્રત્યક્ષ છે ? એ ઠોઠ છે કે દક્ષ છે ?
આ પ્રશ્નમાં મુજ લક્ષ છે, કિસ્મત મહીં ક્યાં છે સનમ ?

'જોગેશ્વરી' ના વનમહીં ? 'અખબાર'ની અટવી મહીં ?
'ગિરનાર' ના કાનન મહીં ? કિસ્મત મહીં ક્યાં છે સનમ ?

*

અમથાલાલ કવિતાની છેલ્લી લીટી બોલ્યા ત્યાંજ નાથાલાલે પૂછ્યું: "આ તો 'ક્યાં છે મજા'નું પ્રતિકાવ્ય છે."

"મને તો સતિને આપ્યું છે." અમથાલાલે તે જાણતો હશે, એવું સમજી સત્ય કહી દીધું.

"હું તો સમજ્યો કે આ 'પેરેડી' આપની મૌલિક હશે!" નાથાલાલે ઠાવકાઈથી સાહિત્યકની ઢબે કહ્યું.

"તમે પણ જબરા સાહિત્ય-પરીક્ષક દેખાવ છો ને શું ?"

"ત્યારે આ તમે નથી બનાવી ?"

"મેં બનાવી કે તમે બનાવી કે બીજા કોઈએ બનાવી તેનું શું કામ છે? જવા દો ને યાર એ તરંગી કવિયોની તંત્રજાળ!" અમથાલાલે મોં બગાડી, નાનકડું ટેરવું મરડી વાત પર પડદો નાખવાના હેતુથી કહ્યું.

બીજી જ ક્ષણે તે બોલ્યા: "અરે! હા, પણ સજનિકાબાલાના સંબંધમાં તમે કંઈક બાતમી આપવાનું કહેતા હતા ને?"

"એ બાતમી મારા ખીસ્સામાં જ પડી હશે." કહી નાથાલાલ પોતાનાં ગજવાં તપાસવા લાગ્યો.

"કેમ, કાંઈ ખોવાઈ ગયું?"

"કાં તો ખોવાઈ ગયું હોય કે કોઈ ચોરી ગયું હોય, કાં તો ગજવું કાણું હોય કે પછી એમાંથી કાંઈ જ થયું ન હોય તો ભૂલ ભૂલમાં પેટીમાં પધરાવાઈ ગયું હોય!" નાથાલાલ અર્થ વગરનું ગોળગોળ બોલ્યો.

"કોઈનું સંપેતરૂં હશે."

"હા, ભાઈ હા. આપણા લોકના ફોગટીઆ સંપેતરાનું મહા દુઃખ; લઈ જવામાંયે દુઃખ, ને ના પાડવામાંયે દુઃખ."

"એવી તે કેવીક કીંમતી ચીજ હતી કે આટલા બધા ગભરાઈ ગયા છો?"

"એક તો સજનિકાબહેનનો લખેલ પત્ર હતો. એમાં આપના માટે ઉપયોગી થાય તેવી મહત્વની કેટલીક બાતમી હતી. મને લાગે છે કે તમારો કાગળ નાખવા ગયો ત્યારે તમારા બદલે તે નખાઈ ગયો, અને તમારો રહી ગયો હોય!"

"લાવો જોઉં?"

"અહીં હોત તો તો હું જ જોઈને ખાત્રી કરી શક્યો ન હોત? એ તો કદાચ તમારી રૂમમાં રહી ગયો હોય. જે થયું હોય તે,

અત્યારે હું ચોક્કસ કંઈ કહી શકતો નથી." કહી નાથાલાલે ઝોકાં ખાવા માંડયાં.

*

અમથાલાલે દાંત કચકચાવ્યા, પણ કંઈ બોલ્યા નહિ.

નાથાલાલે એકાએક પૂછ્યું, "કેટલા વાગ્યા ?"

"હું તે કાંઈ ટાવર છું ?" ચીડાયેલા અમથાલાલ મોં મચકોડી બોલ્યા.

નાથાલાલે આ સાંભળ્યું હશે કે કેમ, એ સમજાયું નહિ; પણ અર્ધ મીંચાયેલી આંખે તેનું દશશેરિયું ડોલતું હતું ને તે સ્વતઃ જ બડબડતો હતો :

"જાણી જોઈ ને હાથે કરીને ચક્રમ બનવા ઉભા થયા હતા ? મૂંગા બેસી રહીને થાય તે જોયા કરવાનું કહ્યું ન હતું કે ? જ્યાં ને ત્યાં વગર કહ્યે અટકચાળા વાંદરાની પેઠે પોત પ્રકાશવાની જરૂર શી હતી ? કૌમુદીબહેનનો ઠબકો નાહક મારે સાંભળવો પડ્યો."

એકાએક નાથાલાલનું ઝોકાં ખાતું ડોલતું માથું ધડિંગ કરતું કશાક સાથે અથડાયું ને નાથાલાલ આપોઆપ ટટાર થઈ ગયો.

"કેવુંક વાગ્યું ? સારૂં થયું કે તમારૂં માથું ચામડાની બેગ સાથે ભટકાયું." અમથાલાલે ઉપર ઉપરથી લાગણી બતાવી.

"બહુ નથી વાગ્યું. કપાળમાં જરા ઢીમણું થઈ આવ્યું છે. એટલું જ—"

"પણ બારી સાથે માથું પછડાયું હોત અને વધારે ઈજા થઈ લોહી નીકળ્યું હોત તો તમારી આવી ગાંડી ઊંઘના પ્રતાપે મારો બધો પ્રોગ્રામ જોખમાઇને લટકી જ જાત, કે બીજું કાંઈ થાત ?"

નાથાલાલની પરાણે ઉઘડેલી આંખો ફરી મીંચાઈ ગઈ, અને થોડીવારે તંદ્રાવસ્થામાં વળી તેનો સ્વતઃ બકવાદ ચાલ્યો:

"આહાહા! એ વખતે શી હસાહસ થયેલી! જાણે દોઢડહાપણનો દરિયો રેલ્યો! ઠીક થયું કે કૌમુદીબહેને અને સતિનભાઈએ એક 'રમૂજકાર' તરીકે ઓળખાવી ઉપાધી ટાળી; નહિ તો પેલા ડૉકટર તો 'મેડનેસ' સમજી થાણા જ મોકલી દેત. એ ડૉકટર–સ્કુલના ઑનરરી પ્રિન્સિપાલ શિસ્તપાલનના જબરા હિમાયતી છે."

*

ઉંઘમાં થયેલો એનો આ બકબકાટ સાંભળી અમથાલાલનું મોઢું રાતુંચોળ થઈ ગયું. તે ચુપ રહ્યા હતા, પણ તેમની આંખો અને ચહેરાપર એકસો ત્રણ ડીગ્રી જેટલી ગરમી ચડી આવી હતી. કૌમુદીને હાથે ખુલ્લી મૂકાયેલી મિશ્રશાળાની ઉદ્દ્ઘાટન ક્રિયા વખતે વગર કહ્યે પોતે કરવા માંડેલ પ્રવચન સમયનું આખી સભાનું વાતાવરણ યાદ આવતાં એમની આંખ ને મોઢા પરની ગરમી એકસોત્રણ પરથી ઘટીને એકસો ઉપર આવી.

એ પાંચેક મિનિટ ગુપ્તચર પેઠે શાંત રહ્યા પછી એમણે નાથાલાલને ઢંઢોળયો ને બોલ્યા: "એ વખતે રૂપઘેનના તોરમાં હું શું બોલ્યો હોઈશ તેનો મને ખ્યાલ રહ્યો નથી. છતાં મને સમજ્યા વગર મારે માટે કોઈએ આડું અવળું કલ્પ્યું હોય કે મને રમૂજકાર તરીકે ઓળખાવ્યો હોય તો બનવા જોગ છે. પણ મારા અનુરાગીઓ અને પ્રશંસકો જે ત્યાં હાજર હતા તેમના ચહેરા પર તો એ વખતે પણ મૂક હાસ્ય મને દેખાયેલું. નાથાભાઈ, મને અફસોસ માત્ર એટલો જ છે કે કોઈ મહાસભામાં કે લઘુસંમેલનમાં પ્રમુખ તરફથી 'સિટડાઉન' જેવો અપમાનીત શબ્દ સાંભળવાનો પ્રસંગ મારા માટે એ પહેલો જ હતો. લેજીસ્લેટિવ કાઉન્સીલના સ્પીકર અને દેશી વેપારી ચેમ્બરના પ્રમુખ જેવાઓ પણ મારા વ્યાખ્યાન માટે ઉત્સુક રહે છે: એની આ સભાના પ્રમુખ બિચારાને ક્યાંથી ખબર હોય? મારી પબ્લિકની ગુપ્તસેવાનો અને ગુપ્ત ઉદારતાનો તેને ખ્યાલ પણ શાનો

હોય? પબ્લિક માટેનું મારું આખું પુસ્તકાલય તેમજ રોજીંદું છાપું ટ્રેનમાં કેટલાયને વાંચવા આપી તાજું જ્ઞાનામૃત પાવાની મારી ઉદાર-વૃત્તિનું પ્રતિબિંબ એ અજાણ શું જાણે? અજાણ એટલે અજ્ઞાન જ!" અમથાલાલે પોતાનું તત્વજ્ઞાન રજુ કર્યું!

નાથાલાલ બોલ્યો: "એ બધું ઠીક, પણ તમારા કહેવાતા જે મિત્રો તમારા વ્યાખ્યાન માટે આગ્રહ ધરાવતા હશે, તે સર્વના આગ્રહમાં મશ્કરી અને આનંદ-વિનોદ જ મુખ્યત્વે હોવાનું હું તો દેખું છું ને માનું છું."

"તમે ભલે ફાવે તેમ માનો: તેમનો હેતુ ગમે તે ભલે હોય, પણ પરિણામે પ્રખ્યાતી મને મળે છે કે એ લોકોને? **येनकेन प्रकारेण** પ્રકાશમાં આવવું, એ મારું ધ્યેય છે. તમે સમજી શકતા હો તો સમજો કે એના જ આ સર્વ પ્રતાપ છે. મહાન્ દેશનેતાને ન મળે તેવું માનસન્માન મારા જેવાને મળે એ તમે ઓછું સમજો છો! મશ્કરી સમજનારા ઝખ મારે છે ઝખ-ખાંડ ખાય છે, સમજ્યા?" અમથાલાલ સાભિમાન બોલ્યા: "એને મશ્કરીરૂપે જે સમજતા હોય તે સાચું બીજું આપે ને?–તેમને કોણે મના કરી છે?"

તેમણે પ્રવચનરૂપ વ્યાખ્યાન આગળ ચલાવ્યું: "આવી સભામાં કોણે અને કેટલો વખત બોલવું વગેરે અગાઉથી નક્કી થયું હશે, એની મને ખબર નહિ. તમે એટલી સૂચના પહેલાંથી આપી દીધી હોત તો ઉપદેશામૃતનો આમ અપવ્યય કરી ઉપરથી પ્રમુખ અને એના જેવા બીજા મિથ્યાભિમાની કાર્યવાહકોનો વિનાકારણ ખોફ વહોરી લેવા હું તૈયાર જ ન થાત. આ તો ગાંઠનું ગોપીચંદ ગયું ને ઉપરથી જશ ઉપર જુતિયાંના જેવું થયું. પણ એમાંથી મને એક કિંમતી શિખામણ એ મળી કે હવેથી ગમે તેવી સભામાં સાત વખત કહેવામાં આવે તો જવું અને બાર વખત અરજ ગુજારવામાં આવે તો જ ઉભા થઇને ઉપદેશામૃતનું પાન કરાવવું. મને શી ખબર

કે પરદેશી પદ્ધતિનું શિક્ષણ પામેલા—એમ. ડી.,બાર–એટ–લૉ., પી. એચ. ડી. અને એવી મોટીમોટી ડીગ્રી ધરાવનારા પુરુષો ભણેલી સ્વદેશી સ્ત્રીઓના જેવા વિવેકી, વિનોદી, નિરાભિમાની અને મળતાવડા સ્વભાવના નહિ હોય ! બસ–હવે તો મારી ખાત્રી થઈ ગઈ કે પાખંડ, ઘમંડ અને પ્રપંચઃ આ શ્રીકલરના સજીવ બ્લોક એટલે પુરુષઃ જેમ નિર્જીવ બ્લોક 'ટ્રેડલ' ઉપર ચઢ્યા પછી એક જ કલાકમાં બેચાર હજાર કોરા કાગળને પોતાના જેવા બનાવી મૂકે છે, તેમ વિવેચન –વ્યાખ્યાન વગેરેના પ્રચારથી પુરુષો પોતાના જેવા વેવલાને પોતાની નકલ કરતા કરી મૂકે. આ પરથી પુરુષ 'બ્લોક'સમા અને 'સ્ત્રી' ચિત્રસમી હોય એમ નથી લાગતું ?

"ચિત્રકારો કહે છેઃ અમને બૈરાંનાં ચિત્રો દોરવાની મઝા આવે છે. ચિત્રો જોનાર કહે છે : અમને એવાં ચિત્રો જોવામાં રસ પડે છે. નાટક–સીનેમામાં પણ ઘણે ભાગે સ્ત્રીપાત્રની જ વાહવાહ બોલાય છે.—પણ એમજ હોયને ! કેમકે સ્ત્રી એ પ્રકૃતિ છે અને કલા પ્રકૃતિને જ સ્પર્શી શકે. વળી અનેક પુરુષોએ હમણાં હમણાં સ્ત્રૈણ-ભાવ કેળવવા માંડ્યો છે. બોલવામાં, ચાલવામાં, ડ્રેસમાં–આમ જુદી જુદી નજરે આ 'સ્ત્રીસમભાવ' પુરુષોને વધુ ગમતો હશે ત્યારે જ તેને સાધ્ય કરવા મથતા હશેને ! આ પરથી સ્ત્રી 'ચિત્ર' હોય એમ ચોકસ નથી લાગતું ? કદાચ તે દિવસે પેલા બ્રહ્મવાદી વેદાંતિએ 'સ્ત્રી પ્રકૃતિ છે ને બ્રહ્માંડમાં પુરુષ કરતાં પ્રકૃતિનું સ્થાન ઉચ્ચતમ છે' એમ કહેલું હતું, તે પણ આ જ કારણે હોય !

"**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः**" એ સનાતન સૂત્ર ઘડનાર મનુમહારાજ કાંઈ મૂર્ખ નહોતા. સ્ત્રીપ્રકૃતિ પૂજવા જોગ હશે, ત્યારે જ એવું સૂત્ર ઘડી કાઢવાની વૃત્તિ એમને થઈ હશે ને ? કેમ કોઈને **यत्र नरास्तु पूज्यन्ते रमन्तो तत्र देवीः** આવું કે આના જેવું સૂત્ર ઉપજાવી કાઢવાનું યોગ્ય ન લાગ્યું ? કે ન સુઝ્યું ? શું સુઝે–પત્થર ! પુરુષોમાં માલ જ ક્યાં બળ્યો છે ? પુરુષ

એટલે એક જાતનું નમાલું પ્રાણી!"

નાથાલાલની ઝીણી આંખો બંધ થયેલી જોઈ અમથાલાલે તેને ઢંઢોળી બોલાવવા માંડ્યો, "નાથાભાઈ! અરે ઓ નાથાભાઈ! આ શું ફરી વેંગણ તોળવા માંડ્યાં?"

"હું બધું સાંભળું છું." નાથાલાલ ધીમેથી બોલ્યોઃ "ચાલવા દો, રસ્તાનાં ઝાડઝાંખરાંને શિક્ષણરૂપ આપનું વ્યાખ્યાન! આવો સુલભ લાભ તેમને ફરી નહિ મળે!"

"ત્યારે કહો જોઉં–મેં શું કહ્યું?" નાથાલાલના પાછળથી ધીમે બોલાયેલા વાક્યની અમથાલાલે દરકાર કરી નહોતી.

"તમે પુરુષને જગતનું 'પાપ' અને સ્ત્રીને 'પુણ્ય' કહ્યું. બરાબરને?"

"બરાબર–બરાબર. પણ નાથાભાઈ, મને એમ થઈ આવે છે કે 'પાપ'ના કરતાં 'પુણ્ય' બનવું શ્રેષ્ઠ!" અમથાલાલે પોતાનો બદલાતો મત દર્શાવ્યો.

"ત્યારે આવતા ભવે પુણ્યરૂપ સ્ત્રીનો અવતાર મેળવવા આ ભવથી ઉમેદવારી નોંધાવી દો!" નાથાલાલે સીધી સલાહ આપી.

"પણ તે નોંધાવવા માટેનું કોઈ સ્થાન જોઈએ ને?"

"પ્રસિદ્ધ સ્વદેશી નૃત્યકાર ઉદયશંકરને અરજી કરો; કે કોઈ નાટક કંપનીમાં એક્ટર તરીકે રહી, 'સટ'ના છોકરા સાથે વેષ બદલી પાઠમાં ઉતરવાનું રાખો!" નાથાલાલે મુશ્કેલીનો તોડ બતાવ્યો.

"એવું જ કાંઈક કરવું પડશે." અમથાલાલ થંડાપેટે બોલ્યા.

પૃથ્વી નક્ષત્રી કરવા તૈયાર થયેલા ઉગ્ર સ્વરૂપધારી પરશુરામ પેઠે પુરુષોનું નામ નિશાન નાબૂદ કરવા પ્રવૃત્ત થયા હોય તેવું અમથાલાલનું સ્વરૂપ અત્યારે દેખાતું હતું.

*

નાથાલાલની ઉંઘ આપોઆપ ઉડી ગઈ. તેણે કંટાળી કચવાતે હૈયે બીડી સળગાવી ફુંકવા માંડી. થોડીવારે અમથાલાલ સ્વસ્થ બની બોલ્યાઃ–"આપણે આવતી કાલે સાંજે જુનાગઢ પહોંચશું; પરમ દિવસે સવારે ગિરનાર ઉપર ચઢવા માંડશું તો બપોર પછી ઉપરકોટ, ગૌમુખીગંગા, અંબાજી, વગેરે સ્થળોએ તો જરૂર ફરી વળશું. વાસંતીનો મુકામ શોધતાં તો વાર નહિ લાગે. એક વાત તમારે ખાસ ધ્યાનમાં લેવાની છે ને તે એ કે તમારે મારા નોકર તરીકે ત્યાં વર્તવાનું છે. અહીંની જેમ આડુંઅવળું બાફી ન નાખતા ભલા થઈને."

"મને અત્યારથી સૂચના કરી દો ને."

"વાસંતીનાં બા, બીજાં બૈરાં કે મરદો પાસે હું તમને મારા 'પ્રાયવેટ સેક્રેટરી' તરીકે ઓળખાવીશ. તમને કોઈ પુછે તો કહેવું કે અમથેશબાબુ મને પચાસ રૂપિઆ આપે છે."

"અમથેશબાબુ! આ શું વળી?" નાથાલાલે અજાયબીથી પુછ્યું.

અમથાલાલ ટટાર થઈ ઉલટમાં આવી બોલ્યાઃ "ગામડીયું મારૂં જુનું નામ બદલી આ જમાનાનું સુધારેલું 'અમથેશ' નામ ચાલુ કરી દેવું છે. પેલા પત્રમાં મેં મારૂં શીરનામું લખેલું, તેમાં તમે 'અમથેશકુંજ' તો વાંચ્યું જ હતું. એનો અર્થ નહોતા સમજ્યા?"

"નામ તો બંગાળાના જાગીરદાર જેવું ભારેખમ પસંદ કર્યું છે!"

"તેમાં પણ ઉંડી દીર્ઘબુદ્ધિ જોઈએ ને? આ નામ ટાગોર કે શરદબાબુની કોઈ નવલકથાના નાયકને શોભે તેવું પણ છે ને? હું તો તમનેય સલાહ આપું છું કે તમે પણ તમારૂં નામ ફેરવવાની શરૂઆતનો વિચાર અત્યારથી જ કરવા માંડો તો ઠીક."

"રાઈટ. આપણાં બંનેનાં નામ જુનવાણી હોઈ કોહી ગયેલા કાંદા જેવાં ગંધાતાં તો લાગે જ છે. એની બધી જવાબદારી જો કે

આપણી સ્વર્ગવાસી ફૂઈબા ઉપર રહી, છતાં ભોગવવાનું તો આપણે જ રહ્યું ને! અત્યારથી એવો પ્રયત્ન કરીએ તો એકાદ વરસમાં આપણને ઓળખનારા પણ આપણાં નવાં નામથી જાણીતા થઈ જાય, એ બનવા જોગ છે. તમારી આ શોધ ખરેખર ભવિષ્યના ઇતિહાસમાં અદ્ભુત નવીનતા તરીકે અમર થશે. પણ મારે મારા નામમાં ફેરફાર કરવો કેવી રીતનો ? " નાથાલાલે સલાહ પૂછી.

પોતાને કાંઈક વિચાર સુઝી આવતાં બીજી જ પળે તે બોલ્યો: " મારૂં નામ નાથનંદન રાખું ? "

" વેરી નાઇસ ! " અમથાલાલે આફ્રીન પોકારી.

*

ગાડી વડોદરાના સ્ટેશને ઉભી રહી. નાથાલાલે કહ્યું: " અમથેશ-બાબુ ! બે કપ ચહા, સોલાપુરી ચીવડો અને સિગારેટનાં ચારેક પાકીટ લઈ લો. સાદી બીડી પીવામાં મને જો કે વાંધો નથી આવતો, પણ આપના જેવા પોઝીશનવાળા ગૃહસ્થની બીજા આગળ ઇજ્જત અંકાવી જોઈએ. પારલાની સ્વદેશી ગોલ્ડન ટોબેકો કંપનીના ઉંચી જાતની સીગારનાં થોડાં ખાલી બોખાં પણ ખીસામાં કે બેગમાં પડ્યાં હોત તોય યુક્તિપૂર્વક તે બતાવીને સામાને ગળે ઉતરાવી શકાત કે અમે ઉંચી કવોલીટીની સીગારેટના શોખીન છીએ ! "

નાથાલાલે ' અમથેશબાબુ 'નું સંબોધન વાપર્યાથી અમથાલાલ ખુશી થયા ને તેના કહેવા પ્રમાણે ચારને બદલે છ પીળા હાથીનાં પાકીટ લઈ લીધાં. તેમાંથી બે પાકીટ ઉપાડી નાથાલાલે પોતાના ગજવામાં સીધાં સેરવી દીધાં.

*

વ્હીસલ થઈ, ગાડી ઉપડી. ચહા પીધા પછી સિગારેટ સળગાવી નાથાલાલ એમને વધારે ખીલવવા બોલ્યો: " આપણે વાસંતીબ્હેન પાસે તો જશું જ, પણ મેં તમને એક વખત કહ્યું હતું તે યાદ છે ? "

" કાંઈક છે; પુરેપુરૂં નથી. શું ભલા ?"

" કેમ તમારામાં જાદુ છે—"

" અરે હા—હા યાદ આવ્યું. નાથનંદન ! તમારા કહેવા પ્રમાણે મારામાં ખરેખર જાદુ ભર્યું છે. મારા બોલવામાં, ચાલવામાં, લ્હેકામાં, વાત કરવામાં, નિરીક્ષણ કરવામાં, પત્ર લખવામાં, જવાબ આપવામાં, અને નાની મોટી અનેક ક્રિયાઓ કરવામાં મારામાં રહેલું જાદુઇ તત્વ તરી આવ્યા વિના રહેતું નથી. પ્રમદાઓ ' પુણ્ય ' મૂર્તિ હોવાથી મારા ' નેચરલ ' જાદુત્વની એમનાં પોચાં—કુમળાં મન ઉપર જલદી અસર થાય છે. પ્રમદાઓને હું પૂજનિક ગણું છું, એ પણ તેથી જ."

" એટલે જ હું તમને કહું છું કે તમે એક હિંમત કરો. "

" સ્પષ્ટ વાત કરોને ! શી હિંમત કરવાની કહો છો ? "

" તમારા કહેવા પ્રમાણે તમારા પર ત્રણ—ચાર તરૂણીઓની મીઠી નજર થઈ છે, તો......"

" તેથી વધારેની—તમે કયાં નથી જાણતા ?" અમથાલાલે સાભિમાન ખુશ થતાં વચ્ચે કહ્યું.

નાથાલાલ હાસ્ય મનમાં જ દબાવી રાખી બોલ્યો; " અમથેશ બાબુ ! તો પછી તમારે કન્યાની શોધ માટે આમ ભટકવાની કે વલખાં મારવાની ઉપાધીમાં શા માટે પડવું જોઈએ ?"

" પણ પુરુષ માત્રને એ જ પંચાતમાં ઉતરવું પડે છે ને ! "

" સ્ત્રીઓના સ્વયંવર થતા—"

" હા, પણ એ યુગ ગયો. આ નવાયુગમાં તો ખરી રીતે હિંમતવાન પુરુષોએ પોતાના લગ્ન માટે ' સ્વયંવધુ મંડપ ' રચવાની જરૂર છે. "

*

નાથાલાલ જે સૂચના કરવા પ્રેરાયો હતો, તે અમથાલાલને મોઢેથી જ સાંભળી ખુશ થયો; અને પોતાની યુક્તિ અનાયાસે પાર પડતી તેને જણાઈ આવી.

" ગિરનારથી મુંબઇ ગયા પછી તમે પહેલ કરશો તો નવા રચાતા ગુજરાતના ઇતિહાસમાં શ્રીમાન્ મુનશીજી જેવાની કલમે અમર થઈ જશો." નાથાલાલે કૃત્રિમ ગાંભીર્ય સાચવી કહ્યું.

" પહેલ કરવા લાયક નવીન વિષય તો ખરો; પણ વખતે દેશભરમાં ‘ હાફ્મેડ ’માં ગણાઈ જવાય તો ?"

" એવી થોડી ઘણી ધાસ્તી કે જોખમ તો દરેક મહાન્ કાર્યમાં હોય છે. તેમાંય આ તો યુગો પૂર્વેની એક પ્રથાને નવા સ્વરૂપે રજુ કરવાની છે. એમાં જેવા તેવા—રેંજીપેંજી માણસનું કામ નથી." નાથાલાલે પોતાના કહેણના ટેકામાં કહ્યું.

" એ તો હુંય સમજું છું કે કોઇ પણ ચાલુ પ્રવાહને નવી દિશાએ વાળવાની પહેલ કરવામાં જબ્બર હિંમતની જરૂર છે. નાથનંદન ! માર્કોનીએ લોકોના મતની દરકાર રાખી હોત તો વાયરલેસની શોધ કદી થઈ ન હોત. આ યુગધર્મવર્તી કાર્ય દ્વારા નામના અને પ્રસિદ્ધી મેળવવાનું માણસ ધારે તો મેળવી શકે."

નાથાલાલે કહ્યું: " તદ્દન સાચું. જગદીશચંદ્ર બોઝે વિરોધની ધાસ્તી રાખી હોત તો નિર્જીવ મનાતી વનસ્પતિમાં ‘ જીવ ’ હોવાની વૈજ્ઞાનિક શોધ સિદ્ધ ન થઈ હોત. સર સી. વી. રમન વિરોધની બીકે ડરી ગયા હોત તો પ્રકાશનાં કિરણો વાંકાં પડવાની મહાભારત શોધ પ્રસિદ્ધિમાં આવી નહોત. ન્યુટન પણ એવી ધાસ્તીમાં રહ્યો હોત તો ગુરૂત્વાકર્ષણ કઈ બલા છે, એ પણ દુનિયાએ જાણ્યું હોત કે કેમ, એ શંકા છે."

"ટુંકામાં તમે એમ કહેવા માગો છો કે મારે 'સ્વયંવધુમંડપ' રચવો અને લગ્ન માટેની ઉમેદવાર કન્યાઓને તે માટે આમંત્રણ આપવું. ખરૂં કે?" અમથાલાલે પૂછયું.

"આત્મબળ હોય તો..."

"બનાવતા તો નથી ને?" કહી અમથાલાલ ખડખડ હસી પડયા.

"એ શું બોલ્યા? અમથેશબાબુને તેમનો નીમકહલાલ પ્રાયવેટ સેક્રેટરી આ નાથનંદન કદી બનાવે ખરો? તમને ખાત્રી પડતી ન હોય તો હુંય તમારી સાથે સામેલ રહું—પછી છે કાંઈ?"

"એ તમારી વાત પર નીરાંતે હું વિચાર કરી જોઈશ."

*

એકાએક કાંઈક યાદ આવતાં પ્રશ્ન કર્યો: "નાથનંદન, તમે સજનિકાબાલાની પેલી બાતમી સંબંધે કાંઈક કહેતા હતા ને?"

"બાબુજી, મેં તમને કહ્યું હતું ને કે એનો એક પત્ર હતો."

"હા, પણ એમાં લખ્યું હતું શું?"

"ઘણું લખ્યું હતું, ને તે તમારા સંબંધનું જ ઘણુંખરૂં હતું; પણ લખાણ લાંબું અને અટપટું હોવાથી કયું યાદ રાખવું ને કયું ભૂલી જવું, તેની એ વખતે ક્ષુધાથી ભ્રમિત થયેલા મારા મગજને ગમ જ ન રહી." નાથાલાલે ગાલાવેલું બોલી વાતનું વલણ બદલ્યું: "પેલી સંસ્કારી બ્હેનના પત્રનો જવાબ તમે શો વાળ્યો હતો, એ પૂછવાનું તો હું છેક ભૂલી જ ગયો હતો."

વાતનો વિષય બદલાતાં અમથાલાલ નવા ઉત્સાહમાં આવી ગયા. એકદમ હેન્ડબેગ ઉઘાડી, તેમાંથી ફાઇલ કાઢી નાથાલાલના હાથમાં આપી કહ્યું: "વાંચો, મારા બીજા પત્રનો આ જવાબ. લખનારી સંસ્કારી કુમારિકા કેવી હોંશિયાર છે!"

આવેલો પત્ર આપવાથી નાથાલાલે માન્યું કે, લખેલા પત્રોવાળી ફાઇલ સાથે રાખી નહિ હોય. એ વિશે કાંઈ પડપૂછ ન કરતાં પત્ર વાંચવા માંડયો:

C/o **માર્તંડમહિલા કાર્યાલય :**
તા. ૨૭ મી નવેંબર...

શ્રીમાન્ અમથાલાલ બી. મહેતા,
અમથેશકુંજ, **મુંબઈ.**

આપનો પત્ર મળ્યો. સીધા ખુલાસા કરવાને બદલે આપે કેટલાક ઉડાઉ અને આડાઅવળા જવાબો આપ્યા છે. પણ એથી આપે આપના જ હિતને નુકસાન કર્યું છે.

૧. સ્ત્રીધન માટેની વ્યવસ્થા લગ્ન પછી કરવાનું જણાવ્યું એ પણ ઘણું સરસ ! એક વખત ચાર હાથ ભેગા થઈ ગયા પછી ઘણા પુરુષો સ્ત્રી પ્રત્યે કેમ ને કેવી રીતે વર્તન કરે છે ને તેને નિરાધાર બનાવી તાબેદારની દશામાં મુકે છે એ અજાણ્યું રહ્યું નથી.

૨. વીમાની બાબતમાં ગોળગોળ ભમરડયો ફેરવ્યો, તેના કરતાં ' ઉતરાવ્યો નથી ' એટલું જ લખ્યું હોત તો શી હરકત હતી ?

૩. ખર્ચની માગણી મેં કરી જ નહોતી; પણ માત્ર તમારા માનસનું માપ કાઢવા પૂછેલું ને તે સકારણ હતું. જે માપ મારે કાઢવું હતું તે કેટલેક અંશે તમારા આ જવાબથી મળી ગયું છે.

૪. ચાર પાંચ કુમારિકાઓ અધીરી થતી હોવાનું તમે લખ્યું. તેમ હોય તો તમે મહા ભાગ્યશાળી ! એમાંની કોઈ એકને વધાવી લેવી, એ ઉત્તમ. એ અધીર બનેલી મારી બહેનોને આપસ આપસમાં વાંધો પડતો હોય તો ચીઠીઓ નાખી એકનો સ્વીકાર કરી લેવો કે જેથી એક ઉપર બીજીના અનિચ્છીનીય બનાવો હાલ બને છે તેવું એક ઉપર બીજી–ભણેલીગણેલી શોકયનું સાલ તમારા ઘરમાંય ન પેસે !

૫. કરોડપતિ કે અબજપતિની નોકરી ક્યારે છુટી જાય ને ક્યારે બેકારી આવી પડે, એ કાંઇ ન કહેવાય. પારકાના આંબા-આંબલી કે પડોશીની હવેલીઓ બતાવવાનો મિથ્યા ડોળ કામનો નથી.

૬. મોકલેલા સન્માનપત્રના પ્રથમદર્શને તો આનંદ થયેલો; પરંતુ તે સાદ્યંત વાંચ્યા પછી જણાયું કે એમાં તો ખરેખર તમોને કોડીના બનાવ્યા છે: તમે કોઈ વિનોદી મંડળીની વિનોદતૃષાની મીઠી વીરડી બન્યા લાગો છો! રમણભાઈના 'મહેતાજીને માનપત્ર'ને ટપી જાય એવું એ જીવતું જાગતું છે. તેમાં જણાવેલી કોઈ સાહિત્યસંસ્થા, મહાસભા કે પરિષદ દુનિયાભરમાં અસ્તિત્વ ધરાવતી હોય, એવું જાણ્યામાં કે સાંભળ્યામાં નથી.

૭. પુરુષો સરલ સ્વભાવની, બીનઅનુભવી ભોળી બહેનોને મોટી મોટી લાલચો બતાવી, ડંફાસની વાતો વડે વિશ્વાસમાં લઈ ભોળવે છે; અને સ્વાર્થ સર્યા પછી તેની દરકાર પણ નથી કરતા. એવી વિકૃત યુક્તિ મારા સંબંધમાં લડાવશો તો પરિણામે નિરાશા જ મળશે.

લિ. શુભચિંતક
સંસ્કારી.

*

"મેં તમને કહ્યું નહોતું કે બાઈ જબરી લાગે છે? જબરી એટલે ધણીને કાનપટ્ટી પકડાવીને ઉઠબેસ કરાવે તેવી જબરી!" નાથાલાલે પત્ર પુરો કરતાં કહ્યું.

"એની ફીકર નહિ. હું પણ પહોંચી વળું એવો છું ને! આ કાગળનો જવાબ મેં એવો સરસ લખ્યો છે કે–" અમથાલાલ બોલી ઉઠ્યા: "તે પણ છક્કડ ખાઈ જવાની! પછી ભલે ને ગમે તેવી જબરી હોય! તેનો જવાબ ઘણું કરી ગીરનાર ઉપર ઓઘડનાથની મઢીએ જ આપણને મળશે. ત્યાંના મહંત મને સારી પેઠે ઓળખે છે. મેં ત્યાંનું એડ્રેસ પણ તેને આપ્યું છે. બનતાં સુધી આપણો ઉતારો પણ ત્યાં જ રાખીશું."

" પણ તમારા લખાણુ ઉપર એને વિશ્વાસ નહિ બેસે તો ?"

" અરે ! વિશ્વાસ શું ન બેસે ? એક તેવા જ આઈડીયલ સંસ્કારી ગૃહસ્થનો અને બીજો મીઠાખાતાના રીટાયર્ડ ઓફીસરનો એમ બે ભલામણપત્રો, સરસ ભાષામાં લખાવી, વેંગાર્ડના અપટુડેટ ફોટા સાથે મોકલ્યા છે. બનતાં સુધી ગઢજૂના ગીરનારની ખુશ્નુમા હવા ખાવાથી મને કેટલીય અવનવી કલ્પનાઓ સ્ફુરી આવશે. જરૂર પડતાં હું ફરી એને એક એવો પત્ર લખીશ કે મારી કલમની જાદુગરીથી તે એકદમ રંજીત બની પૂછતી સામે ચાલી આવે. તે માટે તમે નિશ્ચિંત રહો. પણ માનપત્ર વાંચો જોઉં, એમાં 'બનવા જેવું' કાંઈ લખાઈ ગયેલું લાગે છે ?" કહી બેગમાંથી માનપત્ર કાઢીને અમથાલાલે આપ્યું.

અમથાલાલની આજ્ઞા થતાં નાથાલાલે છાપેલું માનપત્ર મોટેથી વાંચવા માંડયું:

*

શ્રીમાન્ અમથાલાલ ભૂખણદાસ મહેતા,

નિવાસસ્થાન : મુંબઈ.

દેવાનામ્ પ્રિય !

કાશ્મીરથી કન્યાકુમારી વચ્ચે ઉછળી રહેલા મતભેદોનાં પ્રચંડ મોજાં નીચે ચાલી રહેલી રાજા–પ્રજા વચ્ચેની; કોંગ્રેસ–લીગ વચ્ચેની; સ્વદેશી–પરદેશી વચ્ચેની; સવર્ણ–વર્ણાન્તર વિવાહ વચ્ચેની; અંગ્રેજી હિંદુસ્તાની વચ્ચેની; શેઠ–ગુમાસ્તા અને માલીક–મજુર વચ્ચેની; લેખક–પ્રકાશક અને પ્રકાશક–પત્રકાર વચ્ચેની; યુવક–વૃદ્ધ અને કીશોર–કીશોરી વચ્ચેની; એ સર્વે કરતાં મહાન્ બ્રિટીશરો અને હિંદીઓ વચ્ચેની અદ્દભુત, રૌદ્ર, ભયાનક, વીર, શૃંગાર, શાંત, હાસ્ય, બિભત્સ અને કરૂણ એ નવે રસભરી–રચનાત્મક કે રંજનાત્મક યા ખંડનાત્મક અથડામણો નિર્મૂળ કરી નાખવાનો ઉદ્દેશ ધરાવતી **'અખીલ ભારતીય સ્ત્રીસન્માન સંરક્ષક' મહાસભા તરફથી થનારા**

માનસંમારંભના અધ્યક્ષપદનો આપે સ્વેચ્છાથી સ્વીકાર કરી મહદ્ ઉપકાર કર્યો છે. એ માટે આ મહાસભાના ભૂતપૂર્વક, ગતાવગત અને વિદ્યમાન સભ્યો ઉપરાંત ભવિષ્યે સભ્ય થવાનાં સ્વપ્ન સેવતા કે નિઃસ્વપ્ન તમન્ના સેવતા ત્રિકાળ સભ્યો આપના ગુણાવગુણ ગ્રાહક સ્વભાવકેરા પુણ્યપ્રતાપ વડે આપને સત્કારવા પ્રભાવશાળી થાય છે.

૨. મહાભારત યુગના મામા શકુની સમ પરાઇ પીડા વહોરી તે વેઠી લેવાની આપની પરમાર્થિક સાહસિકતા, રોમની એસ્પેશિયા સમ સહચાર શોધવાનું આપનું સ્વીકૃત ધ્યેય તથા ધગશ અને 'અરેબીયન નાઇટ્સ' માંની અજાયબ વાતો જેવા અજાયબી પૂર્ણ ધન્ય જીવનને લીધે આપ ગૃહસાહિત્ય, સમાજસાહિત્ય અને તર્કાદિમાં ચંચુપાત કરવા સદ્‌ભાગી નિવડ્યા છો: સ્ત્રીશક્તિ પ્રત્યેની પ્રેમભક્તિના પુણ્ય પ્રતાપે સહિષ્ણુતા તેમજ અહિંસાના દ્વિધાગ શસ્ત્રાસ્ત્રનો ઉપયોગ કરવા પ્રવૃત્ત થઇ, તેમાં આપશ્રીએ સંપૂર્ણ યશઃ પ્રાપ્ત કર્યો, તેથી આપ નારીજગતના ધન્યવાદને પાત્ર ખરે ખર બન્યા છો એ નિર્વિવાદ સિદ્ધ છે.

૩. અનંત આકાશવત્ અપરિમિત છતાં ભૂતળપર અતિ અલ્પ દેખાતા આપના મૂકસાહિત્યની મૂકકદરદાનીરૂપે ભાવિના ગર્ભમાંની ભારતીય વિદ્વદ્ પરિષદના ભાવિ પ્રમુખપદે આપ નિયોજાયા છો. તેમાં ઇતિહાસસૃષ્ટિની અદ્‌ભુતતા સાથે મહારાજા વિક્રમના જેવી આપની શકસર્જની નૂતનના દશ્યમાન થાય છે. અને એથી અમે સૌ સાહિત્યકો શેષનાગની જેમ સહસ્ર જીવ્હાવડે–સહસ્ર કલમોવડે અમારો હાર્દિક હર્ષ પ્રદર્શિત કરવાનો આ શકવર્તી સુવર્ણ સમય સાધવા સાવધાન થયા છીએ.

૪ સીતામાતાનું હરણ થતાં દશરથનંદને જાનકીજીને શોધી વળવા સુવર્ણમંડિત લંકાની ખાખ કરાવેલી, કળિપ્રવેશના પ્રભાવે વનવાસમાં પોતે જ તજી દીધેલી સતિ દમયંતીની શોધ સારૂ નળ રાજા બાહુક સ્વરૂપે શ્વસુરગૃહે સીધાવેલા, એ દૃષ્ટાન્તો જગતમાં ઇતિહાસ-

પ્રસિદ્ધ છે. પણ આપ તો એવા કશાય સંબંધ કે કારણની લેશમાત્ર પરવા ન કરતાં કુમારિકા–ત્યક્તા, અનુભવી–બીનઅનુભવી, સજાતીય વિજાતીયઃ જેવી પ્રાપ્ત થાય તેવી સહચરીની શોધ માટે દ્રવ્ય, સમય, પ્રયત્ન અને જીવનનો યથામતિ–યથાશક્તિ–યથોત્સાહ સાક્ષાત્ ભોગ અર્પી રહ્યા છોઃ એ આપની હિંમત, ચીવટ અને દૃઢતા કદાચ વંધ્ય નીવડે તોપણ પીઢ કુમારો માટે અનન્ય સ્વરૂપે દૃષ્ટાન્ત રૂપ હોઈ અવશ્યમેવ સર્વતો ભદ્ર ભવઃ એ અમારી વાંછના.

૫ છેવટે આપના જ એક કવિમિત્રના પ્રતિધ્વનીમાં ધન્યવાદ ગાઈ અમે વીરમીશું :

તમે સ્ત્રીતણા છો પુજારી નિરાળા,
સ્તવો સુંદરીને સદા રાખી માળા;
સ્ફુરે લગ્ન શબ્દે ઉરે જે ઉછાળા,
ભલે છાતીએ વાળ ના હોય કાળા.

નથી આપનો ગુણ એકે ય ભૂરો,
પ્રભુ આપના લગ્નના કોડ પૂરો !

જગપતિએ જગમાં રચી રચના રૂડી અપાર,
પણ રચના એથી વધુ અભિનવ અપરંપાર;
છેલછબીલી આપની, મૂર્તિ મન હરનાર,
ધન્ય પિતા–માતા હજો, ધન્ય આવ્યા અવતાર !

'સ્વયંવધુમંડપ' પ્રસંગે આ પરિષદને
યાદ કરવાની આશા સેવતા
સૌભાગ્યવાંચ્છુઓ
તરફથી
નાથાલાલ નખઓદિયા.

*

નાથાલાલ માનપત્ર વાંચી રહ્યા કે તરત જ અમથાલાલે ઉત્સાહ-થી પૂછ્યું: "હેં નાથાભાઈ! આમાં 'બનવા' કે 'મને બનાવવા જેવું' કાંઈ તમને લાગે છે?"

"છૂટા છવાયા શબ્દો વાંચતાં ખાસ કાંઈ ભાસતું નથી; અને લાગે છે તો આખુંય. પરંતુ કોઈ કોઈ જગાએ થઈ ગયેલી કે રહી ગયેલી મિસપ્રિન્ટ સુધારી લેવા સાથે છૂટે હાથે વ્હાઈટવૉશ કરવાથી, કટાયેલી ધાતુને ઓપ આપી પૉલીશ કરવાથી જેમ ચકચકિત થાય તેમ થઈ શકે." નાથાલાલે દૂધ અને દહીંમાં રહી અર્થ વિનાનો જવાબ દીધો.

"નાથાભાઈ, એ ઠીક છે; પણ આમાં તમારી સહીની જગાએ પ્રમુખ કે ઉપપ્રમુખની હોય તો વજનદાર ગણાય. તમારી સહી ઉપર કોરા કાગળની કાપલી ચોડી દીધી હોય તો કેમ?" પૂછી અમથા-લાલ તેના મ્હોં સામે તાકીને જોઈ રહ્યા.

"એમાં મને શો વાંધો હોય? તમે આજ્ઞા કરો તે પ્રમાણે સર્વ કાંઈ કરવા આ સેવક સદા સજ્જ છે. કાપલી ચોંટાડીએ કે કાતરના અભાવે સેફ્ટી બ્લેડ વડે મારી સહી જેટલી જગા કાપી નાખીએ, તેના કરતાં આખું નવું જ છપાવી લઈએ તો કેમ? આપને જરૂર જણાય તેવો બધો સુધારો પણ નવી આવૃત્તિમાં કરી લેવાય." નાથાલાલે નવો જ નુકતો બતાવ્યો.

"તમારૂં કહેવું લાગે છે તો ઠીક. પણ નાથાભાઈ, મને એમ થાય છે કે આ માનપત્રનું પ્રુફ કવિએ વંચાવી એપ્રુવલ માટેની મારી સહી કરાવેલી ત્યારે આવું કાંઈ કેમ લાગ્યું નહિ હોય?" અમથાલાલે પોતાના દીલની મુંઝવણનો પ્રશ્ન પૂછ્યો.

"એનું કારણ તો સીધુંસટ ને સ્પષ્ટ છે. એ વખતે પ્રસિદ્ધિ માટે પ્રકાશમાં આવવાના તમારા ચશ્મા ચાર નંબરના હતા, અને અત્યારે

પેલી 'સંસ્કારી' કુમારિકા મેળવવાના ઉમંગમાં ફીફી ઉંચે ચડીને ચૌદ નંબરના થઈ ગયા એટલે સવળું અવળા રૂપે ને અવળું સવળા રૂપે દેખાય જ ને! આમાં વપરાયેલા લાંબાચોડા ને ભારેખમ શબ્દો એટલા તો વજનદાર છે કે કોઈ વજનદાર સાહિત્યકારના ભારેમાં ભારે કાંટે પણ તેની તુલ્ના થવી અશક્ય!" નાથાલાલ શિષ્ટ ભાષામાં વ્યંગાર્થ બોલ્યો.

"એવું પિંજણ કરવું અત્યારે રહેવા દો. કોઈ છાપખાના સાથે તમારે સારો સંબંધ છે?" અમથાલાલે સ્હેજ કંટાળાના ભાવે પૂછ્યું.

"ઓહો! એમાં શું પૂછ્યું? હું તો તેનો કીડો છું—કીડો. અમથાભાઈ! અમદાવાદમાં સૂર્યપ્રકાશ, ચંદ્રપ્રકાશ, તારક વિજય, નિશાચર વિજય, સરસ્વતી અને મીનર્વા ટોકીઝ વગેરે કેટલાંય પ્રેસ મેં મેનેજ કર્યાં છે. કહેશો તો રાતોરાત નવું માનપત્ર ફાંકડું છપાવી લાવીશ. રાજકોટ અને જુનાગઢમાં પણ ટ્રેડલમેન કે કંપોઝીટર મારા ઓળખીતા નીકળશે." નાથાલાલે પોતાની લાયકાતનું સાભિમાન સુન્દર પ્રદર્શન ખુલ્લું મૂકયું.

"શાબાસ! સેક્રેટરી મળો તો તમારા જેવા હિંમતબહાદુર અને સમયવર્તી કાર્યસાધક." અમથાલાલે શાબાસીના ઉદ્‌ગાર સાથે પોતાનો સંતોશ જાહેર કર્યો.

"લગ્ન વખતે ગોર મહારાજ 'સમય વર્તે સાવધાન'નો મંત્રોચ્ચાર એવા જ મહાન્ ઉદ્દેશથી વારંવાર કરતા હશે."

"એમ જ."

*

"આપના લાંબા સહવાસથી હું ઘણો પાવરફુલ બની ગયો છું. સજનિકાબ્હેન કહે છે તેમ પારસમણિના સહવાસથી લોહનું સુવર્ણ બને છે, તેમ હું ન બનું તો પારસમણિ સ્વરૂપ આપ જેવાના સહવાસની કિંમત શી?" નાથાલાલે વખાણ રૂપ પતંગનો દોર છુટો મુકી અમથાલાલને આકાશમાં ઉંચે ચડાવ્યા.

“ હું તો ઇચ્છું છું કે તમેય મારી કક્ષાએ પહોંચો.” પ્રશંસાથી ફુલાયેલા અમથાલાલ બોલ્યા.

“ આપની કક્ષાની વાંછના કરૂં તો હું નિમકહરામ કહેવાઉં !” નાથાલાલે પોતાની નિષ્ઠા બતાવી.

“ તમે વાંછના નથી કરતા એ બરાબર; પણ હું તમને કહું છું.”

“ એ આપની ઉદારતા : પણ તેમાં મોટો વાંધો એ છે કે હું આપની પેઠે સાધનસંપન્ન નથી : લુખોટાટ–કડકો છું.”

“ આસ્થા રાખો–હિંમતવાન બનો–વાતચીત કરવામાં ઉદાર થાવ–સામાને ખરૂં સ્વરૂપ એકદમ ન સમજાય તેવો આડંબર કેળવતાં શીખો: એટલે મારી પેઠે આપોઆપ માનપાન ઘર પુછતું પૂછતું સામું આવશે. બીજું એ કે પ્રકાશમાં આવવું હોય તેણે માનાપમાન કે હાંસી. મશ્કરીની દરકાર બિલકુલ રાખવી નહિ. પછી જોઈ લો કે તમારૂં સ્થાન કયાં હોય છે ! તમારા પાસા કેવા પોબાર પડે છે !!” અમથાલાલે પોતાના સ્વીકૃત સિદ્ધાંતનું સ્ફોટન કર્યું.

“ તમારા નિકટ સહવાસમાં રહી તમારી દિનચર્યાનું સતત અને સુન્દર અવલોકન કરવાનો મોકો મળે તે માટે તો હું ઘરબારને તીલાંજલિ આપી તમારી સાથેનો સાથે જ ભટકયા કરૂં છું.” નાથાલાલે પણ તેવો જ વળતો જવાબ રજુ કર્યો.

ટ્રેન અમદાવાદના સ્ટેશને ઉભી રહી. અસંખ્ય પેસેંજરોની ચઢ–ઉતર થતાં જગા માટે અરસપરસમાં બોલાચાલી ચાલી. અમથાલાલ અને નાથાલાલ વાર્તાલાપ બંધ કરી, પોતપોતાની જગાએ ગૂપચૂપ બેસી રહ્યા.

"વાસંતી, તું કહેતી હતી એવો એ વિચિત્ર માણસ છે?" વાસંતીનાં બાએ પૂછ્યું.

"એની સર્વ શક્તિઓનું વર્ણન વાણીમાં ઉતારવું મુશ્કેલ છે." વાસંતીએ હાસ્ય દબાવી કહ્યું: "અને વળી એ મોટા મામાના ભત્રીજા હોવાનો દાવો કરે છે!"

"કદાચ હોય. મોટા મામાને સગા બે ભત્રીજા હતા. તેમાંનો એક મુંબઈના હુલ્લડમાં માર્યો ગયો છે અને બીજાનો વરસો થયાં પત્તો નથી: તે હયાત હશે કે કેમ, તેની યે ખબર નથી. તારા કહેવા પ્રમાણે એ આવે તો જોઈને ઓળખી કાઢું ખરી."

"ન આવે તો સમજવું કે આ વાસંતીએ બાને પણ મજાકમાં ઉડાવ્યાં!"

"મજાકમાં ઉડાવવામાં તો તું એવી કુશળ છે કે તારી કહેલી વાત સાવ સાચી હોય તોપણ પહેલાં તો અમને મજાકરૂપ જ લાગે."

કહી મંદિરના પ્રવેશદ્વાર નજીક આવતાં બાએ કહ્યું: “વાસુ, બૂટ અહીં ઉતાર. જોડા પહેરીને દેવમંદિરમાં જઈએ તો દેવ દુભાય.”

“બા, હવે આ ગાંડપણ—”

“ના, હું સાથે હોઉં ત્યારે તેમ નહિ ચાલેઃ મારે નરકમાં જવું પડે, સમજી વાસુ!”

વાસંતીએ હસતે મોઢે, સહેજ પણ મોઢું કટાણું કર્યા વગર, બૂટ કાઢી બાની સાથે મંદિરમાં પ્રવેશ કર્યો. દેવદર્શનાભિલાષી બાએ ભક્તિભાવથી દેવમૂર્તિનાં દર્શન કર્યાં, ને વાસંતીએ મંદિરની બાંધણી વગેરેનું નિરીક્ષણ કર્યું. મંદિરમાં એક નાની મૂર્તિ અને અખંડ દીપજ્યોત સિવાય કાંઈ નહોતું. નાના સરખા ચોગાનમાં કુદરતે બનાવેલા પત્થરના ઓટલા પર બેસવા જતાં વાસંતીની ખિસીમાંથી ઘડી વાળેલા બે કાગળો નીચે સરી પડયા. તે ઉપર તેની બાનું ધ્યાન જતાં એણે સહસા પૂછ્યું: “શાના કાગળો છે એ, વાસુ?”

“બા! એ તો જેમનાં પગલાં ગિરનાર ઉપર થવાનાં છે એ અમથામામાના: વાંચવા જેવા છે.”

“એણે લખેલા છે?”

“ના, એમના વિશે મારી ઉપર આવેલા.” કહી વાસંતીએ એ કાગળો નીચેથી ઉપાડી બાના હાથમાં આપ્યા.

તેમાંનો ઝીણા અક્ષરવાળો કાગળ બાએ પહેલો વાંચવા માંડયો.

*

વ્હાલી વાસંતીબહેન,

“તારા ગયા પછી અહીં ઘણું નવીન બન્યું છે. તારા મામા કહેવરાવતા અમથાલાલના સંબંધમાં જે કાંઈ બન્યું છે તે તારી સૂચના પ્રમાણે પ્રથમ જણાવું છું.

અમથાલાલ તો ધારવા કરતાં અનેક ગણા અજબ માણસ નીકળ્યા. હદ ઉપરાંતની કરેલી મજાક પણ પોતાને ‘ચતુર સુજાણ’

માનતા એ ભાઈના અંધ ભેજામાં જરાય ન ઉતરી, અને ઉલટું એણે તો એમજ માન્યું કે પૃથ્વીરાજને વરમાળ આરોપવા સંયુક્તા ઉત્સુક થયેલી, તેમ હું પણ જાણે એ કૃષ્ણ કનૈયા ઉપર વારી જતી વ્રજ-ગોપી હોઉં ! આપણા વિનોદી મંડળની બધી બ્હેનો માટે આ ભાઈ ઓછુંવત્તું આમ કલ્પતા થયા લાગે છે. કહેવાતા એમના સન્માન સમારંભ પ્રસંગે વર્ષો ઉપર સ્વર્ગવાસી થયેલાઓ તરફના મુબારકબાદીના સંદેશા સ્વર્ગીય સંદેશવાહક દ્વારા આવેલા જણાવી વાંચી બતાવવાનું ફારસ થાય છતાં તેથી ભાઈ ફુલાઈને ફાળકો બને અને વળી કહે કે, હું તો એક એમેચ્યોર તરીકે પાઠ ભજવું છું ! એ માણસ ભલો કે ભોળોયે નહિ, તેમ મૂર્ખ કે ડાહ્યો પણ નહિ.

વિનોદ કરવાથી વિનોદી કંટાળે, એવું ભાગ્યે જ બને. પણ હું તો એ અબુધથી એવી કંટાળી ગઈ કે ધગધગતી કાતરનો ડામ એની છાતીએ દઈ એની આંખ ઉઘાડવાનો ચમત્કાર કરી બતાવવા તૈયાર થઈ હતી. પણ એ ચમત્કારનું પરિણામેય મારા અનુમાનથી ઉલટું આવ્યું, અને મારા હાથ ને હથિયાર હેઠાં પડ્યાં ! મેં માનેલું કે એથી એની ભાનસાન ઠેકાણે આવશે. પણ એણે તો મારી વિનોદભરી માગણીને સાચી જ માની લીધી ને વસ્ત્રાલંકારો તથા રોકડ વગેરે મેં જે માગ્યું તે આપ્યુંયે ખરૂં. એનું પોટલું બાંધી મેં ' માર્તંડ મહિલા'ની તીજોરીમાં અકબંધ સલામત મૂકાવ્યું છે : અનુકૂળ સમયે એની છાતીમાં મારી પાછું પધરાવી દેવાશે.

લંડનથી મારા પતિનો તાર છે. બેરિસ્ટર થયાનું અને થોડા દિવસમાં મુંબઈ આવી પ્રેકટીસ શરૂ કરવાનું પણ જણાવ્યું છે. હવે થોડા દિવસમાં મારે નર્સીંગહોમને છેલ્લી સલામ કરવાનું થશે.

પૂજ્ય બાને તથા પિતાશ્રીને મારા પાયલાગણુ.

લિ. બહેન

સજનિકા."

*

ઉપરનો પત્ર વાંચી વાસંતીનાં બાની કુતુહળવૃત્તિ સતેજ થઈ એટલે બીજો પત્ર વાંચવાનું શરૂ કર્યું:

"વ્હાલી બ્હેન વાસંતી,

તૃષાતુર નયનોને આકર્ષનારી તારી જાહેરાતને અંગે કાર્યાલયમાં આવતા પત્રો તને મોકલાય છે, એ જ પ્રમાણે આ કવર સાથે એક પૅકેટ મોકલવામાં આવ્યું છે. ખરેજ, તું આ આશાભર્યા ઉમેદવારોમાંથી કોઈને જીવતદાન દેવાની છે કે તારા રંગીલા સ્વભાવ પ્રમાણે માત્ર મજાક માટે જ તેં આ વિચિત્ર યોગ સાધ્યો છે?

અમથાભાઈના માનસમારંભની તરી પાર ઉતરેલી તરણીની તવારિખ આ પહેલાના પત્રમાં તને મેં જણાવી છે. હવે એ સિદ્ધના શાગીર્દ નાથાલાલના કહેવાથી જણાયું છે કે એ શ્રીમાનની સ્વારી 'રૈવતાચળ પર્વતનું ગિરનાર નામ શી રીતે પડયું' તેની શોધખોળ કરવાનો આડંબર કરી જુનાગઢ તરફ ઉપડવાની છે. આ પત્ર તારા હાથમાં આવ્યા પછી ટૂંક વખતમાં જ એ પુરાતત્વના સંશોધક ગિરનાર પરની કોઈ અવધૂતની મઢીના દ્વારે સંશોધનનું મહાન્ કાર્ય કરતા કરતા તને ખોળવા આવી પહોંચશે.

વિનોદની દૃષ્ટિએ પણ કેવા પાત્રને કેવું અને કેટલું મહત્વ આપવું, એ અમથાલાલના અનુભવ પરથી આપણને સરસ શીખવાનું મળ્યું છે. વિનોદનાં આછાં બિન્દુ સ્પર્શતાં જ વિનોદનો મર્મ પારખી જાય એવા લોકો જ વિનોદને પાત્ર છે. એ પારખી શકે નહિ એવાની વિનોદ ખાતર પણ મજાક કરવી, એ એક જાતનો પોતાનો જ અપરાધ કરવા જેવું છે, એમ હવે મને સમજાયું છે. આપણે ઉત્સાહના પૂરમાં મર્કટને મદિરા પાવા જેવું કરી બેઠાં, એ આપણી ભારે ભૂલ થઈ છે.

માર્મિક રીતે સમજાવી તેનું ભાન ઠેકાણે લાવવા સારૂ માનસમારંભની બનાવટ ઉપરાંત માનપત્રની રચના કેવી સંદિગ્ધ દ્ઢતા યુક્ત કરી હતી, તે તું સમજી શકે, માટે આ સાથે માનપત્રની નકલ મોકલું છું. સજનિકાબ્હેન સાથેનો કિસ્સો તો તને તેણે જણાવ્યો છે જ.

હવે એક બીજી નવીનતા જણાવવાની કે આપણી કલબમાં હમણાં વિચક્ષણ પ્રકૃતિનું એક વધુ સ્વરૂપ ઝળકી આવ્યું છે. તે ભાઈ સતિનના દૂર દૂરના સંબંધી અને નિવૃત્ત મુન્સફ હોવાથી અમે એમને માનથી ‘કાકા’ કહીએ છીએ. કોર્ટમાં અંગ્રેજીમાં ચલાવેલા કામકાજને લીધે તે માતૃભાષા ગુજરાતીને લગભગ ભૂલી જ ગયા હોય એમ લાગે છે. એમને ગુજરાતી બોલવું એટલું તો વિદેશીસમું થઈ પડયું છે કે સામાન્ય વાતચીત ગુજરાતીમાં ચાલતી હોય છતાં પણ તે અંગ્રેજીમાં જ ઝાપટવા મંડી પડે છે. અધિકારની રૂએ ઘણાં વર્ષ દોરદમામ ચલાવેલો હોવાથી તેમનું માનસ એટલું બધું રીઢું ને જડ થઈ ગયું છે કે કોઈની વાત કે દલીલ સાંભળવાની પણ એ ભાગ્યે જ દરકાર કરે ! સાંભળનાર અંગ્રેજી જાણતો નથી, તેવું સૂચન કરવા છતાં પણ તે પોતાના ઇંગ્લીશ મેલને એવો દોડાવે રાખે કે તે કયાં અટકવાની કલ્પના કરવી એ કઠિન થઈ પડે ! એમને આવ્યાને થોડા જ દિવસ થયા તેટલામાં એમના ઇંગ્લીશ મેલનું એન્જીન અહીંની સ્લોલોકલ સાથે બે ત્રણ વખત અથડાઈ પડેલું; પરંતુ સદ્‌ભાગ્યે કોઈ અકસ્માતે ગંભીર રૂપ હજી લીધું નથી. સુરતની ‘ફ્લાઈંગરાણી’ કે સરહદના ‘ફ્રન્ટીયરમેલ’ સાથે કોઈ વખતે એ અથડાઈ પડશે તો અકસ્માત જરૂર ગંભીર થઈ પડવાનો.

કાકા દેખાવમાં નિખાલસ અને ભલા ભોળા જેવા લાગે છે; પણ પોતાની હોંશિયારીની ઘમંડ અને પરદેશી સીવીલીઝેશનનો ચેપ એમનામાં એવો ઉંડો ઘર કરી બેઠો છે કે ન પૂછો વાત !

એમને અને મિ. અમથાલાલને મેળવી દેવા ધારીએ છીએ. પછી જોઈએ કે એ જુગતે જોડીની કેવીક મજા જામે છે !

તમે સૌ કયારે આવો છો, તે લખજે. બા તથા પિતાશ્રીને પ્રણામ.

અંતરની બ્હેન
નિર્મલના વંદેમાતરમ્‌.”

*

પત્ર અને તેની સાથેનું મજાકપૂર્ણ દ્વિઅર્થી માનપત્ર વાંચી બા ખૂબ હસ્યાં ને પૂછ્યું: "ત્યારે તો આ અમથાલાલ સંબંધી બીજા પત્રો પણ આવ્યા હશે!"

"હાસ્તો, ઘણા. એ તો અમારા મંડળનું જીવતું જાગતું રમકડું થઈ પડયું છે. હું મુંબઈ જાઉં એટલે એમાં જણાવેલા કાકાનું પણ તેમજ સમજવું. રોગનું નિદાન બરાબર થયું એટલે બસ!"

*

મંદિરનું ચોગાન નાનું પણ રમણિય હતું. મા–દીકરીને હસતી જોઈ લાંબી સફેદ દાઢી અને ત્રણ તસુની લંગોટીવાળો શ્યામવર્ણી મંદિરનો જટાધારી બાવાજી એમની પાસે આવી ભાંગીતૂટી ગુજરાતી હિન્દીમાં વાતચીત કરવા લાગ્યો.

"ભેનો, આ બહોત પુરાની મઢી હૈ. મૂર્તિમેં ભારી સાક્ષાત્કાર છે. યે સ્થાન દેખકે આપને હસવું કયું આયા?"

જવાબમાં વાસંતી બોલી: "મહારાજ, અમને આ સ્થાન ઘણું સરસ લાગ્યું છે. અમારૂં હસવાનું કારણ જુદું અને અંગત છે." પછી પળેક સ્થંભી તે બોલી: "આ સ્થાન કુદરતજન્ય રમણીય હોવાથી અંતરમાં પવિત્ર અને રમ્ય ભાવના ઉત્પન્ન કરે છે. બાવાજી, અહીં આપ એકલા રહો છો તો એકાદ ચેલો રાખતા હો તો!"

"મેં બુઢ્ઢા થયેલો હોવાથી કોઈ ચેલો મીલ જાવે તો બહોત અચ્છા મૈયા. લેકિન એ એકાંત જંગલમેં રહેના ગમે કોને? એ મઢી-મેં તમે બેઠાં હૈ એ ચોગાન, એ નાનીસી દેહેરી ઓર એ બુગદામેં મીઠા જલ બિગર કુછ નથી. ઇધિર જાત્રાળુકી ભેટ સોગાદ લેનેકી બંધી હે. પૈસાની આવક ન હોવે ઇસિકા ભગત કોણ હોવે? નિઃસ્વાર્થી, ત્યાગકી બડી બૃતી ઓર પરમાત્માસે ઓળખવાકી લગની હોવે એસા કોઈ મિલે તો કામ લગે."

બાવાજીને હિન્દીમિશ્ર ગુજરાતીમાં વાતચીત કરતા જોઈ વાસંતી સહેજ હસી ને બોલી: "બાવાજી, ગુજરાતીમાં તમારા હિન્દી શબ્દો અને વાક્યો એવા ભળી જાય છે કે જાણે ગુજરાતી અને હિન્દી ભાષાનું અદ્‌ભુત એકીકરણ !"

બાવાજી વગર સમજે હોંકારો ભણી, હસીને બોલ્યા: "કોઈ નિર્લોભી ચેલા મળવા જોઈ એ ને !"

"જગતમાં નિર્લોભી–ત્યાગીઓની ક્યાં ખોટ છે? 'બહુરત્ના વસુંધરા'–કોઈ ને કોઈ તેવો નીકળી પણ આવે."

"આપકી નજરમેં એસા સાધુજન છે કોઈ?"

"છે ત્યારે જ કહું છું મહારાજ."

"હોવે તો એને હમારી પાસ ભેજ દેના. ગુરૂ ઓઘડનાથકી આ મઢી નીવારસી ઔર સેવાપૂજા બીગર રહેવા ન પામે તો બ્હોત ઠીક. બડા પુણ્યકા કામ છે. એટલું જ નહિ, ઔર એઈ મઢીકી મૂર્તિકા ગૌરવ કાયમ રહેગા. મેરા પીછેહી દીવો–દેવતા કાયમ જલતા રહે તો બહોત અચ્છા."

"બાવાજી, હું જેને માટે કહું છું, તે જેવો તેવો માણસ નથી. એનું જ્ઞાન અગાધ છે, એની સમજણ અમાપ છે. એની શક્તિ અજાયબી પમાડે તેવી છે." વાસંતીએ બાવાજીને પાણી ચડાવ્યું.

"તબ હરકત ક્યા છે? બહોત ઠીક મૈયા."

"પણ એ સંસારી સાધુજન વિરક્ત વૃત્તિના નથી."

"પુરાને કાલકે મહાન તપસ્વી ઓર ઋષિયોમાંના કીતનેહી પ્રથમ વૈસીહી પ્રકૃતિકે હોતે."

"પણ આ તપસ્વીને તો કબજે રાખી તમારે એમની ધૂન અને ઘેલછા દૂર કરવાની જહેમત ઉઠાવવી પડે તેવું છે."

"મૈયા ઇસમે ક્યા ? સંસારી, સાધુ, તપસ્વી, ઔર શાસ્ત્ર સમજનેવાલાકા સુરૂકા પાગલપન દૂર કરદેના વહી હમારા ધર્મ છે." કહી બાવાજીએ પૂછ્યું: "એ સંસારી સાધુકુ ઇધર કબ લાવશો ?"

"ઘણું કરીને આજ સાંજે; નહિ તો કાલ સુધીમાં તો જરૂર."

વાસંતીના આ જવાબથી અગડબંબ બાવાજી પ્રસન્ન થઈ બે હાથ ઉંચા કરી આશીર્વાદ દઈ પોતાની મઢીમાં જતા રહ્યા.

*

વાસંતી અને તેનાં બા મુકામ તરફ પાછાં ફર્યાં. દુનિયામાં અવનવી પ્રકૃતિના કેવા માણસો થાય છે એ વિશે વિચાર આવતો ત્યારે વાસંતીનાં બા ચકિત બની જતાં ને ક્યારેક એકલાં જ હસી પડતાં.

મા–દીકરીએ ફરતાં ફરતાં મુકામ ઉપર જઈ જોયું તો વાસંતીના પિતા, કાકા અને મુનીમ હસતા અને વિનોદ કરતા જણાયા.

પહેલાં તો એમ થયું કે પુત્રીના અંગત પત્રો મોટેરાએ વાંચવા એ ઠીક નહિ. પણ વાસંતીએ કેમ જાણે ગમે તેના વાંચવામાં આવે એટલા માટે જ એ પત્રો ગાદી ઉપર ખુલ્લા મૂકયા ન હોય!

વાસંતી અને તેનાં બાને અંદર આવેલાં જોતાં જ વાસંતીના પિતાએ કહ્યું: "આ પત્રો અમને વાંચવા માટે જ ખુલ્લા મુકી રાખ્યા હશે, કેમ વાસુ ?"

"તમે લોકોએ તે વાંચ્યા, બાપુજી ?" વાસંતી હસીને બોલી.

"તને શું લાગે છે ?"

"તમે એ મહત્વના કાગળો વાંચ્યા હોય એમ લાગતું નથી. અને વાંચ્યા હોય તો તેમાં સમાયેલો સાચો સાર સમજાયો લાગતો નથી." વાસંતી હાસ્યયુક્ત ભાવે બોલી.

ત્રણેય પ્રૌઢ પુરુષો ગંભીર ભાવથી તેના તરફ જોઈ રહ્યા.

"મુનીમજી, બંને કાગળો વાસંતી અને તેની બા સાંભળે તેમ વાંચો. આપણે જોઈએ કે એમાં એ કહે છે તેમ ન સમજાય એવું શું છે?" વાસંતીના પિતાએ મુનીમને આજ્ઞા કરી. વાસંતી અને તેનાં બા સાંભળવા ઉત્સુક થઈ સામે બેઠાં.

મુનીમે ડાબકું મોં રાખી પત્ર વાંચવો શરૂ કર્યો:

*

"અમથેશકુંજ; **મુંબઈ**, તા. ૨૧ નવેમ્બર

"**શ્રી. સંસ્કારી કુમારિકા,**

C/o 'માર્તંડમહિલા' કાર્યાલય.

તમારો પત્ર મળ્યો. તમે પૂછેલા સવાલો અને બીજો જરૂરી ખુલાસો નીચે મુજબ છે:—

તમારી પાસે પિતાની મોટી મિલ્કત હોવાનું જાહેર ખબરમાં જણાવ્યું છે. તેમ હોય તો પછી તમારે 'સ્ત્રીધન' ની ઈચ્છા શા માટે રાખવી જોઈએ? હોય તો મારૂં પ્રોવીડન્ટ ફંડ બે અઢી હજારનું પેઢીમાં જમા થયું છે, તેમાંથી તમે કહેશો તેટલી રકમ લગ્ન પછી નામે ચઢાવી આપવામાં વાંધો નહિ આવે.

વીમા સંબંધમાં લગ્ન પછી જે કરવું હશે તે થઈ રહેશે.

'અમથેશકુંજ' એ મારી રૂમનું મેં નિર્ધારેલું નામ છે.

હું જ્ઞાતિ કે તેના પેટા વિભાગો તેમજ જૈન–વૈષ્ણવ જેવા ધાર્મિક વાડામાં બીલકુલ માનતો નથી.

તમે ખાદીમાં શ્રદ્ધા રાખો છો તો હું સ્વદેશીમાં માનું છઉં.

ખાસ જણાવવાનું એ કે ચાર–પાંચ કુમારિકાઓ અધીરી થઈ છે, એટલે હું ગુંચવણમાં પડી ગયો છઉં. માટે તમારા હિતની બાબત સમજી જલદી સ્વીકારી લેશો તો સારૂં છે.

ફરીથી જણાવવાનું કે હું એક કરોડપતિની પેઢીમાં ' જનરલ મેનેજર ' નો જવાબદારી ભર્યો હોદ્દો ધરાવું છઉં; અને મને દોઢસોનો પગાર મળે છે. બીજું તો સમાગમ થતાં પ્રભુ બંનેનું શ્રેય કરશે.

આ સાથે તાજેતરમાં મને જાહેરમાં મળેલા સન્માનપત્રની નકલ મોકલું છઉં, તે પરથી મારી લાયકાત–મારી કારકીર્દી–મારી પ્રખ્યાતિ વગેરે બાબતો અત્યુત્તમ રીતે આપ સમજી શકશો. મારા પોઝીશન માટે આથી વધારે જાણવાની ઇચ્છા રહે તો તે સોના પર ઢોળ ચઢાવવા જેવું ગણાય.

મારા જેવા જાહેર કાર્યકરને જીવનસંગાથી બનાવી લેવાની તક અલ્પ પ્રયાસે પ્રાપ્ત થાય છે તેમ સમજશો તો ઇષ્ટ થશે.

લિ. શુભેચ્છક

અમથાલાલ મહેતાના સ્નેહવંદન."

મુનીમ કાગળ પુરો વાંચી રહ્યા પછી ગાલમાં જ હસવા લાગ્યા. " આમાં ન સમજાય એવું શું છે ? હું ધારૂં છું કે લગ્નના આ ઉમેદવારને જવાબ પણ અપાઈ ગયો હશેઃ" એટલું કહી વાસંતીના પિતાએ મુનીમને બીજો પત્ર વાંચવા કહ્યું.

મુનીમે બીજો પત્ર વાંચવા માંડ્યોઃ

*

અમથેશકુંજ: મુંબઈ, તા. ૩૧મી

શ્રીમતી સંસ્કારી કુમારિકા,

મમ ગૃહે સ્મિત ભરી સહચરી
નિરંતર કાર્ય ધુરંધર બનશે–
ત્યારે અમ ગૃહસૌખ્ય નિરખવા
દેવો અવતરશે ભૂમિ પરે.

આજે આવેલા આપના પત્રના જવાબ સાથે સુજ્ઞ સંસ્કારી શ્રીમાન્ શેઠશ્રી વિદ્યાવિશારદનું તથા મીઠા ખાતાના માનનીય પેન્શનર શ્રી. સોનાવાળાનું એમ બે પ્રમાણપત્રો મોકલાવું છઉં. એ ઉપરથી આપને મારી લાયકાતની જોઈતી ખાત્રી મળશે.

આપની મારા પ્રત્યેની લાગણી જોઈ શુભ ભવિષ્યની આગાહી થાય છે. પરંતુ તમે મારો પત્ર બરાબર ધ્યાનથી વાંચ્યો હોત તો મેં ઉડાઉ જવાબો આપ્યા છે, એમ લાગત નહિ.

સ્ત્રીધન અને વીમાની બાબતમાં ચોખ્ખું લખાયું હતું કે, વિધિવશાત્ આપણાં લગ્નનું નક્કી થતાં ઇચ્છા પ્રમાણે થઈ રહેશે.

તમે ખાનદાન કુટુંબનાં છો, તેમ હું પણ એક ખાનદાન નબીરો હોઈ પબ્લીક કાર્યકર છઉં. છતાં તમારા આગ્રહને વશ થઈ મારો ફોટો મોકલું છઉં તે સ્વીકારશો.

હાલ એકાકી જીવન ગુજારૂં છઉં. બેઉના સહકારથી જીવન વિકાસ પામે એ સંભવિત છે. સ્નેહ રૂપી ઝરણાનો પ્રવાહ બહુ વેગવાન જોરદાર હોતો નથી, પરંતુ તેનો ઝણુઝણાટ પ્રેમીના પ્રણયમંદિરની દીપજ્યોતમાં ઘૃતરૂપી જીવન પૂરનાર નીવડે છે.

મને મળેલા સન્માનપત્રની બાબતમાં તમે જે કટાક્ષ કર્યો તે પરથી તમારી સમજણની ઉણપ તેમજ સંકુચિત મનોદશા દેખાઈ આવે છે. તમે તેનું ખરૂં રહસ્ય ન સમજ્યાં એથી દિલગીર છઉં. તમારી ધારણા પ્રમાણે તેમાં મારી મશ્કરી હોય તોપણ સ્ટેજ ઉપર ભલભલા ભણેલાઓ તેમજ ભણેલીઓ 'એમેચ્યોર્સ' તરીકે જેમ કામ કરે છે તેવો જ મેં પણ એમાં ભાગ ભજવ્યો છે. આટલા ખુલાસા પછી એ બાબતમાં કોઈપણ પ્રકારની શંકાને સ્થાન રહેવું ન જોઈએ.

આપણા પત્રવ્યવહારથી સ્નેહ અને સેવાની ધગશ, માયાની મમતા અને ઊરના ઉમળકાનો વેગ વધતો જાય છે. સંસારસાગરનો શુભ, સુંદર ને સુહાગી પ્રવાસ શરૂ થાય તે માટે વગર વિલંબે પ્રભુતામાં

પગલાં માંડવા ઉતાવળાં થવું ઇષ્ટ છે. માટે સગવડ હોય તો ગીર-નારના પવિત્ર સ્થળે પધારવું. ત્યાં આપણે છેવટનો ઉકેલ જરૂર કરી શકીશું.

લિ. શુભચિંતક અને ચાતક,

અમથાલાલ ભૂખણદાસ મહેતા.

તા. ક.—આવી ન શકો તો પત્રનો જવાબ જુનાગઢ મોકલશો. ત્યાંના શીરનામાવાળું કવર આ સાથે છે. તમારૂં નામઠામ જણાવો તો સીધો વહીવટ રાખવાનું સરળ થાય. 'માર્તંડ મહિલા' વાળી બહેનો આ હકીકત જાણી જાય એ મને ઠીક નથી લાગતું: ટૂંકામાં સમજી લેજો."

*

"વાસુ, આ તોફાન તેં જ ઉભું કર્યું હશે!" વાસંતીના પિતાએ વહાલભર્યા અવાજે પૂછ્યું.

"આપને નકામું લાગતું હશે!"

"તો શું કામનું છે? આ રીતે તું સ્વયંવરની પ્રાચીન પ્રથાને નવજીવન આપવા ઇચ્છે છે?"

"હું તો દરેક સાંસારિક વિકૃત પુરાણી પ્રથાને નવજીવન આપવા બહુએ ઇચ્છું છું; પણ આપણા સંસારમાં એવું થાય છે જ ક્યાં?" વાસંતી હસતાં બોલી.

તેના પિતા વિચારમાં પડી ગયા ને પૂછ્યું: "આ અમથાલાલ કે મફતલાલ જે હોય તે છે કોણ?"

"પત્રોમાં વાંચ્યું નહિ, બાપુજી?"

થોડીવાર સૌ મૌન રહ્યા પછી વાસંતીનાં બા બોલી ઉઠયાં: "અમે આવ્યાં ત્યારે તમે સૌ હસતા હતા ખરૂં? શા પરથી?"

"આ મિ. અમથાલાલના કાગળ વાંચતાં તેની ઘેલછા માટે હસવું આવે એવું નથી?"

"હસવું આવે એવું તો તેમાં બહુએ છે ને એથી જ મને પણ હસવું આવ્યું હતું. પણ હું એમ પૂછું છું કે વાસંતી પર નાખુશ થવા જેવું એમાં શું છે?"

"આવા બેસમજ–ધનચક્કર માણસ જોડે સાંકેતિક સંજ્ઞાથી પણ આવો પત્રવ્યવહાર શા માટે કરવો જોઈએ?"

"તમે એને ધનચક્કર કહેશો તે નહિ પાલવે, સમજ્યા?"

"કેમ?"

"વાસંતીબહેનને પૂછી જુઓ." શેઠાણીએ માન અને ગાંભીર્ય જાળવીને કહ્યું. શેઠે પુત્રી તરફ જોયું.

"અમથાલાલે મને કહેલું કે તે મારાં બાના મોટા મામાના ભત્રીજા થાય છે." વાસંતીએ ખુલાસો કર્યો.

*

વાસંતીના કાકાને આમાં કાંઈ સમજ પડતી ન હોવાથી તે માત્ર સાંભળી રહ્યા હતા; ને મુનીમ હાસ્ય દબાવી ચુપ રહ્યા હતા.

"એક મામાનો ભત્રીજો એટલે બીજા મામાનો દીકરો ભાઇ. શું આ વિચિત્ર માણસ દૂર દૂરનો કે નજીકનો તમારો ભાઈ થાય છે?" કહી શેઠે પોતાનાં પત્નીને પૂછયું: "તમારા મામાના કોઈ દીકરા આ નામના છે?"

"હશે, પણ બહુ વરસ થઈ ગયા તેથી મારા ખ્યાલમાં અત્યારે આવતું નથી. તે અહીં આવે ને નજરે જોઉં તો ઓળખાણ પડે." શેઠાણી બોલ્યાં.

"વાસંતી આવાં ને આવાં તોફાન ઉભાં કરતી રહે છે. એનાં નસીબ એટલાં બળવાન છે કે હું જરા ગુસ્સે થાઉં ત્યારે એની આ બા એનો પક્ષ કરી સામી ઉભી રહે છે; અને એની આ નવી બા ચીડાઈ હોય ત્યારે મારે એનો પક્ષ લેવો પડે છે. અંતઃકરણથી એ

છોકરી ઉપર હું અને એની નવી બા કોણ જાણે શાથી આટલું બધું વ્હાલ રાખીએ છીએ, એ તો અમારા બેમાંથી કોઈ સમજી શકતું નથી." વાસંતીના પિતાએ મનોભાવ વ્યક્ત કર્યો.

"અને કહોને કે વખતે આપણે બંને ચીડાયાં હોઈએ ત્યારે એના કાકાનો પક્ષ એની પીઠ પાછળ આવીને ઉભો રહી જાય છે." શેઠાણી હસીને બોલ્યાં.

અત્યાર સુધી મૂંગા બેસી રહેલા કાકા એકાએક કાંઈક સૂઝી આવતાં બોલી ઉઠ્યા: "ભાભી, તમે ને મારા ભાઈએ કહ્યું એ બધું તો ઠીક. પોતાનાં છોકરાં પ્રત્યે માયા–મમતા સૌને હોય જ; પણ અમથાલાલે જ આ પત્રો લખ્યા હોય, વાસંતી ઉપર જ લખ્યા હોય, અને પત્ર લખનાર સાથેસાથ તમારા ભાઈ એટલે વાસુના મામા થતા હોય તો માફ ન થાય એવી આ એક ગંભીર ભૂલ ગણાય. અને આ ભૂલ કે ગરબડ વાસંતીના સ્વભાવને આભારી ખરી કે નહિ ?"

"આપ કહો છો તે પ્રમાણે ભૂલ થઈ હોય તોપણ તે અક્ષમ્ય છે, એમ હું માનતો નથી." મુનીમ ધીમે રહી બોલ્યા.

"કેમ ?" વાસંતીએ પૂછ્યું.

"બ્હેન, આપ સુધારક વિચારનાં તેમજ સારી સમજણવાળાં હોઈ, ન સમજો એ બને ?" મુનીમે મોઘમ કહ્યું.

શેઠ માથું ખંજવાળવા લાગ્યા. થોડીવારે તેણે પોતાની પત્ની તરફ જોઈ જણાવ્યું: "વાસંતી નવા જમાનાના વિચારની અને સ્વતંત્ર પ્રકૃતિની હોવાથી મેં એને એની ઈચ્છાનુસાર સ્વતંત્ર રહેવા દેવાની વ્યવસ્થા કરી આપી છે. એની માગણી પ્રમાણે પેલા સોશ્યાલીસ્ટ ડૉ. હરીશ સત્યવાન રોય પી.એચ.ડી. સાથે સ્વયંલગ્ન કરવાની સમતી આપી છે. એ ડૉકટર ન્યૂયોર્કથી એકાદ મહીનામાં જ આવવાના હોવાનું પણ વાસંતી જાણે છે. છતાં આવાં ખોટાં તોફાન ઉભાં કરવાનો શો હેતુ હોઇ શકે, એ મારા મગજમાં ઉતરતું નથી."

"ત્યારે વાસંતીનું કયું તોફાન મગજમાં ઉતરે તેવું હોય છે, તે કહેશો?" શેઠાણી બોલ્યાં.

મુંગી રહેલી વાસંતી બોલી: "એકદમ મગજમાં ઉતરી જાય એવી, ગૂઢ રહસ્ય વિનાની મજાકમાં મજા પણ શી, બા?"

નવાં બાએ ઉઠતાં વ્હાલથી વાસંતીના ગાલ પર વ્હાલભરી ધીમી લપડાક લગાવી ને બોલ્યાં: "તું બધાંને નવાઈ પમાડે એવી છે. આવડી મોટી થઈ પણ આવાં છોકરવાદી તોફાન કરતી ન મટી."

"બાપુજી અને તમારી પાસે તો હું નાની બાળ જ છું ને બા!"

વાસંતીનું આ વાક્ય તેની બા, પિતા, કાકા અને મુનીમ વગેરે સૌના હૃદયમાં આરપાર ઉતરી ગયું.

સૌ જમવા ઉઠ્યાં.

૧૩:................................ગીરનાર ઉપર

ડર મત કભી મુસાફિર કર દે કમાલ મનકો,
અપની ખુશીકી ખાતર ચખ ડાલ માલ ધનકો;
પરવા ન રખ કિસીકી તકલીફ ન દે બદનકો,
ગર મર્દ હૈ જો આશિક કૌડી ન રખ કફનકો.

*

નાથાલાલને અચાનક ઉર્દુ શાયરીમાં ઉડેલા જોઈ અમથાલાલે ગાડીવાળા સાથે વધુ રકઝક કરવાનું માંડી વાળ્યું, અને તેણે કહેલું ભાડું સ્વીકારી લીધું.

બંને જણા ગાડીમાં ચડી બેઠા. ગાડીવાળાએ ફડાક કરતો ચાબુક ઘોડાની પીઠ ઉપર લગાવતાં ઘોડો દોડવા લાગ્યો.

અમથાલાલે વાત શરૂ કરી: " નાથાલાલ, તમે પણ તક જોઇને ઠીક તુક્કો લગાવ્યો ! સમયસૂચક તો ખરા."

"શું કરૂં ત્યારે ? તમે ચાર ગાડીવાળા સાથે રકઝક કરી પાંચમા સાથે બેઆનાના નજીવા તફાવતમાં અરધી કલાક કાઢી નાખી."

"એ તો હું ટ્રેનમાં જ કહી ચુકયો હતો કે ગીરિરાજ ગિરનારની ખુશ્નુમા લ્હેરો ખાવાથી આપણને અવનવી કલ્પનાઓ સ્ફુરી આવશે.

તમને શહેરમાં પ્રવેશતાં જ શાયરી સૂઝી આવી, તો મને ઉપર ચડયા પછી કાંઇક અવનવું સૂઝશે. પણ નાથાભાઈ, ' કૌડી ન રખ કફ્નકો ' એ ઉર્દુ શાયરનું જ કહેવું હશે!"

" હા, એક મસ્ત શાયર લખી ગયો છે. પણ હું બોલી ગયો એમાં અને મૂળમાં થોડો ફેરફાર છે. આ ફેરફાર આપની અસાધારણ પ્રાસંગિકતાને આભારી છે. કેમકે કવિયોની ઉક્તિઓ સાધારણ માણસને માટે સહેજમાં અનુકૂળ થઈ શકે છે, પણ અસાધારણ માણસને તે અનુકૂળ કરવા સારૂ તેમાં કંઇક ફેરફાર કરવો જ પડે છે."

" મજાકની માત્રા વગર શુદ્ધ હેતુથી આમ કહેતા હો તો ખુશી થવા જેવું છે. બાકી હમણાં હમણાં તો વાત વાતમાં નાનાં મોટાં ઘણાંય મારી પ્રત્યે મજાક કરતા થઈ ગયાં છે; એથી હું અજાણ નથી. હું ઘણીવાર રમૂજ ચલાવી લઉં છું તેનું કારણ કે શાંતિસેવવામાં સો ગુણ છે, એમ ભગવદ્ગીતામાં કહ્યું છે."

" તમે કહો છો એવું શાંતિસૂત્ર ભગવદ્ગીતામાં તો નથી."

" તો 'કૃષ્ણગીતા'માં હશે; પણ કોઇક ગીતામાં કે કયાંક પણ વાંચ્યાનું મને યાદ છે." 'ભગવદ્ગીતા' અને 'કૃષ્ણગીતા' બંને જુદી કૃતિઓ હોય તેમ અમથાલાલે લુલોલંગડો બચાવ કર્યો.

*

કેટલીકવારે તેઓ ગીરનારની તળેટી પાસે જઇ પહોંચ્યા, અને ઉપર ચડવાની શરૂઆત કરી. દોઢેક કલાકે, ઉપરકોટ નામની પ્રથમ ટૂકે પહોંચ્યા. અમથાલાલ ચઢતાં ચઢતાં ખૂબ થાકી ગયા અને બોલ્યા:

" અહીં જ રોકાઈ જઈએ તો કેમ?"

" આ જૈનો માટેનું હોવાથી આપણો જોગ નહિ ખાય, અમથાભાઇ."

" પણ ગીરનાર ઉપર રહેવાની સગવડ મળી શકે એવું ફકત

આ એક જ સ્થાન છે. શૈવ શ્રીમંતો કે વૈષ્ણવ ધનાઢયો છક્ક થઈ જાય એવાં દેવસ્થાનો જૈન શ્રીમંતોએ સર્જાવ્યાં હોય તો આપણે જૈન છીએ, એમ કહી ધર્મશાળામાં ઘુસી લાભ લઇએ !"

"તમે રહ્યા પ્રસિદ્ધ પુરુષ એટલે તમારો કોઈ ને કોઈ સ્નેહી કે ઓળખીતો નીકળી આવે અને ભોપાળું ફુટી જાય તો—"

અમથાલાલ હસીને બોલ્યા: "તમે ડરપોકના સરદાર લાગો છો. નાથાભાઈ, તેમ થશે તો હું કયાં તમારી સાથે નથી?"

"એ વખતે તમે શું કરવાના?"

"ત્યારે એ લોકો મને શું કરવાના?"

"તમને શું કરે?" કહી અમથાલાલની ગળચી પકડી ધક્કો મારતાં નાથાલાલ જોશથી બોલ્યો: "જુઓ, આમ—"

અમથાલાલ વિસ્મિત થઈ બોલ્યા: "જૈનો તો અહિંસક છે ને?"

"એમના ધર્મના સિદ્ધાંતો અહિંસક છે; પણ તેથી તેઓ દૌર્બલ્યને પોષતા નથી. નાના પ્રકારના જીવજંતુ અને પશુ પંખીઓ કે જેમનો સંહાર ગમે તેવા મામૂલી માણસ માટે પણ શકય છે અને જે ઘોર અપરાધ લેખાય છે, તેવા અપરાધથી જ તેઓ દૂર રહે છે. બાકી તમે એમ સમજતા હો કે હિંસાનો નાશ કરવા સારૂ જ હિંસાનો માર્ગ લેવાનું જૈનમત નથી કહેતો તો તમારી ભૂલ છે. કેમકે ઇતિહાસનાં પાનાં ઉથલાવતાં જણાશે કે કેટલાય ક્ષત્રિય રાજાઓ ચુસ્ત જૈનધર્મી છતાં એ લોકોએ ઉપદ્રવકારી હજારો પરદેશીઓનાં હાડકાં પાંસળાં ભાંગી નાખ્યાં હતાં."

"ત્યારે કરવું શું?" અમથાલાલ જરાવાર મુંઝવણમાં પડી ગયા. બીજી જ પળે કાંઈક યાદ આવતાં બોલી ઉઠયા: "નાથાભાઈ, આપણે તો રહ્યા દેશીબંધુ; એક જ દેશના ને એક જ પહેરવેશના!"

"એ ખરૂં કે આપણી કોમ એક છે, આપણી સંસ્કૃતિ એક છે, આપણો રાષ્ટ્રધર્મ એક છે; માત્ર નજીવો સાંપ્રદાયિક ભેદ છે.

પણ નિયમનો ભંગ કેમ થઈ શકે? આ તો જૈનોની વાત છે; પણ બ્રાહ્મણુની ન્યાત જમતી હોય ત્યાં વાણિયો જઈ શકે ખરો ?"

નાથાલાલની આ દલીલ અમથાલાલના મગજમાં એકદમ ઉતરી ગઈ ને તે બોલ્યા: "તમારૂં કહેવું બરાબર છે. હું વૈષ્ણવ વણીક છું. અમારી ન્યાતની વાડી હોય ત્યાં લોહાણા કે ભાટિયાને અમે ઘુસવા ન દઈએ, પછી ભલેને તે વૈષ્ણવ હોય! અરે, હું જ પહેલાં તો અમારી ન્યાતની વાડીમાં એવી રીતે ઘુસી આવનારને ધક્કો મારી કાઢી મૂકું. તમારી વાત જો કે તદ્દન વાસ્તવિક છે; પણ આ સ્થાનમાં રહેવાની મારી ઇચ્છાનું બલિદાન આપવા હું તૈયાર નથી. પકડાઈ જવાની ધાસ્તી આપણે ખોટી રાખીએ છીએ. કેટલાંક વરસો પહેલાં હું આબુ અને શેત્રુંજા ઉપર ગયેલો ત્યારે 'જૈન' જણાવી એમની જગામાં મળતી સગવડનો નિશ્ચિંતપણે લાભ હું લઈ શક્યો હતો. વળી એક સ્થળે તો ખબર પણ પડી ગયેલી કે હું જૈન નહિ પણ વૈષ્ણવ છું; છતાં—"

"ત્યારે તો જરૂર એ વખતે તમારી શીકલ દેશી એરંડીઉ લીધા બરાબર થઈ ગઈ હશે!" નાથાલાલ વચ્ચે જ બોલી ઊઠ્યો.

"તમે કેમ માન્યું કે પરિણામ એવું અપમાનજનક આવ્યું હશે! નાથાભાઈ, ખબર પડ્યા છતાં એ સ્થાનના અગ્રેસરો ગુસ્સે ન થયા, ચિડાયા પણ નહિ. માત્ર હસ્યા અને ઉપરથી સર્વના દેખતાં એ લોકોએ મને કહ્યું: 'પ્રવાસીભાઈ, ગભરાશો નહિ. ભલે તમે શીરા માટે શ્રાવક બન્યા હો, પણ તમારો હેતુ જૈનેતર છતાં જૈન બનીને આશ્રય મેળવવાનો છે અને આ સ્થાનનો હેતુ આશ્રયે આવનારને કોઈને પણ આશ્રય આપવાનો છે."

અમથાલાલના આ ખુલાસા પછી નાથાલાલે એમને ગભરાવવાનું નિરર્થક માન્યું અને બંનેએ જણા ઉપરકોટની સુઘડ ધર્મશાળામાં 'જૈન' તરીકે આશ્રય લીધો.

*

નાસ્તો પાણી પતાવી આરામ લેવા ધર્મશાળાનાં બબ્બે ગાદલાં બિછાવી લાંબા થઈને પડયા. એકાદ બે મિનિટ થઈ કે તરત અમથાલાલ બેઠા થઈ ગયા અને કાગળ પેન્સીલ કાઢી લખવા બેઠા. પાંચ દશેક મિનિટ તો નાથાલાલે ગુપચુપ પડયા રહી એમને બોલાવ્યા નહિ. પણ પછી ધીરે રહીને પૂછ્યું:

"બાબુજી, શું લખવા માંડયું ?"

"અરે યાર ! એવી સરસ ખુશનુમા હવા આવે છે—મને કલ્પના સ્ફુરી આવતાં લખવા માંડયું; પણ વિચારો માત્ર લખાયા છે. હું નારાયણ જેવો લેખક હોત તો ભાષાબંધ આત્મકથા લખી નાખત."

"શાની આત્મકથા ? તમારી પોતાની ?"

"આ જુઓ, આટલું તો લખ્યું."

નાથાલાલે એમના હાથમાંનો કાગળ લઈ વાંચવા માંડયું: "દુનિયામાં પંચાત થાય છે: હિન્દુસ્થાનમાં ખૂબ પારકી પંચાત થાય છે: ટ્રેનમાં વગર ઓળખાણે નીચેના સવાલો પૂછવામાં આવે છે:—

'સાથે બાલ બચ્ચાંને કેમ લીધાં નથી ?' 'તમારાં પત્નીનું પિયર ક્યા ગામમાં છે ?' 'તમારે કેટલાં છોકરાં છે ?' 'શી ન્યાતના છો ?' 'તમારા પિતા શું કરતા હતા ?' 'તમે શું કરો છો ?—' આવું આવું વગર ઓળખાણે જે પૂછતા રહે છે તે માણસ નથી: માણસ હોય તો તેમનામાં માણસાઈ નથી: માણસાઈ હોય તો અક્કલ નથી: અક્કલ હોય તો શિસ્ત નથી: શિસ્ત હોય તો બુદ્ધિ નથી. યુરોપીઅનોમાં કોઈથી એમ પૂછાતું નથી. આપણા લોકોને સ્વરાજ ક્યાંથી મળે ? પારકી પંચાત કરવાનું, અજાણ્યાની ઉપાધીમાં પડવાનું ને ટ્રેનમાં બીનજરૂરી સવાલો પૂછવાનું તજી દેશે તો જ સ્વરાજની આશા; નહિ તો નહિ. માટે ભાઇઓ ને બ્હેનો, આ મારો ઉત્તમ બોધવાળો લેખ વાંચજો ને સ્વરાજ લેવું હોય તો યુરોપીઅનોની

પેઠે આગગાડી, સ્ટીમર, હોટલ, વીશી, ધર્મશાળા, દેવસ્થાન, ટ્રામ, બસ કે બાગબગીચામાં કે દરિયાકાંઠે કે ક્યાંય પણ અજાણ્યા માણસની ઉપાધી કરશો નહિ, કે તેમાં પડશો નહિ.' આટલું વાંચી નાથાલાલે કાગળ અમથાલાલને પાછો આપી દીધો. અમથાલાલે સાશ્ચર્ય પૂછ્યું: "પુરૂં કેમ વાંચ્યું નહિ?"

"તમે શું કહેવા માગો છો તે હું સમજી ગયો." નાથાલાલ બોલ્યો: "રાજકોટ જંકશન પછી કાઠીયાવાડીઓએ જે તે સવાલ પૂછી તમારૂં ભેજું પકવી નાખેલું તેનું આ સ્મારક લાગે છે. હજી એ ઉશ્કેરાટ શમ્યો લાગતો નથી."

અમથાલાલ બોલ્યા: "ઉશ્કેરાટ શું જેવો તેવો છે? પેલા મોરબીશાહી પાઘડીવાળાએ પૂછ્યું: 'શેઠ, કીયે ગામ રે'વું?'

મેં કહ્યું: 'મુંબઇથી આવીએ છીએ: જુનાગઢ ઉતરી ગીરનાર જઈએ છીએ.'

એ અણઘડ માણસે કહેવા માંડ્યું: 'મારૂં નામ મોહન: અમે મોરબીના: મારા બાપનું નામ ધનજી: જાતના લોહાણા: મુંબઈમાં કાંદા બટાટાની અમારી મોટી દુકાન ચાલે છે. અમે આખા કુટુંબ હારે શ્રીનાથજીની જાત્રાએથી પાછા ફરીએ છીએ. ગોંડળમાં વહુનું પિયર છે, ત્યાં જઈએ છીએ. તમે એકલ–દોકલ–છડેછડા ગિરનારની જાત્રાએ કેમ ઉપડ્યા? બાલબચ્ચાંને જાત્રાનો લાભ આપવા હારે કેમ ન લાવ્યા? તમારૂં નામ શું? તમારા બાપનું નામ શું?'

મેં કહ્યું: 'મારૂં નામ અમથાલાલ. બાપનું નામ ભૂખણદાસ. બાલબચ્ચાં અને એની બા વઢવાણમાં રાણકદેવીની દેરીએ રોકાઈ ગયાં. કાલે આવી પહોંચશે. છોકરો માંદો હતો, ત્યારે માનતા લીધેલી કે, ગિરનાર ઉપર સજોડે જઈ અંબાજીમાને ચાર નાળિયેર વધેરશું. છોકરાની તબિયત સુધરી ગઈ. પછી માનતા પુરી કરવા તો જવું જોઈએ ને!'

આટલું બોલતાં અમથાલાલે જાણે ભારે બહાદુરી કરી ગામડીયાઓએ ઘેરેલો વાઘ માર્યો હોય તેવા ગર્વથી ચારેકોર જોવા માંડયું.

*

"પણ તમે એ મોરખીવાળાને ઘણો સરસ જવાબ આપેલો."

અમથાલાલ બોલ્યાઃ "તમને પેલા ભાવનગરીએ પૂછયુંઃ 'તમારૂં સાસરૂં કયા ગામમાં આવ્યું?' ત્યારે તમે 'હું બાળબ્રહ્મચારી છું.' એવો જવાબ દીધો.

પેલા જામનગરીએ પૂછયુંઃ 'મુંબઈમાં શું કરો છો?' તેને તમે જવાબ દીધોઃ 'પાલવાથી વાંદરા અને વાંદરાથી બોરીબંદરની રાઉન્ડ લેતો લહેર મારૂં છું.'

પછી જોયું ને, તમારા સાચા બોલવા ઉપર એ લોકો કેવા હસવા લાગ્યા. જાણે તમે 'કુંવારા' હો એમાં ભારે પાપ કર્યું હોય!

"મને પેલા ગોંડળીયા ફેંટાવાળાએ પૂછયુંઃ 'શેઠ, તમારાં લગ્ન કયારે થયેલાં?' મેં જવાબ દીધોઃ 'સાત વરસ થઈ ગયાં.'

એણે પૂછયુંઃ 'બહુ મોડાં લગ્ન થયાં હતાં?'

મેં કહ્યુંઃ 'ના. પહેલાંની પરણેતર ભેળપુડીના અકથ્ય મરજથી મરી ગઈ.'

એણે કહ્યુંઃ 'પહેલાં કયાં પરણ્યા હતા?'

મેં કહ્યુંઃ 'મુંબઈમાં જ.'

એણે કહ્યુંઃ 'સસરાનું નામ શું?'

હું ઝપાટાબંધ બોલ્યોઃ 'માહેશ્વર સુખચંદ.'

એણે હસીને કહ્યુંઃ 'નામ બ્રાહ્મણીયા જેવું કેમ?'

હું બોલ્યોઃ 'હવે તો મુંબઈ જેવા શહેરોમાં અંગ્રેજી, બંગાળી, હદુસ્તાની ને મરાઠી નામો ઘણાં પડાય છે, ને એક બીજામાં લગન ઘણુ થાય છે. બધું સેળભેળીયું!'

વચ્ચે જ નાથાલાલ બોલી ઉઠયો: “અમથાભાઈ, તમે તોપ મારવામાં કચાશ ન રાખી એ અજાયબ સાહસ કહેવાય. નહિ તો કાઠિયાવાડી ઉતારૂઓએ જેમ મને ‘ચિરકુમાર’ સમજી તુચ્છકાર પૂર્વક હસવા માંડયું તેમ તમારા પ્રત્યે પણ એ અજડ લોક હસ્યા વિના ન રહેત. પણ તમે એવા તો ઉડાઉ જવાબ દીધા કે એ લોકોને શંકાનું કારણ જ ન રહ્યું. જોયું ને, તમારા તરફ એ લોકો વાતચીત પછી કેટલા માનથી જોતા હતા! અને હું જાણે જીવવાને જ લાયક ન હોઉં, એમ મને બનાવ્યે જતા હતા! જો કે મને એવી રમૂજથી કશી અસર જ થતી નથી; પણ મારે બદલે તમારી જો એવી રેવડી થઈ હોત તો ઘડીભર તમે છક થઈ, કહી દેત કે મુંબઈના સીવીલાઈઝ્ડ માણસોએ આજ સુધી તમારી જે મીઠી મજાકરૂપે રેવડી કરી છે, તે આની આગળ કશા હિસાબમાં નથી.”

અમથાલાલ બોલ્યા: “પણ હું તમારા જેવો ભોળોભટાક નથી કે જેવું હોય તેવું સીધું બોલી ભોળા ‘ભટનું ભોપાળું’ ઉઘાડું પડવા દઉં! ‘હૈયે તેવું હોઠે’ એ કહેવત મારા જેવા માટે ખરી નથી. એટલા બધા માણસોની વચ્ચે કદાચ એવું જાહેર થયું હોત કે હું કુંવારો છું તો મને ઝાટકો લાગવા જેવું થાત.”

“ત્યારે જેતલસરને સ્ટેશને ઉતરી આપણે હોટેલમાં ગયા એ વખતે તમારા ગામનો દરજી મળ્યો...”

નાથાલાલને બોલતા અટકાવી અમથાલાલ વચ્ચે જ બોલી ઉઠયા: “એ દરજી અને તેની સાથેના બે જણામાંનો એક સુતાર અને બીજો લુહાર હતો: એ ત્રણેય મારા ગામના હોઈ હાલ મુંબઈમાં રહે છે. એ લોકો જાણે છે કે મારાં લગન થયાં નથી એટલે શી રીતે હું ફેંકાફેંક ચલાવી શકું? તોપણ જ્યારે દરજીએ મને અનુલક્ષીને કટાક્ષ કરતાં કહ્યું: ‘કુંવારાની તે કાંઈ જીંદગી છે?’ ત્યારે જવાબમાં હું શું બોલ્યો હતો તે ખ્યાલમાં છે કે?”

નાથાલાલ બોલી ઉઠયો: "જવાબમાં તમે ભારે સુન્દર દલીલ કરેલી. એવી દલીલ તો મહાન્ વિચારકનેય એકદમ ભાગ્યે જ સૂઝી આવે. તમે જવાબ દીધો: 'જો કુંવારાની જીંદગી જ ન હોય તો જર્મનીનો સરમુખત્યાર હીટલર કુંવારો છે. હિન્દના તાજ વગરના રાજા–રાષ્ટ્રપતિ સુભાસ બોઝ કુંવારા છે. સ્વામીનારાયણ સંપ્રદાયના બધા પાળા કુંવારા જ રહે છે."

અમથાલાલ ફુલાઈ ને બોલ્યા: "એ વખતે એ ત્રણેયનાં મોઢાં એરંડીયું પીધા જેવાં થઈ ગયાં હતાં ને! એમ જ છે તો–દોસ્ત નાથા, જેવો વખત તેવાં વાજાં! પોતાની જાતને હલકી પડવા દેવી જ શું કામ જોઈએ? આપણે કયાં કોઈ પાસેથી કાંઈ માગવા જવું હતું? અને જીભની તોપ મારવામાં આપણુને કયાં બ્રિટનની જેમ હિન્દુસ્તાનીઓ પાસેથી દારૂગોળા માટે પૈસા મેળવવા બજેટના ફારસ જેવી પંચાતમાં ઉતરવું પડે તેમ છે?"

નાથાલાલે કહ્યું: "અર્થાત્ ટ્રેનમાં મળેલા પંખીમેળા જેવા વિવિધ પ્રકૃતિના પેસેન્જરોની ચિત્રવિચિત્ર પૂછપરછથી તમે છેડાઈ ગયા લાગો છો, અને એ લોકોની ઝાટકણી કાઢવા અને સાન ઠેકાણે લાવવા લેખ લખવા માગો છો, એમજ ને?"

"તમે મારૂં લખાણ બધું વાંચ્યું હોત તો ખબર પડત કે મેં શું શું લખ્યું છે, ને શું શું લખવા ધારૂં છું. તેનો ધ્વનિ પણ તેમાંથી જ સમજાત." અમથાલાલે કહ્યું.

"હું વાંચું કે ન વાંચું તે સરખું જ છે. એવી ફોગટીયા પંચાત કરતા હોય તેમને છપાવીને એકેક નકલ પહોંચાડી દેજો, એટલે શ્રમ સફળ થશે." નાથાલાલે બેદરકારીથી કહ્યું.

*

"નાથાભાઈ! આ લઘુ લેખને મોટો બનાવી કોઈ પ્રકાશકને આપું તો ઠીક પૈસા મળે, ખરૂં કે? મને તો એમ થાય છે કે ભલે

મહિનાઓ લાગે કે વરસ બે વરસ વીતી જાય; પણ પાંચસો–સાતસો પાનાંનું દાખલા દલીલો સહિત 'ચંદ્રકાંત'ના જેવું સરસ લખી કાઢું અને પછી કોઈ નામચીન પ્રકાશકને પ્રસિદ્ધિ માટે આપી દઉં." અમથાલાલે વિસ્તૃત થતી મનોદશા જણાવી.

"આપણા સ્વાર્થીલા પ્રકાશકો તો ગાંધીજી, મુનશી, રમણલાલ કે એવા નામાંકિત લેખકના જ લેખો છપાવવાનું વધુ પસંદ કરે છે. નવા-સવા લેખકોના તો હાથમાંય લેતા નથી, ને વખતે કોઈ ભુલેચુકયે લેતું હોય તો હાડમાંથી લોહી ચુસી લેવાની બાબતના છાપામાં અવારનવાર આવતા પ્રલાપોથી તમે ક્યાં અજાણ છો ?" નાથાલાલે વસ્તુસ્થિતિ સમજાવતાં કહ્યું.

"એમાં શું ? છાપામાં તો મહાન્ વ્યક્તિઓને ઉતારી પાડનારાં લખાણો પણ ક્યાં નથી આવતાં ? એક છાપું જેનાં ભારોભાર વખાણ કરે, તેની જ બીજું છાપું નિંદા કરે છે. પણ, ભલા માણસ આપણે એ ભાંજગડમાં પડવાની જરૂર શી ? એવા સુપ્રસિદ્ધ લેખકોને પાંચ–દશ હજાર મળતા હશે, તો મારા જેવાના બે ચાર હજાર તો સ્હેજે મળશે ને ?" અમથાલાલે પોતાની આકાંક્ષા જણાવી.

"એ વિશે આપને માજી કૌમુદીજનક વિજયરાય અગર સૌરાષ્ટ્રીય મેઘાણીભાઈ સારી સલાહ આપી શકશેઃ હું મામુલી શું કહું ? પણ એટલું જાણું છું કે, ગાંઠનું ગોપીચંદન લઈ આજે પ્રસિદ્ધિના પડમાં આવવાના પ્રયાસ સાહિત્યસૃષ્ટિમાં બહુએ થઈ રહ્યા છે. તમે કદાચ ન જાણો, પણ એ માટે તો છાપાના સાહિત્યવિભાગીને કેટલાકો રાજી રાખવાનું ભૂલતા નથીઃ અને અલમૌલા કવિ જેવા નીમકહલાલ ગુણજ્ઞો બદલામાં તેમને પ્રસિદ્ધિ અપાવવામાં સારી સહાય પણ કરે છે. મારા મત પ્રમાણે તો, ખોટું ન લગાડતા પણ તમે સામેથી પૈસા આપવા જશો તોપણ તમારૂં લખાણ છાપવા કોઈ હાથમાંય નહિ ઝાલે." નાથાલાલે અમથા-લાલને ચીડવવાના ઈરાદે કહ્યું.

"તદ્દન હંબગ ! તમે શું સમજો ? જાહેરખબરના દરે પૈસા લઈ

લેખ છાપવામાં તેમને શો વાંધો ? તેવી રીતે ઘણીકવાર પહેલા નંબરના ગણાતા પેપર ને માસિકમાં છપાયેલું મેં જોયું પણ છે.—"

"એ તો છાપાના લેખની વાતઃ પુસ્તકની નહિ." નાથાલાલ બોલ્યો.

"કોઈ નહિ છાપે તો હું જાતે છપાવીશ."

"તો ઠીક છે; પણ તમારૂં એ થોથું ખરીદશે કોણ ?"

"મારા લેખની ખપત કેવી થાય છે, એ વિષે હું તમને અત્યારે કહેતો નથી, પણ વર્ષો પછી આંકડાની ઇંદ્રજાળથી ગુજરાતી આલમમાં અને વિલાયતના ઝાંપા સુધી મારા ગ્રંથની ખપતનો ડંકો હું વગાડી દઈશ. નાથાભાઈ, પાંચસો–સાતસો પાનાંનો દળદાર અને મોભાદાર મારો આ મહાન્ ગ્રન્થ પ્રગટ થતાંની સાથે જ તમે જોજો તો ખરા કે તે કેવો ચપોચપ ઉપડવા માંડે છે, ને પછી તારાપોર કે ત્રિપાઠીના જેવા કેટલાય પ્રકાશકો આપણે ત્યાં કેવા દોડતા આવે છે ?"

"મફત વહેંચીને કે લેણદારોને થોથાં પકડાવીને ખપતના મોટા આંકડા બતાવો તો—"

"તોય શું ? કર્તાના હિસાબે તો બીજી કોઈપણ ચીજના કરતાં તો એ વધુ કિંમતી છે ને ?"

"એમ કરવા કરતાં અમારા જેવા બે પાંચ અંગત મિત્રોને ખટાવી એનાં વખાણ કરાવો–ગીત ગવડાવો. તો સરકારી કેળવણીખાતું અને યુનિવર્સિટિ ટેસ્ટબુક કરી નાખશે, તો બેડો પાર ! પણ કોઈ મોટા એટલે જાણીતા લેખકના નામે છપાવવું પડે. આજકાલ કેટલાય લેખકો આ કળા અજમાવે છે. પેલા રામાભાઈ તમારી પેઠે નારી જાતિના પુજારી હોવાથી બૈરીના તખલ્લુસથી લખી ખાય છે."

અમથાલાલે આંખો મીંચી માથું ખંજવાળતા કહ્યું, "એ સાળું છે તો ઠીક; પણ આપણું નામ ન આવે તો પ્રસિદ્ધિમાં શી રીતે અવાય ? એ મોટો વાંધો તેમાં આવે છે."

*

સાહિત્યસરજ્યન ડો. નવલરામે ઘણાં વર્ષોપર શોધી કાઢેલ અને 'હાસ્યકથા મંજરી'માં પ્રવેશી પોષાયેલ 'ઓથરીઓ હડકવા'ના ચેપી જંતુ અમથાલાલના લોહીમાં ભળી ગયાનો ભાસ થતાં અને તેના સૂચક ચિહ્ન રૂપે તેમની એ વિશેની આ ભૂંકણચર્ચાથી કંટાળી નાથાલાલે વાતનું વલણ બદલવાનું વિચારી પૂછ્યું: "ઠીક છે: એ આંકડા બતાવશો ત્યારે જોવાનું છે ને? તે વખતે વાત. પણ તમે અહીંની કોઈ મઢીના બાવાજી સાથે સારૂં ઓળખાણ હોવાનું કહેતા હતા ને?"

અમથાલાલ બોલ્યા: "અરે હા—એ તો સાવ વિસરી જવાયું. આપણે ક્યાંય પણ ઉતારો કરવાનું કામ હતું ને? એ ઓઘડનાથની મઢીમાં ગયા હોત તો ત્યાં તેના બાવાજી તરફથી અહીં જેટલી સગવડ મળી છે, તેનો સોળમો ભાગેય ન મળત." કહી તેણે ફુલ્સકેપના અષ્ટાંશ જેવડા કાગળોમાં પેન્સીલથી લખવાનું કાર્ય આરંભી દીધું; ને થોડીવારમાં તો એમણે પાંચેક કાગળો ચીતરી કાઢ્યા.

નાથાલાલ બોલ્યો: "એમાં તમારો એકલાનો જ દોષ નથી, ઘણા માણસો લખવાનો ધખારો આવી રીતે ઘણીવાર અમલમાં મૂકી દેતા જોવામાં આવે છે. કેટલાક એવા પણ જોયા છે કે જે પૈસે ટકે ખલાસ થઈ ગયા પછી આંખો મીંચીને વિચારોની વ્યવસ્થા, અનુક્રમ કે લખાણની પદ્ધતિ જાણ્યા કે વિચાર્યા વિના દુનિયામાં વિશ્વાસઘાતીઓ કેટલી હદ સુધી ભોળા માણસોને છેતરે છે, એ જ બીના ઉપર લાંબું લાંબું લખવા મંડી પડે છે. છાપાવાળાંને પણ રોજ ને રોજ પાનાં ભરવાનાં એટલે જે આવ્યું ને દીધે રાખે છે—આંખો મીંચીને. તેમ તમે પણ અપમાન પામી ટ્રેનના ઉતારૂઓને કાંઈ કરી શક્યા નહિ, એટલે તેના ધખારામાં નાહક સમયની બરબાદી અને આ મગજમારી કરી રહ્યા છો."

આ સાંભળતાં અમથાલાલ જરા ગુસ્સે થઈ ગયા. પળભર તેમના મગજમાં આવ્યું કે આવો સીધેસીધો ઘા આજપૂર્વે કદી પણ નાથાલાલે કર્યો નથી. તો પછી તેના આજના મારા લેખની બાબતમાં જે ઉદ્દગાર

નીકળ્યા તે કદાચ એકદમ હસી કાઢવા જેવા નહિ પણ હોય. આથી એમણે પોતે લખેલા કાગળો ગુંચળું વાળી ગજવામાં સેરવી દીધા.

*

એકાએક નાથાલાલે ઉભા થઈ કહ્યું: "આપણે અહીં શામાટે આવ્યા છીએ અને શામાં વખત ગુમાવી રહ્યા છીએ?"

અમથાલાલ બોલ્યા: "મારા કરતાં વધુ ચીવટ હોવાનો દેખાડવાનો દંભ કરવાનું તમે પણ શીખી ગયા ખરા! જાણે કેમ મને મારા પોતાના કામની કશી દરકાર જ ન હોય અને મારા મહત્ત્વના કાર્યની બધી જ ચિંતા તમે એકલા જ ઉઠાવતા ન હો! વાહ! નાથાભાઈ, વાહ!"

અમથાલાલના આ ઓચિંતા પણ પ્રાસંગિક કટાક્ષથી નાથાલાલનું મોં ઝાંખું પડી ગયું. પણ બીજી જ પળે એણે સ્વસ્થ થઈ કહ્યું:

"મને એક વાત મુંઝવ્યા કરે છે: જો સાચું બોલો તો પૂછું!"

"તમારી આગળ જુઠું બોલવાનું મને કાંઈ કારણ છે? તમે તે ગાંડા થયા છો કે શું?"

"વાસંતીબહેનનાં નવાં બાના મામા તમારા કંઈ સગા થાય છે?"

"એનો જવાબ એટલો જ કે વાસંતીએ સગપણ કાઢયું ને મેં ઝીલી લીધું."

"એણે ક્યારે સગપણ કાઢયું હતું?"

"એમ નહિ તો મેં કાઢયું હશે અને એણે ઝીલી લીધું હશે!"

"મને લાગે છે કે મજાક કરવા ખાતર તેમણે તેમ કર્યું હોય!"

"એ કાંઇપણ હોય કે ન હોય, એનું અત્યારે શું કામ છે? તમે કે હું વાસંતીનાં બા કે બાપાને પૂરેપૂરાં પીછાનીએ છીએ કે કેમ, એ પણ શંકાસ્પદ બીના હોઈ શકે છે."

"હોઈ શકે એમ નહિ, છે જ."

નાથાલાલના આ જવાબથી અમથાલાલ ગંભીરપણે તેની સામે જોઈ રહ્યા. થોડીવારે બંને જણા ત્યાંથી બહાર નીકળ્યા.

*

ફરતા ફરતા બેઉ જણા અંબાજીની ટૂંકે પહોંચ્યા. નાથાલાલ બોલ્યોઃ " તમે વાસંતીબહેનના કાગળપરથી અહીં સુધી આવ્યા, તમારા દિલમાં એના પ્રત્યે કેવા પ્રકારનો ભાવ છે, તમારી ઈચ્છા શી છે, વગેરે બાબતો મારાથી કાંઈ અજાણી નથી. આટલા પરથી જ મને સંદેહ ઉપજે છે કે વાસંતીબહેનનાં બાના મોટા મામા તમારા કાકા થતા હોય તો તમે આટલી હદ સુધી—" નાથાલાલે બોલતાં બોલતાં અટકી જઈ પોતાના બંને ગાલ ફુલાવ્યા.

અમથાલાલ ચીડાઈ ને બોલ્યાઃ " તમે આવા જીદ્દી–દુરાગ્રહી હશો એની મને આજે જ ખબર પડે છે. આજ સુધીમાં આવી નજીવી વાતની ઉહાપોહ માટે આવી બેહુદી હઠ કરતાં તમને જોયા નથી. તમને જે સંદેહ ઉપજે છે, એ સંદેહ ઘણાઓને ઉપજ્યો હશે. પણ તમારા સિવાય બીજી એક પણ વ્યક્તિએ આવી રીતે મારી સામે મને અંગત બીના વિશે પૂછવાની ધૃષ્ટતા કરી નથી. હું અનેક વખત વ્યંગમાં અને સ્પષ્ટપણે તમારી આગળ કહી ગયો છું કે કેટલીક બાબતોનો હું કોઈની પાસે સ્ફોટ કરી શકતો નથી–કરવા માગતો નથી."

" એમજ કે તમે આ માટે કોઈપણ જાતનો ખુલાસો કરી શકતા નથી અને તદ્દન મૌન રહેવા માગો છો. ધારાસભાઓમાં ઘણા મેમ્બરો મત આપવામાં તટસ્થ વલણ અખત્યાર કરે છે ખરા, પણ તમે તો તમારી અંગત વાતનો ખુલાસો કરવામાં તટસ્થ વલણ અખત્યાર કર્યું. વારૂ, મારા પર ગુસ્સે થયા હો તો હું માફી માગું છું."

ઉતરાણ તરફ નજર જતાં ચમકીને નાથાલાલે કહ્યું: " જરા લાંબી નજરે જુઓ તો—"

અમથાલાલે બારીકીથી જોયા પછી સાનંદ ઉચ્ચાર્યું: "એ જ. સાથે કોઈ પુખ્ત ઉંમરની બાઈ છે, એ જ ઘણું કરીને એમની બા હશે. તે ગુરૂ દત્તાત્રયની ટેકરી તરફ જતાં જણાય છે. આપણે ઉતાવળ કરશું કે અહીં બેસી એમના પાછા ફરવાની રાહ જોઈશું ?"

"એ તમારી અંગત બાબત છે એટલે મને પૂછવું નકામું છે."

"એક બાજુ માફી માગી સાફ દિલના માણસ હોવાનો દેખાવ કરો છો અને બીજી બાજુ તમે આમ વ્યંગમાં બોલો છો. નાથાભાઈ, હું તમારો ખર્ચ મારે માથે ઉપાડી તમને અહીં લઈ આવ્યો તે એટલા માટે નહિ કે તમે રીસે ભરાવ અને હું મનાવા લાગું ! હું તમને મારા અંગત માણસ તરીકે–સુધરેલા શબ્દોમાં કહું તો મારા 'પ્રાયવેટ સેક્રેટરી તરીકે લાવ્યો છું. તમારે ખરે વખતે આમ દગો દેવો હતો, તો આવવું જ નહોતું: મારા પૈસા કાંઈ હરામના નહોતા."

"અમથાભાઈ, આ આક્ષેપ બીલકુલ ખોટો છે, ને તે સહન થાય તેવો નથી." અમથાલાલને આવી રીતે ગુસ્સે થયેલા, ચીડાઈ ગયેલા, કે દમામ દાખવી રહેલા નાથાલાલે જોયા હોય તો આજે જ. નાથાલાલ ગુસ્સે થઈ મનમાં જ બબડ્યો: 'અમથાભાઈ, વખત આવ્યે બતાવી આપીશ કે આ નાથાને આમ તુચ્છકારવાનું પરિણામ સારૂં નહિ આવે.'

મનનો કચવાટ અને ક્રોધના પરિણામે જન્મતી વૈરવૃત્તિ વગેરે તેણે જોર કરીને દબાવી રાખ્યું. પછી તે બોલ્યો: "અમથાભાઈ, મારા બોલવાનો હેતુ તમે ન સમજ્યા !"

"એટલે હું મૂર્ખ છું, એમ કહેવા માગો છો ? "

"નહિ, નહિ. આપ તો મારા સરદાર છો. મને બરાબર બોલતાં ન આવડયું." કહી સહેજ વિરમી વાતનું વળું બદલી તે બોલી ઉઠયો: "અમથેશબાબુ, મને એમ લાગ્યું કે મારી સલાહ તમને ઉપયોગી નહિ થાય; કેમકે રાહ જોવામાં લાભ થશે કે પાછળ

જવામાં, એ વિષય ગણિતને લગતો છે અને અંકશાસ્ત્રનું વિસ્તૃત જ્ઞાન વેપારી પેઢીઓના નામાદાર પાકા મહેતાજીઓમાં હોય છે."

પ્રશંસાવાક્ય સાંભળતાં અમથાલાલનો તપેલો ચ્હેરો શાંત થયો. 'સરદાર'ના સંબોધનથી આનંદ પામ્યા ને હસીને બોલ્યાઃ "તમારૂં કહેવું સાવ સાચું છે. નાથનંદન, ઘણાખરા ભણેલા અને અભણ માણસો માની બેઠા છે કે ગણિતશાસ્ત્રનું બહોળું જ્ઞાન રેંગ્લરો, મેથેમેટિક્સ, ઇકોનોમી–અર્થશાસ્ત્ર વગેરે શીખવતા સ્કૂલમાસ્તરો, લેકચરરો અને પ્રોફેસરોમાં જ હોય. પણ એ લોકોએ વેપારી પેઢીના મારા જેવા કીટ મહેતાજીને કદી પણ અનુભવી જોયા છે? અમને ચાન્સ આપવાનું કદી તેમને સુઝયું છે?"

નાથાલાલે હાસ્ય દબાવીને પૂછ્યુંઃ "એ બરાબર. પણ અત્યારે તો જે પરણે તેનાં જ ગીત ગાવને. તેમની પાછળ પાછળ જવાનું નક્કી કરો છો કે અહીં રાહ જોવાનું?"

બે–પાંચેક મિનિટ મુંગા રહી, આમતેમ નજર ફેરવી, ઉંડા વિચારમાં ગરકાવ થયા હોય તેમ કપાળમાં કરચલીઓ પાડી અમથાલાલ બોલ્યાઃ "હું અહીં રાહ જોઉં અને તમે ઉતાવળા એમની પાછળ જઈ પહોંચો. એમને ખબર આપી દો કે તમારા પત્ર મુજબ આપણે આવી પહોંચ્યા છીએ! એમના તરફથી ઉતારે આવવાનું જણાવવામાં આવે તો તેમના નિવાસસ્થાનની માહિતી પૂછી ઉતાવળે એમની પહેલાં પાછા આવવામાં જરાય બેદરકારી કરતા નહિ."

પાંચેક મિનિટ વ્યતિત થઈ, ત્યાં તો નાથાલાલ ઉતરાણનાં અનેક પગથિયાં ઉતરી ચઢાણનાં પગથિયાં ચઢતો દેખાયો. અમથાલાલ અંબાજીના મંદિરના ચોગાનમાં બેસી એક ધ્યાનથી એ તરફ મીટ માંડી રહ્યા.

૧૪: ....કાકાનો નવો નુકતો.

થઇ ઘેલો બન્યો ઘેલો, પ્રણયની પાઠશાળાનો,
અને મોંઘો થયો મણકો, પ્રણયની પુષ્પમાળાનો;
પડેલું રત્ન અંધારે, ચમકતું થાય અંધારે,
દિવાનો થાય પરવાનો પ્રણયની દીપમાળાનો.

*

અંબાજીના મંદિરના ઓટલા ઉપર અમથાલાલ નાથાલાલની વાટ જોતા બેઠા હતા. એટલામાં ઓચિંતો ઉપરોક્ત ગઝલનો અવાજ કાને પડતાં તે ચોંકી ઉઠયા. ગઝલની ચારે લીટીઓ જાણે કેમ પોતાની જ પ્રકૃતિનું આબેહુબ પ્રતિબિંબ પાડતી હોય, એમ લાગતાં તરત શોધક આંખો ફેરવી એમણે ગાનાર જુવાનને જોઈ ઓળખી કાઢયો, અને ઉભા થઈ, કપડાં સંકોરી, મોં પહોળું કરી આવકાર આપવાની અદાથી બોલ્યા: "ઓહોહો! સતિનભાઈ, તમે અહીં ક્યાંથી? આવો–આવો."

સનિતચન્દ્રે અજીક આવી કહ્યું: "અમથાભાઈ, આપને અચંબો થયો હશે કે સફેદ પરદા ઉપર ઓચિંતા ઉપસ્થિત થતા ચિત્રપટના

પાત્ર પેઠે હું પણ ગીરનાર ઉપર આપની સમક્ષ એકાએક ક્યાંથી ઉપસ્થિત થયો !"

"નહિ, મને એવો અચંબો થયો જ નથી. કેમકે જગત પણ એક નાટક છે; અને આપણે સૌ જગત—નાટકમાં પાઠ ભજવનારા પાત્રો છીએ. પણ સતિનભાઈ, તમે કાંઈ ખાસ કારણ વિના તો નહિ જ આવ્યા હો." અમથાલાલે ફિલસુફીથી કહ્યું.

"આપ મનુષ્યસ્વભાવની સમીક્ષા કરવામાં તેમ જ અનુમાન કરવામાં પણ ખૂબ નિષ્ણાત લાગો છો. અમથાલાલભાઈ, આપનું અનુમાન સો ટચના સુવર્ણ જેવું શુદ્ધ–સાચું છે. સહચરી શોધનની એક નૂતન યોજના માટે આપનો સહકાર મળે તો તે મેળવવાના ઈરાદાથી હું આવ્યો છું."

અમથાલાલ સહેજ આશ્ચર્ય પામ્યા, ફુલાયા ને મોં મલકાવી પુછ્યું: "તમે મારે માટે એવો અવિશ્વાસ ધરાવો છો કે હું તમને સહકાર આપવામાં નિરાશ કરીશ ?"

મુખચર્યા પર કૃત્રિમ પ્રસન્નતા દાખવી સતિનચંદ્ર બોલ્યો: "આપ જરૂર સહકાર આપશો, એવી મને ખાત્રી હતી જ, અને તેથી તો અહીં સુધી આવવાનું આ સાહસ—"

વાકય પુરૂં કરવા ન દેતાં અમથાલાલે સતિનનો હાથ પકડી નીચે બેસાડી જે પ્રકારનો સહકાર જોઈ તો હોય તે નિઃસંકોચ કહેવા જણાવ્યું. સતિને એકાદ બે ક્ષણ અમથાલાલના મુખમંડળ તરફ મીટ માંડીને જોયા પછી કહ્યું: "અમથાભાઈ, આપ ઓચિંતા આ તરફ ઉપડી આવ્યા પછી એક વખત અમારી મંડળી મળી હતી, તેમાં નવા છતાં ઉંમરને હિસાબે મંડળીના તમામ સભાસદથી બે એક દશકા જુના એવા એક 'કાકા' ઉપસ્થિત થઈ આવ્યા. આ કાકા પહેલાં એક દેશી રજવાડામાં મુન્સફ હતા. એમણે પોતાના સર્વે-

વિષયી અગાધ અને અમાપ જ્ઞાનનું પ્રદર્શન આત્મશ્લાઘા સાથે અંગ્રેજીમાં સડસડાટ કરવા માંડ્યું.

પોતે આત્મશ્લાઘાના કટ્ટા વિરોધી હોય અને કદી જાણે કરતા જ ન હોય તેમ ચહેરા ઉપર અણગમો વ્યક્ત કરતા અમથાલાલ બોલ્યા: "આજકાલ ઘણાઓને એ પ્રકારનો રોગ લાગુ પડ્યો છે; ને અંગ્રેજીમાં જ બોલવાનું ભૂત ભરાયું છે."

"પરંતુ અમારાં સજનિકાબહેને તેમને તુરત જ સુણાવી દીધું કે, 'કાકા,' તમે રાજભાષામાં ત્વરિત ગતિએ જીભ વહેડાવી શકો છો, એ અમે તો સમજ્યાં; પણ ઘરમાં કાકીને કેમ થતું હશે તેની શંકા થાય છે. વળી અમારી મંડળીમાંના શ્રીમાન્ અમથાભાઇને તમે ઓળખતા નથી. એ જરાય અટક્યા વગર માતૃભાષામાં સ્વભાવદર્શન બહુ સુંદર રીતે કરાવી તમારા અંગ્રેજી કરતાં સરસ પ્રભાવ પાડી શકે છે."

"વાહ! સરસ સંભળાવ્યું!"

"અને મેં પણ કહ્યું: 'મુન્સફ કાકા, તમે પોતાને વિદ્વાન-વિચારક માની બુદ્ધિવૈભવના વંટોળમાં ભમતા લાગો છો, પણ 'બહુ રત્ના વસુંધરા' એ સૂત્ર પ્રમાણે દુનિયામાં અમારા અમથાભાઈ જેવા છાબડે ઢંકાયેલા સૂરજ પણ પડ્યા છે ખરા હો!' એમ કહી મેં સન્માન સમારંભના માનપત્રની એક નકલ એમના હાથમાં ધરી દીધી. કાકા તો વાંચીને થંભી જ ગયા. પછી મેં આપના સંબંધમાં જણાવવા જેવી બીજી બધી બીના મીઠું મરચું ભભરાવી તેમને કહી સંભળાવી.

અમથાલાલે 'શાબાશ' કહી સતિનની પીઠ થાબડી.

*

સતિનચંદ્રે આગળ કહેવા માંડ્યું: "થોડીક વારે મુન્સફકાકા સ્વસ્થ થઈ બોલ્યા, 'હું નોકરીમાંથી નિવૃત્ત થયા પછી દર સાલ

હવા ખાવાના મથકે આરામ, આનંદ અને ગમ્મતનો આસ્વાદ મેળવી તંદુરસ્તી સંભાળવા જાઉં છું. આબુ તરફ ઉપડવું કે નાસીક–દેવલાલી તેના વિચારમાં હતો તેવામાં તમે શ્રીયુત્ અમથાભાઇની અદ્ભુતતા સંભળાવી એટલે મારૂં મન એ તરફ વળે છે. તેઓ ગીરનાર ઉપર ગયા છે એ પણ ઠીક છે.' પછી કાકાએ મને પોતાની સાથે અહીં આવવાની વિનંતી કરી.

અમથાલાલ બોલ્યા; "કાકાએ પણ મારી પેઠે માન્યું હશે કે આનંદ કરવા બહાર જતાં સાથે એકાદ ફોગટીયો સાથી રાખવાથી ઑર આનંદ આવે !"

"મને પ્રથમ તો આશ્ચર્ય થયું કે કાકા મારો ખર્ચ પોતાને માથે લઈ મુસાફરીની આવી યોજના શા માટે કરતા હશે ! પરંતુ એનું રહસ્ય મને અહીં આવ્યા પછી સમજાઈ આવ્યું."

"મફત મુસાફરીની મજા કરાવવાના બદલામાં તમારી પાસેથી વગર પગારે કામગીરી લેવા માંડી હશે: હું જેમ નાથાલાલ પાસે મારૂં કામકાજ કરાવું છું તેમ." અમથાલાલે કહ્યું.

"ના, તેમ તો અમે દાદ આપીએ તેવા થોડા જ છીએ ? કાકાએ એ વિશે અહીં આવ્યા પછી, ખુલાસો કરતાં કહ્યું કે—

'મિસ્ટર સતિનચંદ્ર, તમે દલીલ કે આનાકાની વગર મારી સાથે ગિરનાર તરફ નીકળી આવતા પહેલાં માન્યું હશે કે મુન્સફ-કાકા બુદ્ધિવર્ધક અથવા અક્કલ પ્રદર્શક નવીન પ્રસંગ ઉપસ્થિત કર્યા સિવાય નહિ રહે.'

"મેં વચ્ચે જ કહ્યું: 'હા. પણ તમે એવો કોઈ પ્રસંગ ઉપસ્થિત કરી અનોખા પ્રકારના આનંદ સાથે અનુભવ કરાવો ત્યારે ખરા.'

મુસન્ફ કાકા બોલ્યા: 'હું જરૂર તમારી એ ઇચ્છા પૂર્ણ કરૂં, પણ પહેલાં અમથાલાલભાઈ તરફનો તે માટે સહકાર મેળવી આપો.'

"મેં ડોકું હલાવી આપના પ્રત્યેની માનપૂર્ણ શ્રદ્ધાના બળે સહકાર મેળવી આપવાની ખાત્રી આપતાં મુન્સફકાકાએ સાનંદ પોતાની યોજના અંગ્રેજી ગુજરાતીમાં કહેવા માંડી: 'સહકારની જરૂર ક્યાં છે, એવો પ્રશ્ન પૂછો તે પહેલાં જ તેનો ઉત્તર હું આપી દઉં. તમે જાણતા જ હશો કે ગિરનારની તળેટીમાં દર વર્ષે મહા શિવ-રાત્રીના મહા પર્વ ઉપર મહામેળો ભરાય છે. તેમાં મોટે ભાગે આસ-પાસનાં ગામડાંમાંથી આમ વર્ગનાં ભલાં ભોળાં ભાવિક સ્ત્રીપુરુષો આવે છે. તેમને આકર્ષવા સારૂ મેળામાં વિવિધ પ્રકારના આકર્ષણ પાટલા પડે છે. રમકડાં, ફરસાણ અને મીઠાઇની દુકાનો મંડાય છે. બાયસ્કોપ વડે ચિત્રો દેખાડવામાં આવે છે. દેવ આગળ લોકો ભવાઈ ભજવે છે, ને રામલીલા કરે છે. સાધુ મંડળી ભજનની ધૂન લગાવે છે. જાદુગર ગંજીફાનાં પાનાં અને રૂમાલના ખેલ કરી ગામડીયાંઓને અજાયબ કરે છે. ક્યાંક રામજણીઓના નાચમુજરા પણ થાય છે, ને ગોળાકારમાં ચકડોળ ચક્કર લેતું હોય છે.'

એકે શ્વાસે આટલું વકતૃત્વ વહેવડાવ્યા પછી જરા થોભી ખોંખારો ખાઈ મુન્સફકાકા આગળ બોલ્યા: 'ગ્રામ જનતામાં જેમ રાજકીય કે સામાજીક ચળવળોનો પ્રચાર કરવાની જરૂરને મહત્ત્વ અપાય છે, તેમ આ યુગનાં નવાં નવાં બીજાં આકર્ષણોનો પ્રચાર કરવાની પણ ઓછી અગત્ય નથી. જેમ પ્રત્યેક સેવાક્ષેત્ર આમવર્ગનાં સ્ત્રીપુરુષોનો સામટો સહકાર માગે છે તેમ મોજમજાહનાં ક્ષેત્ર પણ એ વર્ગનાં સ્ત્રી–પુરુષોનો સામટો સહકાર માગે છે. સીવીલાઈઝડ–સીટીઝન્સ–શિષ્ટ સમુદાયમાં તો સૌ કોઈ પોતાનાં કળા, સેવા અને હુન્નર ઉદ્યોગાદિનો પ્રચાર કર્યે જાય છે. પણ આમવર્ગના લોકો એથી વંચિત રહી જાય છે; અને પરિણામે આમવર્ગ ઘણો પછાત રહે છે. એક કેળવાયેલો પુરુષ આગળ વધે અને તેની અભણ સ્ત્રી પાછળ રહી જાય તેના જેવું બને છે.'

મેં પુછયું: ' પણ આમ જનતામાં એવા કયા આકર્ષણનો પ્રચાર કરવાની જરૂર આપ બતાવો છો ? '

મુન્સફકાકા બોલ્યા: ' આજના સમાજ ઉપર તદ્દન નવી પ્રણાલિકાનો નવો રંગ ચડાવે એવા હરકોઈ સંગીન કાર્ય માટે પ્રચાર થવો જોઈએ: પછી ભલે તે મુડીવાદી હોય કે વિતંડાવાદી હોય. પ્રાચીન યુગના લોકો સ્વયંવરની પ્રથાનો પ્રચાર કરી સ્ત્રીસમુદાયનું ગૌરવ વધારતા. અર્વાચીન યુગમાં હિન્દુસ્થાન અને એકાદ બે બીજાં રાષ્ટ્રોની પ્રજામાંના જુના વિચારના ને અમુક જ વર્ગના લોકો સિવાય આખી દુનિયા સ્ત્રીઓનું ગૌરવ વધે એવા માર્ગ અખત્યાર કરતા...'

સતિનને બોલતો અટકાવી અમથાલાલ વચ્ચે જ બોલી ઉઠયા: " યસ : રાઈટ. તેમણે પછી શું કહ્યું ? "

કાકાએ કહ્યું: ' બુદ્ધિની નજરે સીધી યા આડકતરી રીતે પુરુષ વર્ગનું હિત જળવાય તેમજ ગૌરવ વધે એવું સુન્દર કાર્ય કરવાની પુરુષોએ હિમ્મત કરવી જોઈએ. '

મેં પૂછયું: ' એવા કયા સુન્દર કાર્ય માટે આપ કહો છો ? '

' પુરુષોમાં સ્વયંવધૂ પ્રાપ્ત કરવાની ધગશ ઉત્પન્ન થાય અને તે માટેની હિમ્મત આવે તે સારૂ બનતી દરેક રીતનો પ્રચાર કરવો. આવું કોઈ પણ કાર્ય ગ્રામ જનતાના સંપર્ક વગર સંગઠિત રીતે બની શકવું શકય નથી. એટલે આ કાર્યના પ્રચારનું મંગલાચરણ ગ્રામ વર્ગના લોકોમાં ભાષણો કરી, વાર્તાઓ કહી, કવિતાઓ ગાઈ કે હિંમતથી પ્રચારકે પોતે જાતે અમલમાં મૂકીને કરી બતાવવાની ઘણી જરૂર છે. ' કહી પોતે ભાષણ કરતા હોય તેમ મુન્સફકાકાએ મારી સામું માથું હલાવતાં હલાવતાં પોતાની ઢબે આગળ કહેવા માંડયું: ' મિ. સતિનચંદ્ર, હું જે નવી પ્રણાલિકા શરૂ કરવાનું સૂચવવા ધારૂં છું, તે આપણા દેશનાં જાડી બુદ્ધિવાળાં સ્ત્રી-પુરુષોને પહેલાં તો હાસ્યાસ્પદ લાગ્યા વિના નહિ રહે. પણ એથી એ મહત્ત્વનું કાર્ય પડતું મૂકાવું ન

જોઈએ. દરેક મહાકાર્ય, નવો સુધારો કે નવો વાદ શરૂઆતમાં લોકોને હસવા જેવાં લાગે છે: વખતે તેના સ્થાપકોને તીરસ્કારને કે ઘૃણાને પાત્ર પણ થવું પડે છે. આ કાર્ય પણ પ્રથમદર્શને કદાચ હસવા જેવું લાગે તો તેથી ડરી જવાની કે પીછેહઠ કરવાની જરૂર નથી.'

પોતાનો અભિપ્રાય આપવાની ઈચ્છાને રોકી ન શકવાથી અમથાલાલે કહ્યું, "સતિનભાઈ, કાકાનું એ કથન લાગે છે તો સાચું; પણ એવા કાર્યનો આરંભ કરનારને પોતાના સર્કલમાં ઠઠ્ઠાને પાત્ર થવું પડે ખરૂં."

*

પોતાની અત્યાર સુધીની મહેનત હજી લેખે લાગી નથી, એમ માની સતિને અમથાલાલના મગજમાં એ બીના ઠસાવી બેસાડવાના હેતુથી ભારપૂર્વક કહ્યું, "અમથાભાઈ, માત્ર સેવાના નામે કીર્તિ મેળવવાનું સહેલું હોત તો આ પ્રથા કયારનીયે અમલમાં મૂકાઈ ગઈ હોત."

"એ તો હું પણ જાણું છું; પણ તમારે કાકા સાથે આથી વધારે કાંઈ જ ચર્ચા ન થઈ?"

"કાકાએ પોતાની ચર્ચાસ્પદ બીના આગળ લંબાવતાં મને ઉદ્દેશીને મોટે ભાગે અંગ્રેજીમાં જ જણાવ્યું: 'મિ. સતિનચન્દ્ર, આ અક્કલ પ્રદર્શક નવીન પ્રશ્નને તીવ્ર બુદ્ધિના મનુષ્યો તો વાતો કરવા પુરતો પણ વધાવી લેશે, અને દીર્ઘ બુદ્ધિમાન હોવા ઉપરાંત પોતાને સાચું લાગતું અમલમાં મૂકવાની જ હિંમત ધરાવનારા દુનિયાની હાંસી, ટીકા કે કશાની દરકાર કર્યા વિના આ પ્રણાલિકાને આચારમાં મૂકયા વિના નહિ રહે. પહેલ કરનાર હિંમતબહાદુર કોઈ નર નીકળી આવવો જોઈએ. કીર્તિકુંવરી કાંઈ રસ્તામાં વાટ જોતી બેઠી નથી કે તે ગમે તેવા હાલીમવાલીને વરમાળ આરોપી દે. એવો નર તો વીરલો જ નીકળે! ભાઈ, કહ્યું છે ને કે 'હિંમતે મરદા તો મદદે ખુદા.'"

મેં કહ્યું: 'એ જ મુશ્કેલીની વાત છે ને!'

" મુન્સફ્કાકા બોલ્યા, ' મિ. સતિનચંદ્ર, તમે ને તમારી મંડળીના સભ્યોએ મારી આગળ અભિમાન કરી વર્ણવી બતાવ્યા એવા જ જો તમારા અમથાભાઈ હોય, તેનામાં બીરબલબુદ્ધિ, સિકંદરસાહસ, શિવાજી-હિકમત, ગાંધીધીરજ, કલાપીદર્દ વગેરેમાંની થોડીઘણી પ્રાસાદિકતા હોય ને તે પ્રકાશમાં મૂકવાની ધગશ, શક્તિ કે હિંમત ધરાવતા હોય તો અવશ્ય તે નવીનતા દાખવનારા મહાકાર્યના પ્રચારાર્થે ટીકાની પરવા છોડી પહેલ કરે તો નામના કાઢ્યા વગર રહે નહિ. સાચા સત્યાગ્રહીએ તો વિચારને આચારમાં મૂકવાની પહેલ પોતે જ કરવી જોઈએ. '

આપના સંબંધમાં તે કાંઈ આડું અવળું ધારી બેસવાની ભૂલ કરે તે પહેલાં મેં તેમને સાફ જણાવ્યું કે, ' કાકા, કેટલાક વગર સમજે પ્રભાવશાળી અમથાભાઈને ઘડી બે ઘડી મોજનું રમકડું માનતા થઈ ગયા છે. અને એ તેઓ સારી રીતે સમજી ગયેલા હોવાથી તમે વર્ણવ્યા પ્રમાણે પહેલ કરવાની એમની તીવ્ર ઇચ્છા હોય તોપણ તે એવું પગલું ભરતાં વખતે અચકાય."

અમથાલાલ સહર્ષ બોલ્યા, " તમે દલીલ તો ફક્કડ કરી. "

કાકાએ ગંભીરપણે કહ્યું, ' મિ. સતિનચંદ્ર, તેમની વતી આવો ડરપોક જવાબ આપી એમના ઉજ્વળ જીવનધ્યેયને કલંક લાગે એવું પગલું ભરતાં પહેલાં એમને પુછી લેવું જરૂરી છે. '

અમથાલાલે ફુલાઈને કહ્યું, " કાકાનું કહેવું નિષ્પક્ષપાતી અને નિર્ણયાત્મક છે. તે મુન્સફ રહ્યા એટલે કાયદાની દૃષ્ટિએ વિચાર્યું હશે. તમારે મને પૂછવું તો જોઈએ. "

" એટલા માટે તો હું આપની પાસે આવ્યો છું. "

*

અમથાલાલે બે ત્રણ મિનિટ મૂંગા રહી પૂછ્યું: " સનિતભાઈ, સ્વયંવધૂ પ્રાપ્તિ માટે કોઈ નવો ચીલો—રાહ પાડવા કુમારા પુરુષોએ હિંમતથી તૈયાર થવું જોઈએ, એટલું હું સ્વીકારું છું. તમે અને

સજનિકાએ મુન્સફકાકા આગળ મારા સંબંધમાં જે કહ્યું, તે પણ બરાબર છે, તેમાં શક નથી; પણ મુન્સફકાકા પોતે આવી પહેલ શા માટે કરતા નથી ?"

"મેં કહ્યું ને કે એ વયોવૃદ્ધ છે."

"તો તમે ?"

"હું પરણેલો છું, ને પત્ની હાજરાહજુર હયાત છે. નહિ તો હું જીભથી નહિ પણ કાર્યથી જ વાત કરનારો છું. અમારા મુગટરામ મેતાની પેઠે જીભના લુખા લબકારા મને પસંદ નથી."

"એ મુગટરામમેતા કોણ ?"

"અમારી મંડળીમાંના એક સુરતીલાલા છે. અમે ખાનગીમાં તેને 'ગામ ફુઇબા' કહીએ છીએ."

"એમ કેમ ?"

"એટલે એ હરેક બાબતના જાણકાર હોવાનો દાવો ધરાવતા ફરે છેઃ જાણે સર્વજ્ઞ અને બધાના વહીવંચા. પોતે જે બોલે તેની સાચજૂઠની પંચાતમાં ભાગ્યે ઉતરેઃ 'માવજીભાઈ કાંધાળા, પારકે પાદર પહોળા ને ઘેર અંધારાં' એ કાઠીયાવાડી કહેવત પ્રમાણે."

"સમજવા છતાં આવાને મંડળીમાં ચાલુ કેમ રાખો છો ?"

"ગૃહસ્થાઈ કે નબળાઈ જે કહીએ તેથી"

"આપણા નાથાલાલને આગેવાની આપીએ તો ?"

"તેના જેવા સામાન્ય માણસનું એ કામ નહિ. તેનું પબ્લીકમાં વજન શું ગણાય ?"

"એટલે કે એ કાર્યનું સુકાન મારે જ સ્વીકારવું એમ જ ને ?"

*

કાકાનો કિસ્સો પાર પડવાની તક આવેલી જોઈ સતિને કહ્યું, "એ માટે આપ સંપૂર્ણ લાયક હો તો જ. મને એમ લાગ્યું હોત કે

આપ તે માટે લાયક નથી, તો હું આ ભાંજગડમાં પડત જ નહિ. એમાં મારો સ્વાર્થ રજભાર નથીઃ કન્યા અને કીર્તિકુંવરી મળવાની હશે તો આપને જ !"

"વારુ, એ તો ઠીકઃ કુંભારના ચાક ઉપરના પીંડામાંથી શો ઘાટ ઉતરે છે, તે જોવાનું રહે છે. પણ એ આખી યોજના તમે મને જણાવી નહિ."

"અમારા મુન્સફકાકા પાસે મને સાચો ઠરાવવાની આપ હિંમત ન કરો તો તેમની મહામૂલી યોજના કહેવાની જરૂર શી? ને તે કહી દેવાથી વળે પણ શું?"

"તમે કેમ ધાર્યું કે કાંઈ નહિ વળે?"

"આપ તેવી ખાત્રી આપતા હો તો સાંભળો."

સતિને યોજનાની રૂપરેખા કહેવા માંડી. "જાણે જુઓ અમથાભાઈ, આ મહામેળામાં પેંડોલ પુરતી જગ્યા ભાડે રાખવી. તે ઉપર આકર્ષક પેંડોલ ઉભો કરવો. તેના દરવાજા ઉપર આપણા વિશ્વાસુ ને ઠરેલ માણસ રહે. પેન્ડોલની બહારના ભાગમાં મોટાં પાટીયાં આકર્ષક રીતે લખાવીને લટકાવી દેવાં —"

"એમાં લખવાનું શું?"

"સાદી સીધી ગુજરાતી ભાષામાં મોટા અક્ષરે લખવાનું કેઃ—

ફકત આજની રાત પુરતું જ:

સોએ સો ટકા નવીનતાતાથી ભરેલું કન્યકાપ્રદર્શન

ગ્રામ જનતાની સુકન્યાઓના સમૂહને નવીનતાના આકર્ષણનો અપૂર્વ લાભ આપવા માટે મહાશિવરાત્રીના મહાપર્વ પ્રસંગે મુંબઈથી ખાસ પધારેલા દેવરત્ન અને દેવનામપ્રિય એવા મહામૂલ્ય ખીતાબધારી શ્રીમાન્ અમથાલાલભાઈ સ્વયંવધૂ મંડપનો આત્મપ્રેરિત નિર્ણય જાહેરમાં મૂકે છે.

દેવાનામ્‌પ્રિયની પસંદગી પોતા ઉપર ઉતરે તે માટે ઉત્સુક હોય એવી કુમારિકાઓએ તંબુના દરવાજા ઉપર બીરાજેલા આ મંડળીના પીઢ ને પુખ્ત મેનેજરને એક આનો આપી તંબુ મધ્યે પ્રવેશી લાઈનમાં ગાલીચાપર બેસી જવું. બહાર નીકળતી વખતે દરેક કુમારિકાને સવાશેર સાકરનું પડીકું, ખોબો ભરીને ખારેક તથા મુઠી ભરીને ફોફળ આપવામાં આવશે. મેનેજર કાકા અંગ્રેજી ભાષા તથા એટીકેટના ઈજારદાર હોવાથી ગ્રામકન્યાઓના સંતોષાર્થે તેમની સાથે સંસ્થાપકના પ્રાયવેટ સેક્રેટરીને પણ ખાસ રોકેલા છે, જે માતૃભાષામાં વાતચીત કરી સમજુતી આપવા ઉપરાંત સર્વે જીજ્ઞાસુને સંપૂર્ણ સંતોષ આપશે."

"કુમારિકાઓએ આવીને શું કરવું?"

"આપ પુરૂં સાંભળ્યા પહેલાં શંકા ન ઉઠાવો. જાજમને બીજે છેડે એક બાજોઠ હશે, તેની ઉપર પ્રસ્તુત મંડળીના મુખ્ય અધિષ્ઠાતા બિરાજશે. રાત્રિના સાડા આઠે પ્રદર્શન ખુલ્લું મૂકાશે અને સાડા નવે બંધ કરવામાં આવશે. બરાબર નવના ટકોરા થતાં પ્રદર્શનમાં આવેલી કન્યાઓ તરફ નજર ફેરવતા ને હસ્તમાં ધારણ કરેલી વધૂ-માલાને શોભાવતા પ્રદર્શનના સંસ્થાપક શ્રીયુત્ અમથાલાલ એ વધૂ-માલા ધારણ કરવાની ઉત્કંઠા સેવતી સુકુમારિકાઓમાંથી એકના કંઠમાં આરોપશે. પછી તે ભાગ્યશાળી કન્યા સાથે—સજોડે—અન્ય કન્યાઓને નમસ્કાર કરી તેમના શુભાશિર્વાદ માટે અભ્યર્થના કરશે. ત્યારબાદ શર્કરા, સોપારી અને ખારેક ઈત્યાદિ વિદાયપ્રસ્થાન તરીકે આપવામાં આવશે. શુભમ્ ભવતુઃ આનંદમ્ મંગલમ્ઃ સ્વયંવધૂમંડપ જયતિઃ!"

*

સતિનચંદ્રે વર્ણવેલી ઉપરોક્ત યોજના સાંભળી અમથાલાલ થોડીવાર ગૂઢ વિચારમાં પડયા પછી બોલ્યાઃ "આટલું બધું લખાણ પાટિયામાં લખાવો તેના કરતાં હેન્ડબીલ છપાવીને વહેંચો તો વધારે સરળતા પડે."

"બરાબર છે; આપે સરસ વિચાર સુઝાડયો. પણ પહેલાં તો આ માટે આપ કટિબદ્ધ થાઓ ત્યાર પછી એ કરવાનું છે ને!"

"બહુ વિચારવા જેવો વિષય છે. નાથાલાલે ટ્રેનમાં મને આવી જ વાત કહી હતી, પણ એની ઘણીખરી વાતો ઉરાંગઉટાંગ જેવી લાગતી હોવાથી મેં તે વખતે હસવામાં ગણી કાઢી હતી. સતિનભાઈ, મને શંકા ઉદ્ભવે છે કે આ નુકતો ફતેહમંદ થઈ શકે ખરો?"

"અસંસ્કારી કે અશક્તિમાન હોય તેને જ આવી શંકા ઉદ્ભવે. આપના જેવા દૃઢ નિશ્ચયીની જીહ્વાએ આવી શંકા શોભે જ નહિ." સતિને પાણી ચઢાવ્યું.

સતિનના આ રોકડીયા જવાબથી અમથાલાલ પોતે ઉઠાવેલી શંકા માટે જરા ઝંખવાયા. થોડીવાર ઉંડો વિચાર કરી પૂછ્યું: "પ્રદર્શનમાં આવી આવીને કેટલીક કુમારિકાઓ આવે?"

"એ તો કેમ કહી શકાય? આજકાલના વખતના પ્રમાણમાં પાંચ–પચ્ચીશેક તો આવે જ ને? કદાચ ઓછી કે વધારે આવી જાય તો પણ કહેવાય નહિ. એ તો મેળાના રંગ અને આપણા શો ઉપર આધાર રહે."

"ખોડખાંપણવાળી, અપંગ કે આંધળી, બહેરી બોબડી, કન્યાઓ ઘુસી આવે તો હું બંધાઈ જાઉં ને?"

"બધી જ ખોડખામીવાળી આવે, એમ દીર્ઘબુદ્ધિમાન કદી ન માને. દુનીયામાં બધા સરખા કદી સાંભળ્યા છે? મેં દેખ્યા તો નથી જ."

"એય ખરૂં. આ યોજના અમલમાં મૂકવાથી પબ્લીકમાં હાંસીપાત્ર થવા જેવું લાગે નહિ?"

સતિને પાનો ચઢાવતાં કહ્યું: "એ વિષે તો પહેલાં જ વાત થઈ છે; હવે તમારી મરજી. મુન્સફકાકાએ મને પહેલાં જ કહ્યું હતું કે

અમથાલાલભાઈમાં સમજવાની શક્તિ હશે, તો પણ એ આચારમાં મૂકવાની હિંમત નહિ હોય. હું અત્યાર સુધી સમજતો હતો કે આપે અનેક અર્ધદગ્ધોના હસવા બોલવા તરફ દુર્લક્ષ કરી સન્માન સમારંભ દ્વારા કહેવાતું માનપત્ર મેળવવાની હિંમત કરેલી એટલે જગતભરની સમાજોમાં નવો દાખલો બેસાડનારી, પુરુષ વર્ગને નવું ગૌરવ બક્ષનારી, પ્રાચીનકાળની મૃતઃપ્રાય થયેલી સ્વયંવરની પ્રથાને સ્વયંવધૂની પ્રથાદ્વારા અર્વાચીન લેબાસ આપી, સાહસ, હિંમત, ધગશ તથા કર્તવ્યની નવી વ્યાખ્યા અંકિત કરનારી અને પોતાની અંતરેચ્છાને ન્યાય આપી સંતોષનારી આ નૂતન યોજના સાંભળતાની સાથે, સત્યાગ્રહનું નામ પડતાં જેમ સાચો સત્યાગ્રહી જીવન જેવી અમૂલ્ય વસ્તુનો મોહ છોડી ડિકટેટરશીપ માટે, જેલ માટે, ને આત્મબલિદાન માટે તત્પર બને છે, તેમ આપ સહર્ષ અને સાભિમાન 'સ્વયંવધૂ પ્રાપ્તિ'ની આ સુન્દર યોજનાને અમલમાં મૂકવા તત્પર થશો."

સતિનના આ જોરદાર પ્રેરક શબ્દોએ અમથાલાલના મગજ ઉપર જાદુઈ અસર કરી. તે મૂંગા મૂંગા શું કરવું, આ માટે કબુલ થવું કે નહિ, વગેરે પ્રશ્નની વિચારણા મનમાં કરવા લાગ્યા.

સતિને જવાનો કૃત્રિમ ડોળ કરવા માંડયો ને બોલ્યો; "ભલે તમારી ખુશી. કાલે જ જોશો કે લાયકાત, જ્ઞાન અને શક્તિની દૃષ્ટિએ આપનાથી ક્યાંય ઉતરતી પંક્તિનો કોઈ કુમાર મનપસંદ વધૂપ્રાપ્તિનો લાભ મેળવવા ઉપરાંત આવી યોજનાને અમલમાં મૂકવાની પહેલ કરવાનો યશ ખાટી ગયો હશે." આટલું કહી સતિને ધીમે પગલે પગથિયાં ઉતરવાનો ડોળ કર્યો.

*

સતિને બેદરકારી બતાવી જતા રહેવાનું શસ્ત્ર અજમાવ્યું, એથી અમથાલાલના મગજમાં વીસઆના ઠસી ગયું કે આપોઆપ ચાલીને સામા આવેલા સંજોગને જતો કરવો ઠીક નહિ. રખે સતિન આ યોજનાનો

લાભ કોઈ બીજા ચિરકુમારને આપી દે તો હાથમાંનો પ્રેમરસ ભર્યો અખોટ પ્યાલો સરી પડે, એવા ભયથી અમથાલાલ તેની પાછળ પગથિયાં ઉતરતાં હાક પાડવા લાગ્યાઃ "સતિનભાઈ! ઓ સતિનભાઈ!"

ધારણા પાર પડતી માની સતિને પાછું ફરી જોયા વગર જ કહ્યું: "આપ યોજના સમજી શકતા નથી તો એ વાત જવા દો."

"હું બરાબર સમજી શક્યો છું." કહી અમથાલાલે સતિનને પકડી પાડ્યો, અને પોતે યોજનાને અમલમાં મૂકવા તૈયાર હોવાની ખાત્રી માટે ગજવામાંની પચાશ રૂપિયાની નોટો સતિનને આપી કહ્યું; "પેન્ડોલ વગેરેના માટે હાલ આ રકમ લો. હવે તો ખાત્રી પડશે ને?"

સતિને કૃત્રિમ ક્રોધભાવદર્શાવી કહ્યું: "આપે યોજનાનું મહત્વ સમજવા છતાં અત્યાર સુધી મારી મજાક કરી તો ભલે; પણ લક્ષ્મી ચાંદલો કરવા આવે તે વખતે ગાંભીર્ય ધારણ કરી કપાળ સામું ધરવું જોઈએ—મોં ધોવા ન જવું."

અમથાલાલ આ મીઠા ઠપકાથી શરમાઈ જઈ બોલ્યાઃ "મેં નિર્દોષ ભાવે સ્હેજ મજાક કરી હતી. પણ જવા દો એ વાત, અને હવે મને એ કહો કે સ્વયંવધૂ મંડપ માટે તમે કયું સ્થળ નક્કી કરશો? અને મારે તે માટે ક્યાં આવવું?"

"અરે હા, પ્રધાન બીના તો કહેવી ભૂલાઈ જ ગઈ. અમથાભાઈ, તળેટીમાં આવેલી બાબુની ધર્મશાળામાં અમે મુકામ કર્યો છે. આવતી કાલે જ એની જગા–વ્યવસ્થા બધું નક્કી કરી નાખીશું. આપે કાલ સાંજ સુધીમાં એ ધર્મશાળામાં આવવું."

"નાથાલાલને તમારી મદદમાં મોકલું?"

"બહુ સરસઃ. બને તેમ જલદી." કહી સતિન ઉતાવળે પગથિયાં ઉતરવા લાગ્યો, અને અમથાલાલ પગથિયાં ચઢી અંબાજીના મંદિર બહારના ઓટલા ઉપર આવી પુનઃ નાથાલાલની માર્ગપ્રતીક્ષા

કરવા લાગ્યા. અત્યારે એ ઉલ્લાસમાં હતા કે ઊંડા વિચારમાં તે ચહેરા ઉપરથી સમજવું મુશ્કેલ હતું.

એકાએક અમથાલાલને વિચાર આવ્યો:

“મુંબઈ કે અમદાવાદ જેવું મોટું શહેર હોય તો કોલેજીયનો ને પેપરવાળા વગેરે ટિંખળી વર્ગના નવરા–બેકાર તરૂણ–તરૂણીની મોટી સંખ્યા ધસી આવે. પણ આ તો ગામ બહાર પહાડની તળેટીમાં મેળો ભરાયો છે, એટલે પાટિયાં કે હેન્ડબીલમાંનું લખાણ વાંચીને કે કોઈને વાંચતા સાંભળીને પહેલાં તો સમજશે જ નહિ; ને જે કોઈ સમજશે તે માની લેશે કે સ્વયંવધૂ માટે તત્પર થયેલા પ્રદર્શનના સૂત્રધાર–કોઈ અલૌકિક બૃહસ્પતિ જેવા બુદ્ધિમાન અને વિષ્ણુ જેવા સ્વરૂપવાન હશે, એવું સમજીને ગામડાંની કેટલી યે ગૌરીઓ તંબુના દરવાજા આગળ આવી પ્રાર્થના કરી વરદાન માગશે કે ‘હે દીનદયાળ દામોદર ! પ્રદર્શન મંડળીના સૂત્રધારની પસંદગી મારી ઉપર જ ઉતારજે !”

વિચારાંતે કયાંક વાંચવામાં આવેલું ને યાદ રહી ગયેલું કાવ્ય ગણગણવા લાગ્યા:

પડયા જખમ સૌ સહ્યા, સહીશ હું હજુએ બહુ,
ગણ્યા નવ કદી, ગણું નવ કદી, પડે છો હજુ:
અપાર પડશે અને જિગર હાય! જાલીમ થયું,
કઠિન ન બનો છતાં હૃદય એ જ ઈચ્છું પ્રભુ !

એટલામાં વાસંતી પાસે ગયેલા નાથાલાલે આવી ખભે હાથ મૂકી, હસતા વદને કહ્યું: “ચાલો, જલદી બોલાવે છે.”

“ચાલો.” કહી પોતાની હેન્ડબેગ નાથાલાલને સોંપી, અમથાલાલ બેવડા આનંદના જોસથી આગળ વધ્યા.

ગુનેહમારે કદમ તારે ઝુકાવ્યું શિર છે દિલબર!
લઈ ખંજર જીગર ઉપર, ઝડપથી ઘા હવે તું કર!
મગર અફસોસ એ દિલબર! હું જાણું છું, હું જાણું છું!
અદલ કર યા ફઝલ કર તું, તને સૌ માફ છે દિલબર!

*

બેત્રણ કવિયોની કવિતામાંથી પોતાને ઠીક લાગી તે લીટીઓ તફડાવી એકાદ બે લીટીમાંના એકાદ બે શબ્દો હેરફેર કરી નાથાલાલે ઉપરોક્ત કવિતા અમથાલાલને સંભળાવવા ખાતર જ લલકારી.

તરત અમથાલાલે ભૈરવ સ્વરૂપ ધારણ કરી કહ્યું: "તમે જ્યારે ત્યારે જેમ ફાવે તેમ કવિતાની કચુંબર કરી કહેવા શું માગો છો? શું તમે ગુજરાતના મહાકવિ છો? નાથાભાઈ, આ સારૂં નથી થતું, પછી મારો મિજાજ જાય તો મને દોષ ન દેશો: જાહેરમાં ઝાડીયો કાઢી નાખીશ."

"પણ મારી રચેલી કવિતા હું બોલું એમાં તમે શા માટે ચીડાઓ છો?"

"આમ કવિત્વનું સત્યાનાશ વાળો, પછી ચીડાઉં નહિ તો શું ચંપી કરૂં ? જુનાગઢી ડાંગ લઈ દિનરાત જાગતા ઉભેલા રખોપિયા પેલા ઠાકોર, પાઠક કે ધગટની એક ડાંગે ખલાસ થશો, સમજો છો કાંઈ?"

"એવા તો બહુએ 'ગુજરાતી'ના ગરગડા નીચે દબાઈ ચીસો પાડે છે પણ મેં કયાં ને કેવી રીતે સત્યાનાશ વાળ્યું, એ મને સમજાવશો તો ખરા ને?

"બર, ગર, કર; એમ યમક અને પ્રાસાનુપ્રાસ મેળવી દીધા એટલે કવિતા થઈ ગઈ?

"નવી ગુજરાતીના આદિ કવિ દલપતરામનો આ સિદ્ધ દોહરો

પિંગળ પાઠ પઢયા વિના, કવિતા કરે જન કોય;
વ્યાકરણ વિના વાણી વદે, વાણી વિમળ ન હોય.

એ તમારા ખ્યાલમાં હોય એમ લાગતું નથી!"

"તો હું બોલ્યો તેને કાવ્યસાહિત્યનું કયું અંગ કહેવું?"

"કોઈ જ અંગ કહી શકાય નહિ."

"અંગ નહિ તો અવયવ તરીકે પણ કાંઈક કહેશો તો ખરા ને!"

"હું તો એને જોડકણું કહું. સંસ્કૃતમાં પણ કહ્યું છે–" અમથાલાલ વાક્ય અધુરૂં રાખી નાથાલાલની સામે જોઈ રહ્યા.

"સંસ્કૃતમાં શું કહ્યું છે?" નાથાલાલે હાસ્યવદને પૂછ્યું:

જાણે પોતાને સંસ્કૃત સાહિત્યનો સારો અભ્યાસ હોય તેવો ડોળ દાખવતાં અમથાલાલ બોલ્યા: "કહ્યું તો ઘણુંય છે, પણ તમે સંસ્કૃત ન જાણો એટલે કહેવું–ન કહેવું સરખું ગણી એ ચર્ચા બંધ કરૂં છું."

નાથાલાલ ચર્ચા આગળ ચલાવવા બોલવા જતો હતો એટલામાં સતિનનું આગમન થવાથી એમની કાવ્યચર્ચા એની મેળે જ બંધ રહી.

સતિને આનંદાશ્ચર્ય ઉચ્ચાર્યું:

"અહોહો! અમથાભાઈ, આપ વહેલા જ પધારી અડીંગો જમાવી બેઠા છો ને શું! હું નાથાલાલને હમણાં એ જ પૂછવાનો હતો કે કાલે સાંજ સુધીમાં આવી જવાનું કહેવા છતાં વહેલા કેમ ના આવ્યા?"

*

સતિનને બહાર જતો જોઈ અમથાલાલ બોલ્યાઃ "સતિનભાઈ, તમારા ગયા પછી નાથાલાલ તરત આવ્યા હતા—"

નાથાલાલ ફરિયાદ કરતો હોય તેમ વચ્ચે જ બોલ્યોઃ "પણ એમણે મને એ જ વખતે તળેટીની આ ધર્મશાળા તરફ રવાના કરવાને બદલે ઠેઠ ઓઘડનાથની મઢી સુધી પોતાની સાથે આવવાની ફરજ પાડી હતી, અને મઢી પાસે પહોંચ્યા પછી મને આ તરફ જવાનું કહેલું. પછી હું શું કરૂં? મોડું જ થાય ને!"

"ખરૂં છે, અમથાભાઈ?" સતિને પૂછયું.

અમથાલાલ બોલ્યાઃ "મઢી સુધી જ મને નાથાલાલની જરૂર હતી. તેને અંદર લઈ જવાની જરૂર ન હોવાથી મેં જણાવેલું કે, 'બાજુની ધર્મશાળામાં જઈ સતિનભાઈએ આરંભેલા મહાકાર્યમાં મદદ કરવા ઉતાવળે પગથિયાં ઉતરવા માંડો.' પછી સતિનને ઉદ્દેશી પૂછયું: "પેન્ડોલ વગેરે માટે શી વ્યવસ્થા કરી?"

"ઈશ્વરની કૃપા હોય ત્યારે સંજોગ જરાય પ્રતિકૂળ નીવડતા નથીઃ આપોઆપ અનુકૂળતા આવી મળે છે. એક રામલીલાવાળો માખીઓ મારતો બેઠો હતો—"

અમથાલાલ મોં મલકાવી વચ્ચે જ બોલ્યાઃ "ઠીક. સમજી ગયો. રામલીલા જોવા કોઈ આવતું નહિ હોય અથવા થોડાક આવતા હશે, ને ખર્ચ પણ નીકળતું નહિ હોય."

નાથાલાલે વગર પૂછયે પોતાનો મત કહેવા માંડયોઃ "પણ અમથાભાઈ, આ સીનેમાના જમાનામાં ઢંગરંગ વિનાની રામલીલા

જોવા તે કોણ આવે? વળી એ મંડળીના સંચાલકે સ્ટાફમાં એકેય એક્ટ્રેસ રાખી નથી, માત્ર ડઝનેક છોકરાઓ જ રાખ્યા છે."

અમથાલાલ સતિનની સામે જોઈ બોલ્યા: "ટૂંકામાં કહો ને કે રામલીલામાં કાગડા ઉડવાથી એક રાત માટે તેના સરસામાન સાથે તંબુનું ભાડું નક્કી કરી લીધું, એમજ ને?"

*

સતિને ડોકું ધુણાવી કહ્યું: "સરસામાન અને માણસો બધું. આપણે ક્યાં ખોળવા જઈએ?"

અમથાલાલ બોલ્યા: "ઠીક કર્યું. હેંડબીલ અને પાટીયાં માટે શી ગોઠવણ કરી?"

"વખત બહુ ઓછો હોવાથી હેંડબીલ હાથે જ લખાવી નાખ્યાં અને પાટિયાં ઉપર પેન્ટર પાસે લખાવવાને બદલે ચૉકથી આપણે જ લખી નાખવું પડશે." કહી સતિને હસ્તલિખિત હેન્ડબીલની એક નકલ એમના હાથમાં આપી. અમથાલાલે તે પર ઉપરટપકે નજર ફેરવી, ઉતાવળ કરવાની જરૂરીઆત સૂચવતાં બોલ્યા: "આમાં છે એ પ્રમાણે જ લખવાનું છે ને? નાથાભાઈ, બેઠા છો શું? ઉઠો, પાટિયાં લઈ આવો."

નાથાલાલને ધર્મશાળાના પ્રવેશદ્વાર પરના બાંકડા પરથી ઉઠીને અંદર જતો જોઈ અમથાલાલે સતિનની સામે જોઈ પૂછ્યું: "પાટિયાં હજી અહીં જ છે?"

"હા. લખાયા વિનાનાં પાટિયાં પેંડોલમાં લઈ જવાનો શો અર્થ?" કહી સતિન વિદાય થયો. તે તંબુ તરફ કાંઈ કારણ સારૂ જતો હશે, એમ માની અમથાલાલે મૌન સેવ્યું.

નાથાલાલે આવી 'નો એડમિશન,' 'ટુ બી લેટ' લખેલાં બે નાનાં પાટિયાં અને ચૅાકસ્ટિક આપવા માંડી. બંને પાટિયાં તથા તેમાંનું લખાણ જોઈ અમથાલાલ કિંચિત ક્રોધાવેશમાં આવી બબડયા:

"આવાં પાટિયાંને શું ઘોઈ પીવાં છે? આનાથી તો હેંડબીલ ક્યાંય મોટાં છે!"

"ફુલ્સકેપ આખા કાગળ ઉપર લખ્યું એટલે તો બધું લખાણ સમાયું."

"લખાણ એટલું લાંબું છે કે નિશાળમાં વપરાતાં બ્લેક બોર્ડ જેવડું પાટીયું હોય તો જ કામ લાગે."

"એવડાં મોટાં બોર્ડ અત્યારે કયાં લેવા જવાં? કહો તો મોટાં પુઠાં ક્યાંકથી લઈ આવું."

"દરવાજા ઉપર પુંઠાનાં બોર્ડ લટકાવાય?"

"હુંય સમજું છું કે બહુ સરસ તો ન જ લાગે; પણ અહીંઆ તો ચાલે તેવું છે. કલાકેક પહેલાં હું મેળામાં ઘૂમવા ગયેલોઃ મોટાં પાટિયાં મેં ક્યાંય જોયાં નથી. થોડાંક પેંડોલ ઉપર પાટીયાં હતાં, પણ બહુ નાનાં. એટલે પુંઠાં ઉપર ચૅાકથી લખીને લટકાવશું તો 'શો' જરાય મારી નહિ જાય. વળી લાકડાનાં લટકાવીએ કે પુંઠાનાં, એય સરખું છે. કેમકે મેળામાં રાત્રિના આઠ–નવ પછી જે માણસો રોકાઈ રહે તેમાંનો મોટો ભાગ એવો હોય કે ચાંદીનાં કે સોનાનાં પાટીયાં લગાવીએ તોપણ તે જોવાની કે વાંચવાની દરકાર કરે નહિ. આટલા માટે તો મુન્સફકાકાએ તંબુની બહાર ઉભા રહી હેન્ડબીલમાં લખેલું બુલંદ અવાજે વારંવાર બોલતા રહેવાની કામગીરી મને સોંપી છે."

અમથાલાલ મોં કટાણું કરી બોલ્યાઃ "બહુ સારૂં; હવે મહેરબાની કરી ડિસ્ટર્બ ન કરતા" કહી પ્રવેશદ્વાર પાસેના બાંકડા ઉપર બેસીને જ એમણે ચૅાકસ્ટિક વડે પુંઠાં ઉપર હેંડબીલમાં જોઈ જોઈને મરોડદાર અક્ષરે લખવા માંડયું.

મંદિરોમાંથી દેવનગારાં, ઘંટનાદ અને સંધ્યાઆરતીના અવાજ સંભળાવા લાગ્યા. અમથાલાલે બંને પુંઠાં ઉપર હેંડબીલ પ્રમાણે

થોભી ગયેલા અને સતિન તથા નાથાલાલને પોતાની સામે જાજમ ઉપર ઉભેલા જોઈ એમણે કાંઈપણ બોલવાને બદલે મસ્તક હલાવી એવો અભિનય કર્યો, જેનો એટલો જ અર્થ થાય કે ત્રણેયે ચુપચુપ જાજમ ઉપર બેસી જવું અને પોતે જે દર્દભરી રામકહાણી કહેવી શરૂ કરે તે અથઈતિ સાંભળવી.

ત્રણે જણા પોતાના અભિનયને પારખી ગયેલા જોઈ અમથાલાલે કથાવાચકની ઢબે તેઓ તરફ નજર ફેરવી, બાજુમાં બેઠેલી વધૂને ઉદ્દેશી પોતાની રામકહાણી કહેવાનો આરંભ કર્યો.:—

અમથેશબાબુ વાણી વદે, સુણ મધુરિકા સુંદરી;
વિસ્તારી તુજને કહું, આત્મકથા હું રસભરી;
નગર શ્રેષ્ઠ મુંબાપુરી, અમથાલાલ મહાજન,
વહુરાણી પામ્યા વિના, ક્યાંથી હોય સંતાન.

આત્મપુરાણ પદ્યમાં શરૂ કરે તે પહેલાં નાથાલાલે સતિનને કોણી મારી તેના કાન નજીક મોઢું રાખી કાંઈક વાત કરી. અમથાલાલે તેની એ વલણ માટે તટસ્થ વૃત્તિ રાખી.

સતિન બોલ્યો: "બાબુજી, નાથાલાલ કહે છે કે આપ આત્મ-પુરાણ પદ્યમાં કહો તેના કરતાં ગદ્યમાં કહો તો વધારે સારૂં. ગુજરાતી સાહિત્યનો પાયો નંખાયો ત્યારે ગદ્ય લેખકો બહુ કમી હતા; પણ આજ તો નવલકથાઓ અને વૃત્તપત્રો થોકબંધ નીકળવા માંડ્યાં છે. એટલે રસ, અલંકાર, ગણ, માત્રા ઈત્યાદિની ભાંજગડમાં ન પડતાં આપનું આત્મપુરાણ ગદ્યમાં વહેવરાવો તો અત્યુત્તમ—"

નાથાલાલે વધારામાં કહ્યું: "અને હું છુટો પડ્યા પછી આપની ઉપર જે વીતક વીતિ હોય, એ જ કહો. બાકી તો તમે ન કહો તોપણ મહાદેવી માતા મધુરિકા સિવાય સૌ જાણે છે, જે વર્ણવવાની જરૂર નથી."

અમથાલાલે ઉંડો શ્વાસ ખેંચી પળેક મૂંગા રહી વિચારી પોતાની લાક્ષણિક ઢબે કહેવા માંડ્યું: "ઠીક, સૌ સાવધાન થઇ સાંભળો. આ નાથાલાલ ઉર્ફે નાથનંદનની સાથે હું અંબાજીની ટૂંકેથી ઓઘડનાથની મઢી તરફ ઉપડ્યો. મઢી પાસે પહોંચતાં નાથનંદન બોલ્યો, 'બાબુજી આ મઢીમાં આપની રાહ જોવાતી હશે.'

હું અજાયબ થયો. મેં કહ્યું: 'ઓત્તતારીની ! આ મઢીનો મહંત તો મારો ઓળખીતો છે. સંસ્કારી કુમારીને જવાબ માટે બીડેલા કવર ઉપર મેં આ મઢીનું જ શિરનામું કર્યું હતું. ઉપરકોટમાં સરસ જગ્યા મળી ન હોત તો આપણે અહીં જ ઉતર્યા હોત—"

મુન્સફકાકાએ વચ્ચે જ પૂછ્યું: "એ સંસ્કારી કુમારી પણ શું આપની પાછળ આવવા ઇચ્છતી હતી ?"

અમથાલાલે જવાબ દીધો: "એ આવે એવો સાઠ ટકા સંભવ ન હતો; ગિરનાર ઉપર તો એનો પત્ર જ આવવાનો હતો. સ્વયંવધૂ પ્રાપ્તિ માટે આપે યોજી કાઢેલી સુંદર યોજનાને અમલમાં મૂકવાનો નિશ્ચય મેં કર્યો ન હોત તો કદાચ મારા આ સ્થૂળ જીવનની સહચરી થઈ એ મારી પાછળ પાછળ આવત પણ ખરી. પરંતુ હવે તો આ મધુરિકા મહાદેવીએ, એ અને એવી અનેક લલનાઓની આશાલતાનું છેદન કરી નાખ્યું."

આ સાંભળતાં 'વધૂ'ના મોં ઉપર હાસ્ય ઉભરાઈ આવ્યું. એ હાસ્યમાં કયો રસાભાસ હશે, એ તો તે અને એનો પ્રભુ જાણે !

'વધૂ'એ સસ્મિત લાડકવાઇ રીતે પૂછ્યું: "પ્રિયકર, પછી શું થયું તે કહોને. આપની એ રસપૂર્ણ ઘટના સાંભળવાની મારી ઉત્કટ ઇચ્છા એકદમ વધતી જાય છે."

અમથાલાલે જીંદગી દરમ્યાન કદિ નહિ સાંભળેલું 'પ્રિયકર' સંબોધન પહેલી જ વાર સાંભળી સ્વર્ગીય આનંદ અનુભવતાં જણાવ્યું:

"રસભાર્યે ! તમે અત્યંત સંસ્કારી અને જ્ઞાનતૃષાતુર મુગ્ધા હોઈ, અનેક રાષ્ટ્રવિધાયકોનાં જીવનચરિત્રો અવલોકયાં હશે, તેમાં જે આશ્ચર્ય પામ્યાં નહિ હો, એવું આશ્ચર્ય અને નવીનતા તમને અને અન્ય સાંભળનારાને આ નગ્ન સત્યથી નીતરતી મારી રામકહાણી યાને ગિરનાર ઉપરની સત્ય ઘટના સાંભળીને જરૂર થશે."

*

આમ શ્રોતાઓની જીજ્ઞાસાને ઉત્તેજી તેમણે પોતાની કહાણી શરૂ કરીઃ

"હું અને નાથાલાલ મઢી પાસે પહોંચ્યા પછી મેં તેને કહ્યું: 'તમે તળેટીની ધર્મશાળામાં જઈ સતિનભાઈને શોધી કાઢો ને તેણે આરંભેલા મહાકાર્યમાં ઉત્સાહ ને ખંતથી ભાગ લઈ મદદ કરવા દોડી જાવ.'

થાકેલા પાકેલા નાથાલાલે થોડીવાર વિસામો લેવાની ઇચ્છા દર્શાવી ને તેની શ્રમિત સ્થિતિ જોઈ મેં તેમ કરવાની પણ સંમતિ આપી. વિસામો લઈ તે તળેટી તરફ આવવા ઉપડયા ને હું શેરલોક હોમ્સની કથાઓના કથાનાયકની ઢબે ચારે બાજુ સૂક્ષ્મ નિરીક્ષા કરી મઢીમાં પ્રવેશી એક શીલા ઉપર પગ ટેકવી સાવચેતીથી ઉભો રહ્યો. દહેરી પાસે મૃગચર્મ ઉપર પલાંઠી વાળી આંખો મીંચી ધ્યાનમાં નિમગ્ન બેઠેલા મહામુની કણ્વની ઢબે મઢીના મહંત ધ્યાનસ્થ બેઠા હતા. જેને મળવા હું અતિ ઉત્સુક હતો, તેને ન જોવાથી નિરાશ થઈ હું મઢીના પ્રવેશદ્વાર તરફ મોઢું રાખી એક શીલા ઉપર બેસી ગયો. થોડી–"

છીંક આવતાં અટકી, સ્વસ્થ થઈ બોલ્યાઃ "–વાર થઈ હશે એટલામાં તો વાસંતીને મળવાની મારી ઉત્સુકતાનો ઉછાળો આવતાં મેં 'બાવાજી, ઓ બાવાજી,' કહી બૂમો પાડી. જાણે કોઈ અકસ્માત થયો હોય તેમ તે ચમકી ધ્યાનમાંથી ઉઠયા ને ચીપીઓ ઉછાળતા–ખખડતા

બહાર ધસી આવ્યા. મહાભારતયુગમાં બિહામણા જીમૂતમલ્લને કુસ્તીના મેદાનમાં ધસી આવતો જોઈ જેમ તેના હરિફો હેબતાઇ જતા તેમ હું બાવાજીનું કાળભૈરવ જેવું સ્વરૂપ જોઈ હેબતાઈ ગયો–" આટલું કહેતાં હાંફી જવાથી અટકયા.

થોડીવાર વિશ્રાંતિ લઈ આગળ ચલાવ્યું: " જગતનો સાધારણ નિયમ છે કે ઓચિંતો ભય ઉપસ્થિત થતાં પશુ, પંખી ને માણસ ત્રણે પ્રકારના પ્રાણીઓ ચીસ પાડી હૃદયમાં ધાસ્તી પેશી ગયાનું પ્રદર્શન કરે છે. પણ મારૂં હૃદય અસામાન્ય કોટિનું ધૈર્યવાન–બળવાન હોવાથી સામાન્ય નિયમ પ્રમાણે મારાથી ચું કે ચાં કરી શકાયું નહિ. "

સહેજ ખોંખારો ખાઈ તે આગળ બોલ્યા: " વિલાયતી મૂક ચિત્રમાં ડગ્લાસ જે કળાથી ઉપરથી જમીન પર પડતો આવે છે, એ કળાથી હું પણ એ પથરા ઉપરથી કૂદી પડવાને બદલે નીચે ઉતરી ગયો. મારા બંને હાથની મેં મારા માથા ઉપર દુર્ગના દરવાજા જેવી કમાન ગોઠવી, માથું નીચું કરી ત્યાંથી એકદમ પલાયન થઈ જવા પીછેહઠ કરવા માંડી. "

મધુરિકા વચ્ચે જ સખેદ બોલી: " એ તો ઘણું જ કલંકભર્યું–"

ઈશારતથી તેને બોલતી અટકાવી અમથાલાલે ઉંચા અવાજે કહ્યું: " પ્રાણદાયિની, આ પૃથ્વી ઉપર આગળ વધવામાં ફાવી ન હોય એવી અનેક વ્યક્તિ મળી આવશે, પરંતુ પાછળ હટવામાં ફાવી ન હોય એવી એક પણ નહિ મળે. " પછી રામકહાણી ચલાવી: " મહંતનો પ્રચંડ ચીપીઓ ' ફડ ' દઈ ને મારી પીઠ સાથે અફળાતાં સોળ ઉઠી આવવાની ધાસ્તીમાં હું સહિષ્ણુતા કેળવતો મુરદું પડયું હોય તેમ બેસી રહ્યો. થોડીવારે મહંતે અત્યંત ક્રોધાવેશમાં આવી મારી પીઠ ઉપર ચીપીઆનો ફટકો લગાવવાને બદલે જોરથી કાન ખેંચી નીચું નમેલું માથું ઉંચું કરી મને તમાચો લગાવવાની પોતાની ધગશ પુરી

જાણે અમથાભાઈને જ્ઞાતિનો ગોર આજ્ઞા કરતો હોય તેમ સતિનચંદ્રે કહ્યું: "હવે તમે વરવધુ પ્રથમ મુન્સફકાકાને, પછી મને અને પછી અત્રે બિરાજમાન સર્વ તરૂણીઓને નમન કરી તેમના આશિર્વાદ મેળવો, ને પછી જે બાજોઠ ઉપરથી ઉઠ્યા એ જ બાજોઠ ઉપર સજોડે જઈને બેસી જાવ.

રાષ્ટ્રપતિપદનો નિરાકાર નિરંજન મુગટ જીતાયો હોય તેવો વિજયોલ્લાસ અંતરમાં છતાં અતિ વિનયથી અમથાલાલે, મ્હોં કાલાવેલું કરી,હાથ જોડી, જેવા મળ્યા તેવા આશિર્વાદને મીઠા મેરામણ રૂપ ગણી છેવટે વધૂ સિવાયની સર્વ તરૂણીઓને પોતાને હાથે સાકરના પડા, ખારેક ને સોપારી વગેરે વિદાયદક્ષિણા આપી રવાના કરી દીધી.

*

વરવહુ પાસે ફક્ત નાથાલાલ રહ્યા હતા. અમથાલાલે તેને બેસવાની ઈશારત કરી કહ્યું: "મુન્સફકાકા અને સાતનભાઈ હસતા હસતા બહાર કેમ ચાલ્યા ગયા ?"

"આનંદનો અતિરેક હાસ્ય રૂપે પલટાઈ જવાના ભયે બહાર જતા રહ્યા હશેઃ હમણાં પાછા આવશે." નાથાલાલે જણાવ્યું.

સહચરી મેળવવામાં પોતે ફતેહમંદ થવાથી અમથાલાલ એટલા તો ફુલાઈ રહ્યા હતા કે જાણે આ મનુષ્યજીવનમાં કરવા જેવું હવે કાંઈજ રહ્યું ન હોય! તેમણે નાથાલાલને પૂછ્યું: "હવે અહીંથી આપણે ઉઠવું પડશે ને ?"

નાથાલાલે જવાબ દીધો: "ના; ઉઠવાની કશી જરૂર નથી. વચ્ચે પરદો નાખી તંબુના બે ભાગ કરેલા છે. પરદાની પેલી બાજુએ આનાથી લગભગ દોઢી બમણી જગ્યા છે. તેમાં હવે તુર્ત જ રામલીલા શરૂ થશે. આપ અહીં રાસલીલા..." નાથાલાલના સંદિગ્ધ રહેલા બોલથી અમથાલાલ તેનો ભાવ સમજી નિશ્ચિંત બન્યા.

ક્ષણાંતે એકાએક કાંઈક વિચાર આવતાં નવવધૂની સામે જોઇ બોલ્યા: "આ જેન્ટલમેન મારા પ્રાયવેટ સેક્રેટરી છે, અને હવેથી તમારા પણ કહેવાય, એટલે એની શરમભરમ રાખવા જેવું નથી. એ તો આપણા ઘરના માણસ ગણાય."

"વારુ."

અમથાલાલે કહ્યું: "તમારા નામની મને ખબર નથી: એ ગમે તે હોય, પણ આજથી હું તમારું નામ 'મધુરિકા' રાખું છું. મધુરું અમૃત પાન કરાવનારા આ પ્રિય નામથી જ હું તમને હવેથી સંબોધીશ. હવે આપણે નાસ્તોપાણી લઈએ તો કેમ, મધુરિકાદેવી?"

સ્વયંવધૂ બોલ્યા વિના ચુપચુપ બેસી રહી એટલે અમથાલાલે સંમતિ મળી માની નાથાલાલને મિષ્ટાન્ન, મેવો તથા ફરસાણની સારામાં સારી ચીજો ખરીદી લાવવાની વરદી આપી. ચકોર નાથાલાલ અમથાલાલે એકાંત માટે આ યુક્તિ યોજ્યાનું પામી ગયો. શેઠનો હુકમ બજાવવા બહાર ન જતાં નાથાલાલે ત્યાં પડેલા ખુમચામાંથી જ મીઠાઈ, મેવો, ફ્રુટની રકાબીઓ ભરી અમથાલાલ તથા મધુરિકા પાસે મૂકી દીધી; અને પોતાને માટે પણ એક ડીશ ભરી લીધી.

પોતાની ગૂઢ તરકીબ સામે એવી જ ગૂઢ તરકીબ નાથાલાલે લડાવેલી જોઈ અમથાલાલ મનમાં સ્હેજ કચવાયા; પણ મનોભાવ મનમાં જ સમાવી દીધો.

*

અમથાલાલને વિચારમાં મગ્ન થયેલા જોઈ નાથાલાલે કહ્યું: "અમથેશબાબુ, આપ મહાભાગ્યશાળી તો ખરા. મહા પ્રયાસને અંતે આપની ઈચ્છા પ્રમાણે સંસ્કારી, સૌન્દર્યવતી અને મિલનસાર સ્વભાવનાં સહચરી પ્રાપ્ત કરવામાં આપ સફળ થયા તે માટે હું આપના પ્રાયવેટ સેક્રેટરી તરીકે પ્રથમ મુબારકબાદી આપું છું."

એટલું કહી તે વધુ બોલ્યો: "પેલી મિજાજી વાસંતી વગેરેનાં માઈન્ડ હવે આપોઆપ ઠેકાણે આવી જશે." અમથાલાલના મોઢા ઉપર હર્ષ અને અભિમાનની મિશ્ર છાયા ખીલી ઉઠી. નાથાલાલે યાદ આપતાં કહ્યું: "બાબુજી, આપ રામકહાણી કહેવાના હતા, એ યાદ છે ?"

"એ તો તમે સંભાર્યું ન હોત તોપણ હું તમને સૌને બોલાવીને કહેવાનો જ હતો. હવે હું તમારા જેવો ચિરકુંવારો રહ્યો નથી. એટલે સમાજનાં પ્રૌઢ સ્ત્રી–પુરુષોએ મારાથી છેટા ભાગવાની જરૂર નથી. વાસંતીએ મીઠી મીઠી વાતો કરી મારી હાંસી કરવાના જે અખતરા કર્યા છે; તેમજ બીજી જે જે વ્યક્તિઓએ પોતાની રસવૃત્તિને પોષવા ખાતર કોણીએ ગોળ વળગાડી મને નચાવ્યો છે, તેમાંનું કાંઈ જ હું ભૂલ્યો નથી. જે લોકોએ મને હાંસીપાત્ર બનાવવાની કોશીશ કરી છે, એ સર્વની હું મુંબઈ જઈને ખબર લેવાનો છું."

અમથાલાલ ઉલ્લસિત અંતરે નવવધૂની નજીક ખસી તેના મુખમંડળ તરફ મીટ માંડી પ્રફુલ્લવદને બોલ્યા: "મધુરિકા ! આજે મારા—આપણા જીવનનો ધન્ય દિવસ છે. જ્યાંસુધી હું તમારા આ—" વધૂના હાથને સ્પર્શી–"પુનિત હસ્ત મિલનથી પાવન થયો નહોતો, ત્યાંસુધી કેટલાક વિઘ્નસંતોષી પુરુષો તેમ જ ઈર્ષાખોર ને અભિમાની કન્યકાઓએ મને કમનસીબ ગણી મારી કમનસીબી ઉપર મજાક માટે યથેચ્છ રંગની પીંછીઓ ચલાવવામાં બાકી રાખ્યું નથી. પ્રિય મધુરિકે ! તમારા આ હૃદયેશ્વરને પજવવામાં આ નાથાલાલ સિવાય કોઈએ કચાશ રાખી નથી." આટલું કહી એમણે પોતાનો હસ્ત વધૂની હડપચી સુધી લંબાવ્યો અને પત્નીના ચંદ્ર સમાન મુખકમળને નીચું નમાવવા ઉત્સુક થયા.

સ્ત્રીસ્વભાવોચિત લજ્જાભાવ દાખવતી ધીમેથી તે બોલી: "આ શું ! મર્યાદા તો રાખો."

"વહાલી, એ તો આપણા—" અમથાલાલ નાથાલાલ તરફ હસ્ત–નિર્દેશ કરી બોલ્યા.

"એ આપના માણસ છે, એ હું સમજી ગઈ. પણ સંસાર–વ્યવહારમાં તો આપણા બે સિવાય તમામ ત્રીજા જ ગણાય ને?" આટલું કહી માથા પરનો પાલવ સંકોરતી, ત્રાંસી આંખે–ચોરદષ્ટિથી અમથાલાલની સામે જોતી જરાક આઘે ખસી ગઈ.

અમથાલાલ પુરુષપ્રકૃતિ પ્રમાણે હસ્યા ને બોલ્યા: "જે ગણો તે ખરૂં. આ સમયે પણ—"

"પણ શું? પુરુષ એટલે મર્યાદાવંચિત વાસનામૂર્તિ—" વધૂએ કડકાઈથી જવાબ આપી અમથાલાલ સામે મીટ માંડી.

આ પ્રણયવિવાદ શરૂ થતાં નાથાલાલ 'આવું છું' કહી બહાર નીકળી ગયો.

સ્ત્રીસુલભ સ્વાભાવિક શરમાળપણા સાથે સ્વયંવધૂના અવાજમાં સ્ત્રીકંઠની કોમળ નૈસર્ગિકતાનો કાંઈક અભાવ અને સ્ત્રીપાઠ માટે પંકાયેલા મિ. જયશંકર જેવી સ્ત્રીપાત્રની અભિનયકળાનો કંઈક આભાસ અમથાલાલને જણાયો.

એ જ ક્ષણે તંબુના દરવાજાનો પરદો ઉંચકાયો અને મુન્સફકાકાના ઉંધા પાળા જેવા શિરસ્ત્રાણના દર્શન સાથે બહારથી ઇંગ્લીશમાં વિવેકભર્યો અવાજ સંભળાયો: "મિ. અમથેશબાબુ, હું અંદર આવી શકું છું?–સ્વયંલગ્નની મુબારકબાદી માટે?"

અમથાલાલ જવાબ આપે એ પહેલાં તો સતિનને સાથે લઈ નાથાલાલે અંદર પગલાં ભર્યાં.

*

અમથાલાલ બાજોઠ ઉપર સજોડે બિરાજમાન હતા. પોતાના સંબંધમાં બની ગયેલી ઘટના સત્યનો રાહ સંભાળી સ્વમુખે સવિસ્તર કહી સંભળાવવા તે અધીરા બન્યા હતા. મુન્સફકાકાને દરવાજા પર

ઝાડનાં કુંડાં મૂકેલાં હતાં. એક નાના બાંકડા ઉપર જર્મન સિલ્વરના ખુમચામાં શર્કરાનાં પડીકાં, ખારેક અને સોપારી ઉપરાંત તાંબુલનાં સોનેરી વરખવાળાં બીડાં હતાં. બીજા ખુમચામાં સોનેરી-રૂપેરી તારથી ગુંથેલો પુષ્પહાર હતો. એક નાની થાળીમાં અક્ષત અને કંકુ ભરેલી કંકાવટી તથા અત્તરદાની હતાં. મોટા થાળમાં બરફી, પેંડા, ગુલાબ જાંબુ, વગેરે ફરાળમાં ઠસાવી દેવામાં આવેલી વિધવિધ વાનીઓ હતી. એક થાળમાં ફળો હતાં. એએક હાથને છેટે બન્ને બાજુએ ગોળ સ્ટૂલ ઉપર કિટ્સનલાઇટની બત્તીઓ ઝગઝગાટ બળતી હતી. ચારે ખુણામાંની મ્હૈસુરી અગરબત્તીની ખુશ્બોથી આખો તંબુ મઘમઘી રહ્યો હતો. વચ્ચેના ટેબલ ઉપર એક નવું જ ફોનોગ્રાફ હતું.

આ ઝાકઝમાળ, ઠાઠમાઠ અને રોનક જોઈ અમથાલાલને ઘડી-ભર તો એમ જ થયું કે, જાણે પોતે કોઈ જાગીરદારની કન્યાને પરણુવા વરરાજા થઈને મંડપમાં આવ્યા ન હોય!

મુન્સફકાકાએ દરવાજા પાસે લટકાવેલી ઘંટડી વગાડી; અને નાથાલાલે નાટકી ઢબે મોટેથી જાહેરાતનું પ્રવચન કરવા માંડ્યું. અમથાલાલનું લક્ષ બદલાઈ દરવાજા તરફ સ્થીર થયું. થોડીવારે ઓગણીશ-વીશેક વરસની બે તરૂણીઓ અંદર આવી ગાલીચા પર બેસી ગઈ. પછી ઉંમરમાં નાની મોટી દેખાતી બીજી ત્રણને આવતી જોતાં તેમણે મસ્તક નમાવી પોતાના ઉજળા ભાવિની હવાઈ કલ્પનાઓ કરી, મનમાં આ અજોડ યોજનાની નૂતન કલ્પના માટે મુન્સફકાકાને તથા સતિનને ધન્યવાદ આપ્યો.

પછી ઓછા વત્તા પ્રમાણમાં ફુટડી દેખાતી, પહેરેલાં કિંમતી વસ્ત્રો સંકોરતી, ઝાંઝરના ઝણકારથી અને બંગડીઓના રણકારથી પુરુષ-ચકોર ચિત્તને ચંચળ બનાવતી ચારેક તરૂણીઓ અંદર આવી.

અમથાલાલના અંતરમાં આનંદામૃતના ફુવારા ઉડવા લાગ્યા. બે ત્રણ મિનિટ વીતી એટલામાં જાણે વિલાયતની મુસાફરી કરીને તાજી જ ગિરનારની યાત્રાએ આવી હોય તેવી દેખાતી, અપટુડેટ ફેશનમાં

સજ્જ થયેલી, માથા પરના વાંકા સેંથામાંથી ગુંથેલી એવડી ગુચ્છાદાર વેણીઓને મસ્તકને મચકારે મોહક રીતે હલાવતી અને ગૌરવર્ણી હોવાનો આભાસ આપતી એક યુવતી સીમંતિનીની ચાલે તંબુમાં પ્રવેશી. અમથાલાલ તેનાં ડોળ ને દમામ જોઈ ડઘાઈ જ ગયા ને આંખો ફાડીને તેની સામે જોઈ રહ્યા.

બીજી જ પળે તેમને ભાન થયું કે પોતાને મોં વકાસી જોવા જેવું છે જ નહિ: અશક્ય બીના શક્ય બને છે. આશા, ઉત્સાહ ને આનંદનાં ઝરણાંનો મેળાપ થવાથી જાણે જીવનમાં ત્રિવેણીગંગાએ વહેવા માંડયું હોય—અદ્યાપ પર્યંત બંધ રહેલાં તકદીરની તીજોરીનાં તાળાં તડોતડ ઉઘડી જતાં હોય—એવું જણાતાં હૈયું હર્ષથી ઉછળવા લાગ્યું ને એ જ પળે ભાવિ ગૃહસંસારનું સ્વપ્નપટ સર્જતાં ધૂનમાં ને ધૂનમાં ગણગણ્યા:—

એક જ્યોત જગે તુજ નેનનમાં,
રસજ્યોત નિહાળી નમું હું: નમું હું.
એક વિજ જગે મુજ અંતરમાં,
ચમકાર વધાવી રમું હું: રમું હું.
ભર્યો થાળ અતિ મિષ્ટ ભોજનનો,
રસથાળ નિહાળી જમું હું: જમું હું.

*

સતિને અંદર આવી કહ્યું: "ગરમાગરમ કઢેલા મસાલાના દૂધના કટોરા આવે છે. તેનું પાન કર્યા પછી પ્રદર્શન મંડળીના સૂત્ર-સંચાલક મહાશય સ્વયંવધૂની પસંદગી અર્થે બાજોઠ ઉપરથી ઉભા થઈ, અત્રે બિરાજમાન થયેલી સર્વે આશાભરી સુકન્યાઓમાંથી એકને પસંદ કરી તેના કંઠમાં સ્વહસ્તે 'વધૂમાલા' આરોપશે."

મુન્સફકાકાએ તંબુના દ્વારપ્રદેશમાં પગ મૂકતાં સાનંદે જણાવ્યું: "કદાચ પ્રસ્થાપક મહાશયની નજરે એક કરતાં વધારે સુકન્યાઓ સમાન ઠરશે તો દેવી પાંચાળીના સ્વયંવર મંડપની 'મચ્છવેધ' જેવી કોઈ નૂતન યોજના રજુ કરવામાં આવશે."

સ્હેજ મોટી ઉંમરની જણાતી એક તરૂણીએ ઉભાં થઈ જણાવ્યું: "તેવી યોજના રજુ થશે તો હું એ પરીક્ષા માટે ઉત્સુક છું."

તે પછી એક સિવાયની અન્ય તરૂણીઓએ પણ એક પછી એક એમ અનુક્રમે ઉઠી ઉભાં થઈ નારીના હાવભાવ અને સ્વરહલકે પોતપોતાની ઇચ્છા વ્યક્ત કરી.

અમથાલાલે મૌન ધારી બેસી રહેવાનું અનુચિત માની બાજોઠ પર બેઠાબેઠા ઉચ્ચાર્યું: "એવી કોઈ પરીક્ષાની આવશ્યકતા હું જોતો નથી. જાનકીના સ્વયંવરમાં 'ધનુષ્યભંગ'ની અને પાંચાળીના સ્વયંવરમાં 'મચ્છવેધ'ની શર્ત હતી, એ ખરૂં; પણ દમયંતી, રૂક્મિણી વગેરેના સ્વયંવરમાં એવી કોઈ તકલીફવાળી યોજના હતી જ નહિ. વળી આ સ્વયંવર નથી, પણ સ્વયંવધૂની પસંદગી માત્ર મારે જ કરવાની છે; એટલે મુન્સફકાકાના સૂચન માટે અવકાશને સ્થાન છે જ નહિ."

સૌની અજાયબી વચ્ચે મુન્સફકાકાએ ઉપરોક્ત 'રૂલીંગ' સ્વીકારી લીધું.

કઢેલા ગરમાગરમ દૂધના કટોરા આવ્યા: સૌએ તેનું પાન કર્યું. પછી મુન્સફકાકાના સંકેતથી અમથેશબાબુ પૂર આનંદાવેશમાં ઉભા થઈ, દમામભેર હસ્તમાં વધૂપુષ્પમાલા ધારણ કરી, કિટસનલાઈટના પાંચસો કેન્ડલપાવરના સૂર્ય જેવા પ્રકાશમાં ગાંભિર્ય ધારણ કરી પ્રભાવ પાડતા, ગજગતિએ પગલાં ભરતા મંડપમાં બેઠેલી તરૂણીઓની પ્રદક્ષિણા ફરવા લાગ્યા.

ફોનોગ્રાફમાં સ્ત્રીસમૂહના કર્ણપ્રિય મીઠા સુરની રેકર્ડ ચાલુ થઈ:

વાગી સ્વયંવરમાં હાક, ઓ નળ આવ્યો રે;
ચડયાં ઊંચાં કંઈકનાં નાક, ઓ નળ આવ્યો રે.

છાના બોલ બોલે ચબરાક, ઓ નળ આવ્યો રે;
વ્યાપી તંબુ મહીંએ ધાક, ઓ નળ આવ્યો રે.

હાથે શોભે કેવો ફુલહાર, ઓ નળ આવ્યો રે;
ખુલે કોનાં નસીબનાં દ્વાર, ઓ નળ આવ્યો રે.

અમે જો થોભવા ધાર્યું
　　ન ડગલું એક ભરનારા,
ડફણિયાં છો ધડાધડ દો
　　છતાં સત્યાગ્રહી પૂરા !

કહો કાલિંગડો, કાફી
　　અગર કવ્વાલી લલકારૂં,
સુતેલી સર્વ આલમને,
　　પલકમાં ઑર પડકારૂં !

ખફા કુંભારને થોકે
　　રહમ ઊંડી લપાઈ છે !!
ડફણીઆં રોજ ખાવામાં
　　મઝેદારી સમાઈ છે !!!

ગ્રામોફોન ઉપર બીજી રેકર્ડ ફરતી બુલંદ સુરથી બોલી રહી હતી.

*

લખીને નાથાલાલને કહ્યું: "જાવ, ઝટ જઈને સતિનભાઈને આપી પૂછતા આવો કે મારે પેંડોલમાં ક્યારે આવવું."

નાથાલાલ પુંઠાં લઈ ગામડીયા ટપાલીની ચાલે વિદાય થયો. તે પાંચેક મિનિટમાં પાછો આવી બોલ્યો: "સતિનભાઈએ કહ્યું છે કે હમણાં ત્યાં જ નીરાંતે બેસી રહો. નવમાં દશ મિનિટ બાકી હશે એ વખતે મુન્સફકાકા સાથે તેડવા આવીશ. એટલો વખત ત્યાં એકલા બેસવું ન ગમે તો નાથાલાલને રોકજો: તે ભલે મોડા આવે."

"બહુ સારૂં; આવો ત્યારે બેસો." અમથાલાલે કહ્યું.

*

નાથાલાલે તેની પાસે બાંકડા ઉપર બેઠા પછી અમથાલાલને ઉંડા તર્કવિતર્કમાં ડૂબી ગયેલા જોઈ પૂછયું: "કેમ આજ તબિયત બરાબર નથી કે શું?"

અમથાલાલ સાંભળ્યું જ ન હોય તેમ ચુપ બેસી રહ્યા. થોડીવારે ઓચિંતો નિસાસો મૂકી ગંભીરતાથી બોલ્યા: "નાથાભાઈ, સ્વયંવધૂ પ્રાપ્તિ માટે કાર્યારંભ તો કર્યો છે, પણ સફળતા મળે તો–" કહેતાં જુસ્સાથી દાંત કચકચાવ્યા. એ જોઈ સમયવર્તી નાથાલાલે સાશ્ચર્ય પૂછયું: "સફળતા મળે તો શું?"

"કાંઈ નહિ, એ વાત જવાદો: અત્યારે કહેવામાં સાર નથી."

"કાંઈ અડચણ જેવું છે?"

"અત્યારે તો હું અખિલ અવનીને મારા માટે 'અડચણસૃષ્ટિ' બનેલી જોઇ રહ્યો છું!"

"શું કોઈ માઠો બનાવ બન્યો છે?"

"માઠો કહો, મીઠો કહો કે મગજ ભમી જાય તેવો કહો, પણ બન્યો છે ખરો; છતાં એ નથી બન્યો એમ માનવામાં જ અત્યારે મજા છે."

"પણ બન્યું છે શું, એ તો કહો!"

"કહ્યું તો ખરૂં કે આ પ્રદર્શનની સિદ્ધિ ધાર્યા પ્રમાણે બરાબર થઈ જાય તો ગંગા ન્હાઈ પરવાર્યા બરાબર સમજું."

નાથાલાલ જાણે બાંહેધરી આપતો હોય તેમ દઢતાથી બોલ્યો: "એમાં છે શું ? એ કાર્ય તો પાર પડયું જ સમજોને. હું તો એટલે સુધી કહું છું કે સજનિકા, વાસંતી અને નિર્મલબહેન વગેરે સાંભળશે ત્યારે ચકિત થઈ જશે ચકિત !"

અમથાલાલ જરાક ટટાર થઈ બોલ્યા: "તમારા મોઢામાં સાકર: મારે જોઈએ છે એટલું જ. કાકાની આ યોજનાથી કામની સંપૂર્ણ ફતેહ થઈ જાય, તો જે બનાવ બન્યો છે, તે સવિસ્તર લખી સત્યઘટના પ્રગટ કરતા કોઈ નિષ્પક્ષપાત છાપામાં પ્રગટ કરાવું. ભલે તે છપાવવા ખર્ચ કરવો પડે ને મારી થોડીક અંધશ્રદ્ધા પણ લોકોમાં પ્રચલિત થાય; પણ એ બધાંનું એકવાર તો ગુમાન ઉતારી નાખવું છે જ."

"મઢીના દ્વાર પાસે તમને મૂકીને હું આ તરફ આવ્યો ને તમે અંદર ગયા એ વખતે કદાચ મારી ગેરહાજરીને લીધે—"

"નહિ, નહિ. ત્યાં બન્યું એ કાંઈ મગજ ભમી જાય એવું નહોતું. હા, દિલને દુ:ખ થાય એવું તો ખરૂં જ. પણ એમાં આંધળે બ્હેરૂં કૂટાઈ જાય, એવું કંઈક બની ગયું હતું, એટલે ગુસ્સો કરવો નિરર્થક ગણાય."

"વાસંતીબહેન ત્યાં હતાં તો ખરાંને ?"

"યાર એ વાત જ અત્યારે બંધ કરી દો. હું બધું પારખી ગયો છું; પણ આ યોજનાના પરિણામ ઉપર જ આધાર રાખી બેઠો છું. જો આમાં હું ફાવ્યો તો મારી અલૌકિક કહાણી કહીશ અને ન ફાવ્યે તો–" વાકય અધુરૂં રહેવા દઇ અમથાલાલ મૌનવ્રત ધારી વિચારમાં ગરકાવ થયા.

"આ કાર્યમાં ફતેહ મળ્યા પછી તો તમારી કહાણી કહેશોને !"

અમથાલાલ સ્હેજ મોં મલકાવી બોલ્યા: "ત્યારે તો કહાણી કહેવા પહેલાં તમને, મુન્સફકાકાને અને સતિનભાઈને અહીં જે ચીજ વખણાતી હશે તે ખૂબ ખવડાવીશ: અર્થાત્ ખુશખુશ કર્યાં વગર નહિ રહું."

અમથાલાલની રામકહાણીના સંબંધમાં નાથાલાલ કાંઈક જાણતો હોય, કે તેને કશી ખબર જ ન હોય, પણ તેના ચહેરા પર તરવરતી હાસ્યમિશ્રિત ઉત્સુકતાથી એટલું તો સ્હેજે સમજી શકાતું હતું કે આ બાબતમાં કલ્પના કરવા જેટલાં દૃષ્ટિબિન્દુઓ તો તેનાથી અજ્ઞાત નહોતાં. પણ અમથાલાલ આમાંનું કાંઈ વિચારી શક્યા નહિ.

*

કેટલીકવાર સુધી બંને જણા મૂંગા બેસી રહ્યા પછી અમથાલાલ બોલ્યા: "એક બીના તો એવી બની ગઈ છે કે તેથી કદી કોઈને થઈ નહિ હોય એટલી મને અજાયબી થઈ છે. એનો અંત મુંબઈ પેઢીમાં ગયા પછી આવે તો આવે; ત્યાં ન આવે તો કદિ ન આવે."

અંતરનો ઉભરો કાઢતા હોય તેમ તે આગળ બોલ્યા: "નાથાભાઈ, આપણે આવતી કાલે પહેલી ટ્રેનમાં મુંબઈ ઉપડી જવું છે, એ ચોક્કસ. આજનું આ પ્રદર્શન એ મારો અંતિમ પ્રયાસ છે. એને હું મારો છેલ્લો અખતરો કે છેલ્લો દાવ સમજું છું. સતિનભાઇએ મારી પાસે આ યોજના રજુ કરી, તે વખતે ઉંડી વિચારણા પછી તેમાંનું ઉંડું મહત્વ મને સમજાઈ ગયું હતું. જો કે હું તે સમયે કેટલીક માયાજાળમાં જકડાયેલો હોવાથી મને સારા નરસા પરિણામદર્શી એ કન્યા પ્રદર્શનની યોજના વિશે બહુ દરકાર પણ નહોતી. છતાં મેં તે સ્વીકારી એટલા સારૂ કે 'લાગ્યું તો તીર નહિ તો તુક્કો તો છે.' એમાં થનારા ખર્ચ સિવાય જવાનું શું છે?"

*

સતિન આવી પહોંચ્યો. તેની સાથે અંગ્રેજી પોષાકમાં સજ્જ થયેલા, ઉંમરની સરહદે પહોંચી ગયેલા, એક વૃદ્ધાત્માને જોઈ અમથાલાલે અટકળ કરી લીધી. સતિન બેઉ તરફ નજર ફેરવતો બોલ્યો: "આ શ્રીયુત્ મુન્સફકાકા અને આ શ્રીમાન્ અમથાલાલભાઈ પોતે."

અમથાલાલે મોઢા ઉપર હર્ષ ફેલાવી હાથ લંબાવ્યો. જોરથી તેનો હાથ દબાવી શેકહેન્ડ કરી મુન્સફકાકા બોલ્યા: "મિ. અમથેશબાબુ,

ઘણા માણસો બીજાને લોભી, સ્વાર્થી, દંભી અને અક્કલના બારદાન કહે છે, પણ પોતાના દોષ વિશે તો કોઇ વિચારતું જ નથી.'

"એટલે તો માણસજાતના કરતાં પશુ પંખીઓની વિદ્વાનોને પ્રશંસા કરવી પડી છે ને!"

અમથાલાલના આ જવાબથી, વિદ્યાર્થીના ખોટા જવાબથી પરીક્ષક જેમ ખુશ થાય તેમ મુન્સફકાકા ખુશ ખુશ થઈ બોલ્યા: "'પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી' કહેવાય છે તેમ અમથાલાલભાઇની જ્ઞાનશક્તિનું દિગ્દર્શન તેમના આ એકજ જવાબથી થઈ જાય છે. પણ સાહેબ, આપ આટલા દીર્ઘદર્શી છતાં આ યોજના માટે પહેલી દૃષ્ટિએ સંદેહ કેમ કર્યો હશે, એ જ મારી કલ્પનામાં ઉતરતું નથી."

અમથાલાલે જવાબ આપ્યો: "એવો સંદેહ કરવામાં હું અલ્પબુદ્ધિ બન્યો નહોતો, પણ એ વખતે આ યોજનાના ગમે તેવા સરસ પરિણામની યે મને ગરજ નહોતી."

"આપણો વખત થઈ ગયો છે." સતિને કહ્યું. એટલે કાકા અને અમથાલાલ બેઉ સમબુદ્ધિમાનો વચ્ચેની ગંભીર સાઠમારી આપોઆપ અટકી પડી. મુન્સફકાકા અમથાલાલનો હાથ પકડી તંબુ તરફ જવા લાગ્યા. નાથાલાલે અને સતિને એમની પાછળ ચાલવા માંડ્યું.

જાણે રા'ખેંગારના ગઢની આસપાસ સધરા જેસંગની છાવણીના લશ્કરીઓ પોતપોતાના તંબુમાં પોતપોતાની ટૂકડી સાથે દીવાબત્તી સળગાવી લડાઈ કરવાની તક મળશે કે કેમ, તેની ચિંતા મૂકી દઈ મોજમજાહની ધમાલમાં પડ્યા હોય તેમ આખો મેળો કામચલાઉ લશ્કરી છાવણી રૂપ બની ગયો હતો.

*

તંબુના મધ્યભાગમાં જાજમ બીછાવેલી હતી; તે ઉપર ફરતા ગાલીચા હતા. એક દિશાએ તંબુની કનાત વડે બનાવેલી દિવાલ પાસે તાંબા પિત્તળના ચળકતા પત્રાથી મઢેલો ચોરસ બાજોઠ હતો. આસપાસ ફુલ-

કરવા ધાર્યું. પણ મારા ચહેરા તરફ જોતાં જ મને ઓળખી તેણે સાશ્ચર્ય ઉચ્ચાર્યું: ' કૌન અમથાલાલજી ?—"

ત્યારે જ હું હોશકોશમાં આવ્યો ને શાંત સહિષ્ણુતાનું સુંદર પરિણામ આવ્યું છે એમ મને લાગ્યું. પછી મેં મારા દિલમાં રહી ગયેલી સઘળી હિંમત એકઠી કરી પૂછયું: ' મહંતજી, આપ મને ન ઓળખી શક્યા ? '

મહંતે નરમાશથી જવાબ દીધો: ' આપનું મોં મઢીના દ્વાર તરફ હોવાથી હું શી રીતે ઓળખી શકું ? વળી આપ ઓચિંતા અહીં આવ્યા હશો, એ પણ મારા ખ્યાલમાં શી રીતે આવે ? '

તેના આ જવાબથી મને લાગ્યું કે, ક્રોધ કરવામાં તેનો વાંક નહોતો. એટલે ઉદાર ભાવે એ વાત ગળી જઈ હું બોલ્યો: ' અહીં કોઈ બે તરૂણીઓ મારી રાહ જોતી હતી ? '

જવાબમાં તેણે ભાંગીતુટી ગુજરાતીમાં કહ્યું: ' દો ઔરત લોક થોડી દેર પહેલાં યહાં આવી હતી ખરી. એક જુવાન લડકી હતી, ને દુસરી તેની મા હોય એમ લાગતું હતું. એ માઇલોગ આ શીલા ઉપર જ બેસી વાતો કરતી હતી. '

મેં કહ્યું: ' બાવાજી, જેને તમે લડકી કહો છો તે જ વાસંતી. હું એને જ મળવા અહીં ગિરનાર ઉપર આવ્યો છું. વાસંતી વિનોદી સ્વભાવની છે, એટલે કદાચ તમને બનાવવા એણે તમારી આગળ મને ચેલા તરીકે ઓળખાવ્યો હોય. '

બાવાજી બોલ્યા: ' અમથાલાલજી, વાસંતીએ હમકો બનાવવાની યુકિત કરી કે આપકો, એ મેં સમજી શકતા નથી. પણ તે મને એક કાગળ આપકો આપવા આપી ગઈ છે. ' આટલું કહી બાવાજી દહેરીમાં જઈ તરત પાછા આવ્યા ને મને એક બંધ કવર આપ્યું. તે ઉપર મારા હસ્તાક્ષર જોઈ મને યાદ આવ્યું કે એ કવર તો મેં

સંસ્કારીકુમારી મને ગિરનાર ઉપર જવાબ મોકલી શકે, એવા હેતુથી તેને મોકલ્યું હતું એ જ. –" કહી અમથાલાલે ખિસ્સામાંથી કવર કાઢ્યું ને નાથાલાલને આપી વાંચવાનું જણાવ્યું.

કવરમાંથી કાગળ કાઢી નાથાલાલે વાંચવા માંડયું:

" શ્રીયુત્ અમથાલાલ મહેતા,

લખવાનું કે આપનો પત્ર મળ્યો. જવાબ નીચે પ્રમાણે:

જાગ મુજ વ્હાલા ભાઇ ! પંખી વન બોલે,
સ્વપ્ન કેશ ઝાડ તળે કાં હજી તું ડોલે ?
ભાઇ ! કાં લખ્યું ઉમંગભેર ભાન ખોઇ ?
પત્રના જવાબમાં શું ગૂઢતા ન જોઇ ?
ને લખ્યું તમે ' મને મળો, ' ભલે પધારો :
ચરણ પાદુકા મહીં મુકામ છે અમારો.

' સંસ્કારી.'

એ કવિતા સાંભળતાં મુન્સફકાકા, સતિન અને નાથાલાલ સુદ્ધાં આશ્ચર્યચકિત બની ગયા. કોઈ કાંઈ પૂછે એ પહેલાં અમથાલાલે પોતાની રામકહાણી આગળ ચલાવતા કહ્યું : " એ જ પળે મેં બાવાજી પાસેથી જવાની રજા માગી. બાવાજીએ હસીને પૂછ્યું : ' ક્યોં, ઇસ મઠીમેં બૈઠ જાનેકા બિચાર નહિ હૈ ? હમારે પીછે તુમહી મહંત બનોગે ! '

જવાબ દેવાની દરકાર કર્યા વગર હું ત્યાંથી નીકળી કાવ્યપત્રમાં દર્શાવેલા ઠેકાણે જવા સડસડાટ ચાલતો થઈ ગયો.

મધુરિકાએ પૂછ્યું : " એ સંસ્કારીબ્હેન જોડે આપને પહેલાં કાંઈ પત્રવ્યવહાર ચાલ્યો હશે ! "

" વાહ ! મિનાક્ષી, કેવું એકદમ સમજ્યાં. " કહી અમથાલાલ આગળ કહેવા લાગ્યા : ' કાવ્યપત્રમાં દર્શાવેલા ઠેકાણા પ્રમાણે હું ' ચરણ પાદુકા ' નામની જગ્યા પાસે પહોંચી ગયો. '

૧૭:........................અમથાલાલની આપવીતી

ધીમી ધીમી પીડયું રે, ઉંડી ઉંડી વીટયું રે,
સંતો ! આવો કાપવા; હોજી સંતો.
સંસારીએ ઘોળી પાયું મને વિખ !
ધીમી ધીમી પીડયું રે ! હોજી સંતો.

*

અમથાલાલે સાથળ ઉપર આંગળાં પટપટાવી ઉપરોકત ભજન લલકારી મધુરિકાના મોઢા સામે જોઈ કહ્યું: "ભજનની ઉપલી ચાર લાઈનો મેં 'ચરણ પાદુકા' ની જગ્યાના દરવાજા પાસે ઉભા રહીને સાંભળી—"

મુન્સફકાકા વચ્ચે જ અંગ્રેજી-ગુજરાતીમાં બોલ્યા: "આ ઉપરથી બીલીવ કરવાની ફરજ પડે છે કે કોઈએ ભજન ગાવા માંડયું હશે ને તમે તે જ વખતે ત્યાં જઈ પહોંચ્યા હશો!"

અમથાલાલે રામકહાણી પડતી મૂકી કાકાની શંકાનું સમાધાન કરવા કહ્યું: "કાકા, એમાં નવું શું કહ્યું તમે? મેં બારીકીથી જોયું તો અંદરના ચોકમાં એક પ્રૌઢા સ્ત્રી હાથમાં તંબુરો ને મંજીરાં

લઈને બેઠી હતી: તેની પાસે ત્રણેક બીજી બાઈઓ પણ હતી. થોડી પળો સુધી ગાનારીએ હું બોલ્યો તે લીટીઓને અનેક રીતે ફેરવી ફેરવીને ગાયા પછી બીજી કડી બોલી :

કહેવું તે કરવું નહિ, ફરતાં વહવાં વેણ,
લેવું તે દેવું નહિ, રાતાં રાખી નેણ;
સાચો શબ્દ ન બોલવો, કુડાં કથવાં કેણ,
આવી આવી શીખ્યું રે ! હોજી સંતો.

મધુરિકાએ કંટાળાનો ભાવ દેખાડતાં કહ્યું : "આપની રસિક કહાણી કહેતાં કહેતાં આવા લુખા ભજનિયામાં ક્યાં ઉતરી પડચા ? મને તો આપની 'આપવીતી' સાંભળવાની જ ઉત્કંઠા છે."

મધુરિકાની ઉત્સુકતાને સંતોષવાના ઈરાદાથી આપવીતીની કથા આગળ ચલાવતાં તે બોલવા લાગ્યા :

"હું અંદર જઈને તેમની બાજુમાં ઉભો રહ્યો. મને જોતાં જ પ્રૌઢા સિવાયની જે ત્રણેક બાઈઓ હતી, તે ઉઠીને ચાલી ગઈ. કેમ જાણે હું કોઈ વાઘ–દીપડો ન હોઉં !"

મેં ગાયિકાને પૂછ્યું : 'અહીં 'સંસ્કારી' નામે કોઈ ઉતર્યું છે ?'

જવાબમાં સામું પૂછાયું : 'એ નામની કોઈ બાઈ છે શું ?'

'હા. પણ એનું ખરૂં નામ એ નથી.'

'ત્યારે ખરૂં નામ કહો ને !'

'એ તો એના સિવાય કોઈ ભાગ્યે જાણતું હશે.'

મારા આ જવાબથી પ્રૌઢા ગાનારીએ મારી સામે નજર માંડી હસીને પૂછ્યું : 'ક્યાંથી પધારો છો, શેઠજી ?'

'મુંબઈથી.' કહી તેના ઉપર છાપ પાડવાના ઈરાદાથી મેં સામું રૂઆબથી પૂછ્યું : 'તમે કોણ છો ?'

'ગાયિકા.'

'નામ ?'

'ફુલી; પણ એક રસિક કવિએ એ ગામડી નામને સુધારી 'ફુલકુંવર' કર્યું છે. આપનું નામ ?'

'મારૂં નામ પણ તમારા નામપરિવર્તન સાથે સામ્ય ધરાવે છે.'

'તે કેવી રીતે? હું ન સમજી: ફુલાભાઈ ?—ફુલણજી ?—કે ફુલશંકર ?'

મેં કહ્યું : 'નહિ, નહિ, ફુલકુંવર! મારા કહેવાનો મર્મ તમે ન સમજ્યાં. મારૂં મૌલિક નામ 'અમથાલાલ' મને અપ્રિય લાગવાથી મેં પોતે જ તેનો બંગાળીમાં અનુવાદ કરી 'અમથેશબાબુ' સુધારી નાખ્યું છે.'

ફુલકુંવર હસી પડી. એ ઉપરથી મને સ્વાભાવિક રીતે જ થયું કે તેણે મને વિનોદી સ્વભાવનો માન્યો હોય અથવા ચક્રમ મગજનો પણ ગણી લીધો હોય: તેણે ગમે તે માની લીધું હોય. પછી તે બોલી : 'બાબુજી, આપ કહો છો, એ 'સંસ્કારી' ઉપનામ કદાચ અમારાં વાસંતીબ્હેને પોતા માટે યોજ્યું હોય તો નવાઈ નહિ!'

વાસંતીનું નામ સાંભળી મારી અજાયબી અને ઉત્સુકતાને ઉભરો આવ્યો. મને થયું કે હું જેને ઓળખું છું તે વાસંતી અને ફુલી કહે છે તે વાસંતી એક જ હશે ?

*

મારા મનની આ શંકા તેની આગળ હું વ્યક્ત કરૂં, એ પહેલાં તો તે ડાબા હાથ પરના ઓરડા પાસે ગઈ, અને ઇશારતથી મને અંદર બોલાવ્યો. હું ઉતાવળો તેની પાસે ગયો ને નજર કરી જોયું તો વાસંતી ઝુલાખુરશી પર બેસી ઝુલા ખાતી હતી. મને જોતાં જ આવકાર આપતાં તે બોલી : 'ઓહોહો! આપ આવ્યા ? પધારો.'

'ભટજીને એક કપ ચહા વધારે બનાવવાનું કહી આ આવી.' કહેતી વાસંતી ઓરડામાંનો વચલો દરવાજો હડસેલી બાજુના ઓરડામાં ગઈ. દરવાજો ઉઘડતાં બીજા ઓરડામાં ચાર પુરુષો ગંજીપો રમવામાં તલ્લીન હોય એમ દેખાયું. એમને જોતાં મને નવાઈ લાગી.

મુન્સફકાકા વચ્ચે જ બોલ્યાઃ "ત્યારે આ તો એમ થયું કે જ્યારે તમે વાસંતીબ્હેનને શોધતા હતા, ત્યારે તે ન મળ્યાં; અને જ્યારે એને પડતાં મૂકી સંસ્કારીકુમારીને શોધવા ગયા, ત્યારે એને બદલે વાસંતીબ્હેન આપોઆપ અનાયાસે મળી ગયાં!"

અમથાલાલે હાથ ઉંચો કરી કહ્યું: "પહેલાં મારી રામકહાણી પુરી સાંભળી લો. કેફીઅત વખતે મુન્સફનાં ટીકા, દલીલો કે દરમ્યાનગીરી ન હોય. આપ તો ન્યાયાધીશ હતા એટલે શિસ્ત ન સમજો એવું બને જ નહિ." પછી સ્વયંવધૂને ઉદ્દેશી બોલ્યા: "રસેશ્વરીદેવી, તમને હવે કંટાળો તો નથી આવતો ને?"

"ના રસરાજ, રસેશ્વરની રસઘટનાના શ્રવણમાં રસેશ્વરીને રસ અને આનંદ જ આવે. પ્રિય પતિની ગમે તેવી વાતથી પત્નીને કંટાળો આવ્યાનું સતિમંડળમાં કે ક્યાંય આપે વાંચ્યું છે?"

અમથાલાલે અભિમાનપૂર્વક માન્યું કે પોતાનાં સ્વયંવધૂ સીતામાતા સમાં સતિ લાગે છે. એથી ખૂબ આનંદિત બની બોલ્યા: "ફુલકુંવરે મને સુનમુન બેઠેલો જોઈ રીઝવવા બીજું એક ભજન લલકાર્યું. તે મને યાદ રહી ગયું છે; પણ તમે કંટાળો છો એટલે બોલતો નથી." એમ કહી અમથાલાલ પોતાના રસકથનમાં આગળ વધ્યા: "ફુલકુંવર ગાતી બંધ પડી એટલે મેં તેને કહ્યું; 'તમે પણ મારી પેઠે જગતમાં ઘણું માણ્યું લાગે છે.'

કોણ જાણે કેમ, પણ એથી મારા પ્રત્યે એ નારાજ થઇને ગુસ્સાના આવેશથી બોલી: 'શેઠ! મુંબઈમાં રહો છો પણ શિષ્ઠ ભાષામાં બોલતાં ય આવડતું નથી? માણવા માણવામાંયે બહુ પ્રકારના ભેદ હોય છે. મેં બહુ જોયું છે; નાનપણથી રજવાડામાં રહેલી છું. હું ભરજુવાનીમાં

હતી ત્યારે એક દરબારના ડાયરામાં ગાયન કરતી, ભજન ગાતી, પણ કોઈનો ભાર નહિ કે મારી સામે ઉંચી આંખ પણ કરે ! સમજ્યા ?'

મેં બીરબલની ઢબે હાજરજવાબી કરી: 'એટલે જ મેં કહ્યું કે તમે પણ મારી પેઠે જુવાની જીરવી શકયાં છો ને એ રીતે ઘણું ભાગ્યું લાગે છે. ફુલકુંવરબ્હેન, તમે રાજદરબારમાં રહી પવિત્રતા રક્ષ્યાનું કહ્યું તેમ હું પણ ગાયિકા, નૃતિકા, ફિલ્મસ્ટાર વગેરેના સમાગમમાં આવવા છતાં જુવાની જીરવવામાં નાલાયક કે નાપાસ નિવડયો નથી.'

એ તો આપની શીકલ જોતાં જ સમજાય તેવું છે. મારા આશ્રય દાતા દાના રાજકુટુંબને દારૂના દુષ્ટ વ્યસનથી બચાવી તેમના વેડફાતા જીવનને કાયમ માટે બચાવેલું, તેની કદરદાની તરીકે મને હજી વર્ષાસન મળે છે.'

*

આટલી વાતચીત થઈ એટલામાં વાસંતીએ આવી તેના કથનને ટેકો આપતાં કહ્યું: 'એ સાચું છે. નિવૃત્તિના વખતે ફુલીબ્હેન અમારે ત્યાં પણ રહી બોધામૃતનો અમને લાભ આપે છે. આ જમાનામાં ફુલીબ્હેનના જેવું કોઈક જ થશે.'

ફુલકુંવરે મને પૂછયું: 'આપ મુંબઈમાં શું કરો છો ?'

મેં કહ્યું: 'કયારેક સાહિત્ય સંસ્થાની, કયારેક સ્ત્રીસમાજની, કયારેક દેશની, એમ બને છે તે સેવા કરું છું.'

'હમણાં સસ્તી થઈ પડેલી એ કહેવાતી સેવા માટે હું પૂછતી નથી, પણ આપના ધંધા માટે પૂછું છું.'

'ધંધામાં તો આજકાલ મંદીનો ટાઈમ હોવાથી નોકરી કરું છું.'

'કોને ત્યાં ?'

'એક કરોડપતિની પેઢીમાં હું જનરલ મેનેજર છું.'

'ત્યારે પગાર સારો મળતો હશે !'

ફુલકુંવરના આ સવાલનો જવાબ હું આપું, તે પહેલાં વાસંતીએ મને પૂછ્યું: 'કયા કરોડપતિની પેઢીમાં આપ છો, એ તો મને આજ સુધીમાં કહ્યું જ નથી.'

'કેમ તમને ખબર નથી?—હું રાજાબહાદુર યદુનાથ સરકારની પેઢીમાં મુનીમ છું તે?'

'એ પેઢીમાં તો મદનજીભાઈ મુનીમ હોવાનું સાંભળ્યું છે.'

'હાજી, એય છે ને હુંયે છું. મદનજીભાઈ હેડ છે, હું તેમનો એસિસ્ટંટ છું.'

'ત્યાં કામ કરતા રામપ્રસાદ કહેતા હતા કે, એસિસ્ટંટ તરીકે તે પોતે કામ કરે છે.'

'હા, પણ એના હાથ નીચે હું સેકન્ડ એસિસ્ટંટ છું; પણ હોદ્દો તો એ જ ને!'

'રામપ્રસાદના હાથ નીચે સ્વરૂપચંદ મહેતાજી છે ને?'

વાસંતીએ આ બધું કયાંથી જાણ્યું એ મહત્વનો–વિચારવા જેવો પ્રશ્ન છતાં તેની કલ્પનાની ઉપાધી કરવાને બદલે જાણ્યું તે ન જાણ્યું થનાર નથી, એમ સમજી મેં સંભળાવ્યું: 'વાસંતીબ્હેન, સાધારણ લખપતિઓને ત્યાં ચાર ચાર છ–છ મેનેજરો હોય છે, તો કરોડપતિની પેઢીમાં એટલા હોય એમાં નવાઈ જેવું શું છે? તમે રામપ્રસાદ ને સ્વરૂપચંદની વાત કરો છો, પણ એ સિવાય મારાથી ઉપલો દરજ્જો ધરાવનારા બીજા બે મુનીમો યાને મેનેજરો છે, એટલે અમારી ઑફિસ-માં હું ફિફ્થ મેનેજર છું. ધર્માદાખાતાંઓનું લગભગ બધું કામકાજ મારે જ સંભાળવું પડે છે.' આ બધું બાજુના ઓરડામાં રમવામાં રોકાયેલા પુરુષો કાને જરાતરા બ્હેરા હોય તોપણ સાંભળી શકે ને હું કોણ છું, તે વગર પૂછ્યે પણ તેઓ જાણી શકે, એવા ઈરાદાથી હું જરા મોટા અવાજે બોલતો હતો.

*

વાસંતી એ વાતને વધારે આગળ લંબાવે, તે પહેલાં જ મેં તેને પૂછ્યું: 'મને ઓઘડનાથની મઢીએ બોલાવી તમે એકદમ ચરણ પાદુકામાં કેમ આવતાં રહ્યાં?'

વાસંતીએ હાસ્યવદને જવાબ દીધો: 'વાહ! વાહ! ઉલટો સામો આક્ષેપ! મેં ને મારાં બાએ આપની ત્યાં રાહ જોઈ, પણ આપનાં દર્શન જ ન થયાં; એટલે હું સમજી કે તે દિવસે સાંજે પાલવા ઉપર આવવાનું નક્કી કર્યા છતાં આપ આવ્યા નહોતા, એ પ્રમાણે આજ પણ મઢીએ નહિ આવો. એટલે વધારે વખત ત્યાં રાહ ન જોતાં અમે અહીં આવતાં રહ્યાં.'

વાસંતીના આ ખુલાસાથી મને થયું કે કદાચ મઢીએ પહોંચતાં મને મોડું થયું હશે, અને એને લીધે વાસંતીએ એમ સમજી લીધું હોય તો તે સમજણ સ્વાભાવિક ગણાય.

મેં પૂછ્યું: 'તમે મઢીના મહંતને કોઈ કાગળ આપ્યો છે?'

'હા, 'સંસ્કારી' કુમારી તરફનો જવાબ. કવર ઉપર લખેલા શીરનામે તે મારે પહોંચાડવો જોઈએ ને!' તેના આ દ્વિઅર્થી જવાબથી હું નવાઈ પામ્યો.

તે બોલી: 'આપ અહીં સંસ્કારી કુમારીને શોધવા આવ્યા છો, ખરૂં ને?'

'હા. પત્રમાં રૂબરૂ મળવાનું જણાવેલું હોવાથી એક તરૂણીના આમંત્રણનું અપમાન ન કરવું, એમ માની હું અહીં આવ્યો છું.'

'સ્રીસન્માનના ચુસ્ત પક્ષપાતી આપ જેવા બહુ ઓછા હોય છે!'

'એ સુન્દર માન્યતા ધરાવવા માટે આભાર. સંસ્કારીકુમારી અહીં ઉતર્યા છે?'

'હા, અમારા કુટુંબ સાથે જ છે.'

'મને તેની સાથે મેળવી આપશો?'

'મેળવી આપવામાં હરકત નથી. પણ આપને મુંબઈથી મેં બોલાવ્યા, મારા આમંત્રણથી આપ આવ્યા, અને અહીં આવ્યા પછી બીજીનું આમંત્રણ મળતાં મને મળ્યા કર્યા વગર જ મારા તરફ બેદરકાર બનો, એ યોગ્ય કહેવાય?' કહી વાસંતી હસી પડી.

વાસંતીના દિલમાં ઈર્ષ્યાનું કિરણ પ્રગટી આવ્યું છે, એમ સમજી મેં ફેરવી તોળ્યું: 'નહિ, નહિ; એવું કાંઈ જ નથી. હું પ્રથમ તો તમને જ મળવા આવ્યો છું: 'સંસ્કારી' કુમારીને તો માત્ર જે કાંઈ કહેવું છે તે ગૌણ જેવું છે.' આ પ્રમાણે કહી—"

અમથાલાલ આગળ બોલે એ પહેલાં મુન્સફકાકાએ વચ્ચે જ મુદ્દો ઉભો કરતાં કહ્યું: "હું ધારૂં છું કે સંસ્કારી કુમારીને નજરો નજર જોવાનું કારણ એ હોવું જોઈએ કે જો તે વધારે સુંદર હોવા સાથે આપ એને પ્રાપ્ત કરવામાં સફળ થઈ શકો તેમ હો તો વાસંતી તરફની લાગણી બદલી તેની ઉપર ઉતારો. કેમ એ જ હેતુ ને આપનો?"

અમથાલાલ નારાજ થયા ને જાણે કાકાને ઠપકો દેતા હોય તેમ બોલ્યા: "કોર્ટમાં તમે ઘણા કેસો ચલાવ્યા હશે તેથી, અગર અનુભવ ઉપરથી એવું સમજી શક્યા હો તો ભલે; પણ પ્રાઈવેટ મેટરમાં કાયદાબાજી દાખલ કરવાની જરૂર નથી. જો કે હવે તો હું આ મદિરાક્ષી મધુરિકા જેવી સતિ સ્ત્રીને પામ્યો છું. મને કોઇનોયે મોહ રહેલો ન હોવાથી તમારો ખરો કે ખોટો ચુકાદો કે કલ્પનાથી ઉભો કરેલો મુદ્દો સ્વીકારવામાં લાભ–હાનિનો ભય નથી."

અમથાલાલનાં નવવધૂ બોલ્યાં: "મહાન્ માન્ધાતા મારા પ્રત્યે આટલો અગાધ પ્રેમ પ્રગટાવે છે, એથી હું ધન્ય સમજું છું; અને આપને આગ્રહ કરૂં છું કે જે બન્યું હોય તે બધું અમને વધુ તલસાવ્યા વિના નિઃસંકોચ કહી સંભળાવો."

અમથાલાલે પોતાની રામકહાણીની કેફીઅત આગળ લંબાવી: "પછી વાસંતીએ જણાવ્યું: 'ચાલો, સામેના ચહા પીવાના ઓરડામાં જઈએ.'

*

હું, વાસંતી અને ફુલકુંવર સામેના ભાગમાં આવેલા એક ઓરડા પાસે ગયાં. તેમાં ગાદીતકિયા બિછાવેલા હતા. વચ્ચે મોટા ગોળ ટેબલ આસપાસ ખુરશીઓ ગોઠવેલી હતી. એક તરફ ગાદીતકિયા મખમલના પણ જણાતા હતા. વાસંતીએ મને કહ્યું: 'આપના મોભાને ઘટે ને આપને યોગ્ય લાગે ત્યાં આપ બેસી શકો છો.'

વાસંતી પરની મારી છાપ મજબુત કરવાના હેતુથી હું મખમલના ગાદીતકીયા ઉપર ગોઠવાઈ ગયો.

તેણે ફુલકુંવરને ઉદ્દેશી કહ્યું: 'ફુલીબ્હેન, બા વગેરેને અંદરથી બોલાવોને! કહેજો કે વાસંતીબ્હેનને મળવા મુંબઈથી અમથાલાલભાઈ આવ્યા છે.'

મેં વધારામાં તેને કહ્યું: 'સંસ્કારીકુમારીકાનેય કહેજો.'

વાસંતીએ તેના વતી જવાબ દીધો: 'એ તો વગર કહેવડાવ્યે પણ આપને અહીં મળશે.'

થોડીવારમાં ત્રણ પુરુષો અને બે સ્ત્રીઓ આવ્યાં. પુરુષો મારા પરિચિત હતા. તેમને જોતાં જ મને એવો તો ગભરાટ થયો કે ટાઢીઓ તાવ ચઢતાં માણસને જેવી કંપારી આવે, તેવી જ અસર મને પણ વગર તાવે થઈ આવી.

ત્રણ પુરુષોમાં એક હતા અમારી પેઢીના મુનીમ મદનજીભાઈ, બીજા શેઠ પોતે અને ત્રીજા શેઠના ભાઈ. આ સર્વની પાછળ કેટલાક કદમને અંતરે એક બ્રાહ્મણને મોટા ખુમચામાં ચહાના કપરકાબી ગોઠવતો જોઈ એમના સંબંધમાં કાંઈ પણ ન પૂછતાં વાસંતીને ઉદ્દેશી હું બોલ્યો: 'આ ગૃહસ્થો અહીં ચહા પીવા આવતા હશે!'

વાસંતીએ જાણે સાંભળ્યું જ ન હોય તેમ એકદમ નજીક આવેલા મારા શેઠ વગેરે તરફ જઈ તેમને અંદર લઈ આવી ને તે પણ સૌની સાથે એક ખુરશી પર બેસી ગઈ.

હું સમજી ગયો કે વાસંતીએ આંખ આડા કાન કરવા જેવું કર્યું; પણ હું સમયસૂચકબની ગંભીરપણે મારી જગ્યાએ જ બેસી રહ્યો.

વાસંતી મારા શેઠને મારી ઓળખાણ આપતાં બોલીઃ 'કાકા, હું જે અમથામામા માટે કહેતી હતી, તે આ પોતે જ.'

મારા શેઠ કાંઈ પણ બોલે એ પહેલાં મુનીમજી બોલ્યાઃ 'આ ગૃહસ્થ પોતે, વાસંતીબ્હેન, તમારા મામા ?—'

આ શબ્દો સાંભળતાં જ મારી છાતી થડકી. ઓરડામાંનાં ગાદી-તકિયા તથાં ટેબલખુરશી અને ત્યાં બેઠેલાં બધાં જ માણસો વિમાનમાં બેઠાં હોય અને એ વિમાન પવનને ચક્રાવે ચડ્યું હોય, એવી મને ભ્રાન્તિ થઈ. એક ઉંડો નિસાસો મૂકી અમથાલાલે આગળ ચલાવ્યું: "આ વખતે મારી સ્થિતિ હું યે ન સમજું એવી વિચિત્ર થઈ પડી હતી. ત્યાં તો એક તરૂણી જરા મોટી ઉંમરની હતી તે મારા મોં સામે તાકીને જોઈ રહી. પછી તે હસીને બોલીઃ 'ઓહો ! આ તો અમથો—'

બસ ! થઈ રહ્યું. એ જ પળે મારા કોઠામાં ગોઠવાયેલાં આંતરડાં તોફાને ચડ્યાં, ને ગુંચળાં વળવા લાગ્યાં. મારી એ સમયની દશા હું શી રીતે વર્ણવું ? મને સહસ્ત્ર મુખ હોત તોપણ હું એ સમયની પરિસ્થિતિનું બ્યાન યથાયોગ્ય તો ન જ આપી શકત.

મોટા શેઠે એ તરૂણીને ઉદ્દેશીને પૂછ્યું: 'આ જેન્ટલમેન તમારા ભાઈ થાય ?'

તરૂણી બોલે એ પહેલાં તેને ઉદ્દેશી વાસંતી બોલીઃ 'બા, અમથાભાઈ બહુ સારી પાયરી પર છે. મુંબઈમાં એક કરોડપતિની ઑફિસમાં દોઢસોના પગારે મેનેજર છે, એમ તે પોતે કહે છે.'

મુનીમજી, મારા શેઠ, મોટા શેઠ વગેરેએ જાણે કેમ મને કદી જોયો જ ન હોય તેમ મારી તરફ બે હાથ જોડી પોતાની પ્રસન્નતા દાખવી રહ્યા. આથી મારી સ્થિતિ એવી થઈ ગઈ કે હું ક્યાં બેઠો છું તેનુંયે મને ભાન ન રહ્યું.

મુનીમજી શેઠ તરફ હાથ લંબાવી મારી સામે જોઈ નમ્રભાવે બોલ્યા: 'અમથાલાલભાઈ, આ મારા શેઠસાહેબ—વાસંતીબ્હેનના કાકા—એ પાંચ લાખના આશામી છે. હું એમની પેઢીમાં હેડ મુનીમ છું, પણ મને આપના જેટલો ભારે પગાર આપી શકતા નથી.'

પછી મોટા શેઠે મને પૂછ્યું: 'આપ અહીં રોકાશો ક્યાં સુધી ?'

મેં કહ્યું: 'કલાક—અર્ધો કલાક.'

'આપની મુલાકાતથી હું બહુ ખુશ થયો છું. મુંબઈ પધારો ત્યારે અમારે બંગલે જરૂર આવતા રહેજો. બની શકે તો આપના શેઠીઆને પણ આપણે ત્યાં તેડી લાવજો.' આટલું કહી તે મૌન રહ્યા.

*

ચહા આવતાં અમે સૌએ ચહા પીધી. વાસંતી પોતાની બા જોડે કાંઈક વાતચીત ધીમેથી કરી રહી હતી. મને લાગ્યું કે મારા સંબંધમાં જ તે હશે.

ચહા પીવાઈ રહ્યા પછી મારા શેઠ, મોટા શેઠ તથા મુનીમજી ત્રણેયે ઉભા થઈ મારી પ્રત્યે અત્યંત સન્માન દાખવતા હોય તેમ બે હાથ જોડી, નમસ્કાર કરી જવા માંડ્યું. મુનીમજી બોલ્યા: 'શ્રીમાન્, આપને ઘણું કામ હશે અને આપનો ઉપયોગી વખત બગાડવો ઈષ્ટ નહિ, એમ સમજીને અમે જઈએ છીએ. આપનું સંશોધનનું કામ પતાવી આપ મુંબઈ પધારો ત્યારે અમારી પેઢી ઉપર પધારવાની કૃપા કરવા ભુલશો નહિ.' એટલું કહ્યા પછી મારા જવાબની રાહ જોયા વગર તેઓ સામેના ઓરડામાં અદૃશ્ય થયા. એ સૌની મુખચર્યા આનંદથી ખીલેલી જણાતી હતી.

તેમના ગયા પછી વાસંતીનાં બા કે જેને જોતાં મને નવાઈ થઈ હતી અને મને જોતાં એને નવાઈ થઈ હતી, તેણે વાસંતીને કહ્યું: 'આ અમથો હવે અમથાલાલ થયો હોય ને મોટી પાયરી ઉપર ચડી ગયો હોય તો ભલે, બહુ ખુશી થવા જેવું કહેવાય. બાકી તો એના બાપા ભૂખણદાસ આપણા નાથામામાને ત્યાં જ રહેતા, ને ત્યાં જ

ખાતાપીતા. બિચારા અવસ્થાને લઈ નોકરી ધંધો કરી શકે તેમ ન હોવાથી ન્યાતના છે, એવું સમજી મામા એમને પોષતા. એકાએક એમનું અવસાન થયું, ત્યારે આ અમથાની સંભાળ લેવાનું મામાને સોંપતા ગયા. એ વખતે હું નાની હતી. અમથાને ભાઈ કહીને બોલાવતી; ને અમથો મને બ્હેન કહીને બોલાવતો. કેટલાક વખત પછી એકા-એક તે મુંબઈ તરફ ઉપડી ગયો. પછી તેનું શું થયું, તેની ખબર જ નહોતી.' એટલું બોલી તે મારા મોઢા સામે જોઈ બોલી: 'ભાઈ, મુંબઈ આવે ત્યારે જરૂર બંગલે આવજે.'

મને બ્હેનનું આમંત્રણ કવીનાઈન જેવું કડવું ઝેર લાગ્યું, પણ હું કશું બોલી શકયો નહિ. એકાદ બે મિનિટ ત્યાં બેઠા પછી વાસંતીનાં બા ઉંડી લાગણી દર્શાવતાં અંદર જતાં રહ્યાં.

વાસંતી મારા મોં સામે જોઈ બોલી: 'જોયું, સ્વતઃ મુલાકાતથી બધાંને કેટલો આનંદ થયો ?'

*

મેં અધીરાઈથી પૂછ્યું: 'વાસંતીબ્હેન, સંસ્કારીકુમારીકા હજી કેમ ન આવ્યાં ?'

મારા સવાલના જવાબમાં તે હસીને બોલી: 'મામા, એને તમે નજરે જોઈ નથી તો ઓળખશો કેવી રીતે ? તમારી પાસે તેને ઓળખવાનું કાંઈ સાધન હોય તો કહો. સમજો કે તે અહીં હાજર છે.'

'સાધન દાખલ એની ને મારી વચ્ચે ચાલેલા પત્રવ્યવહાર સિવાય બીજું કશું નથી.' શું કહેવું તે સમજાયું નહિ છતાં મેં કહ્યું. હું ગુંચવાડામાં પડ્યો.

'ડિટેક્ટીવો હસ્તાક્ષર પરથી તો ભયંકર ને ગમે તેવા ભેદભરમ-વાળા ગુન્હા શોધી કાઢે છે, અને તમારા જેવો બહુશ્રુત—દીર્ઘબુદ્ધિમાન શું એક સાધારણ કન્યાને શોધી નહિ શકે ?' કહી વાસંતીએ કહ્યું: 'બે ચાર બૈરાંના હસ્તાક્ષરો મારી પાસે છે. લ્યો ને જુઓ. એમાંથી તમે સંસ્કારીકુમારીકાના હસ્તાક્ષર પારખી કાઢો, તો તે ઉપરથી ઓળખી શકાશે.'

મેં આશ્ચર્યચકિત બની પૂછ્યું: ' બત્રીસ પુતળીમાંની વાર્તા જેવું કરવાની શી જરૂર છે ?'

તે બોલી: ' તમારા જેવા બત્રીસીએ પહોંચેલા, બત્રીસદંતી, ને બત્રીસલક્ષણા નરે તે સૂચના સ્વીકારવી જોઈએ.' કહી તેણે પોતાનું ધાર્યું કરાવવાનું દબાણ કર્યું. હું તો ડઘાઈ ગયો હતો. એનાથી દબાઇ ગયેલો હોવાથી તેના કહેવા મુજબ તેણે આપેલા કાગળો તપાસવા પડયા. તેમાંનો એક કાગળ વાંચતાં હું ચમકયો ને બોલી ઉઠયો: ' આ કાગળ વાંચતાં સમજાય છે કે જેને હું અત્યારની ઘડી સુધી કુમારિકા ધારતો હતો, તે સજનિકાબાલા તો પરણેલી છે, ને તેનો પતિ બેરીસ્ટર થઈ મુંબઇ આવવાનો છે.' આ નવો ભેદ પામતાં મારા દિલમાં જબર ફટકો પડયો. સજનિકાના સંબંધમાં બનેલા બધા બનાવો મને યાદ આવ્યા.

વાસંતી બોલી : ' મામા, તમારી સંસ્કારીબ્હેનના અક્ષર તેમાંથી શોધી કાઢો ને !'

મેં કાગળો તપાસી ઉંડો નિશ્વાસ મૂકી કહ્યું : ' બાકીના કાગળો તો સંસ્કારીકુમારીકા ઉપર મેં લખેલા તે છે.'

વાસંતી બોલી : ' એ કાગળોમાં આપે સંસ્કારીકુમારીકા તરફ ઉંડો સ્નેહભાવ અને લગ્નેચ્છાની લાગણી દર્શાવ્યાનું જોઈ શકાય છે.'

' મેં તો જેટલું દર્શાવાય તેટલું દર્શાવ્યું, પણ તેણે...' અધુરૂં જ કહી હું બોલતો અટકયો.

વાસંતીએ મારી સામું તિરછી નજરે જોયું. કેટલીયે તરુણીઓની તિરછી નજરમાં ચંદન જેવી અદશ્ય સુગંધ હોય છે, પણ કોઈ સ્ત્રીની તિરછી નજરમાં તજના અર્ક જેવી તીખાશ મેં કદી નહોતી જોઈ તે એમાં જોઈ. હું બોલ્યો : ' મારી પાસે તેનો એક કવિતાપત્ર છે, તેમાં તેના હસ્તાક્ષર છે.'

'બતાવો જોઉં.' ગંભીર થઈ વાસંતી બોલી.

ઓઘડનાથની મઢીના મહંતને મને આપવા જે પત્ર તેણે આપ્યો હતો, એ જ પત્ર મેં તેના હસ્તમાં મૂક્યો. પત્ર ઉપર નજર ફેરવ્યા પછી તે ચકિત બની હોય તેવા ભાવથી બોલી: 'મામા, આ તો મારા જ હસ્તાક્ષર !'

'તમારા જ ?—શું ખરૂં કહો છો ?' હું આંખ ને હોઠ ફુલાવી તેની સામે જોઇ જ રહ્યો. તેણે કશો જવાબ ન આપ્યો. તે એકદમ ઉભી થતી બોલી: 'મામા, મને તમારી દયા આવે છે. આજ સુધી મને ખબર નહોતી કે મૂંગા પ્રાણીઓ સિવાય દયાને પાત્ર ઠરે એવાં બોલતાં, હાલતાં ચાલતાં મનુષ્ય પણ જગતમાં હશે.'

મેં કરડાઈથી કહ્યું: 'હવે તો ખબર પડી ને !'

મારા આ કહેણથી તે આંખમાં પાકા કલિંગડ જેવો લાલ રંગ લાવી મારી સામે મીટ માંડી રહી.

મેં કહ્યું: 'વાસંતીબ્હેન, હું મૂર્ખ છું, ભોટ છું, કે અક્કલનો બારદાન છું, એવું જો માનતાં હો તો મનમાંથી તે વિચાર કાઢી નાખશો. મારા સંબંધમાં ગોઠવાયેલી વ્યૂહરચના માટે હું સર્વજ્ઞ છું—હું જીવન-સહચરીનો શોધક છું.'

વાસંતીએ ઉતાવળા ચાલવા માડ્યું, ને જતાં જતાં તે બોલી: 'મામા, અત્યાર સુધી મને તમારી દયા આવતી હતી, પણ હવે તો તમારા માટે ભય સુદ્ધાં લાગે છે.'

'શાનો ભય ? હું કાંઈ મવાલી બવાલી થોડો છું કે મારો ભય રાખવો પડે ?'

'મામા, મને તો તમારા માટે એ ભય લાગે છે કે રખે તમે ક્યાંક આજ કાલમાં 'સહચરી ! સહચરી !' એમ બૂમ મારતા રસ્તામાં ભટકતા ન થઈ પડો !'

એ સાંભળી મને ખૂબ જ ક્રોધ ચડ્યો. વાસંતી મને ક્રોધે તપાવી લાલચોળ તપેલા લોખંડ જેવો કરી ત્યાંથી જતી રહી. થોડીવારમાં જ હાથમાં કાંઈક લઈ પાછી આવી તે મારી સામે ઉભી. એ વખતે તેના મોં પર ગુસ્સાની લાલ રેખાઓ નહોતી; ધિક્કાર નહોતો. તેના હાથમાંના પોટલા તરફ મારી દૃષ્ટિ પડતાં હું ચમક્યો. પણ મને બોલવાની જરૂર પડે એ પહેલાં જ પોટલું આપતાં તે બોલી: 'વાસંતીના મામા, આ પોટલું તમને આપવા માટે મારી ઉપર આવ્યું છે. પેલા પત્રની સાથે જ આ તમને પહોંચતું કરવાની મારી તો ઇચ્છા હતી, પણ એક લાલચથી મેં તેમ કર્યું નથી.'

મેં પૂછ્યું: 'કઈ લાલચથી ?'

જવાબમાં વાસંતીએ કહ્યું: 'થોડા દિવસમાં તમારી આ ભાણેજના ભાવિપતિ ન્યૂયોર્કથી સ્વદેશ આવે છે: અમારાં લગ્ન વખતે મામા તરફથી સારી ભેટ મેળવવાની ઇચ્છા છે. મામા, આ પોટલામાં જે હોય તે મારા લગ્ન વખતે મને બક્ષિસ આપશો ને!'

'તમે મને 'મામા–મામા' શાના કહો છો ? હું કાંઈ તમારો મામો થતો નથી.'

વાસંતીએ જવાબ દીધો: 'સગા નહિ તો કહેવા પુરતા પણ ખરા ને!'

'આ પોટલું કોણે મોકલ્યું ?' મેં પૂછ્યું. તેના ઉત્તરમાં તેણે કહ્યું: 'છોડીને જુઓ એટલે જણાશે.'

કહી તે ટટાર ઉભી રહી. પોટલું છોડીને જોતાંની સાથે જ અનિચ્છા છતાં મારા મુખમાંથી ઉદ્ગાર નીકળી પડ્યા: 'આ તો મેં સજનિકાબાલાને આપેલું તે બધું !'

વાસંતી મારા ચહેરા સામે જોઈ રહી ને હું મારી અનામત વસ્તુઓ સામે જોતો થંભી ગયો.

સજનિકાબાલાના સૌજન્યનો પ્રત્યક્ષ પરચો કરતા જે તે વખતના તેના શબ્દોનો ઉંડો મર્મ મને સમજાયો.

"દવા લેજે, દવા લેજે, દિવાના ! તું દવા લેજે;
બધાંએ સાધ્ય દર્દો છે, દિવાના ! તું દવા લેજે.
જિગર ઉપર મલમપટ્ટા, થવા સંયમ તણા દેજે;
હકિમ શોધી તું સંયમનો, અબે પાગલ દવા લેજે !"

વાસંતી આટલું મને સંભળાવી ખડખડાટ હસતી ચાલી ગઈ. તેનું આજનું હાસ્ય મને ભયાનક–કાળમુખું લાગ્યું.

*

"તમારી આટલી હકીકત ઉપરથી સાબિત થાય છે કે વાસંતી એ જ સંસ્કારી કુમારી." મુન્સફકાકાએ ગંભીરપણે પોતાનો નિર્ણયાત્મક મત પ્રદર્શિત કર્યો.

અમથાલાલ સહેજ ગુસ્સાથી બોલ્યા : "ધારાશાસ્ત્રી તરીકેનું તમારૂં આવું અનુમાન અંગ્રેજી ધોરણની અદાલતમાં ચાલતું હોય તો ભલે: સંસારવ્યવહારમાં નહિ, સમજ્યા કાકા ?" પછી પોતાની મેળે જ નમ્ર થઈ તે બોલ્યા : "એટલું તો હું સ્વીકારૂં છું કે, કદાચ તમે કહો છો તે સાવ ખરૂં ન હોય, તોપણ સાવ ખોટુંય નહિ હોય. તમે માનો

કે ન માનો, પણ સાચું શું ને ખોટું શું તેની સમીક્ષા કરવા જેવી એ વખતે મારા મગજમાં સેન્સ જ રહી નહોતી. અત્યારે પણ એવી તારવણી કરવા પાછળ મારૂં મગજ કામ કરી શકે તેવી હાલતમાં નથી. આ ક્ષણે તો મારી તમામ અભિલાષાઓ સર્વોત્કૃષ્ટ રીતે પાર પડેલી–ફળીભૂત થયેલી હોવાથી હું સદ્દભાગ્યના ઝુલે ઝુલી રહ્યો છું."

અંતરમાં આનંદનું મોજું ઉછળી આવતાં તે એકદમ ઉભા થયા ને ટટાર ઉભા રહી હાથના હાવભાવ સાથે બોલ્યાઃ "મારા શેઠ ને મુનીમ મને ઓળખી શકયા નહિ હોય કે ઓળખવા છતાં વાસંતીની છળવિદ્યાને અનુસરી કાંઇ જાણતા જ ન હોવાનો તેમણે ડોળ કર્યો હશે ? આ ગુઢ પ્રશ્ન વિષે વિચાર કરવા જેટલી તકલીફ પણ અત્યારે હું મારા આનંદમગ્ન બ્રેઈનને આપવા ઇચ્છતો નથી. સમય આવ્યે એની મેળે સઘળું સમજાઈ આવશે."

નાથાલાલ બોલ્યો : "અમથાભાઈ, ધર્મશાળાના બાંકડા ઉપર બેસીને સાંજના આપણે વાતચીત કરતા હતા, ત્યારે વાસંતીબ્હેનના મેળાપનું નામ પડતાં જ તમે જે ધુંધવાટ દર્શાવેલો અને સ્વયંવધૂ પ્રાપ્તિની યોજનામાં સફળતા મળ્યા બાદ સર્વ ઘટના ઘરના છાપરે ચડીને છાપે ચઢાવવાનું કહેલું, તેનું રહસ્ય હવે મને બરાબર સમજાયું."

મધુરિકા બોલી, "ટૂંકામાં કે, ચસ્કેલ ભેજાના મારા પ્રિયકરને સજનિકાબ્હેને સીધી રીતે, અને વાસંતીબ્હેને ગલગલીયાં કરાવે તેવી બનાવટી મોહજાળ પાથરી ખરે નામે તેમજ બનાવટી નામે એમ બેવડી રીતે પાગલ બનાવ્યા !"

"બહેન, એવા કે એથી વિશેષ નવીનતાભર્યા બીજા કિસ્સા શ્રીયુતના જીવનઇતિહાસમાં બહુએ બન્યા હશેઃ કદાચ કયાંક પુષ્પાંજલિનો યોગ પણ સધાયો હશેઃ એ બધું ધીમે ધીમે સમજાશે." મુન્સફકાકાએ પોતાનું તાર્કિક અનુમાન હાસ્ય સાથે રજુ કર્યું.

*

મીઠી મશ્કરીથી આકર્ષી પોતાને બનાવનારી તરુણીઓ પ્રત્યે ખફગી બતાવી, મધુરિકાને પોતાનું ઉપરાણું લેતી જોઈ અમથાલાલ રાજીરાજી થઈ બોલ્યાઃ "સુહાગિની, તે માટે ફીકર નહિ કરતાં. એ બધી તુમાખી તરુણીઓને તેમજ ટીંખળી તરુણોને ખબર પડશે કે જગતમાં કોઈ એ કર્યું ન હોય કે મેળવ્યું ન હોય એવું કરી અમથાલાલ સ્વયંવધૂને પામ્યા છે. આ મધુરિકા–" તેની સામે હસ્તનિર્દેશ કરી, "જેવી સંસ્કારી અને સુસ્વરૂપ યુવતીના પ્રિયકર થયા છે, ત્યારે જ તેમના ને બીજી કઈકના..."

અમથાલાલનું વાક્ય પૂરૂં થાય એ પહેલાં જ મધુરિકા ઉભી થઈને લાડકવાયા હાવભાવથી બોલી : "મારા કોડીલા કંથ ! ઉઠો રામલીલાના પાઠનો..." પોતાનું સાર્થ બોલવાનું અધુરૂં જ રાખી મધુરિકાએ અમથાલાલને હાથ ઝાલી ઉઠાડચા.

"આ રામલીલા સાધનસંપન્ન ગણાય છે, ખરૂં કે ?"

"આપણે શું જાણીએ; પણ સાંભળવા પ્રમાણે દશ–બાર સરખા છોકરાનો સેટ ધરાવનારી નાટક કંપની પણ આ તરફ કોઈક જ હોય છે." સતિને અર્થ વગરનો ખુલાસો કર્યો.

મુન્સફકાકાએ એ મુદ્દા ઉપર ચુકાદો આપ્યોઃ "રામલીલાના સ્વરૂપમાં આ પણ નાટક મંડળી જ કહેવાય."

"તો ચાલો." કહેતા અમથાલાલ મધુરિકાના હાથમાં હાથ રહેવા દઈ મલપતા ચાલવા તત્પર થયા. તે અત્યારે જાગૃત છે કે સુષુપ્તિમાં એ વિશે ખરી કલ્પના થવી અશક્ય હતી.

રામલીલાવાળાએ ખાલી રાખેલી પહેલી હારમાં જઈને સૌ બેસી ગયા. પ્રેક્ષકોમાં અંદરો અંદર ગુસપુસ વાતો ચાલી રહી હતી કે, "સુલોચનાનો પાઠ કરનાર છોકરો જાણે આબેહુબ સ્ત્રી જ જોઈ લો. કહે છે કે, તેણે આજ તો કમાલ કરી છેઃ મુંબઈથી આવેલા એક જેંટલમેન સાથે પરણવાનો પાઠ આબાદ ભજવી તેણે બરાબર બનાવ્યા !"

*

મધુરિકા ધીમેથી બોલી: "વ્હાલા ! હું મારા ઓળખીતાને જરા મળી આવું છું: મારી સીટ ખાલી રાખજો."

અમથાલાલ આશ્ચર્યથી એની સામે જોતા જોતા બોલ્યા: "આ રામલીલા ભજવનારા—"

"પ્રિય ! આપ જોજો તો ખરા કે ઇન્દ્રજીતના મરણ પાછળ સુલોચના કેવો છાતીફાટ વિલાપ કરે છે ! એવું કરૂણ દશ્ય આપને પહેલું ને છેલ્લું જ જોવાનું હશે."

મધુરિકા લાડકવાયા ચેનચાળા કરતી, અમથાભાઈના ગાલે લાડભરી ધીમી ટાપલી મારી, તીરછી આંખે નેત્રપલ્લવી સાધી, એક કાળે મુંબઈના ધનપતિઓની મોજીલી મહિલાઓને પોતાના અંગમરોડ વડે આકર્ષનારી ગુજરાતી કંપનીની 'સુંદરી'ની ચટક ચાલે, પ્રેક્ષકો તરફ આંખ મારી, અમથાલાલની શીકલ જોવાની ઇસારત કરતી તે સડસડાટ અંદર ચાલી ગઈ: અમથાલાલ વીલા મ્હોંએ જોઈ રહ્યા.

મધુરિકાનો આ અંગુલીસ્પર્શ અમથાલાલને ઇન્દ્રલોકની અપ્સરા ઉર્વશીના સ્પર્શસમો મીઠા મધ જેવો કે ગોકુળની મસ્ત મહીયારીના ખડછટ હાથના મુંઢમાર જેવો લાગ્યો હશે ! શું કહેવાય ?

મુન્સફકાકા અને સતિન ત્રાંસી આંખે આ મૂક સ્નેહસમસ્યા જોઈ, મોં આડા રૂમાલ ધરી ગુપ્ત હસતા હતા.

પોતાના સ્થાનેથી ઉઠી મુન્સફકાકાએ મધુરિકાની ખાલી સીટ પર બેઠક લઇ, સતિનના કાનમાં સાભિમાન કહ્યું: "કેમ સાહેબ, કિમીઓ કેવો ?"

"એકદમ ઓરીજનલ અને અકસીર: હવે તેનું વારણ પણ તેવું જ અકસીર કરવું પડશે !"

"એમાં મુશ્કેલ છે શું સાહેબ ?" કહી મુન્સફકાકાએ રામલીલાના ચાલુ પ્રયોગ તરફ ધ્યાન ખેંચ્યું.

અમથાલાલના મુખમંડળ પર પળે પળે ભાવપરિવર્તન થતું જોઈ મુન્સફકાકાએ તેમને કહ્યું, " અમથેશબાબુ, આ સર્વે નટો કરતાં આપ ઉચ્ચકોટિના નટ હોવાનું આપની મુખાકૃતિ પર દૃશ્ય થતું ભાવપરિવર્તન સાબિત કરે છે."

અમથાલાલ ચિડાઈને બોલ્યાઃ " બહુ સારૂં!" સતિન તરફ ફરીને ધીમેથી કહ્યું: " તમારા કાકા તો જેમાં ને તેમાં ડહાપણ જ ડોળતા લાગે છેઃ સામાની સેન્સ સમજતા જ નથી! ને વળી સલાહકારીનો બીલ્લો લઈ ફરે છે."

*

સ્ટેજ ઉપરની દુનિયામાં ઇન્દ્રજીતનો વધ થયો. થોડી વારે છાતીફાટ રૂદન કરતી, માથાના છુટા વાળ સાથે સુલોચનાએ દેખાવ દીધો. તેને જોતાં જ અમથાલાલના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડયાઃ " મારી મધુરિકા!—"

તેની આંખોના પલકારા બંધ પડી ગયા ને પુનઃ બબડયાઃ " ઘડી પહેલાં લગ્નના ઠાઠમાઠમાં હાસ્યવિનોદ કરનારી મધુરિકા અને સ્ટેજ ઉપર માથાના વાળ પીંખતી-કલ્પાંત કરતી આ સુલોચના એક જ હોય! હું આ શું જોઉં છું? સ્વપ્નું તો નથી ને?"

પાછળની હારમાં બેઠેલો એક પ્રેક્ષક સમજ્યો કે સુલોચનાને બદલે ભૂલથી 'મધુરિકા' કહેતા હશે. દોઢડાહ્યા પ્રેક્ષકોની પેઠે પોતાનું જ્ઞાન દર્શાવવા તેણે અમથાલાલને ઉદ્દેશી કહ્યું: " શેઠ, એનું નામ મધુરિકા નહિ, પણ સુલોચના. તમે રામાયણમાં ઈંદ્રજીત વધનું વર્ણન વાંચ્યું કે સાંભળ્યું નથી? જૈન હશો. સુલોચનાનો પાઠ લેનાર એ છોકરો દેખાવમાં આબેહુબ એવો સ્ત્રીસ્વરૂપી છે કે વાત જ ન પુછો. ભલભલા એને એકટ્રેસ જ માની લેવાની ભૂલ કરી બેસે છે."

અમથાલાલે તેની સામે જોઈ પૂછયું: " શું આ આક્રંદ કરે છે તે છોકરો છે?"

"ત્યારે શું તમે એને છોકરી સમજો છો? વાહ રે વાહ!" ઉપહાસયુક્ત હસતાં હસતાં બીજાએ પ્રત્યુત્તર વાળ્યો.

ચાંપ દબાવતાં છત્રી ઉઘડી પડે તેમ અમથાલાલ ખુરશીમાંથી ઉછળીને ઉભા થઇ ગયા. કોઈ સાંભળી જાય તેની સાવચેતી રાખવાની સામાન્ય માનસશક્તિ ગુમાવી, કરુણા અને ક્રોધમિશ્ર સ્વરે બબડયાઃ "હું શું સમજું છું, અને શું સમજ્યા કરીશ, એ એક હું અને બીજો—" આકાશ તરફ હાથ લંબાવી બોલ્યાઃ "એ જ જાણે છે."

એક નિમિષ માત્ર મુંગા રહી પુનઃ સ્વતઃ જ બોલવા લાગ્યાઃ "સહચરીની શોધમાં મને સફળતા મળી ગઈ છેઃ પરણીને પ્રભુતામાં પગલાં માંડવા હું ભાગ્યશાળી થયો છુંઃ એમ માની ભાવનાસૃષ્ટિમાં અંતરાત્માને બહાલાવ્યા પછી નાથો, સતિન ને કાકાની આગળ મેં મારી આપવીતી વર્ણવી સંભળાવી.

દરદી સાગર સાચું જ રોઈ ગયો છે :

"ધરી પુતળી હમે દિલમાં! ફના થઈ હા! હવે મૌલા!
અમે હિજરાઈ મરવાના! છતાં એ વાત કહેતા ના!"

આ ગણગણાટ સાંભળી બે-ચારેક પ્રેક્ષકો કુતૂહળથી તેમના પ્રત્યે આંખ ને કાન માંડી રહ્યા. એક પ્રેક્ષકે બીજાને ઉદ્દેશી ધીમા સ્વરે કહ્યુંઃ "હું નહોતો કહેતો કે આ 'સ્વયંવધૂ પ્રદર્શન'ની પાછળ કાંઈક ભેદ હશે!"

બીજો પહેલાની સામે જોઈને બોલ્યોઃ "પાટિયાં વાંચતાં તો મને લાગેલું કે કદાચ રામલીલાવાળાએ એ નામનું કોમીક બતાવવાની હાસ્યમય જાહેરાત કરી હશે!"

"તમને તો શું પણ પાટિયાં વાંચનારા બધાંને એમ જ લાગ્યું હતું. મને પણ કલ્પના નહોતી કે આમ ખરેખરૂં જ બને."

અમથાલાલે પ્રેક્ષકોમાં થતી આ વાતચીત સાંભળી લીધી ને ઉતાવળે બહાર નીકળી પડયા. તેમની ત્રિપુટિ પણ તેની પાછળ બહાર ગઇ.

*

મુન્સફકાકાએ કહ્યું: "સાહેબ કાંઈ ગરબડગોટાળો થયો છે કે શું? એવું કાંઈ હોય તો કહો: આય એમ રેડી ફૅાર ફ્રી ઓપીનીયન."

સતિને કહ્યું: "પણ થયું છે શું? સમજાવો તો ખરા!"

અમથાલાલનું સર્વાંગ ધ્રુજી રહ્યું હતું. તે કંપિત સ્વરે બોલી ઉઠ્યા: "હું પોતેય નથી સમજી શકતો કે થયું છે શું? થોડુંક સમજ્યા છતાં કહી શકતો નથી કે, થયું છે શું? પુરૂં જાણતો હોઉં તો 'શું થયું' ની ફિલ્સુફી શરૂ જ કેમ થવા દઉં?"

નાથાલાલે કાવ્યવાણીમાં પૂછ્યું:

"સમજાવશો કો ફિલસુફી કે આપને શું છે થયું?
"ભાંગ્યું હૃદય છે આપનું, કે ગેપ ભેજું થઈ ગયું?
"આશાભર્યા પરણ્યા અને પલવારમાં છે શું થયું?
"સહચરીની શોધના પ્રતિકારમાં છે શું થયું?"

અમથાલાલ ત્રણે તરફ નજર ફેરવતા બોલ્યા: "હવે બસ કરો: બહુ થયું. મને પૂછવામાં કે તમને જવાબ દેવામાં સાર જેવું રહ્યું નથી. સૌનાં સ્વરૂપ સમજાઈ ગયાં."

"કરો છો રે સતાવાનાં નકામાં ટાહ્યલાં શાનાં?
હવે હદ થઇ, રહો છાના! ફરીથી કાંઇ કહેશો ના!"

એટલું કહી તે દોડવા લાગ્યા. દોડતા અવાજમાં ગુંજાતા શબ્દો સંભળાયા:

"હમોને પૂછશો કંઇ ના, પૂછો તો કહીશું ના!
ડધાવા આ દુઃખિયું દિલ, તમે એ વાત કરશો ના!
હું જાઉં છું, હું જાઉં છું, ત્યાં આવશો કોઇ નહિ;
સો સો બનાવટ યોજનારા, ફાવશો કોઇ નહિ."

ઉડતા પંખીની પેઠે અમથાલાલ એકાએક નજર આગળથી આમ અદશ્ય થઈ જશે એવું કોઈએ ધાર્યું નહોતું. મુન્સફકાકા વગેરે તેને શોધવા મંડયા. ધર્મશાળામાં ને તેમને ઉતારે પત્તો ન લાગવાથી

નાથાલાલે અનુમાન કરી કહ્યું: “કદાચ વાસંતીબ્હેનના ઉતારે ગયા હશે!”

“બનવા જોગ છે.” કહી સતિને ટેકો દીધો.

મુન્સફકાકા બોલ્યા: “દિલગીર છું કે કાયદા બહારના વિષયમાં તર્ક કરવા કે અભિપ્રાય આપવા હું અશક્ત છું; છતાં એટલું તો કહી શકું કે આપણે તેમની ભાળ તો મેળવવી જોઈએ.”

*

ત્રણે જણા અમથાલાલને શોધવા ચરણ પાદુકા પરના વાસંતીના ઉતારે પહોંચ્યા. બહારથી જ દીવાબત્તીનો ઝગઝગાટ દેખાયો અને તંબુરાના સુર સાથે મંજીરાનો રણકાર સંભળાયો.

અંદરનાં માણસો દેખી ન શકે તેમ એક બાજુએ આ ત્રિપુટી ઉભી રહી. ફુલકુંવર રસિક કવિ કાન્તરચિત મ્હેમાનોને વિદાયનું ગીત તંબુરાના મીઠા ઝણકાર સાથે ગાતી હતી; ને ત્રણેક સ્ત્રીઓ મંજીરાની રમઝટ સાથે સાથ પુરાવતી હતી:

મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !
તમ ચરણે અમ સદન સદૈવ સુહાય જો !
કરજો માફ હજારો પામર પાપને...........
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો !
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !

ગીત પુરૂં થતાં શોધવા આવેલી મુન્સફકાકા વગેરેની ત્રિપુટી અમથાલાલને ત્યાં ન જોવાથી હોહા થવાની બીકે પાછી વળતી હતી ત્યાં અવનત મુખે છાનામાના અમથાભાઈ ઊભેલા દેખાયા.

જોતાં જ મુન્સફકાકાએ તેમના ખભે હાથ મૂકી હસીને કહ્યું: “શું મારા સાહેબ, આમ હોય? આપને શોધી શોધીને અમારા પગે પાણી ઉતર્યું ! ચાલો હવે. એ હરામીઓને ધધડાવીને નોટીસ મોકલી હું બધાને બરાબર સીધા કરી દઇશ; આપ બેફિકર રહો. આમાં તો મારા જેવા અનુભવીને પણ શરમાવા જેવું બન્યું છે, ને

તેથી હું દિલગીર થયો છું. વિશ્વાસઘાત, ઠગાઈ, છેતરપીંડી ને બનાવટના સામટા ગુન્હા બન્યા હોય એમ અનુમાન થાય છે. ઝખ મારે છે."

"કાકા, તમારા જેવા કાયદાના કુનેહબાજને પણ એ કાઠીયાવાડી મંડળીવાળાએ થાપ ખવડાવી !" નાથાલાલે કાકાને ચકાસવા થંડી ટકોર કરી.

મુન્સફકાકા પહેલાં મોઢું બગાડી, પછી કૃત્રિમ હાસ્ય લાવી બોલ્યા: "યુ આર રાઈટ. પણ જુઓને, મિસ્ટર નાથાલાલ ! જગતના મહાપુરુષ ગાંધીજીને પણ તેમના જ ભાઈઓ દાદ નથી દેતા, તો હું તે કઈ વાડીનો મૂળો ?"

"હું પણ એ પૈકીનો એક કંદ છું, એ આપ જાણુતા નહિ હો." નાથાલાલ હાસ્ય લાવી બોલ્યો.

"સૉરી." મુન્સફકાકાએ એમની ચાલુ રીતે ક્ષમા ચાહી અને બોલ્યા: "એમાં શું થઈ ગયું ? ફીર લડેંગે ! વળી કોઈ ઑર નવો જ નુકતો ખોળી કાઢતાં આપણને કયાં નથી આવડતો ?"

"હાર્યો જુગારી બમણું રમે એ પ્રમાણે !" નાથાલાલે કટાક્ષ કર્યો.

"નિરાશાવાદી ન બનો. મણિલાલ નભુભાઈ સનાતન સત્ય રૂપે કહી ગયા છે કે, 'કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.' માટે આશા અમર રાખો. એક જ વા'ણે કાંઈ જીવન પુરૂં થતું નથી." મુન્સફકાકાએ દિલાસારૂપ બચાવની દલિલ કરી.

"સોનેરી ટોળીનાં કારસ્તાન હું બરાબર સમજી ગયો છું." અમથાલાલ ઉંડાણમાંથી ધીમે ગણુગણ્યા.

નાથાલાલે કહ્યું: "હાથનાં કર્યાં હૈયે વાગ્યાં !"

સતિન ગૂપચૂપ આ ત્રિપુટીની લાલલીલા નિહાળી રહ્યો.

અમથાલાલ ઢસડતા પગલે મૂંગામૂંગા ચાલતા હતા. વિનોદિની વરંડાના ઓટલા ઉપર ઉભી ઉભી જોઈ રહી હતી. પાગલતાભર્યાં વર્તન માટે બે ઘડી પહેલાં ગુસ્સે થયેલી વિનોદિનીને અમથામામાની દયા આવતાં તેણે બૂમ મારી: "મામા ! ઓ મામા !"

ઉત્તમ મનાયેલી નવલકથાઓ

તક્ષશિલાની રાજમાતા (મૌલિક ઐતિ. નવલકથા)	૩–૮–૦
કોનો વાંક ? (શ્રી. કનૈયાલાલ મુનશી)	૨–૮–૦
સ્વપ્નદ્રષ્ટા (શ્રી. ક. મા. મુનશી)	૨–૮–૦
સુવાસચંદ્ર (શરદબાબુ કૃત **વિપ્રદાસ**નું ભાષાંતર)	૨–૮–૦
સહચરીની શોધમાં (હાસ્ય અને મર્મભર્યું સેટાયર)	૧–૮–૦
જ્યોત અને જ્વાળા (ચુનીલાલ વર્ધમાન શાહ)	૨–૮–૦
હૃષીકેશચંદ્ર ભા. ૧ થી ૪ (સામાજીક નવલકથા)	૧૧–૮–૦
નાગમતી (સોરઠી પ્રેમકથા : સચિત્ર)	૧–૦–૦
શરતચંદ્ર (૧૮૫૭ના બળવાનું છાયાચિત્રઃ નવલકથા)	૨–૮–૦
જ્યોત્સ્ના (ભોગીન્દ્રરાવ દીવેટીઆ કૃત સામાજીક નવલકથા)	૧–૮–૦
તરલા (ભોગીન્દ્રરાવ દીવેટીઆ)	૨–૮–૦
દિનેશ (ગ્રામજીવનને લગતી સ્વતંત્ર નવલકથા)	૨–૦–૦
રશ્મિ (ઈનામી હરિભાઈમાંની શ્રેષ્ઠ નવલકથા)	૨–૮–૦
અજમેરનો અજીતસિંહ (ઐતિહાસિક નવલકથા)	૨–૦–૦
ચોખેરવાલી (કવિવર ડૉ. ટાગોર)	૨–૮–૦
મેના યાને ચંબલનું યુદ્ધ (ઐતિહાસિક નવલકથા)	૨–૦–૦
કેટલીક નવલકથાઓ (સૌ. સુમતી)	૨–૦–૦
ગુલામી વેપાર ભા. ૧–૨	૩–૦–૦
કુમુદચંદ્ર (સામાજીક નવલકથા)	૧–૮–૦
રાગિણી (ઉત્તમ સામાજીક નવલકથા)	૪–૦–૦
અભાગિની	૧–૮–૦
વિણાવિહારી, ભા. ૧–૨	૩–૪–૦